(કૉપીરાઈટ:
ડૉ. ઉમાકાન્ત શાહ)

શ્રી જીવન્તસ્વામી— અકોટા

સ્વાધ્યાય

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

પુસ્તક ૧૧
અંક ૪

જન્માષ્ટમી
વિ. સં. ૨૦૩૦

સંપાદક
ભોગીલાલ જ. સાંડેસરા
નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા

સ્વાધ્યાય

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડે છે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....પૌં ૧.૧૦

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવે છે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ ડાયરેક્ટર, ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યુટ, વડોદરા, એ નામે મોકલવું.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા જરૂરી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
લોકમાન્ય ટિળક રોડ,
પો. બૉક્સ નં. ૭૫,
વડોદરા

સંપાદક

મુદ્રક: શ્રી બંસીલાલ મોહનલાલ શાહ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, ઑગષ્ટ, ૧૯૭૪.

સ્વાધ્યાય

જન્માષ્ટમી, વિ. સં. ૨૦૩૦ પુસ્તક ૧૧

ઑગસ્ટ, ૧૯૭૪ અંક ૪

અજ્ઞાત કવિકૃત સત્યભામા ગીત

ભોગીલાલ જ. સાંડેસરા

વડોદરા યુનિવર્સિટીના ગુજરાતી વિભાગની સં. ૧૫૫૯ અને ૧૫૬૦માં નકલ થયેલી હસ્તલિખિત સંગ્રહપોથી નં. ૧૨૭ના પાન ૯ ઉપર આ ગીત લખાયેલું છે, પોથી એક ગુટકા-ચોપડા રૂપે છે અને જૂની ગુજરાતીમાં જૈન રાસાઓ, સ્તવનો, સજ્ઝાયો, ગીતો આદિનો વિશિષ્ટ સંચય એમાં છે. કેટલાક રાસાઓની અંતિમ પુષ્પિકામાં તે તે કૃતિ સં. ૧૫૫૯ અને ૧૫૬૦માં ભુવનવલ્લભગણિ નામે જૈન સાધુએ નકલ કરી હોવાનો ઉલ્લેખ હોઈ બાકીની રચનાઓનું લેખન પણ એ અરસામાં થયું હશે એ સ્પષ્ટ છે.

જૈન કૃતિઓની વચ્ચે પ્રસ્તુત સત્યભામા ગીત જેવાં જૈનેતર પદ અપવાદરૂપે લખાયેલાં છે. સં. ૧૫૬૦ પહેલાં આ ગીતની રચના થઈ છે એ દેખીતું છે. સોળમા સૈકા પહેલાં રચાયેલી જૈનેતર ગુજરાતી કૃતિઓ આટલી જૂની હસ્તપ્રતોમાં સચવાયેલી હોય એવું વારંવાર જોવામાં આવતું નથી એ દૃષ્ટિએ આ કૃતિ 'સ્વાધ્યાય' દ્વારા પ્રગટ કરી છે.

શ્રીકૃષ્ણની પટ્ટરાણીઓમાંનાં એક સત્યભામાએ સ્વર્ગના પારિજાતક પુષ્પ નિમિત્તે લીધેલાં રૂસણાંનો પુરાણપ્રસિદ્ધ પ્રસંગ આ ગીતમાં નિરૂપાયો છે. 'સત્યભામાનું રૂસણું' એ વિષય ઉપર અનેક જૂના કવિઓએ લખ્યું છેઃ નરસિંહ, ભાલણ, માંડણ, મીરાંબાઈ, ગોવિન્દરામ, નરભેરામ, વલ્લભ, શવજી આદિની એ વિષેની કૃતિઓ છે.* પ્રસ્તુત ગીત નરસિંહ-ભાલણના સમય જેટલું—સંભવતઃ એ કરતાં યે જૂનું હોઈ શકે. એના રચનાકાળની પૂર્વમર્યાદા આપણે નિશ્ચિતરૂપે જાણતા નથી.

આ ગીત અજ્ઞાતકર્તૃક જણાય છે—સિવાય કે છેલ્લી પંક્તિમાંના 'નાથ ભણઇ'ના 'નાથ'ને કર્તાનો નામોલ્લેખ ગણવામાં આવે.

મૂલ કાવ્ય

સવિ સિણગાર તિજીનઇ બઈઠી, દીણ દયામણી દીસઇ,
નયણે નીઝરણાં વહઈં, ડસણ ડસઇ અતિ રીસઇ,
પ્રિય પરભવ્યાં પીહરિ જાયસિઉં, મન ગાઢં કરી રહિસિઊં ભઈ રે.

* 'ગુજરાતી હાથપ્રતોની સંકલિત યાદી' (કે. કા. શાસ્ત્રી), પૃ. ૩૪૭

સત્યભામા અબોલડા લીધા, વૈકુંઠનાથ મનાવઇ,
પીતાંબર કરિ આંસૂ લૂહઇ, વલી વલી પ્રેમ બોલાવઇ,
અતિઘણુ કોપ ન કીજઇ રે કામિની, અહ્મનઈ શોક ન ભાવઇ રે.
ભઇ રે, સત્યભામા૦ આંચલી.

પારિજાંતિક પુષ્પ આણીયડૂં રે, વાહલી રુષમિણિ, રાણી,
એક પાંષડી મોકલતાં, સ્વામી, તિહાં હૂં કાં ન સંભારી ?
સ્વામીના જે હેત વિના જીવી સિઉં સંસારિ ?
ભઇ રે, સત્યભામા૦

મનનાં વાહ્લાં જે હૂતાં, સ્વામી, તેહનઇ માન જ દીધૂં,
પ્રાણ તિજંત તમ્હ આગલિ, સ્વામી, જોયો માહરં કીધૂં,
કામણગારી નઇ ધૂતારી તેહ સિરિસઉં ચિત્ત બાધૂં.
ભઇ રે, સત્યભામા૦

રુષિમિણિ દેષતાં પારિજાતક વૃક્ષ માહરઇ આંગણિ રોપુ,
તિહાં હીચોલુ બાંધીનઇ હીચું, તુ ઊતરઇ સિરિ કોપ,
ફૂલ તણુઉ સિરિ મુગટ ભરેસિઉં, તુ જાઇ સિરિ તાપ.
ભઇ રે, સત્યભામા૦

વલતા વિશ્વંભર કહઇં રે, વૃક્ષ તણી કુણુ માત્ર ?
ઇંદ્ર ઇંદ્રાણી તાહરે પાએ લગાવું, ઇમ કહઇ વૈકુંઠનાથ,
નાથ ભણુઈ, રૂસણુડા ભાગા, વેદપુરાણુ વિખ્યાતા.
ભઇ રે, સત્યભામા૦

સત્યભામા ગીતં.

સર્વહિતૈષી શ્રીકૃષ્ણ

ઉપેન્દ્રરાય જ. સાંડેસરા

મહાભારત યુદ્ધમાં હણાયેલા સર્વે મૃતાત્માઓનું તર્પણ કર્યા પછી પાંડવો, વિદુર, ધૃતરાષ્ટ્ર અને ભરતકુળની સ્ત્રીઓ વગેરે સૂતકનિવારણ માટે બાર દિવસ સુધી હસ્તિનાપુરની બહાર રહ્યાં.[1] તે દરમિયાન દ્વૈપાયન વેદવ્યાસ, નારદ, દેવલ, દેવસ્થાન, કણ્વ વગેરે અનેક ઋષિમુનિઓ, તેમનો શિષ્યસમુદાય અને બીજા અનેક વેદવેત્તાઓ, સ્નાતકો વગેરે શોકથી વ્યાકુળ ધર્મરાજાને આશ્વાસન આપવા આવ્યા. તે સૌએ પ્રથમ ચર્ચાવિચારણા કરી. પછી બધાની વતી નારદે ધર્મરાજને સમયોચિત કુશળપ્રશ્ન પૂછ્યોઃ 'યુધિષ્ઠિર ! આપે બાહુસામર્થ્યથી અને માધવ શ્રીકૃષ્ણની કૃપાથી આ સમગ્ર પૃથ્વીને ધર્મ પ્રમાણે જીતી છે. આ ભયાનક સંગ્રામમાંથી તમે ભાગ્યયોગે બચી ગયા છો. ક્ષાત્રધર્મપરાયણ રહેવા છતાં તમે પ્રસન્ન તો રહો છો ને ? સુહૃદોને પણ આનંદમાં રાખો છો ને ? અને આ રાજ્યશ્રી પામ્યા પછી તમને શોક પીડતો તો નથી ને ?' (૧૨-૧-૧ થી ૧૨)

શોકાકુલ ધર્મરાજે વિજયને પરાજય સમાન લેખતાં ઉત્તર આપ્યોઃ 'શ્રીકૃષ્ણના બાહુબળનો પ્રભાવ આપ જેવા બ્રાહ્મણોનો (બ્રહ્મવેત્તાઓનો) અનુગ્રહ અને ભીમ-અર્જુનના બળથી મારો વિજય થયો છે. પણ લોભને લીધે મેં આ ક્ષત્રિય જાતિનો મહાસંહાર કરી નાખ્યો તેના તીવ્ર દુઃખથી મારું હૃદય નિરંતર વલોવાઈ જાય છે. ભગવન્ ! અભિમન્યુ અને દ્રૌપદીના પ્રિય પુત્રોને મરાવી નાખીને મેળવેલો આ વિજય મને પરાજય જેવો લાગે છે.[2] અત્યારે દ્વારકા ગયેલી મારી (નાનાભાઈ અર્જુનની પત્ની) વધૂ સુભદ્રા શ્રીકૃષ્ણ જ્યારે દ્વારકા જશે ત્યારે (શોકમાં નિમગ્ન થઈને) એમને શું શું કહેશે ? વળી જેના પુત્રો અને બન્ધુજનો માર્યા ગયા છે એવી તથા અમારા

---

૧ शौचं निवर्तयिष्यन्तो मासमेकं बहिः पुरात् ॥ ૧૨-૧-૨ ગદ્ય

(૧) યુદ્ધમાં હણાયેલાનું સૂતક તો યુદ્ધ મોકૂફ રહ્યા પછી સાંજે સ્નાન કરવાથી દૂર થાય. પરન્તુ અહીં એક માસનો ઉલ્લેખ છે તેથી, ૧૮ દિવસ સંગ્રામના અને તે પછી ૧૨ દિવસ સૂતકની નિવૃત્તિના એમ એક માસ લઈ શકાય.

(૨) ટીકાકાર વિમલબોધ (ઈ.સ. ૧૧૫૦ થી ૧૩૦૦ના ગાળામાં) સ્પષ્ટ કહે છે : मासशब्देन द्वादशसंख्या लक्ष्यते ।

(૩) મૉનિયેર વિલિયમ્સના કોશમાં मास શબ્દના અર્થોમાં એક અર્થ 'સૂર્ય-સિદ્ધાન્ત'નો સંદર્ભ ટાંકીને આ પ્રમાણે આપ્યો છે : a symbolical number for the number 'twelve.'

૨ सौभद्रं द्रौपदेयांश्च घातयित्वा प्रियान्सुतान् ।
जयोऽयमजयाकारो भगवन्प्रतिभाति मे ॥ ૧૨-૧-૧૫

સર૦ ૧૦-૧૦-૧૨, તથા ખંડ ૪, પ્રકરણ ૭, 'પરિત્રાતા'માં ઉપર્યુક્ત સંદર્ભો. વળી વધુ માટે જુઓ 'ભારત-રત્ન' (બીજી આવૃત્તિ), પ્રકરણ ૧૩, 'યુદ્ધનિરર્થકતા,' તેમાં ખાસ પૃ. ૪૨૧-૪૨૮.

પ્રિય-હિતમાં રત દીન દ્રૌપદીના દુઃખથી મને અત્યંત પીડા થાય છે'[3] (૧૨-૧-૧૩ થી ૧૭). અને એ પછી ગૂઢોત્પન્ન મોટાભાઈ કર્ણના મૃત્યુનું ગાત્રો બાળી નાખતું દુઃખ તેમણે વ્યક્ત કર્યું (૧૨-૧-૧૮ થી ૪૪).

નારદે ધર્મરાજાનો શોક હળવો કરવા એમને કર્ણના જન્મથી આરંભીને તેના અભ્યાસ, રાજ્યપ્રાપ્તિ અને મૃત્યુ સુધીનો ઇતિહાસ વિસ્તારથી કહ્યો.[4] ('શાન્તિપર્વ,' અ. ૨ થી ૫)

આ સાંભળતાં યુધિષ્ઠિર શોકમાં ગરકાવ થઈ ગયા. ત્યારે માતા કુન્તી પોતે શોકથી બેહોશ જેવાં હતાં તોપણ એમણે મધુર વાણીથી યુધિષ્ઠિરને કર્ણનો શોક મૂકી દેવા સમજાવ્યા; પણ ધર્મરાજ તો કર્ણનું પુનઃ પુનઃ સ્મરણ કરીને દુણાવા લાગ્યા. (એમણે દૂતકાર્યસમયનાં સંજયનાં વચનોનું સ્મરણ કર્યું.) એમને લાગ્યું કે જો પાંડવોએ અન્ધક-વૃષ્ણિઓના નગર દ્વારકામાં (સંન્યાસી થઈને) ભિક્ષાચર્યા કરી હોત તો આવી દુર્ગતિ ન થાત. એમણે સંગ્રામના ઘોર સંહારની જુદી જુદી રીતે દીન મનથી સમીક્ષા કરી. વળી શ્રીકૃષ્ણના દૂતકાર્યનું સ્મરણ કર્યું. એ વખતના દુર્યોધનના વર્તન અને વક્તવ્યને અનુલક્ષીને બોલ્યા : 'યુદ્ધ કરવા તત્પર દુર્યોધને શ્રીકૃષ્ણને જેવા શબ્દો કહ્યા હતા એવા શબ્દો કયો ખાનદાન સગો, સુહૃજ્જનો માટે ઉચ્ચારે ?' (૧૨-૭-૨૯). અને છેવટે અર્જુનને રાજ્યધુરા સંભાળી લેવા જણાવીને, પોતે તો બધું છોડીને વનમાં જશે એવો નિર્ણય જાહેર કર્યો ('શાન્તિ પર્વ' ૭-૬-૭).

એમ એક બાજુ યુધિષ્ઠિર નિર્વેદ પામીને વનવાસી થઈને મુનિવૃત્તિથી જીવવાનું કહેતા ગયા ('શાન્તિપર્વ' અ. ૯, ૧૭, ૧૯, ૨૬, ૨૭), અને બીજી તરફ અર્જુન ('શાન્તિપર્વ,' અ. ૮, ૧૧, ૧૫, ૧૮, ૨૨), ભીમસેન ('શાન્તિપર્વ,' અ. ૧૦, ૧૬), નકુલ ('શાન્તિપર્વ,' અ. ૧૨), સહદેવ ('શાન્તિપર્વ' અ. ૧૩), પુત્રો, પિતા, ભાઈઓ વગેરેના નાશથી અકળાઈને એક વખત ધર્મરાજાને ઉપાલંભો આપી દેનાર મહારાણી દ્રૌપદી ('શાન્તિપર્વ,' અ. ૧૪), ઋષિ દેવસ્થાન ('શાન્તિપર્વ,' અ. ૨૦, ૨૧) અને પિતામહ દ્વૈપાયન વેદવ્યાસ ('શાન્તિપર્વ,' અ. ૨૩, ૨૪, ૨૫, ૨૮) તેમને આ સંન્યાસી કે વનવાસી થવાનો વિચાર પડતો મૂકીને સ્વધર્મ પાળી ક્ષાત્રધર્માનુસાર પૃથ્વીનું શાસન કરી, યજ્ઞયાગ કરી, દાન-ભોગ કરી, દુર્જનોનું દમન તથા સજ્જનોનું પરિપાલન કરી, પોતા સહિત સમગ્ર પરિવારને સુખી કરવા સમજાવતા ગયા.[5]

---

૩ શોક-દુઃખમાં નિમગ્ન દ્રૌપદીએ તીવ્ર લાગણીઓના આવેગોમાં યુધિષ્ઠિરને આપેલા ઉપાલંભો માટે જુઓ ખંડ ૪, પ્રકરણ ૭, 'પરિજ્ઞાતા'.

૪ કર્ણ અંગેની વિગતમાં શ્રીકૃષ્ણનો નિર્દેશ કરતાં સ્થાનઃ 'આ કર્ણ ભીમનું બળ, અર્જુનનું લાઘવ, અને રાજેન્દ્ર યુધિષ્ઠિર ! તમારી બુદ્ધિ, નકુલ-સહદેવનો વિનય, વાસુદેવ-અર્જુનની બાળપણની મૈત્રી તથા તમારા ઉપરના પ્રજાજનોના અનુરાગની મનમાં સમીક્ષા કરીને બળ્યા કરતો હતો.' ૧૨-૨-૬-૭. '...જન્મ સાથે જ ઉત્પન્ન થયેલાં કવચ-કુંડળ રહિત થયેલા કર્ણને વાસુદેવની નજર સમક્ષ અર્જુને હણ્યો હતો...ગાંડીવધન્વા અર્જુને દિવ્યાસ્ત્રો અને પરશુરામ વગેરેના શાપ ઇત્યાદિ કારણોથી અને વાસુદેવના નયથી સૂર્યસમા તેજસ્વી કર્ણને સંગ્રામમાં હણ્યો હતો.' ૧૨-૫-૧૦ થી ૧૪.

૫. (૧) 'શાન્તિપર્વ,' અ. ૧૬માંનું ભીમનું પ્રવચન 'આશ્વમેધિકપર્વ,' અ. ૧૨માંના શ્રીકૃષ્ણના પ્રવચનને મળતું છે (જુઓ ખંડ ૫, પ્રકરણ ૨, 'સ્વાસ્થ્યપ્રદાતા'માં). પણ અહીં ભીમની ભોગલોલુપતા પ્રધાન હોઈ આ એક જ વસ્તુના જુદી જાતના ઉપયોગનું ઋષિ વ્યાસે આપેલું ઉદાહરણ

વિવિધ પ્રકારની ઢગલાબંધ શિખામણો સાંભળીને યુધિષ્ઠિર ચૂપ રહ્યા; કંઈ બોલ્યા જ નહિ (૧૨-૨૯-૧). એટલે અર્જુને હૃષીકેશ શ્રીકૃષ્ણને વિનંતી કરી: 'માધવ! આ શત્રુઓને તપાવનાર ધર્મરાજા ક્ષત્રિય જાતિના નાશથી સળગી રહ્યા છે, અને શોકસાગરમાં ડૂબી ગયા છે. એમને સાન્ત્વન આપો. જનાર્દન! આ તો અમે પુનઃ મુશ્કેલીમાં ફસાયા છીએ, માટે એમના શોકને નષ્ટ કરો.' (૧૨-૨૯, ૨, ૩)

યુધિષ્ઠિર (પોતાનાથી નાના હતા તોપણ) શ્રીકૃષ્ણનાં વચનોનું કદી પણ અતિક્રમણ કરતા નહિ. વળી એમને બાળપણથી જ ગોવિન્દ ઉપર અર્જુન કરતાં ય વધુ પ્રીતિ હતી. તેથી કમલનયન શ્રીકૃષ્ણ ધર્મરાજાની પાસે ગયા. એમના શૈલસ્તમ્ભ સમાન ચંદનથી ચર્ચેલા બાહુદંડને હાથમાં લીધો, અને વિનોદ કરાવતી વાણીમાં બોલવા લાગ્યા. એ સમયે સુંદર દંતપંક્તિ અને મનોહર નેત્રોવાળું એમનું મુખકમળ સૂર્યોદય થવાથી સંપૂર્ણ ખીલેલા કમળ સમાન શોભતું હતું. શ્રીકૃષ્ણ બોલ્યા: 'પુરુષવ્યાઘ્ર! ગાત્રોને શોષી લેનારો શોક ન કરો. જેઓ રણભૂમિમાં માર્યા ગયા છે તેઓ પાછા મળવાના નથી. સ્વપ્નમાં પ્રાપ્ત થયેલો લાભ, જાગ્યા પછી જેમ મિથ્યા જણાય છે એવું જ મહારણમાં મૃત્યુ પામેલા ક્ષત્રિયોનું સમજવું' (૧૨-૨૯-૪ થી ૯). તે પછી આ બધા શૂરવીર ક્ષત્રિયો તો શસ્ત્રથી પવિત્ર થઈને સ્વર્ગે સંચર્યા છે, માટે એમનો શોક ન હોય વગેરે સમજાવી (૧૨-૨૯-૧૦, ૧૧), ષોડશરાજકીય—સોળ રાજાઓનો ઇતિહાસ કહ્યો. પૂર્વે રાજા સૃંજય પોતાના પુત્ર સુવર્ણષ્ઠીવીના મૃત્યુથી શોકાર્ત થઈ ગયો હતો, ત્યારે તેનો શોક દૂર કરવા એ ઇતિહાસ અગાઉ નારદે સૃંજયને કહેલો. સંક્ષેપમાં તે આ પ્રમાણે: (૧) આવિક્ષિત મરુત્ત. એ દેવરાજ ઇન્દ્રની સ્પર્ધા કરતો હતો. (૨) વૈતિથિન્ સુહોત્ર. એના સમયમાં ઇન્દ્ર દર વર્ષે સુવર્ણની વૃષ્ટિ કરતો. (૩) અંગ બૃહદ્રથ. આ રાજાના યજ્ઞોમાં ઇન્દ્ર સોમપાન કરીને અને બ્રાહ્મણો દક્ષિણા પ્રાપ્ત કરીને ગાંડાતૂર બની ગયા હતા! (૪) ઔશિનર શિબિ. એણે સમગ્ર પૃથ્વી જીતી લઈને સુમાર વિનાનું દાન દીધું હતું. (૫) દૌઃષન્તિ ભરત.[૬] એણે અસંખ્ય અશ્વમેધ અને રાજસૂય યજ્ઞો કરીને દાન દીધાં હતાં. (૬) દાશરથિ રામ. એમના આદર્શ રાજ્યઅમલમાં સ્ત્રીઓ પણ આપસમાં નહોતી લડતી, તો પછી પુરુષો તો લડે જ શાના? (૭) ભગીરથ. ત્રિલોકપથગા—ત્રણે લોકમાં વહેનારી ગંગા નદી જેમની પુત્રી બની છે. (૮) ઐલવિલ દિલીપ. એણે

બને છે. ભીમના પ્રવચનમાં છેલ્લું વાક્ય આ પ્રમાણે છે: 'પાર્થ! તમે વિધિપુરઃસર દક્ષિણાવાળા અશ્વમેધથી યજન કરો. અમે અને વીર્યવાન શ્રીકૃષ્ણ તમારા કિંકર છીએ.' ૧૨-૧૬-૨૬.

(૨) યુધિષ્ઠિર અર્જુનને એક વાર કહે છે: 'તું તો કેવળ અસ્ત્રજ્ઞ છે. તું શાસ્ત્રનો યથાતથ અર્થ કદી પણ સમજી ન શકે...તેં ધર્મના સંક્ષેપ અને વિસ્તારને જાણનાર વૃદ્ધોને સેવ્યા નથી. તું એમનો નિર્ણય જાણતો નથી.' ૧૨-૧૯-૩ થી, ૮ ઇ.

(૩) દેવસ્થાન ઋષિના પ્રવચનમાં શ્રમણમાર્ગ-શ્રામણવિધિ અને નિર્વાણનો સંદર્ભ નોંધપાત્ર છે. ૧૨-૨૧-૧૫, ૧૬

(૪) શોકાકુલ યુધિષ્ઠિર એક સ્થળે બોલે છે: 'બાળક અભિમન્યુને મેં દ્રોણની સેનામાં મોકલ્યો, ત્યારથી હું અર્જુન કે પુંડરીકાક્ષ શ્રીકૃષ્ણની સામે ભ્રૂણહત્યારાની જેમ નજર પણ માંડી શકતો નથી.' ૧૨-૨૭-૧૯-૨૦.

૬ મ. ભા.ની સમીક્ષિત વાચનાએ 'દૌષ્યન્તિ' પાઠ સ્વીકાર્યો નથી.

મહાયજ્ઞમાં ધનથી ભરીપૂરી પૃથ્વીનું દાન કરી દીધું હતું અને એનાં કર્મોનાં હજુ પણ વખાણ થાય છે. (૯) યૌવનાશ્વ માંધાતા. ત્રૈલોક્યવિજયી સમ્રાટ. સૂર્યોદયથી સૂર્યાસ્ત થાય છે તે સમગ્ર પૃથ્વીનું રાજ્ય તેનું જ છે એમ કહેવાતું. (સર૦ એક વખતની ઉક્તિ: 'બ્રિટિશ સામ્રાજ્યમાં સૂર્યાસ્ત થતો નથી.') (૧૦) નાહુષ યયાતિ. એણે સાગર સહિતની સમગ્ર પૃથ્વીનો વિજય કરી અસંખ્ય યજ્ઞો કરીને જગત આખાને યજ્ઞવેદીઓથી છાઈ દીધું હતું. (૧૧) નાભાગ અમ્બરીષ. પ્રજાઓએ જ એને પોતાના રક્ષક તરીકે ચૂંટયો હતો. એના યજ્ઞોમાં અસંખ્ય રાજાઓ બ્રાહ્મણોનો આદરસત્કાર કરવામાં રોકાયા હતા. અને તેથી અમ્બરીષ ઉપરાંત આ રાજાઓ પણ તેજસ્વી દક્ષિણાયન માર્ગે સંચર્યા છે. (૧૨) ચૈત્રરથ શશબિન્દુ. એની પાસે પુત્ર-પત્ની-પુત્રવધૂઓનો પરિવાર અને અનર્ગળ સંપત્તિ હતાં. એણે પોતાની અનર્ગળ સંપત્તિનું અશ્વમેધમાં દાન કરી દીધું હતું. (૧૩) આમૂર્તરયસ્ ગય. એ યજ્ઞશેષ જમતો. આથી અગ્નિ પ્રસન્ન થયા. અગ્નિ પાસેથી એણે દાન કરવા છતાં અક્ષય સંપતિ રહે, ધર્મમાં શ્રદ્ધા વધતી રહે અને ચિત્ત સત્યમાં રમણ કરે એવાં વરદાન મેળવ્યાં. અગણિત ગાયોનાં દાન દીધાં (૧૪) સાંકૃત્ય રંતિદેવ. યજ્ઞો અને અનુપમ અતિથિસત્કાર. એના યજ્ઞોમાં વધ કરાયેલ પશુઓનાં ચામડાંના નદીકિનારે ઢગલા કર્યા તેથી નદી ચર્મણ્વતી તરીકે ઓળખાઈ. વળી એક નિષ્કની આશા રાખનારને એ હજાર નિષ્કનું દાન દેતો. (૧૫) ઇક્ષ્વાકુ વંશનો સગર. યજ્ઞ-દાનશીલ સમ્રાટ. એણે કોપ કરીને પૃથ્વીને એટલી બધી ખોદાવી નાખી કે તેના નામ ઉપરથી સમુદ્ર 'સાગર' તરીકે ઓળખાયો. (૧૬) વૈન્ય પૃથુ. તેનો ઋષિઓએ રાજ્યાભિષેક કર્યો હતો, અને પ્રજાનો વિસ્તાર કરશે માટે 'પૃથુ' તથા વિનાશમાંથી બચાવશે માટે 'ક્ષત્રિય' એવું બિરુદ તેને આપ્યું હતું. એને જોઈને પ્રજા બોલી ઊઠતી કે 'અમે આના અનુરાગી છીએ', તેથી એનું 'રાજા' નામ સાર્થક થયું હતું. એના રાજ્યમાં અન્ન-દૂધનો તોટો નહોતો. સર્વ નીરોગ, નિર્ભય અને સિદ્ધાર્થ–અત્યંત સુખી હતાં.

દરેક રાજાનો વૃત્તાંત પૂર્ણ કરતાં ધ્રુવપદ જેવું વચન આવતું કે, 'સૃંજય! તારા પુત્ર કરતાં ચાર ગણો ચઢિયાતો (અથવા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્ય એ ચાર બાબતમાં ચઢિયાતો) તથા અધિક પુણ્યશાળી એવો આ રાજા (જેમ કે મરુત્ત) મૃત્યુવશ થયો છે, માટે તારા પુત્રની પાછળ સંતાપ ન કર'. અને કોઈ વખત વધુમાં, 'તારા પુત્રે એવા યજ્ઞો કર્યા નહોતા તેમ દક્ષિણાઓ પણ આપી નહોતી, માટે શાન્તિ રાખ, શોક ન કર.' એવુ વચન પણ નારદ (અત્યારે શ્રીકૃષ્ણ) કહેતા.

આ કથાનકો સાંભળીને સૃંજયે શોક મૂકી દીધો.[૭] (૧૨–૨૯–૧૨ થી ૧૪૦)

---

૭ આ કથાનક પછી આગળ લંબાયું છે: તેમાં નારદે સુવર્ણષ્ઠીવીને સજીવન કર્યો. તે પછી નારદે સૃંજયની પુત્રી સાથે લગ્ન કર્યું તથા નારદ અને પર્વત (મામા અને ભાણેજ) વચ્ચેના થોડા વિખવાદની મનોરંજક વાર્તા છે. આ કથાનક કહેનાર નારદ ત્યાં હાજર હતા. તેમણે યુધિષ્ઠિરને આ ષોડશરાજકીય વગેરે બનાવો અંગેના હેવાલને સંમતિ આપી હતી. (૧૨–૨૯–૧૪૧; अ. ૩૦, ૩૧). આ વાર્તામાંનું નારદનું પાત્ર મહાભારતમાં અન્યત્ર નિર્દિષ્ટ નારદ જેવું ઉત્કૃષ્ટ નથી, અર્થાત્ આ નારદ ભિન્ન છે. એમ હોવા છતાં 'ષોડશરાજકીય' ઉદાત્ત રચના છે, અને જો પ્રભાવશાળી વક્તા હોય તો શોકાતુરનો શોક ગણનાપાત્ર પ્રમાણમાં ઘટયા વગર રહે જ નહિ એવું એનું ગઠન છે.

'ષોડશરાજકીય'નું બીજું રૂપાંતર 'દ્રોણપર્વ', ક્ષેપક પરિશિષ્ટ ૧–૮માં પ્રાપ્ત થાય છે.

ત્યાર બાદ ધર્મતત્ત્વજ્ઞ વેદવ્યાસે પ્રજાપાલનના રાજધર્મ પ્રત્યે ધ્યાન દોરી ('શાન્તિપર્વ', અ. ૩૨થી) યુધિષ્ઠિરને સૂક્ષ્મધર્માર્થતત્ત્વવેત્તા ભીષ્મ પિતામહ પાસેથી ધર્મરહસ્ય જાણી લેવા સૂચના કરી ('શાન્તિપર્વ,' ૩૮-૫ થી ૧૬).

આ સૂચન યુધિષ્ઠિરને ગળે ઊતર્યું, પણ પોતે ભીષ્મને છળથી હણ્યા હોઈ 'હવે શું મોં લઈને એમને પ્રશ્નો પૂછવા જાઉં?' એવી મુશ્કેલી વ્યક્ત કરી (૧૨-૩૮-૧૭થી ૧૯).

એટલે મહાતેજસ્વી શ્રીકૃષ્ણે સમગ્ર સમાજનું કલ્યાણ કરવાની ભાવનાથી, **ચાતુર્વર્ણ્ય-હિતેપ્સયા,** ધર્મરાજાને પુનઃ કહ્યું: 'હવે શોકનો વધુ આગ્રહ મૂકી દો અને ભગવાન વ્યાસે કહ્યા મુજબ વર્તો. મહાબાહો ! બ્રાહ્મણો અને તમારા મહાઓજસ્વી ભાઈઓ, ગરમીથી અકળાઈ ગયેલા જેમ વરસાદને ઝંખે એમ તમે શોક ત્યજી દો તેની ઝંખના કરતા બેઠા છે. એ જ રીતે મરતાં બચેલા રાજાઓ અને તમારા કુરુજાંગલ રાજ્યની સર્વ ચાતુર્વર્ણ્ય પ્રજા પણ અહીં હાજર છે. તેથી આ પ્રજાઓનું અને બ્રાહ્મણોનું હિત કરવા અમિતતેજસ્વી ગુરુ વ્યાસની આજ્ઞા પ્રમાણે વર્તો તથા પરંતપ અમિત્રઘ્ન ! અમારા જેવા સુહૃદો તથા દ્રૌપદીને પસંદ પડે એવું **અને જગતનું હિત થાય એમ કરો.'** (૧૨-૩૮-૨૦થી ૨૫)

શ્રીકૃષ્ણનાં વચનોથી પ્રેરાઈને યુધિષ્ઠિર સમગ્ર જગતનું હિત કરવા— **हितार्थं सर्वलोकस्य**— ઉદ્યુક્ત થયા. એ મહાનુભાવે મનનાં દુઃખ-સંતાપ (સંયમમાં રાખી તત્પૂરતાં) દૂર કર્યાં. પાંચે પાંડવોએ સોળ બળદ જોડેલા રથમાં બેસીને ભારે ઠાઠમાઠ અને ધામધૂમથી હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો. શ્રીકૃષ્ણ-સાત્યકિ પણ સૈન્ય-સુગ્રીવ જોડેલા સુંદર સુવર્ણમય રથમાં બેસીને એમની સાથે નગરમાં પ્રવેશ્યા (૧૨-૩૮-૨૬થી ૪૯). ધર્મરાજ રાજભવનમાં ગયા. દેવપૂજન કર્યું. બ્રાહ્મણોને દાન આપ્યાં. પુણ્યાહવાચન કરાવ્યું. પુણ્યાહવાચન અને વાદિત્રોનો ઘોષ શાન્ત થયો. એ પછી બ્રાહ્મણોના સમૂહમાં સાંખ્યમાર્ગી શિખાધારી ત્રિદંડી સંન્યાસીના વેશે ધૃષ્ટપણે ડર્યા વિના ઘૂસી આવેલા ચાર્વાકે યુદ્ધના ઘોર સંહાર માટે યુધિષ્ઠિરને જવાબદાર ગણી ધિક્કાર્યા. પણ બ્રાહ્મણોએ એનો 'હું'કાર કરીને બ્રહ્મતેજથી નાશ કરી નાખ્યો,[૮] અને રાજાને અભિનન્દન આપીને પોતપોતાને સ્થાને ગયા. (૧૨-૩૯-૧ થી ૩૭). [જૂની પરિપાટીએ વર્ણવેલા આ પ્રસંગનો અર્થ એટલો લાગે છે કે, દુર્યોધનની તરફેણ કરનાર કોઈ નાના સમુદાયે યુધિષ્ઠિરની સામે વિરોધ પ્રદર્શિત કરેલો, જેને પાંડવ-તરફી સમુદાયે દબાવી દીધેલો.]

એ પછી શ્રીકૃષ્ણે ચાર્વાક રાક્ષસનો પૂર્વવૃત્તાંત કહ્યો: 'પૂર્વે (પૂર્વ જન્મમાં) એણે સત્યયુગમાં બદરિકાશ્રમમાં તપ કરીને બ્રાહ્મણોના અપમાન સિવાય, સર્વ પ્રાણીઓ તરફથી અભય પ્રાપ્ત થવાનું વરદાન મેળવ્યું હતું. ત્યાર પછી એ દેવોને ખૂબ સંતાપતો હતો. તેથી દેવો બ્રહ્મા પાસે ગયા. બ્રહ્માએ દેવોને ધીરજ આપી કે, 'થોડા સમયમાં દુર્યોધન રાજા થશે, ત્યારે દુર્યોધન અને

---

૮. બ્રાહ્મણોના સમુદાયમાં સાંખ્યમાર્ગી (જેનો બીજો અર્થ બુદ્ધિવાદી છે) ત્રિદંડ સંન્યાસી દાખલ થયો એ ઉલ્લેખ 'બ્રાહ્મણ' શબ્દ દ્વારા અહીં 'બ્રાહ્મણ-શ્રમણ' અર્થ સ્ફુટ કરે છે:

राजानं ब्राह्मणच्छद्मा चार्वाको राक्षसोऽब्रवीत् ॥

तत्र दुर्योधनसखा भिक्षुरूपेण संवृतः ।

सांख्य शिखी त्रिदण्डी च धृष्टो विगतसाध्वसः ॥ ૧૨-૩૯-૧૨ ગદ્ય; ૨૩

ચાર્વાકની મૈત્રી થશે.[૯] દુર્યોધન ઉપરના સ્નેહને લીધે તે બ્રાહ્મણોનું અપમાન કરશે અને બ્રહ્મદંડથી માર્યો જશે.' માટે તમે ચાર્વાકનો—તેને બ્રાહ્મણ માનીને—શોક કરો નહિ. તમે ક્ષાત્રધર્મ અનુસાર ક્ષત્રિયોને હણ્યા છે. એ ક્ષત્રિયપુંગવો સ્વર્ગે સિધાવ્યા છે. તેથી તમે ગ્લાનિ મૂકીને કલ્યાણકારી કાર્યો કરો, (આન્તર-બાહ્ય) શત્રુઓનો નાશ કરો, પ્રજાનું રક્ષણ કરો અને દ્વિજોનું પાલન કરો.' (૧૨-૩૯-૩૮ થી ૪૯)

ત્યાર બાદ યુધિષ્ઠિરનો રાજ્યાભિષેકવિધિ થયો. ત્યારે શ્રીકૃષ્ણ-સાત્યકિ એમની સન્મુખ ઉત્તમ ગાદીવાળાં આસનો ઉપર બેઠા. ભીમ, અર્જુન રાજાને બન્ને પડખે બેઠા. ...પછી દાશાર્હ શ્રીકૃષ્ણની આજ્ઞા થતાં પુરોહિત ધૌમ્યે યુધિષ્ઠિર અને દ્રૌપદીને અભિષેક કર્યો. તે પછી અનુક્રમે વડીલ તરીકે ધૃતરાષ્ટ્રે અને પ્રધાનમંડળે અભિષેક કર્યો. એમ યુધિષ્ઠિરે વિધિવત્ મહારાજ્ય પ્રાપ્ત કર્યું ('શાન્તિપર્વ,' અ. ૪૦). પ્રધાનોને ખાતાં વહેંચી આપ્યાં[૧૦] ('શાન્તિપર્વ,' અ. ૪૧), મૃત્યુ પામેલાંનાં શ્રાદ્ધ કર્યાં ('શાન્તિપર્વ,' અ. ૪૨), અને પછી જેમની દોરવણી અને નિઃસ્વાર્થ પ્રયત્નથી મહારાજ્ય મળ્યું હતું તે શ્રીકૃષ્ણનો બે હાથ જોડીને શુદ્ધ ચિત્તે આભાર માન્યો: 'યદુશાર્દૂલ કૃષ્ણ! તમારાં નય, બળ, બુદ્ધિ અને પરાક્રમથી મને પૂર્વજોનું આ રાજ્ય પાછું મળ્યું છે. અરિંદમ! તમને હું વારંવાર પ્રણામ કરું છું ...' (૧૨-૪૩-૧ થી ૩). એમ કહ્યા પછી શ્રીકૃષ્ણની સારગર્ભ ૧૦૧ નામોથી સ્તુતિ કરી,[૧૧] છેવટે સમારોપ કર્યો: 'કૃષ્ણ! તમે જગતનું ઉત્પત્તિ અને પ્રલયસ્થાન છો. તમે જ પૂર્વે આ વિશ્વને સર્જ્યું છે. વિશ્વયોનિ! સમગ્ર વિશ્વ તમારે વશ છે. શાર્ઙ્ગચક્ર-અસિપાણિ! તમને હું પ્રણામ કરું છું.' (૧૨-૪૩-૧ થી ૧૬). ધર્મરાજનું વક્તવ્ય પૂરું થતાં શ્રીકૃષ્ણે રાજ્યસંસદમાં એમને પ્રેમપૂર્વક ખૂબ ખૂબ અભિનન્દન આપ્યાં. (૧૨-૪૩-૧૭)

હવે યુધિષ્ઠિરે ગૃહવિભાગ કર્યા. એમાં અર્જુનને દુઃશાસનનો પ્રાસાદ આપ્યો. શ્રીકૃષ્ણ—સાત્યકિ અર્જુનના ભવનમાં ગયા. ત્યાં ભોજન કર્યું. સુખેથી સૂઈ રહ્યા અને પ્રભાતે જાગૃત થઈને યુધિષ્ઠિર પાસે આવ્યા (૧૨-૪૪-૭ થી ૯; ૧૫, ૧૬). ધર્મરાજે ત્રૈલોક્યના પરમ ગુરુ શ્રીકૃષ્ણની દોરવણી નીચે સમગ્ર ચાતુર્વર્ણ્ય પ્રજાને પોતપોતાનાં કામે લગાડી દીધી. સ્નાતક બ્રાહ્મણોથી માંડીને દીન-હીન ભિખારીઓ સુદ્ધાંત સર્વને સંતોષ આપ્યો અને પરિસ્થિતિ થાળે પાડી દીધી. ધૃતરાષ્ટ્ર-ગાન્ધારીના યોગક્ષેમની સમ્માન સહિત વ્યવસ્થા કરી. (૧૨-૪૫-૧થી ૧૧)

---

૯. જુઓ ખંડ ૪, પ્રકરણ ૬, 'ધર્મયશોનિધિ'માં મરણોન્મુખ દુર્યોધને વાર્તાહરો વગેરે આગળ ઉચ્ચારેલા શબ્દો: 'વાગ્વિશારદ પરિવ્રાજક ચાર્વાક આ સમાચાર જાણશે તો એ મારા વૈરનો બદલો લેશે...ઇ.' (૯-૬૩-૩૦ થી ૩૯)

ચાર્વાકની કથા અહીં થીંગડા જેવી છે, અને શ્રીકૃષ્ણના મુખમાં શોભતી નથી. એમ લાગે છે કે લોકાયત દર્શનનો વિરોધ કરવા માટે આ કથા અહીં બંધબેસતી કરવામાં આવી હશે.

૧૦. પ્રધાનમંડળની વ્યવસ્થા: (૧) યુવરાજ તરીકે ભીમસેન. (૨) મંત્રણા, નિર્ણય અને સંધિ, વિગ્રહ, યાન, આસન, દ્વૈધીભાવ, સંશ્રયએ ષાડ્ગુણ્યના ચિન્તનના કાર્ય ઉપર અર્થાત્ મહા-અમાત્ય તરીકે વિદુર. (૩) આય-વ્યય તથા બીજાં રાજકાજ માટે સંજય. (૪) સેનાના પરિમાણ પુરવઠા અને પગારના કાર્ય માટે નકુલ. (૫) સંરક્ષણ અને ગુનેગારોને શિક્ષા માટે અર્જુન. (૬) બ્રાહ્મણોનાં વૈદિક તથા અન્ય ધાર્મિક કાર્યો માટે ધૌમ્ય. (૭) રાજાની અંગત સલામતીની વ્યવસ્થા માટે સહદેવ. (૧૨-૪૧-૮ થી ૧૫)

૧૧. આ સ્તુતિમાં 'નારાયણ' નામ નથી અને 'ત્રિચક્ષુ' નામ જે સામાન્યતઃ મહાદેવ માટે વપરાવું જોઈએ તે અહીં શ્રીકૃષ્ણ માટે મૂક્યું છે. 'શિવસહસ્રનામ'માં 'ત્રિચક્ષુ' નામ નથી.

બીજે દિવસે પ્રાતઃકાળે યુધિષ્ઠિર રાજ્યાભિષેક પછી પહેલી વખત શ્રીકૃષ્ણને (શિષ્ટાચાર માટે) મળવા ગયા. એમણે સુવર્ણ અને મણિજડિત મોટા પલંગ ઉપર બેઠેલા મેરુ પર્વતના નીલ મેઘસમાન કાન્તિવાળા શ્રીકૃષ્ણનાં દર્શન કર્યાં. એ જાજ્વલ્યમાન શરીરવાળા હતા. એમણે દિવ્ય અલંકારો અને રેશમી પીતાંબર ધારણ કર્યાં હતાં. જાણે સુવર્ણમાં મણિ જડયો હોય એમ તેમના વક્ષઃસ્થળ ઉપર કૌસ્તુભમણિ વિરાજી રહ્યો હતો. સૂર્યોદય સમયે ઉદયાચળનું કિરીટવાળું શિખર શોભે એમ તેઓ શોભતા હતા. ત્રણે લોકમાંની કોઈ પણ ઉપમા એમને આપી શકાય નહિ, એવા એ અનુપમેય હતા. આવા પુરુષરૂપમાં રહેલા મહાત્મા વિષ્ણુ પાસે જઈને એમણે સ્મિતપૂર્વક મધુર વાણીથી પૂછ્યું : 'બુદ્ધિમતાંવર ! તમારી રાત્રિ સુખેથી પસાર થઈ ને ? તમારાં સર્વ જ્ઞાન-જ્ઞાનેન્દ્રિયો પ્રસન્ન છે ને ? આપની બુદ્ધિના આશ્રયથી જ અમે પૃથ્વી તાબે કરીને રાજ્યાસને બેઠા છીએ. ત્રિલોકગતિવિક્રમ (જેનું પરાક્રમ ત્રણે લોકમાં ગતિ કરી શકે છે) ! આપના પ્રસાદથી અમે ઉત્તમ યશ અને વિજય પ્રાપ્ત કર્યા છે તથા ધર્મભ્રષ્ટ થયા નથી.' (૧૨-૪૫-૧૨થી ૧૯)

પરન્તુ શ્રીકૃષ્ણ ધ્યાનમગ્ન હોઈ કંઈ બોલ્યા જ નહિ (૧૨-૪૫-૨૦).

શ્રીકૃષ્ણને આમ ધ્યાનમગ્ન જોઈને વિસ્મિત યુધિષ્ઠિરે પૂછ્યું : 'અમિતવિક્રમ ! તમે તો ધ્યાનમગ્ન થઈ ગયા છો ! આ તે કેવું પરમ આશ્ચર્ય ! જગદાધાર ! ત્રૈલોકયની કુશળતા તો છે ને ? પુરુષોત્તમ ! દેવ ! તમે (જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિથી પર) ચોથા ધ્યાનમાર્ગ (= તુરીયાવસ્થા)માં સ્થિર થઈને જાણે (સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણે શરીરોથી) દૂર ચાલ્યા ગયા છો તેથી હું વિસ્મિત થઈ ગયો છું.[૧૨] ......તમારાં રુવાંટાં ફરકતાં નથી. બુદ્ધિ અને મન સ્થિર છે. વળી તમે વૃક્ષનું ઠૂંઠું, ભીંત અથવા શિલાની જેમ નિશ્ચેષ્ટ જણાઓ છો. જેમ વાયુરહિત સ્થાનમાં રહેલો દીવો અચલ શિખાથી પ્રકાશે છે, તે જ પ્રમાણે ભગવન્ ! દેવ ! તમે નિશ્ચલ અને દૃઢ નિશ્ચયવાળા જણાઓ છો. જો એનું કારણ ખાનગી ન હોય અને મારે સાંભળવા યોગ્ય હોય તો મને કહો. કારણ કે તમે જ કર્તા, વિકર્તા, ક્ષર, અક્ષર, આદિ-અંત-રહિત તથા સૌના આદિકારણ છો.[૧૩] હું

---

૧૨ વેદાન્ત પ્રમાણે સાત ભૂમિકાઓ છે. તેમાં શુભેચ્છા, વિચારણા અને તનુમાનસા એ ત્રણ પ્રાથમિક ભૂમિકાઓ તે જાગ્રદવસ્થા. સત્ત્વાપત્તિ નામની ચોથી ભૂમિકા એ સ્વપ્નાવસ્થા. પાંચમી અસંસકિત એ સુષુપ્તિ. છઠ્ઠી પદાર્થભાવિની એ ગાઢ સુષુપ્તિ. અને સાતમી સર્વશ્રેષ્ઠ ભૂમિકા તે તુરીય. (જુઓ ગીતાની મધુસૂદની ટીકા ૩-૧૮ અને ટીકાના આરંભના શ્લોક ૨૬ થી ૨૯.)

૧૩ यथा दीपो निवातस्थो निरिङ्गो ज्वलतेऽच्युत ।
तथासि भगवन्देव निश्चलो दृढनिश्चयः ॥ १२-४६-६

સર૦
यथा दीपो निवातस्थो नेङ्गते सोपमा स्मृताः ।
योगिनो यतचित्तस्य युञ्जतो योगमात्मनः ॥ ६-२८-१९ (ગીતા ૬-૧૯)
त्वं हि कर्ता विकर्ता च त्वं क्षरं चाक्षरं च हि ।
अनादिनिधनश्चाद्यस्त्वमेव पुरुषोत्तम ॥ १२-४६-८

સર૦ દ્રોણ. ૯-૬૨-૨૬ કખ (ખંડ ૪, પ્રકરણ ૬, 'ધર્મયશોનિધિ' નોંધ ૪૧):
त्वं हि कर्ता विकर्ता च लोकानां प्रभवाप्ययः ।

કર્તા = સ્વતંત્ર; વિકર્તા = અદ્ભુત ભુવનોના રચયિતા વિષ્ણુ
'વિષ્ણુસહસ્રનામ' ૫૪નું શાંકરભાષ્ય

તમારો ભક્ત છું. શરણે આવ્યો છું. મસ્તક ઢાળીને તમને પ્રણામ કરું છું. માટે ધર્માચરણીઓમાં શ્રેષ્ઠ ! તમારા આ ધ્યાનનું યથાતથ રૂપ મને સમજાવો. (૧૨-૪૬-૧ થી ૯)

એટલે શ્રીકૃષ્ણે મન-બુદ્ધિ-ઇન્દ્રિયોને પ્રવૃત્ત કર્યાં, અને સ્મિત કરતાં કરતાં ઉત્તર આપ્યો: 'બુઝાતા અગ્નિની જેમ શરશય્યા પર પોઢેલા ભીષ્મ મારું ધ્યાન કરે છે, તેથી મારું મન તેમની પાસે ગયું હતું...એ ભીષ્મ જામદગ્ન્ય રામના પ્રિય શિષ્ય અને સર્વ વિદ્યાઓના આધાર છે. એ મેધાવી તમામ ઇન્દ્રિયો તથા મનનું સંયમન કરી મારે શરણે આવ્યા છે. તેઓ દિવ્યાસ્ત્રો, વેદાંગ સહિત ચારે વેદ તથા ભૂત-ભવિષ્ય-વર્તમાનના જ્ઞાતા અને ધર્મધારીઓમાં શ્રેષ્ઠ છે. આવા ભીષ્મ પોતાનાં સત્કર્મોના પ્રભાવથી જ્યારે સ્વર્ગે સંચરશે ત્યારે ચન્દ્રાસ્ત થતાં અન્ધકાર ફેલાય એમ પૃથ્વી અન્ધકારમય થઈ જશે. માટે યુધિષ્ઠિર ! તમે ભીમપરાક્રમી ભીષ્મ પાસે જાઓ. એમના ચરણ પકડીને એમને ચારે વેદ, ચારે હોતા (હોતા, અધ્વર્યુ, ઉદ્ગાતા અને બ્રહ્મા), ચારે આશ્રમ અને ચારે વર્ણોના ધર્મ વિશે પૂછી લો. કૌરવકુલધુરંધર ભીષ્મ અસ્ત પામતાં જ્ઞાનમાત્ર સ્વલ્પ થઈ જશે, માટે હું તમને તેમની પાસે જવાની પ્રેરણા કરું છું.' (૧૨-૪૬-૧૦ થી ૨૩)

વાસુદેવનાં આ તથ્યભરેલાં વચનો સાંભળતાં યુધિષ્ઠિરની આંખો આંસુથી છલકાઈ ગઈ. તેઓ બોલ્યા: 'માધવ ! આપે ભીષ્મ માટે કહ્યું તે યથાયોગ્ય જ છે. મહાત્મા બ્રહ્મવેત્તાઓના મુખે પણ મેં એમના પ્રભાવ વિશે ખૂબ સાંભળ્યું છે. જગતકર્તા એવા આપ જે આદેશ આપો તેમાં વિચારવાનું હોય નહિ. આપની મારા ઉપર અનુગ્રહબુદ્ધિ હોય તો, મારી વિનંતી છે કે, તમારી આગેવાની નીચે આપણે ભીષ્મને મળીએ. ઉત્તરાયણ થતાં તેઓ પરલોકમાં પધારશે. તેથી તેમને તમારાં દર્શન થઈ જવાં જોઈએ. આદિદેવ અને ક્ષર-અક્ષરરૂપ એવા તમારા દર્શનથી એમને લાભ થશે, કારણ કે તમે બ્રહ્મમય નિધિ છો.' (૧૨-૪૬-૨૪ થી ૩૦)

ધર્મરાજની આર્દ્ર વિનંતી શ્રીકૃષ્ણે સ્વીકારી. પડખે બેઠેલા સાત્યકિને હુકમ કર્યો, 'રથ જોડાવો.' સાત્યકિએ દારુકને આદેશ આપ્યો. દારુક તરત જ રથ જોડી લાવ્યો. શ્રીકૃષ્ણનો રથ સોને મઢેલો હતો. એમાં મરકતમણિ (मसार), ચન્દ્રકાન્તમણિ (गल्लु) અને સૂર્યકાન્તમણિ (अर्क) જડેલા હતા. પૈડાં પણ સોને મઢેલાં હતાં. ઉપર અદ્ભુત ગરુડધ્વજ ફરકતો હતો. સુવર્ણના સાજસામાનથી શણગારેલા સુગ્રીવ-સૈન્ય વગેરે ઘોડા જોડેલા હતા અને તે રથ નવોદિત સૂર્યના જેવો પ્રતાપી લાગતો હતો. (૧૨-૪૬-૩૧ થી ૩૫)

* * *

આમ જ્યારે શ્રીકૃષ્ણ સમાધિ અવસ્થામાં ભીષ્મનું ધ્યાન કરી રહ્યા હતા (**ભગવાન ભક્તનું ધ્યાન કરતા હતા**), ત્યારે[૧૩૬] કુરુક્ષેત્રમાં બાણશય્યામાં સૂતેલા ભીષ્મે, સૂર્ય ઉત્તરાયણનો

---

૧૩૬. સર૦ ' પ્રથમ પ્રથમ ઈશ્વર લોહચુંબકરૂપ થાય અને ભક્ત સોય થાય. આખરે ભક્ત પોતે લોહચુંબક થાય અને ઈશ્વર સોય થાય. એટલે કે ભક્તની પાસે ઈશ્વર નાનો થઈ જાય.'

રામકૃષ્ણ-કથામૃત, પૃ. ૧, પૃ-૨૭૨

વળી સર૦

કબીર મન નિરમલુ ભઈયા, જૈસા ગંગા નીરુ ॥
પાછૈ લાગો હરિ ફિરૈ, કહત કબીર કબીર ! ॥ શ્લોક ૫૫.

'ગુરુ ગ્રન્થ સાહેબ', પૃ. ૧૩૬૭

થાય તેની પ્રતીક્ષા કરતાં, આવી વિષમ અવસ્થામાં પણ સાવધાન થઈને ચિત્તને આત્મતત્ત્વમાં પ્રયોજ્યું. સૂતાં સૂતાં જ બે હાથ જોડીને મન-વચન-કર્મથી (પરમાત્મતત્ત્વ) ભગવાન શ્રીકૃષ્ણનું ધ્યાન ધર્યું. (ભક્ત એકાગ્ર અને શુદ્ધ ચિત્તે ધ્યાન ધરે એટલે ભગવાન એની ચિન્તા કરે જ.) પરમ ધર્માત્મા વાગ્વેત્તાપ્રવર ભીષ્મે પવિત્ર થઈને પરિપુષ્ટ સ્વરથી ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ કરવા માંડી (૧૨-૪૭-૧ થી ૯). જે વિશ્વાધાર દેવ અણુથી ય અણુ, સ્થૂલથી પણ સ્થૂલ, ગુરુથીય ગરિષ્ઠ, શ્રેષ્ઠ કરતાં ય શ્રેષ્ઠ, ઇન્દ્ર અને વાયુ કરતાં અતિ પરાક્રમી, સૂર્ય-અગ્નિ કરતાં અતિ તેજસ્વી, અને જે મન-બુદ્ધિ-ઇન્દ્રિયોથી અગોચર છે એવા વિશ્વાધાર જગતના અધ્યક્ષ નારાયણને શરણે ગયા. એ પછી એક અનુપમ નમઃસ્તોત્રથી શ્રીકૃષ્ણનું સ્તવન કર્યું, જે 'ભીષ્મસ્તવરાજ' નામથી વિખ્યાત છે[૧૪] (૧૨-૪૭-૧૧ થી ૨૨; ૨૩ થી ૫૪). સ્તોત્ર પૂરું કર્યા પછી ભીષ્મે અત્યંત ભક્તિભાવ તથા નમ્રતાથી સમારોપ કરતાં, શ્રીકૃષ્ણમાં જ લવલીન થઈને નમઃ એમ કહીને પ્રણામ કર્યા:

एतावदुक्त्वा वचनं भीष्मस्तद्गतमानसः ।
नम इत्येव कृष्णाय प्रणाममकरोत्तदा ॥ १२-४७-६४ (૧૨-૪૭-૫૫ થી ૬૪)

ભીષ્મની ભક્તિને યોગ બળથી જાણી લઈને શ્રીકૃષ્ણ તેમને ત્રિકાળનું દિવ્ય જ્ઞાન થવાનું વરદાન આપવા ગયા હતા. (તેથી યુધિષ્ઠિરના કુશળપ્રશ્નના ઉત્તરમાં તેઓ કંઈ બોલ્યા નહોતા. જુઓ ઉપર ૧૨-૪૫-૧૨થીનો સંદર્ભ) ૧૨-૪૭-૬૫.

*　　　*　　　*

ગાંગેય ભીષ્મની અસાધારણ ભક્તિ પ્રમાણીને શ્રીકૃષ્ણ (સૂક્ષ્મરૂપે પ્રથમ તેમની પાસે આવી ગયા હતા, હવે તેમને અક્ષય્ય કીર્તિ અપાવવા સ્થૂળરૂપે પ્રયાણ કરવા) સહસા રથમાં બેઠા. શ્રીકૃષ્ણ-સાત્યકિ એક રથમાં અને યુધિષ્ઠિર-અર્જુન બીજા રથમાં સાથે બેઠા. ભીમસેન-નકુલ-સહદેવ બીજા એક રથમાં અને કૃપ-યુયુત્સુ-સંજય જુદા રથમાં સાથે બેસીને કુરુક્ષેત્ર ભણી ઊપડ્યા. માર્ગમાં બ્રાહ્મણોના મુખથી ભીષ્મકૃત સ્તુતિના શબ્દો સાંભળીને શ્રીકૃષ્ણ મનમાં પ્રસન્ન થયા. માર્ગમાં જે લોકો હાથ જોડીને વન્દન કરતા હતા તેમને તેઓ અભિનન્દન આપતા જતા હતા. (દરમિયાન શ્રીકૃષ્ણની સાથે વાતચીત થાય તે માટે યુધિષ્ઠિર શ્રીકૃષ્ણના રથમાં આવ્યા.) ત્યાં તો કાળની મદ્યપાનભૂમિ જેવા ઘોર દેખાવનું કુરુક્ષેત્ર આવ્યું. ત્યાંથી થોડે દૂર દેખાતાં 'રામહ્રદ' નામનાં પાંચ સરોવર કે જેમાં જામદગ્ન્ય રામે એકવીસ વખત પૃથ્વી નિઃક્ષત્રી કરીને ક્ષત્રિયોનું રુધિર ભર્યું હતું અને તે રુધિરથી પિતૃતર્પણ કર્યું હતું તે આવ્યાં. શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને આ સ્થળ બતાવીને

---

૧૪. 'ભીષ્મસ્તવરાજ' બત્રીશ શ્લોકોનું અત્યન્ત સારગર્ભ અને પ્રાણવાન સ્તોત્ર છે (અ. ૪૭, શ્લોક ૨૩ થી ૫૪). તેમાં ભગવાનની વિભિન્ન શક્તિઓનાં રૂપોનું ધ્યાન કરીને ભક્તિ-જ્ઞાન-નમ્રતાથી પ્રણામ કર્યા છે. જુઓ પ્રકરણને અંતે પરિશિષ્ટ ૧.

સર્વહિતકારી, સર્વાત્મા શ્રીકૃષ્ણના અ-ગોચર ઉત્કૃષ્ટ વિશ્વતોમુખ સ્વરૂપની ઝાંખી માટે ક્રાન્તદ્રષ્ટા વેદવ્યાસે આ સ્તોત્રને અહીં યથાયોગ્ય સ્થાને પ્રસ્તુત કર્યું છે.

શ્રીકૃષ્ણ અશુદ્ધ મન-બુદ્ધિને અગોચર, પણ શુદ્ધ મન-બુદ્ધિને તો ગોચર.

પરશુરામે ક્ષત્રિયોનું એકવીસ વાર નિકંદન કાઢી નાખ્યું તથા પુનઃ ક્ષત્રિયોત્પત્તિ થઈ તેનો પુરાતન વૃત્તાંત કહી સંભળાવ્યો.[૧૫] (૧૨-૪૭-૬૬ થી ૭૨; અ. ૪૮, ૪૯, ૫૦-૧ થી ૪)

આ રીતે વાતચીત કરતા કરતા શ્રીકૃષ્ણ-યુધિષ્ઠિર વગેરે સાયંકાળના અસ્ત પામતા સૂર્યની જેમ શોભતા ગંગાપુત્ર ભીષ્મની શરશય્યા પાસે આવી પહોંચ્યા. દૂરથી એમનાં દર્શન થતાં જ શ્રીકૃષ્ણ-યુધિષ્ઠિર વગેરે સૌ તેમના તરફ સમ્માન દર્શાવવા રથમાંથી ઊતરી ગયા. પ્રચલ (અત્યંત ચંચળ) મનને સંયમમાં રાખી, સર્વ ઇન્દ્રિયોને એકાગ્ર કરીને તેમની પાસે ગયા. પ્રથમ તો શરશય્યા નજીક બેઠેલા વ્યાસાદિ ઋષિઓને નમ્યા, અને પછી ભીષ્મની પાસે જઈને ઊભા. શ્રીકૃષ્ણ અને પાંડવો એમની તપોવૃદ્ધિના સમાચાર પૂછયા પછી એમને વીંટાઈને બેઠા. (૧૨-૫૦-૫ થી ૧૧)

ત્યાર બાદ બુઝાતા અગ્નિ સમા જણાતા ગાંગેય ભીષ્મને નિહાળીને શ્રીકૃષ્ણ કિંચિત્ ખિન્ન થયા. એમણે અત્યંત પ્રેમ-આદર સહિત ભીષ્મ સાથે વાત કરવા માંડી : 'વક્તાશ્રેષ્ઠ રાજન્ ! તમારાં જ્ઞાન (જ્ઞાનેન્દ્રિયો) પૂર્વની પેઠે નિર્મળ છે ને? તમારી બુદ્ધિ સ્થિર છે ને? બાણોના તીવ્ર પ્રહારથી તમારાં ગાત્રોમાં (અસહ્ય) પીડા તો થતી નથી ને ! મનઃપીડા કરતાં શારીરિક પીડા બલવત્તર જ હોય છે. સમર્થ ! ધર્મશીલ પિતા શંતનુના વરદાનથી તમને સ્વેચ્છામરણની સિદ્ધિ મળી છે, એ વરદાન જ શું તમારી મનઃસ્થિતિ માટે પૂરતું નથી? જોકે શરીરમાં અત્યંત ઝીણો કાંટો વાગે તોપણ વેદના થાય છે, ત્યારે આ તો તમારા શરીરમાં ઢગલાબંધ બાણો ખૂંપી ગયાં છે. તેની વેદનાનું તો પૂછવાનું જ શું હોય ? તમે તો દેવોનેય ઉપદેશ આપો એવા છો ! તેથી પ્રાણીઓના જન્મ-મરણ(ની ઘટમાળ) વિશે તમને કંઈ પણ કહેવું તે અયોગ્ય છે. પુરુષશ્રેષ્ઠ ! ભૂત, ભવિષ્ય અને વર્તમાનનું સર્વ જ્ઞાન, જ્ઞાનવૃદ્ધ એવા તમારે હસ્તામલકવત્ છે. મહાપ્રાજ્ઞ ! પ્રાણીઓનો સંસાર (જન્મથી મરણ તથા મરણથી જન્મ સુધીની પ્રવૃત્તિઓ) અને ધર્મનાં ફળના ઉદયનો ક્રમ તમે જાણો છો. **કારણ કે તમે બ્રહ્મમય નિધિ છો--જ્ઞાનના સાગર છો.[૧૬] વળી તમે મહારાજ્યનું શાસન કરતા હતા, સંપૂર્ણ તંદુરસ્ત હતા અને અસંખ્ય સ્ત્રીઓથી (स्त्रीसहस्रैः) વીંટાયેલા રહેતા હતા તોપણ હું તો તમને સતત ઊર્ધ્વરેતા નૈષ્ઠિક બ્રહ્મચર્યવાળા જ જોઉં છું.**[૧૭] તાત ! સત્યનિષ્ઠ, મહાવીર્યવાન, શૂરવીર, એકાગ્રતાથી ધર્માચરણ કરનાર શંતનુપુત્ર ભીષ્મ વિના ત્રણે લોકમાં અમે એવા એક પણ મનુષ્ય વિશે સાંભળ્યું નથી કે

---

૧૫. જામદગ્ન્ય રામે પૃથ્વી નિઃક્ષત્રી કરી તે અંગે બીજા કેટલાક સંદર્ભો જુઓ: 'આદિપર્વ', અ. ૯૮; 'સભાપર્વ', અ. ૨; 'આરણ્યકપર્વ', અ. ૧૧૫ થી ૧૧૭; 'અનુશાસનપર્વ' અ. ૪.

૧૬. संसारश्चैव भूतानां धर्मस्य च फलोदयः ।
विदितस्ते महाप्राज्ञ त्वं हि ब्रह्ममयो निधिः ॥ १२-५०-१९.

જુઓ અગાઉ યુધિષ્ઠિરે ભીષ્મને દર્શનનો લાભ આપવા સૂચવતાં શ્રીકૃષ્ણને त्वं हि ब्रह्ममयो निधिः । ૧૨-૪૬-૩૦ ધ કહ્યા હતા તે.

૧૨-૫૯-૧૧૬માં શુક્રાચાર્યને માટે 'બ્રહ્મમયો નિધિ' વિશેષણ વપરાયું છે.

૧૭. त्वां हि राज्ये स्थितं स्फीते समग्राङ्गमरोगिणम् ।
स्त्रीसहस्रैः परिवृतं पश्यामीहोर्ध्वरेतसम् ॥ १२-५०-२०.

જેણે બાણશય્યામાં શયન કરીને પોતાના અમોઘ સામર્થ્યથી નૈસર્ગિક મૃત્યુને રોકી રાખ્યું હોય ! સત્ય, તપ, દાન, યજ્ઞકાર્ય, ધનુર્વેદ, વેદ, સતત અન્વેક્ષણ, દયા, પવિત્રતા, સંયમ અને સર્વ પ્રાણીઓનું હિત કરવામાં તમારી તુલના કરી શકે એવો કોઈ મહારથી અમારા સાંભળવામાં આવ્યો નથી. તમે તો દેવો, ગન્ધર્વો, અસુરો અને રાક્ષસોને કેવળ એક રથથી જ હરાવી શકો એમાં કંઈ શંકાને સ્થાન નથી. ભીષ્મ ! મહાબાહો ! ઇન્દ્ર સમાન તમને બ્રાહ્મણો (આઠ) વસુઓથી ગુણોમાં સહેજે ઊતરતા નહિ એવા નવમા વસુ તરીકે વર્ણવે છે.[૧૮] અને હું પણ, પુરુષોત્તમ ! દેવોમાં સ્વશક્તિથી વિખ્યાત થયેલા મહાબળવાન પુરુષ તરીકે તમને ઓળખું છું. મનુષ્યેન્દ્ર જગતભરમાં તમારા સદ્દગુણોની બરાબરી કરી શકે એવા કોઈ પુરુષને મેં જોયો કે સાંભળ્યો નથી. તમે સર્વ સદ્દગુણોમાં દેવોને પણ ટપી જાઓ છો અને તપ:પ્રભાવે ચરાચર જગતોનું પણ સર્જન કરી શકો એવા છો. (સર૦ ' પાતંજલ યોગદર્શન 'નો ચતુર્થ ' કૈવલ્યપાદ '.) (સાથે વાંચો ક્ષેપક ૧૧૬ : તો પછી ઉત્તમ ગુણો વડે તમે ઉત્તમ લોકોને તો પામો જ એમાં શી નવાઈ !) '(૧૨-૫૦-૧૨ થી ૨૯)

ભીષ્મના લોકોત્તર ગુણોની સુયોગ્ય પ્રશસ્તિ કર્યા પછી શ્રીકૃષ્ણ મુખ્ય મુદ્દા ઉપર આવ્યા : ' ભીષ્મ ! જ્યેષ્ઠ પાંડવ યુધિષ્ઠિરના શોકને તમે દૂર કરો. ક્ષત્રિય જાતિના સંહારથી એમને સંતાપ થયા કરે છે. ચારે વર્ણોના ચારે આશ્રમ સાથે સંલગ્ન જે જે ધર્મો (જુદા જુદા સ્મૃતિકારોએ) કહ્યા છે તે તમે જાણો છો. ચારે વેદ, ચાતુર્હોત્ર (હોતા, અધ્વર્યુ, ઉદ્દગાતા અને બ્રહ્મા દ્વારા થતાં

(क) આ અગાઉના શ્લોક ૧૨-૫૦-૧૯માં કહેલો ' ધર્મનો ફલોદય ' અહીં પ્રકાશે છે. પાંડવોના રાજસૂય યજ્ઞમાં દેવવ્રત ભીષ્મે લોકવૃદ્ધતમ વાર્ષ્ણેય શ્રીકૃષ્ણને અર્હણીયતમ (પૂજ્યતમ) તરીકે ઓળખીને એમને પ્રથમ અર્ઘ્ય આપ્યો હતો (જુઓ ખંડ ૨, પ્રકરણ ૫, ' શિશુપાલવધ '). આજે એમના અંતકાળે સ્વયંભગવાન શ્રીમુખે ભીષ્મના અસાધારણ અર્હણીય ગુણોનું અને અતુલ સિદ્ધિનું કીર્ત્તન કરીને એનો સહસ્રગણો બદલો આપે છે.

(ख) પિતામહ ભીષ્મનું બ્રહ્મચર્યપાલન, જેના રક્ષણ માટે જાતજાતની વાડો જોઈએ એવું, અથવા એ વાડો હોય તોપણ બલવાન આવેગો એને તોડીફોડીને ઉથલાવી નાખી શકે એવું નબળુંપોચું નથી; આંજી નાખે એવો બાહ્યાડંબર રાખી મનથી વિષયોનું રટણ કરનારું દંભી નથી. પરન્તુ આપણા યુગમાં શ્રીરામકૃષ્ણ પરમહંસ અને મહાત્મા ગાંધીજી જેનો પુરસ્કાર કરી, યથાશક્તિ આચરણ કરી તેનાં ચકિત કરે એવાં પરિણામ લાવ્યા તેવું અદ્દભુત છે. એ સ્ત્રીઓથી ડરીને દૂર ભાગનારા નથી પણ મક્રમ સાધનાના બળે હજારો સ્ત્રીઓથી વીંટાયેલા રહેવા છતાં, સામ્રાજ્યનો વહીવટ કરવા છતાં (ઉપરથી રાજસ પ્રવૃત્તિઓ સીધા છતાં) નૈષ્ઠિક છે.

સામાન્યપણે એવી માન્યતા પ્રચલિત છે કે ભીષ્મ પરણ્યા નહોતા. મહાભારતમાં એમના લગ્ન વિશે કોઈ ઉલ્લેખ પ્રાપ્ત થતા નથી. એ છતાં અન્ય સંદર્ભો કાળજીથી તપાસતાં જણાય છે કે **પિતામહનું લગ્ન થયું હતું**. જુઓ પ્રકરણને અંતે પરિશિષ્ટ ૨.

(ग) ઉપભોગની સર્વ સામગ્રી વિદ્યમાન છતાં તેનાથી વિરક્ત એવા ત્યાગીનું વર્ણન કરતી ' દશવૈકાલિકસૂત્ર 'ની ગાથાઓ ૨–૨, ૩ અહીં દ્રષ્ટવ્ય.

૧૮. ભીષ્મ આઠ વસુઓ પૈકી ' દ્યુ ' વસુના અવતાર ગણાય છે તે અહીં સર૦ ' આદિપર્વ ', અ. ૯૩.

યજ્ઞકર્મ), સાંખ્ય અને યોગમાં જે સનાતન ધર્મોનું વિધાન છે, વળી જે એક ધર્મ ચારે વર્ણોનો અવિરોધી છે (હિતકારી છે), અને જે પળાય છે તે મૂળ ધર્મને ગાંગેય! તમે (યથાતથ) જાણો છો. તમને ઇતિહાસ-પુરાણનું સંપૂર્ણ જ્ઞાન છે અને સકળ ધર્મશાસ્ત્ર તો તમારા મનમાં રમી રહેલું છે. આ વિશ્વમાં જે કંઈ સંદેહગ્રસ્ત વિષયો છે તેનું નિરસન કરનાર તમારા સિવાય બીજો કોઈ નથી. માટે નરેન્દ્ર! યુધિષ્ઠિરના મનઃશોકનો આપની મેધાથી નાશ કરો. આપના જેવા ઉત્તમ બુદ્ધિના વિસ્તારવાળા પુરુષો—મહાનુભાવો, આકુળવ્યાકુળ મનુષ્યને શાન્તિદાતા બને છે.' (૧૨-૫૦-૩૦ થી ૩૬)

વસુદેવનન્દન બુદ્ધિમાન શ્રીકૃષ્ણનાં વચન સાંભળીને ભીષ્મે પોતાનું મુખ સહેજ ઊંચું કર્યું અને બે હાથ જોડી ભક્તિનમ્ર વાણીથી બોલ્યાઃ 'ભગવાન વિષ્ણુ! તમે જગતના સંહારક અને ઉત્પાદક છો. હૃષીકેશ! તમે જ કર્તા, સંહર્તા અને અપરાજિત છો. તમને હું નમસ્કાર કરું છું. વિશ્વકર્મા! વિશ્વાત્મા! વિશ્વસંભવ! પાંચેથી (પંચભૂતો કે પંચવિષયોથી) પર રહેલા તમે પ્રાણીઓની પરમ ગતિ છો. તમે ત્રણે લોકમાં વ્યાપી રહેલ છો. ત્રણે લોકથી પર છો. તમે જ સર્વાધાર છો. યોગેશ્વર! તમને હું વંદન કરું છું. પુરુષસત્તમ! તમે મારે વિશે જે વચનો ઉચ્ચાર્યાં તેના પ્રભાવથી ત્રણે માર્ગોમાં [૩ માર્ગ: (૧) દેવયાન, પિતૃયાન અને જઘન્ય માર્ગ. (૨) ધર્મ, અધર્મ અને જ્ઞાન. જુઓ શ્વેતા. ઉ. ૫-૭ ઉપરનું શાંકરભાષ્ય.] પ્રવર્તતા તમારા દિવ્ય ભાવોને હું જોઈ શકું છું. વળી હું તમારા સનાતન રૂપનું તત્ત્વથી (યથાતથ) દર્શન કરું છું. (તે રૂપ આવું છેઃ) મહાતેજસ્વી વાયુના સાતે માર્ગો તમે રૂંધી નાખ્યા છે. તમારા મસ્તકથી સ્વર્ગ અને ચરણોથી દેવી વસુન્ધરા વ્યાપ્ત છે. દિશાઓ તમારી ભુજાઓ, સૂર્ય(-ચન્દ્ર) તમારાં નેત્ર અને ઇન્દ્ર તમારું સામર્થ્ય છે. અળસીના પુષ્પ જેવી શ્યામ કાન્તિવાળું, પીળાં વસ્ત્રોથી સુશોભિત, અસ્ખલિત મહિમાવાળું તમારું દિવ્ય સ્વરૂપ અમને વિદ્યુત્ સાથેના મેઘ જેવું ભાસે છે. હું તમારે શરણે આવ્યો છું. ભક્ત છું. ઇષ્ટ ગતિ પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખું છું. તો પુંડરીકાક્ષ! સુરોત્તમ! મારા માટે જે શ્રેયસ્કર હોય તેનું ચિંતન કરો.'[૧૯] (૧૨-૫૧-૧ થી ૯)

---

૧૯. (क) ૧૨-૫૧-૨=કે. ૪૭-૫૭; ૫૧-૩=કે. ૪૭-૫૫; ૫૧-૪=કે. ૪૭-૫૬; ૫૧-૫ ગધ=૪૭-૫૮ કખ.

(ख) तच्च पश्यामि तत्त्वेन यत्ते रूपं सनातनम् ।
सप्त मार्गा निरुद्धास्ते वायोरमिततेजसः ॥ १२-५१-६.

કખ=૪૭-૫૮ કખ.

વાયુના સાત માર્ગ તે (૧) 'મુણ્ડક-ઉપનિષદ'માં નિર્દેશેલ સાત પ્રાણ અર્થાત્ બે આંખ, બે કાન, બે નાકનાં છિદ્ર અને રસના એ સાત મસ્તકસ્થ ઇન્દ્રિયો. જુઓ મુણ્ડક ઉ. ૨-૧-૮; અથવા (૨) યોગશાસ્ત્રમાં પ્રસિદ્ધ સહસ્રારસહિત સાત ચક્રો.

दिवं ते शिरसा व्याप्तं पद्भ्यां देवी वसुन्धरा ।
दिशो भुजौ रविश्चक्षुर्वीर्ये शक्रः प्रतिष्ठितः ॥ १२-५१-७.

કખ=૪૭-૫૯ કખ

ભીષ્મની સ્તુતિનો લાગણીસભર ઉષ્માભર્યો ઉત્તર આપતાં શ્રીકૃષ્ણ બોલ્યા: 'પુરુષપ્રવર! તમે મારા પરમ ભક્ત છો તેથી મેં તમને મારા દિવ્ય સ્વરૂપનું દર્શન કરાવ્યું છે. રાજેન્દ્ર! જે મારો ભક્ત ન હોય, ભક્ત હોવા છતાં ઋજુતા વિનાનો હોય અને અસંયમી હોય, તેને હું મારા યથાર્થ સ્વરૂપથી દર્શન દેતો નથી. તમે તો મારા ભક્ત છો, સાથે જ નિરંતર આર્જવ, દમ, તપ, સત્ય, દાનમાં નિરત અને પવિત્ર છો. તેથી રાજન્ ભીષ્મ! તમે તમારા તપઃપ્રભાવે જ મારું દર્શન કરવા યોગ્ય થયા છો, અને જ્યાંથી પુનરાવૃત્તિ થતી નથી એવા લોકો તમે પ્રાપ્ત કર્યા છે.[૨૦] (૧૨-૫૧-૧૦ થી ૧૩)

अतसीपुष्पसंकाशं पीतवाससमच्युतम् ।
वपुर्ह्यनुमिमीमस्ते मेघस्येव सविद्युतः ॥ १२-५१-८

કુંભ=૪૭-૬૦ કુંભ.

त्वत्प्रपन्नाय भक्ताय गतिमिष्टां जिगीषवे ।
यच्छ्रेयः पुण्डरीकाक्ष तद्ध्यायस्व सुरोत्तम ॥ १२-५१-९

=કે. ૪૭-૬૨

२० न ह्यभक्ताय राजेन्द्र भक्तायानृजवे न च ।
दर्शयाम्यहमात्मानं न चादान्ताय भारत ॥ १२-५१-११

भवांस्तु मम भक्तश्च नित्यं चार्जवमास्थितः ।
दमे तपसि सत्ये च दाने च निरतः शुचिः ॥ १२-५१-१२

अर्हस्त्वं भीष्म मां द्रष्टुं तपसा स्वेन पार्थिव ।
तव ह्युपस्थिता लोका येभ्यो नावर्तते पुनः ॥ १२-५१-१३

ભીષ્મે શ્રીકૃષ્ણનું તત્ત્વતઃ દર્શન કર્યું તે વર્ણન (૧૨-૫૧-૬ થી ૯) સાથે સર૦ ગીતા અ. ૧૧માં અર્જુને કરેલા દર્શનમાંથી ભયાનકતા ગાળી નાખ્યા પછી સમજાતું વર્ણન.

૧૨-૫૧-૧૧ સાથે સર૦ ગીતા ૧૮-૬૭ (૬-૪૦-૬૭):

इदं ते नातपस्काय नाभक्ताय कदाचन ।
न चाशुश्रूषवे वाच्यं न च मां योऽभ्यसूयति ॥

વળી સર૦ ગીતા ૧૧-૫૩, ૫૪ (૬-૩૩-૫૩, ૫૪):

नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि यन्मया ॥

भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ॥

તેં જેવું મારું દર્શન કર્યું, તેવું દર્શન વેદાધ્યયન, (શુષ્ક) તપ, દાન કે (કર્મકાંડી) યજ્ઞાથી ન થઈ શકે. પણ અર્જુન! પરંતપ! મારે વિશે આવું જ્ઞાન, દર્શન અને મારામાં વસ્તુતઃ પ્રવેશ, માત્ર (આર્જવ સહિતની પ્રેમલક્ષણા) અનન્ય ભક્તિથી જ શકય છે.

'કુરુપ્રવીર ! (બાણશય્યામાં પોઢ્યા પછી) તમારા આયુષ્યના છપ્પન દિવસ બાકી છે. ત્યાર બાદ તમે દેહત્યાગ કરીને શુભ કર્મોના ફળથી મળતા લોકોમાં જશો.[૨૧] જુઓ આ પ્રજ્વલિત અગ્નિ સમાન તેજસ્વી વસુ દેવો વિમાનમાં બેસીને સૂર્ય ઉત્તરાયણના થાય તેની તથા તમારા આગમનની અન્તર્હિત રહીને રાહ જોયા કરે છે. જ્યારે ભગવાન સૂર્ય સમય થતાં ઉત્તરાયણના થશે ત્યારે, વિદ્વાન જ્યાંથી પાછો ફરતો નથી તેવા લોકોમાં તમે ગમન કરશો. (૧૨-૫૧-૧૪ થી ૧૬)

'વીર ! તમે પરલોકમાં જશો ત્યારે (તમારા પ્રયાણની સાથે જ) સર્વ જ્ઞાનો લુપ્ત થઈ જશે. તેથી આ બધા તમારી પાસેથી ધર્મોનું વિવેચન સાંભળવા આવ્યા છે. તેમાંય આ સંબન્ધીજનોના શોકથી નષ્ટ થયેલા જ્ઞાનવાળા સત્યપ્રતિજ્ઞ યુધિષ્ઠિરને તમે સમાધિયુક્ત–સમાધાન થાય એવા ધર્મ અને અર્થશાસ્ત્રનું હેતુપૂર્ણ શિક્ષણ આપો અને એમનો શોક દૂર કરો.' (૧૨-૫૧-૧૭, ૧૮)

---

૨૧ पञ्चाशतं षट् च कुरुप्रवीर शेषं दिनानां तव जीवितस्य ।
ततः शुभैः कर्मफलोदयैस्त्वं समेष्यसे भीष्म विमुच्य देहम् ॥ १२-५१-१४.

(क) पञ्चाशतं षट्‌ને મચડીને પં. નીલકંઠે 'તમે ત્રીસ દિવસમાં એકસો દિવસનું કાર્ય કરશો.' એવો અર્થ કર્યો છે. સમીક્ષિત વાચનાની નોટ્સમાં પણ ખેંચીને તેનો અર્થ 'પાંત્રીસ દિવસ' કરવાનું વલણ છે. આ બન્ને ખુલાસા અયોગ્ય છે.

મહાભારત અનેક વલણો અને દૃષ્ટિબિંદુઓને સમાવે છે. વિભિન્ન પરિપાટીઓ અને વૃત્તાંતો રજૂ કરીને આગળ ચાલે છે. એ હકીકતના સંદર્ભમાં पञ्चाशतं षट् પદનો સીધો અર્થ 'છપ્પન' રાખવો તે યોગ્ય છે. મ. ભા.માં આ અંગે ઉલ્લિખિત સઘળા નિર્દેશો જોતાં, તેમાં દિવસોની ગણતરી આશરે કરેલી છે તે વિશદ થશે.

(૧) મૃતાત્માઓનું તર્પણ કર્યા પછી યુધિષ્ઠિર વગેરે **એક માસ** સુધી હસ્તિનાપુરની બહાર વસ્યા (૧૨-૧-૨). તેનું નિરાકરણ 'બાર દિવસ' એવો અર્થ લઈને કર્યું. જુઓ ઉપર નોંધ ૧.

(૨) ૧૨-૫૨-૨૬, ૩૩ના નિર્દેશથી સાફ જણાય છે કે આ દિવસની વાતચીત પૂર્ણિમાના દિને થયેલી. (જુઓ નીચે વિગત.) તો આ કઈ પૂર્ણિમા ? ભીષ્મપતન પછી પ્રથમ પૂર્ણિમા ૨૩ દિવસે અને બીજી તો ૫૨મા કે ૫૩મા દિવસે આવે !

(૩) ૧૩-૧૫૩-૫ પ્રમાણે યુધિષ્ઠિર રાજ્યાભિષેક થયા પછી હસ્તિનાપુરમાં પચાસ રાત્રિ વસ્યા તે પછી ભીષ્મ સ્વર્ગે પધાર્યા. उषित्वा शर्वरीः श्रीमान्पञ्चाशन्नगरोत्तमे । બીજા શબ્દોમાં ભીષ્મ, શરશય્યા ઉપર પોઢ્યા પછી ઓછામાં ઓછા સીત્તેર દિવસ જીવ્યા. ૫૦ ઉપર મુજબ + ૮ પતન પછીના + ૧૨ સૂતક નિવૃત્તિના=૭૦.

(૪) ૧૩–૧૫૩–૨૭, ૨૮ના ભીષ્મવચન પ્રમાણે ભીષ્મ અઠ્ઠાવન રાત્રિથી શરશય્યા ઉપર સૂતા છે, અને તે દિવસે માઘ માસના પક્ષના ૩/૪ ભાગ બાકી હોઈ તે શુક્લપક્ષ ગણાવો જોઈએ. એના અર્થની ખેંચતાણ ઠીક ઠીક ચાલે છે. વધુ લોકપ્રિય માન્યતા અનુસાર માઘ સુદ ૮. 'શાન્તિપર્વ' ક્ષેપક ૬૪ પણ એને અનુસરે છે. 'પ્રાચીન ચરિત્રકોશ'ના કર્તા શ્રી ચિત્રાવ ફાલ્ગુન કૃષ્ણ અષ્ટમી (પૃ. ૧૧૭૮) નોંધે છે. માત્ર 'અનુશાસનપર્વ'ના જ સંદર્ભોના આધારે તે પર્વની સમીક્ષિત વાચનાના સંપાદક દાંડેકર **(અમાવાસ્યાન્ત) માઘ માસની** વદ ચોથ માને છે.

શ્રીકૃષ્ણનાં ધર્માર્થયુક્ત હિતકારી વચનો સાંભળતાં ભીષ્મે નમસ્કાર કર્યા. વિનમ્રતાપૂર્વક બોલ્યા: 'લોકનાથ! શિવ (કલ્યાણકારી)! તમારા શબ્દોથી હું તો હર્ષવિભોર બની ગયો છું. જ્યારે વાણીના સર્વ વિષય આપની (વિજ્ઞાન-)વાણીમાં સમાઈ ગયેલા છે ત્યારે વાક્પતિ! આપની સમીપમાં હું શું બોલું? જગતમાં જે કંઈ થયું છે અને થાય છે તે બધું દેવ! તમારી બુદ્ધિમાંથી જ ઉદ્ભવ્યું છે. દેવરાજ ઇન્દ્રની આગળ જે દેવલોકનું વર્ણન કરી શકે તે મનુષ્ય ધર્મ-અર્થ-કામશાસ્ત્રનું તાત્પર્ય તમારી આગળ વર્ણવી શકે. વળી ઝેર અને અગ્નિ સમાં આ બાણોની પીડાથી ગોવિન્દ! (તમારું સ્વતન કરવા સિવાય) કંઈ પણ બોલવાની પ્રતિભા મારામાં રહી જ નથી. મારાં બળ-મેધા મને છોડી જતાં લાગે છે. પ્રાણ નીકળવાની ઉતાવળ કરે છે. મારાં મર્મસ્થાનોમાં લાહ્ય ઊઠે છે અને ચિત્ત ભ્રમિત થઈ થયું છે. દુર્બળતાને લીધે મારી જીભ ચોંટી જાય છે. આ હાલતમાં હું શી રીતે અવિચ્છિન્ન બોલી શકું? તેથી દાશાર્હકુલનન્દન! મારા ઉપર કૃપા કરો, અને હું કંઈ ન બોલી શકું તો તે માટે મને ક્ષમા કરો. આપની સમક્ષ સાક્ષાત્ બૃહસ્પતિ પણ બોલતાં ગભરાય તો મારું શું ગજું? મને દિશાઓ, આકાશ કે પૃથ્વી કશાયનું ભાન રહ્યું નથી. મધુસૂદન! કેવળ તમારા પ્રભાવથી જ હું જીવી રહ્યો છું. માટે પ્રભુ! સ્વયં તમે જ ધર્મરાજાને વિના વિલંબે હિતોપદેશ કરો, કારણ કે તમે સર્વ આગમોના પણ આગમ છો: **सर्वेषामागमानां त्वमागमः।** જગતના કર્તા અને સનાતન એવા તમે અહીં ઊભા હો અને મારા જેવો કયો પુરુષ જ્ઞાનવિવેચન કરી શકે? ગુરુની ઉપસ્થિતિમાં શિષ્ય વિવેચન કરી શકે?' (૧૨-૫૨-૧ થી ૧૩)

પણ શ્રીકૃષ્ણની ઇચ્છા હતી કે સ્થિતપ્રજ્ઞ ભીષ્મ જ ઉપદેશ કરે. એમણે વાત્સલ્યથી ઉત્તર આપ્યો: 'કૌરવકુલધુરંધર, મહાપ્રભાવશાળી, મહાસત્ત્વશાળી, સ્થિતપ્રજ્ઞ અને સર્વાર્થદર્શી એવા આપનું વક્તવ્ય સર્વથા યોગ્ય છે. સમર્થ ગાંગેય! તમે બાણોના આઘાતથી થતી વેદના અંગે કહ્યું, તો તે માટે હું તમને પ્રસન્ન થઈને વરદાન આપું છું: ગાંગેય! તમને ગ્લાનિ,

---

(૫) આ ગ્રન્થના લેખક મહાભારતના પોતાના અભ્યાસના આધારે ભીષ્મનિર્વાણ **પૂર્ણિમાન્ત માઘ માસની** વદ ચોથ અથવા પાંચમને સૌથી વિશેષ સંભવિત માને છે.

જોકે મહાકવિ વેદવ્યાસને મન તિથિચર્ચા કરતાં જ્ઞાનવિજ્ઞાનનું વિવેચન, મનન, આચરણ જ મહત્ત્વનું છે. વિખ્યાત શંકરાચાર્યે 'બ્રહ્મસૂત્ર' ૪-૨-૨૦ (अतश्चायनेऽपि दक्षिणे પ્રથમ કહેલા કારણથી દક્ષિણાયનમાં મૃત્યુ પામનારા પણ બ્રહ્મલોકમાં જાય છે)ના ભાષ્યમાં સાફ લખ્યું છે: 'ભીષ્મે ઉત્તરાયણ સુધી મૃત્યુની પ્રતીક્ષા કરી તે તો 'અર્ચિરાદિ'-દેવયાન માર્ગની પ્રશંસા છે. તેને અક્ષરશ: ન લેવાય. બ્રહ્મવેત્તા દક્ષિણાયનમાં મૃત્યુ પામે તોપણ દેવયાન માર્ગે જ બ્રહ્મને પામે છે ઇ.

(ख) કાળજીથી નોંધેલી તારીખોમાં પણ કેવી અસંગતિ હોઈ શકે તે નીચેના ઉદાહરણથી વિશદ થશે:

ગાંધીજીએ સત્યાગ્રહાશ્રમની સ્થાપનાની તારીખ આપતાં લખ્યું છે: '૧૯૧૫ના મેની ૨૨મી તારીખે કોચરબના ભાડાના મકાનમાં આશ્રમ ખૂલ્યું' ('સત્યાગ્રહાશ્રમનો ઇતિહાસ' પૃ. ૭: મૂળ સંદર્ભ 'નવજીવનની વિકાસયાત્રા', પૃ. ૨૩). આ વિગત ઉપર નોંધ છે: 'आत्मकथा'માં ગાંધીજીએ એ તારીખ મેની ૨૫મી આપી છે ('આત્મકથા' પૃ. ૧૩૯, એજન પૃ. ૩૩) આમ હોવા છતાં અહીં પણ મહત્ત્વ તારીખનું ન હોતાં 'સત્યાગ્રહ'નું છે એ દીવા જેવું છે.

મૂર્ચ્છા, દાહ, વ્યથા, ક્ષુધા કે તૃષા કશાયની અસર નહિ થાય. તમારા અન્તઃકરણમાં સમગ્ર પ્રકારનાં જ્ઞાન પ્રકાશિત થશે. તમારી બુદ્ધિ કોઈ પણ વિષયમાં કુંઠિત નહિ થાય. તમારું મન મેઘમંડળથી મુક્ત ચન્દ્રમાની જેમ રજસ્-તમસ્ના આવરણથી રહિત થઈને સદા સત્ત્વ ગુણમાં સ્થિતિ કરશે. તમે જે જે ધર્મયુક્ત અથવા અર્થયુક્ત વિષયનું ચિંતન કરશો, તેમાં તમારી બુદ્ધિ ઉત્કૃષ્ટપણે આગળ વધશે. અમિતપરાક્રમી રાજસિંહ! ચારે પ્રકારના–સ્વેદજ, અંડજ, ઉદ્‌ભિજ્જ અને જરાયુજ–પ્રાણિસમુદાયને તમે દિવ્ય ચક્ષુથી જોઈ શકશો. જેમ સ્વચ્છ જળમાં માછલું બધું જોઈ શકે છે, એમ જ્ઞાનદૃષ્ટિવાળા તમે ચતુર્વિધ પ્રજાસમુદાયને યથાર્થ રૂપમાં નિહાળશો.' (૧૨-૫૨-૧૪ થી ૨૧)

ભીષ્માચાર્યને શ્રીકૃષ્ણે વરદાન પ્રદાન કર્યા પછી વેદવ્યાસ વગેરે ઋષિઓએ ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદના મંત્રોથી શ્રીકૃષ્ણનું અર્ચન-સ્તવન કર્યું. શ્રીકૃષ્ણ, ભીષ્મ, યુધિષ્ઠિર બેઠા હતા ત્યાં આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ...સંધ્યા થઈ. સહસ્રકિરણ સૂર્ય પશ્ચિમમાં નમી ગયો. ઋષિઓએ સ્વસ્થાને જવા માટે શ્રીકૃષ્ણ–ભીષ્મ વગેરેની રજા માગી. શ્રીકૃષ્ણ અને યુધિષ્ઠિર વગેરેએ એમને પ્રણામ કરી વિદાય આપી. એ પછી શ્રીકૃષ્ણ અને પાંડવો પણ ભીષ્મની પ્રદક્ષિણા કરીને એમની અનુજ્ઞા લઈને રસાલા સાથે હસ્તિનાપુર આવવા નીકળ્યા.[૨૨] એ જ વખતે (આજનો દિવસ પૂર્ણિમા છે તેનો સંકેત કરતો) ચન્દ્ર પૂર્વ દિશામાં ઉદય પામ્યો. શ્રીકૃષ્ણ અને પાંડવો પોતપોતાના સ્થાને આરામ માટે ગયા. (૧૨-૫૨-૨૨ થી ૩૪)

શ્રીકૃષ્ણે ગાઢ નિદ્રા લીધી. એક પ્રહર જેટલી રાત્રિ બાકી રહેતાં, પરોઢિયે જાગ્યા. સર્વ જ્ઞાનેન્દ્રિયોનું અવલોકન કર્યું. ધ્યાનમાર્ગ અનુસાર સનાતન બ્રહ્મનું ધ્યાન કર્યું. ધ્યાન કરી રહ્યા પછી કેળવાયેલા સ્તુતિપાઠકોએ મીઠા સ્વરે વિશ્વકર્મા વાસુદેવની સ્તુતિ કરી. ગવૈયા અને બજવૈયાનો અતિમનોરમ શબ્દ જાણે શ્રીકૃષ્ણના આવાસનો વિસ્તીર્ણ હાસ્યધ્વનિ હોય એમ સંભળાવા લાગ્યો. ત્યાર બાદ શ્રીકૃષ્ણે સ્નાન કર્યું. હાથ જોડીને એકાન્તમાં જાપ કર્યો. અગ્નિ પાસે ઊભા રહીને ઉપાસના કરી. ઘણા (મૂળ શબ્દ 'સહસ્ર') ચતુર્વેદવેત્તા વિપ્રોને, દરેકને ઘણી (સહસ્ર) ગાયોનું દાન દીધું. મંગળ પદાર્થોને સ્પર્શ કર્યો. સ્વચ્છ અરીસામાં મુખ જોયું. એમ પરવારીને કુરુક્ષેત્રમાં જવા તૈયાર થયા પછી સાત્યકિને હુકમ કર્યો : 'જા, રાજમહેલમાં જઈને તપાસ કરી લાવ કે ભીષ્મને મળવા જવા યુધિષ્ઠિર સજ્જ થયા છે કે નહિ ?' (૧૨-૫૩-૧ થી ૧૦)

સાત્યકિ યુધિષ્ઠિર પાસે ગયો. કહ્યું : 'રાજન્! ધીમાન વાસુદેવનો રથ જોડાઈ ગયો છે, અને તેઓ ભીષ્મ પાસે જવા નીકળશે. અત્યારે તેઓ આપની વાટ જુએ છે, તો હવે આપે જે કૃત્ય કરવાનું હોય તે કરો.' (૧૨-૫૩-૧૧ થી ૧૩)

---

૨૨ આ સંદર્ભ જોતાં એ સ્પષ્ટ છે કે શ્રીકૃષ્ણ અને પાંડવો સવારે હસ્તિનાપુરથી ભીષ્મ પાસે આવીને સાંજે હસ્તિનાપુર પાછા વળતા.

ગંગાકિનારે આવેલ હસ્તિનાપુરથી દૃષદ્વતી અને ઓઘવતીના કિનારે આવેલા કુરુક્ષેત્ર વચ્ચેનું અંતર એકસો માઈલ જેટલું તો હોય જ. એ યુગનાં ઝડપીમાં ઝડપી વાહનોથી રોજના બસો માઈલ કાપી શકાય ? અને જો એટલી મુસાફરી કદાચ થઈ શકે તોપણ ભીષ્મનું ધર્મવિવેચન સાંભળવા કેટલો સમય મળે? (જુઓ આ લેખમાં આગળ 'અનુશાસન પર્વ,' અધ્યાય ૧૫૨નો સન્દર્ભ.) અર્થાત્ આ અસંભવિત સમયપત્રકના પડછે વેદવ્યાસ ધર્મ, ભક્તિ અને જ્ઞાન–વિજ્ઞાનના વિવેચન ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા સૂચવે છે. સ્થૂળ નહિ પણ સૂક્ષ્મનું ચિંતન કરવા પ્રેરે છે.

યુધિષ્ઠિરે અર્જુનને રથ જોડાવવા હુકમ કર્યો, અને આજથી રસાલાને સાથે રાખવાની મનાઈ ફરમાવી, કારણ કે એક તો તેનાથી ભીષ્મને પીડા થાય, અને બીજું આજથી ગાંગેય ભીષ્મ પરમ ગોપનીય ધર્મપ્રવચન આપવાના હોઈ તે સમયે પૃથગ્જનો હાજર રહે તે ઇષ્ટ ન ગણાય. (૧૨-૫૩-૧૪ થી ૧૬)

ત્યાર બાદ પાંચે પાંડવ ભાઈઓ રથમાં બેસીને, પંચભૂતો જેમ (અન્તરાત્મા પ્રત્યે) ગમન કરે એમ શ્રીકૃષ્ણના આવાસ તરફ ગયા. એમને આવતા જોઈને શ્રીકૃષ્ણ-સાત્યકિ રથારૂઢ થયા. રથમાં બેઠા પછી એકબીજાને રાત્રિની સુખાકારી વિશે કુશળપ્રશ્ન પૂછ્યા..મેઘપુષ્પ, બલાહક, સૈન્ય અને સુગ્રીવ ઘોડા જોડેલા શ્રીકૃષ્ણના રથને દારુકે મારી મૂક્યો. એ મહાબળવાન વેગવંત ઘોડાઓ પગની ખરીઓથી પૃથ્વીને ખોદી નાખતા જાણે આકાશને ગળી જતા હોય એવા વેગથી ઊપડ્યા; સમગ્ર ધર્મના ક્ષેત્ર કુરુક્ષેત્રમાં આવ્યા. શ્રીકૃષ્ણ અને પાંડવો રથમાંથી ઊતર્યા. પોતાના જમણા હાથ ઊંચા કરી ત્યાં બેઠેલા ઋષિઓનું સન્માન કર્યું અને શરશય્યામાં સૂતેલા, પતન પામેલા સૂર્ય સમાન તેજસ્વી દેવવ્રત ભીષ્મની સમીપ ગયા. દેવદર્શી મુનિ નારદે ભીષ્મને ધર્મસંશયો પૂછી લેવા હાજર રહેલા રાજાઓને અનુરોધ કર્યો.[૨૪] (૧૨–૫૩–૧૭ થી ૨૭; ૫૪-૧ થી ૧૦)

નારદના અનુરોધથી રાજાઓ ભીષ્મની સન્મુખ ગયા તો ખરા, પણ પ્રશ્નો પૂછવાની હિંમત ન ચાલી એટલે એકબીજાના મોં સામું જોવા લાગ્યા! પછી યુધિષ્ઠિરે 'દેવકીપુત્ર શ્રીકૃષ્ણ વિના બીજો કોઈ પિતામહને પ્રશ્ન કરી શકે એમ નથી' એવું વિચારીને હૃષીકેશ કૃષ્ણને કહ્યું: 'દુર્ધર્ષ! મધુસૂદન! તમે જ સૌથી પહેલા પ્રશ્ન પૂછો, કારણ કે તમે સૌના કરતાં અધિક સર્વધર્મજ્ઞાતા છો.' (૧૨-૫૪-૧૧ થી ૧૩)

એટલે પ્રથમ તો શ્રીકૃષ્ણે ભીષ્મને મધુરતાથી કુશળ પ્રશ્ન પૂછી વાર્તાલાપનો આરંભ કર્યો: 'રાજસત્તમ! તમારી રાત્રિ સુખપૂર્વક વ્યતીત થઈ છે ને? તમારી બુદ્ધિ અત્યંત સ્વચ્છ છે ને? સર્વ પ્રકારનાં જ્ઞાન તમારા અંતરમાં સ્ફુર્યાં છે ને? તમારા હૃદયમાં ગ્લાનિ તો નથી ને? તેમ તમારા મનમાં વ્યાકુળતા પણ નથી ને?' (૧૨–૫૪–૧૪ થી ૧૬)

ઉત્તરમાં પ્રસન્ન મનથી ભીષ્મ બોલ્યા, 'નિર્દોષ ગોવિન્દ! તમારા અનુગ્રહથી દાહ, મોહ, શ્રમ, થાક, ગ્લાનિ અને વ્યથા સદ્ય નાશ પામ્યાં છે. પરમદ્યુતિમાન! ભૂત, ભવિષ્ય, વર્તમાનની સર્વ બાબતોનું હું હસ્તામલકવત્ અનુદર્શન કરું છું. અચ્યુત! તમારા વરદાનથી હું વેદ અને વેદાન્તમાં કહેલા સર્વ ધર્મોનું સમ્યક્ દર્શન કરું છું. જનાર્દન! શિષ્ટોએ કહેલો ધર્મ તો મારા હૃદયમાં વસી ગયેલો છે, અને હું દેશ-જાતિ-કુળોના ધર્મનો પણ જ્ઞાતા છું. ચારે આશ્રમોના ધર્મોનું તાત્પર્ય અને સકળ રાજધર્મોને હું બરાબર સમજું છું. જનાર્દન! જે જે વિષય અંગે જે કંઈ કહેવા જેવું હશે તે હું કહી શકીશ. તમારી કૃપાથી મારા મનમાં શુભ બુદ્ધિએ નિવાસ કર્યો છે. **તમારું અનુધ્યાન કરવાથી હું તરુણ જેવો સંવૃત્ત (તાજો અને ઉત્સાહી) બની ગયો છું.**

---

૨૪. 'શાંતિપર્વ' ૫૪-૫નો સંદર્ભ જોતાં, યુધિષ્ઠિર પોતાની સાથે રસાલો નહોતા લઈ ગયા, પરન્તુ તેમની સાથે ધૃતરાષ્ટ્ર અને કેટલાક રાજાઓ (અથવા સેનાનાયકો) કુરુક્ષેત્રમાં આવેલા.

જનાર્દન! તમારા પ્રસાદથી હું શ્રેયસ્કર વિષયો ઉપર પ્રવચન આપવા સમર્થ થયો છું. પરંતુ આપ જ શા માટે યુધિષ્ઠિરને કલ્યાણનો ઉપદેશ આપતા નથી? એમાં આપની શી ધારણા છે તે માધવ! જલદી કહો (તો મને ગમે).'[૨૫] (૧૨-૫૪-૧૭ થી ૨૪)

સર્વહિતૈષી અને તેથી અનન્ય ભક્તના પણ હિતૈષી શ્રીકૃષ્ણે પોતાની ઇચ્છા દર્શાવી: 'કૌરવ ભીષ્મ! તમે સમજી લો કે હું યશ અને શ્રેયનું મૂળ છું. મારામાંથી સત્-અસત્ (અને સ્થૂળ-સૂક્ષ્મ) સર્વ ભાવો ઉત્પન્ન થયા છે. એટલે 'ચન્દ્રનાં કિરણ શીતળ છે' એમ કહેવાથી દુનિયામાં કોને વિસ્મય થાય? એ જ રીતે (જો હું ધર્મ-અર્થનું યશસ્કર વિવેચન કરું તો) હું કે જે યશથી પૂર્ણ છું તેના વિવેચનથી કોને આશ્ચર્ય થાય? પણ મહાદ્યુતિમાન! મારે તો તમારો મહાયશ જગતમાં સ્થાપિત કરવો છે, તેથી મેં તમને વિપુલ બુદ્ધિ અર્પી છે. જ્યાં સુધી આ પૃથ્વી અચળ રહેશે ત્યાં સુધી તેના ખૂણે ખૂણે તમારી કીર્તિ પણ સંચાર કરશે. યુધિષ્ઠિરના પ્રશ્નોના તમે જે ઉત્તર આપશો તે વેદપ્રવાદો-વેદવચનોની જેમ માન્ય થશે, અને જે મનુષ્ય તેના (તારતમ્ય) પ્રમાણે વર્તીને આત્માને (પરમ) આત્મામાં યોજશે તે (સર્વભૂતાત્મભાવથી સમદર્શી થઈને આજીવન તેમ જ) મૃત્યુ પછી સર્વ પુણ્યોના ફળનો અનુભવ કરશે.[૨૬] (૧૨-૫૪-૨૫ થી ૩૦)

---

૨૫ युवेव चास्मि संवृत्तस्त्वदनुध्यानबृंहितः ।
वक्तुं श्रेयः समर्थोऽस्मि त्वत्प्रसादाज्जनार्दन ॥ १२-५४-२३.

स्वयं किमर्थं तु भवाञ्श्रेयो न प्राह पाण्डवम् ।
किं ते विवक्षितं चात्र तदाशु वद माधव ॥ १२-५४-२४.

२६ यशसः श्रेयसश्चैव मूलं मां विद्धि कौरव ।
मत्तः सर्वेऽभिनिर्वृता भावा सदसदात्मकाः ॥ १२-५४-२५.

शीतांशुश्चन्द्र इत्युक्ते को लोके विस्मयिष्यति ।
तथैव यशसा पूर्णे मयि को विस्मयिष्यति ॥ १२-५४-२६.

आधेयस्तु मया भूयो यशस्तव महाद्युते ।
ततो मे विपुला बुद्धिस्त्वयि भीष्म समाहिता ॥ १२-५४-२७.

यावद्धि पृथिवीपाल पृथिवी स्थास्यते ध्रुवा ।
तावत्तवाक्षया कीर्तिर्लोकाननु चरिष्यति ॥ १२-५४-२८.

यच्च त्वं वक्ष्यसे भीष्म पाण्डवायानुपृच्छते ।
वेदप्रवादा इव स्थास्यति वसुधातले ॥ १२-५४-२९.

यश्चैतेन प्रमाणेन योक्ष्यत्यात्मानमात्मना ।
स फलं सर्वपुण्यानां प्रेत्य चानुभविष्यति ॥ १२-५४-३०.

૧૨-૫૪-૩૦ સાથે જુઓ ગીતા ૬-૨૫ થી ૩૨ (૬-૨૮-૨૫ થી ૩૨), તેમાં ખાસ કરીને ગીતા ૬-૨૯:

'તમારો મહાન યશ કેવી રીતે વિસ્તરે એ હેતુથી મેં તમને દિવ્ય બુદ્ધિ આપી છે. (વળી લોકોક્તિ છે કે) જગતમાં જ્યાં સુધી માણસનાં યશોગાન ગવાય છે ત્યાં સુધી તેનું (પરલોકમાં) અક્ષય સ્થાન રહે છે એ નક્કી છે (૧૨-૫૪-૩૨. સર૦ 'આરણ્યકપર્વ' અ. ૩૯૧ની કથા અને એમાંનાં ત્રણ સુભાષિત ૨૧, ૨૨, ૨૩). ભારતયુદ્ધમાંથી બચી ગયેલા રાજાઓ ધર્મો વિશે પૂછવા માટે તમારી આસપાસ બેઠા છે, તેમને તમે ઉપદેશ આપો. આપ વયોવૃદ્ધ છો, **વિદ્વાન છો અને તેને અનુસરતા આચરણવાળા છો.** પ્રાચીન અને અર્વાચીન સર્વ રાજધર્મોના નિષ્ણાત છો. તમારામાં જન્મથી આરંભીને અત્યાર સુધી કોઈએ કંઈ દૂષણ જોયું નથી. તમને સર્વ રાજાઓ ધર્મના નિરંતર જ્ઞાતા તરીકે ઓળખે છે. માટે રાજન્ ! પિતા જેમ પુત્રને શિક્ષણ આપે તેમ તમે એમને ઉત્કૃષ્ટ નયશાસ્ત્રનું શિક્ષણ આપો. તમે તો ઋષિઓ (કવિઓ અને દ્રષ્ટાઓ) અને દેવો (વિદ્વાનો)ને સદા ઉપાસ્યા છે. તેથી તમારે સંપૂર્ણ ધર્મોનું વ્યાખ્યાન કરવું જોઈએ. વળી ધર્મ સાંભળવાની ઇચ્છા રાખનારા જો પ્રશ્નો કરે તો વિદ્વાને એમને ઉપદેશ આપવો તે ધર્મ છે, એમ મનીષીઓ કહે છે; અને જો પૂછવા છતાં (યોગ્ય વ્યક્તિને) ઉપદેશ ન અપાય તો કષ્ટદાયક દોષ લાગે છે. માટે તમારા પુત્રો અને પૌત્રો તમને સનાતન ધર્મો અંગે પ્રશ્નો પૂછે તેના વિદ્વાન એવા તમે, એ જિજ્ઞાસુઓને ઉપદેશ આપો.' (૧૨-૫૪-૩૧ થી ૩૯)

એટલે મહાતેજસ્વી ભીષ્મ બોલ્યા : 'ગોવિન્દ ! તમે તો સનાતન અન્તર્યામી છો. भूतात्मा ह्यसि शाश्वतः । તમારા પ્રસાદથી હું ધર્મપ્રવચન કરીશ. મારી વાણી અને મન દઢ થયાં છે. એટલે નિરંતર જાગૃતિપૂર્વક ધર્માચરણ કરનાર અને અતુલ સદ્‌ગુણી ધર્માત્મા પ્રીતિપૂર્વક રાજવીશ્રેષ્ઠ યુધિષ્ઠિર મને ભલે પ્રશ્નો પૂછે. હું એને પ્રીતિપૂર્વક ધર્મજ્ઞાન આપીશ.' (૧૨-૫૫-૧ થી ૧૦)

એટલે યુધિષ્ઠિર પ્રશ્ન પૂછતાં સંકોચાય છે એનો નિર્દેશ કરીને શ્રીકૃષ્ણે કહ્યું : 'પૂજ્ય, માન્ય, પ્રીતિ રાખનારા, વડીલો, સંબંધીઓ, સગાંઓ અને અર્ઘ્યદાનને યોગ્ય પુરુષોને એમણે યુદ્ધમાં બાણોથી હણી નાખ્યા છે તેથી 'લોકનાથ (પ્રજાપાલક નૃપતિ) હોવા છતાં લોકોનો સંહાર

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥

કખ=૧૨-૩૧૩-૨૯; કૈવલ્ય ઉ. ૧૨; મનુ. ૧૨-૯૧ કખ; સર૦ ઈશ. ઉ. ૬

(૧) સર્વત્ર સમદર્શી યોગયુક્તાત્મા-જેણે (પોતાના) આત્મા સાથે યોગ કર્યો છે તે પોતાને સર્વ પ્રાણીઓમાં અને સર્વ પ્રાણીઓને પોતામાં જુએ છે.

(૨) મનુ. ૧૨-૯૧નો ઉત્તરાર્ધ આ સાથે જુઓ : આ રીતે સમદર્શી થયેલો આત્મયાજી-અહંકારનો લોપ કરનારો, સ્વરાજ્ય પામે છે-બ્રહ્મને પામે છે.

(૩) यस्तु सर्वाणि भूतानि आत्मन्येवानुपश्यति ।
सर्वभूतेषु चात्मानं ततो न विजुगुप्सते ॥ ઈશ. ૬

જે સર્વ પ્રાણીઓને આત્મામાં જ અને સર્વ પ્રાણીઓમાં આત્માને નિરંતર નીરખે છે તે પછી (કોઈથી-કશાથી) કંટાળતો નથી.

કર્યો ' એવો આપ ઠપકો આપશો એવા ભયથી અત્યંત શરમાતા ધર્માત્મા યુધિષ્ઠિર આપની નજીક આવતા નથી.'[૨૭] (૧૨-૫૫-૧૧ થી ૩૩)

ભીષ્મે લાગલો જ ઉત્તર આપ્યો : 'બ્રાહ્મણોનો ધર્મ જેમ દાન, અધ્યયન અને તપ છે એમ ક્ષત્રિયનો ધર્મ કૃષ્ણ ! સંગ્રામમાં દેહત્યાગ કરવાનો છે. મિથ્યાપ્રવૃત્ત અને લોભી પિતા, પિતામહ, પુત્રો, ગુરુજનો અને સગાંસંબન્ધીઓને હણવા એ ક્ષત્રિયનો ધર્મ છે... ઈ.' અને પછી મનુનું પ્રમાણ પણ ટાંક્યું. (૧૨-૫૫-૧૪ થી ૧૭)

ભીષ્મના પ્રોત્સાહક શબ્દો સાંભળતાં યુધિષ્ઠિર વિનયપૂર્વક આગળ આવ્યા. ભીષ્મનો ચરણસ્પર્શ કર્યો. ભીષ્મે એમને અભિનન્દન આપ્યાં. માથું સૂંઘીને 'અહીં બેસ વત્સ ! ડરીશ નહિ, વિશ્વાસપૂર્વક પ્રશ્નો પૂછ', એમ વહાલથી આવકાર્યા. (૧૨-૫૫-૧૮ થી ૨૦)

યુધિષ્ઠિરે પ્રથમ હૃષીકેશ શ્રીકૃષ્ણને પ્રણામ કર્યા, પિતામહ ભીષ્મને અભિવન્દન કર્યું, અને પછી સર્વ ગુરુજનોની સંમતિથી સૌથી પ્રથમ રાજધર્મોનું રહસ્ય સમજવા માટે પ્રશ્ન પૂછ્યો. પ્રશ્નનો સમારોપ કરતાં બોલ્યા : 'પરંતપ ! અમને સૌને તમે શ્રેષ્ઠ આગમ-આપણી પરંપરાપ્રાપ્ત શ્રેષ્ઠ વિદ્યાઓનું જ્ઞાન–આપો. વાસુદેવ પણ આપને પરમ બુદ્ધિશાળી માને છે.' (૧૨-૫૬-૧ થી ૯)

પિતામહ ભીષ્મે એમના પ્રવચનનો આ ભવ્ય પ્રાસ્તાવિક શબ્દોથી આરંભ કર્યો :

> नमो धर्माय महते नमः कृष्णाय वेधसे ।
> ब्राह्मणेभ्यो नमस्कृत्य धर्मान्विक्ष्यामि शाश्वतान् ॥[२८] १२-५६-१०.

---

૨૭ लज्जया परयोपेतो धर्मात्मा स युधिष्ठिरः ।
अभिशापभयाद्भीतो भवन्तं नोपसर्पति ॥ १२-५५-११

लोकस्य कदनं कृत्वा लोकनाथो विशांपते ।
अभिशापभयाद्भीतो भवन्तं नोपसर्पति ॥ १२-५५-१२

पूज्यान्मान्यांश्च भक्तांश्च गुरून्संबन्धिबान्धवान् ।
अर्घ्यार्हनिषुभिर्हत्वा भवन्तं नोपसर्पति ॥ १२-५५-१३

૨૮ = ૧૨ – ૬૦-૬; = ફે. ભાગવત ૧૨-૧૨-૧.
કખ = ફે. ૫-૮૮-૬૬ કખ; ખ = ૫-૧૩૫-૮ક.

સર° ધર્મમય વૃક્ષનું મૂળ વર્ણવતા શ્લોકોમાં,

मूलं कृष्णो ब्रह्म च ब्राह्मणाश्च ॥

૧-૧-૬૬ ધ = ફે. ૫-૨૯-૪૬ ધ.

સર°

ब्रह्मणो हि प्रतिष्ठाहममृतस्याव्ययस्य च ।
शाश्वतस्य च धर्मस्य सुखस्यैकान्तिकस्य च ॥

ગીતા ૧૪-૨૭ (ભીષ્મ ૩૬-૨૭).

વળી જુઓ ખંડ ૧, પ્રકરણ ૧, 'શ્રીકૃષ્ણાવતારની ભૂમિકા'.

હું મહાન ધર્મને અને વેધસ્ (એટલે કે સ્રષ્ટા, વિધાતા, નિયન્તા) શ્રીકૃષ્ણને નમસ્કાર કરું છું; તથા બ્રાહ્મણોને (બ્રહ્મથી અભિન્ન બ્રહ્મવેત્તાઓને) નમસ્કાર કરીને શાશ્વત (સદાતન, સદા નૂતન) ધર્મોનું પ્રવચન કરું છું ! તું એકાગ્ર થઈને સાંભળ.

* * *

વ્યાખ્યાનના પ્રથમ દિવસે સાયંકાળે સંક્ષિપ્ત રાજધર્મનું પ્રવચન સમાપ્ત થતાં શ્રીકૃષ્ણ સહિત સૌએ 'સાધુ, સાધુ' શબ્દોથી પ્રફુલ્લિત મનથી ભીષ્મની પ્રશંસા કરી. શ્રીષ્ણ, યુધિષ્ઠિર અને કૃપે (કૃપ જેવા આયુધજીવી બ્રાહ્મણે પણ) ત્યાં હાજર હતા તે બ્રાહ્મણોને વંદન કર્યું. ભીષ્મની પ્રદક્ષિણા કરી રથમાં બેઠા. દષદ્વતીતટે આવ્યા. સ્નાનાદિક કર્યું. વિધિવત્ સંધ્યાવંદન અને જપ વગેરે મંગલકૃત્યો કર્યાં. રાત્રે હસ્તિનાપુરમાં પ્રવેશ્યા. (૧૨-૫૮-૨૫ થી ૩૦)

(અપૂર્ણ)

મારા સ્વાધ્યાયની વાનગી

નરસિંહ મહેતાએ વૈષ્ણવજનની વ્યાખ્યારૂપે સર્જેલા પદની મીમાંસા

કલ્યાણરાય ન. જોષી

वैष्णव जन-શબ્દ ગુજરાતી ભાષામાં ક્યારે જન્મ્યો ? નરસિંહ મહેતાના નામીચા પદમાં—("વૈષ્ણવજન તો તેને કહીએ"—) એ શબ્દ પહેલી વાર દેખા દે છે કે તે પહેલાં કોઈ ગુજરાતી ભાષાની કૃતિમાં વપરાયો છે તેનો વિચાર કરવો રહ્યો. ગુજરાતી ભાષાની કૃતિમાં કહો કે તે ભાષાના મૂળ રૂપ સંસ્કૃત ભાષામાં प्रजन (પ્રજા), महाजन, परिजन, भक्तजन, सज्जन, हरिजन, જેવા શબ્દો ક્યાંકથી પણ ગોત્યા ગોતી શકાય છે. એ શબ્દો ચલણી નાણાં જેવા ચાલુ વપરાશમાં માલૂમ પડે છે. પણ 'वैष्णवजन' શબ્દ એવો છે કે તેને ચલણી બનાવવાનું કામ કોણે અને ક્યારે કર્યું તે સરળતાથી ઝટ કહી શકાય તેમ નથી. નરસિંહ મહેતાના સમયમાં "વિષ્ણુ-ભક્ત" શબ્દ પ્રચલિત હતો. સામાન્ય રીતે તો **પરમમાહેશ્વર** અને **પરમભાગવત** શબ્દો રૂઢ થયેલા હતા. ગુજરાતની જૂની સંસ્કૃતિના ઇતિહાસની ઝાંખી આપતાં તામ્ર શાસનોમાં એ શબ્દો છૂટથી વપરાયેલા જણાય છે. શિવના ભક્તને શૈવ નહિ પણ પરમમાહેશ્વર વિશેષણ લગાડવામાં આવતું હતું. અને વિષ્ણુના ભકતને વૈષ્ણવ નહિ પણ પરમભાગવતની પદવી અપાતી હતી. નરસિંહ મહેતાના યુગમાંના કોઈ અભિલેખમાં (કોતરાયેલ લેખમાં) वैष्णव શબ્દ છૂટથી વપરાયો હોવાનું જણાયું નથી. નરસિંહ મહેતાએ પોતે પણ **વૈષ્ણવજન** શબ્દ છૂટથી વાપર્યો નથી. વિષ્ણુભકત માટે તેણે તો हरिजन શબ્દ નીચેના પદમાં યોજ્યો છે;

ભૂતળ ભકિત પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહિં રે
પુણ્ય કરી અમરાપુરી પામ્યા અંતે ચોરાશીમાંહિ રે
હરિજન તો મુકિત ન માગે, માગે જન્મોજન્મ અવતાર રે
નિત સેવા નિત કીર્તન ઓચ્છવ નિરખવા નંદકુમાર રે—

બીજા કેટલાક પંડિતોએ જૂના કાળમાં વિષ્ણુભકત માટે **હરિના જન** શબ્દ ઘણે સ્થળે યોજેલ છે:

ભોજલ કવિ—

હરિજન હોય તેણે હેત ઘણું રાખવું
નિજ નામગ્રાહી નિર્માન રહેવું
ત્રિવિધના તાપ જે જાપ જરણા કરી
પરહરી પાપ રામનામ લેવું.—હરિજન હોય૦ ૧

સૌને સરસ કહેવું, પોતાને નરસ થવું
આપ આધીન થઈ દાન દેવું;
મનકરમવચને નિજ ધર્મ આદરી
દાતા ભોક્તા **હરિ** એમ રહેવું.—હરિજન હોય૦ ૨

× × ×

અનંત નામ ઉચારવું તરવું ને તારવું
રાખવી ભક્તિ તે રાંકદાવે;
ભકત ભોજો કહે ગુરુ પરતાપથી
ત્રિવિધના તાપ ત્યાં નિકટ ના'વે—હરિજન હોય૦ ૩.

મહાત્મા ગાંધીજીને પણ વૈષ્ણવને બદલે 'હરિજન' શબ્દ વધારે ગમ્યો હોય એવું જણાવ છે. એમણે માન્ય રાખેલું નરસિંહ મહેતાનું પદ "આશ્રમ ભજનાવલિ"માં મુખ્ય સ્થાન મેળવી શકયું છે છતાં સમાજમાં તો વૈષ્ણવજન કરતાં "હરિજન" શબ્દ ચલણી બની ગયો છે; જોકે અછૂત ગણાતા સમાજ માટે.

આ જાણીતા પદમાં તરી આવતી **વૈષ્ણવ**ની વ્યાખ્યા નરસિંહ મહેતાને કયાંથી સૂઝી હશે ? આ રહી વ્યાખ્યા :

વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે,
પરદુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે.—ધ્રુ૦
સકલ લોકમાં સૌને વન્દે નિન્દા ન કરે કેની રે,
વાચ કાછ મન નિશ્ચલ રાખે ધન ધન જનની તેની રે,
સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી પરસ્ત્રી જેને માત રે,
જિહ્વા થકી અસત્ય ન બોલે પરધન ઝાલે ન હાથ રે,
મોહ માયા વ્યાપે નહિ જેને દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે,
રામ નામશું તાળી લાગી સકલ તીરથ તેના તનમાં રે,
વણલોભી ને કપટરહિત છે કામ ક્રોધ નિવાર્યા રે,
ભણે નરસૈયો તેનું દરસન કરતાં કુળ ઇકોતેર તાર્યાં રે.

જેમ જેમ આ પદ ઘૂંટીએ છીએ તેમ તેમ જણાય છે કે નરસિંહ મહેતાને ભક્તજનમાં જ્ઞાન કરતાં જ્ઞાન પચાવ્યાની ખાતરી આપે એવા **આચાર**ની અગત્ય વધારે જણાઈ હતી; એમનું દર્શન ભક્તનું હતું. તેથી **તત્ત્વવિદ્યા**ને મોખરે **આચાર તત્ત્વ**ને એમણે આ વ્યાખ્યામાં રાખ્યું છે. સમાજમાં પ્રચલિત શ્લોક તેમની નજર આગળથી કદી ખસ્યો જણાયો નથી.

सर्वागमानामाचारः प्रथमं परिकल्पते ।
आचारप्रभवो धर्मो धर्मस्य प्रभुरुच्यते ॥

બધા આગમોમાં આચારની પરિકલ્પના **પ્રથમ** ભાગે થાય છે અને રીતે મનુષ્ય સમાજને અખંડિત રાખનાર ધર્મ (धारयते इति धर्म) જન્મ પામે છે.

નરસિંહ મહેતાનાં માનસ પર પુરાણોની છાયા

લોકોના આચાર પર પુરાણોનો પ્રભાવ ભારતમાં સારી પેઠે જામ્યો હતો. પુરાણોને લીધે જ ભારતના સમાજનું સંસ્કૃત રૂપ ઘડાયું. પુરાણોનો પ્રભાવ જામ્યો ન હોત તો ભારતીય સંસ્કૃતિમાંથી માનવસંઘને જે મનોબળ અને તપોબળ મળ્યું છે તે મળ્યું ન હોત. યુરોપમાં રોમની સંસ્કૃતિ અને ગ્રીસની સંસ્કૃતિમાંથી યુરોપની પ્રજાના આચાર ઘડાયાનું કહેવાય છે તેમ ભારતીય સંસ્કૃતિએ, સમસ્ત ભારતને અને સીમા પરના પ્રદેશની પ્રજાને પાશવી જીવનથી પર ગણાતા સાચા માનુષી જીવનની સૂક્ષ્મ શક્તિઓ આપી છે. એ સૌ સ્વીકારે છે.

નરસિંહને "વૈષ્ણવ" શબ્દ ક્યાંથી લાધ્યો હશે ?

આચારધર્મ પર સૂક્ષ્મ વ્યાખ્યા રચવાના માર્ગે ઢળી પડનાર નરસૈયાને વૈષ્ણવ શબ્દ ક્યાંથી ઉપલબ્ધ થયો હશે તેનો ઉકેલ કાઢવા અનેક મન્થનો મારા ચિત્તમાં ખળભળતાં હતાં. મારા સ્વાધ્યાયને અંગે **પુરાણો** વાંચવાની વૃત્તિ મને મોટી વયે થઈ આવી. ખાસ કરીને દ્વારકાને લગતા ઐતિહાસિક **પ્રશ્નો** ઉકેલવામાં મને રસ પડ્યો. તે પછી હું પુરાણો વાંચતો થયો. **વિષ્ણુપુરાણ** વાંચતાં **વિષ્ણુભક્ત**નાં લક્ષણો દર્શાવતા કેટલાક શ્લોકો મારી નજરે ચઢી આવ્યા. અને નરસિંહ મહેતાનું વૈષ્ણવજનનાં લક્ષણો દર્શાવતું પદ વિષ્ણુપુરાણના અભ્યાસમાંથી સ્ફુર્યું હશે; એમ માનવાની સ્વાભાવિક લાલચ પ્રકટી.

'વૈષ્ણવ' શબ્દ તો એ પુરાણનાં પાનાંમાં મને ઝટ મળ્યો નહિ; પણ **વિષ્ણુભક્ત** શબ્દ મળ્યો. **અવૈષ્ણવ** શબ્દ એ પુરાણના એક ભાગમાં મળે છે. **વિષ્ણુપુરાણ** (અંશ તૃતીય, અધ્યાય ૭)માં ચાલતી કથામાં યમરાજ પોતાના દૂતને મૃત્યુલોક તરફ જતો જુએ છે. યમદૂતના હાથમાં પાશનું દોરડું યમરાજે જોયું, ત્યારે તે દૂતને યમરાજા કાનમાં ધીરેથી કહે છે કે આ પાશનો ઉપયોગ **अवैश्नव** જનોને પકડી લાવવા માટે જ કરવાનો છે, તેની કાળજી રાખવી; અને વિષ્ણુભક્ત જે હોય તેમને તારે પરિહરવાનું ધ્યાનમાં રાખવું. વિષ્ણુપુરાણનો એ શ્લોક જ અહીં ટાંકવો યોગ્ય થશે :

> स्वपुरुषमभिवीक्ष्य पाशहस्तम्
> वदति यमः किल तस्य कर्णमूले ॥
> परिहर मधुसुदनप्रपन्नान्
> प्रभुरहमन्यनृणां **अवैष्णवानाम्** ।

યમરાજ કહે છે કે મારો અધિકાર તો **અવૈષ્ણવજનો** પર જ ચાલે છે.

આ ઉપરથી યમદૂત પૂછે છે કે વિષ્ણુભક્તને મારે કેવી રીતે ઓળખવા તેની સમજ મને આપે આપવી ઘટે છે. એ પરત્વે બીજું જે કંઈ મને કહેવા જેવું હોય તે પણ કૃપા કરીને કહેશો.

એટલે તરત જ યમરાજ જે કંઈ બોલ્યા તે શ્લોકો નીચે મુજબ છે: એમાં **વિષ્ણુભક્ત** અને **अवैश्नव**ની વ્યાખ્યા કહેવામાં આવી છે : (વિષ્ણુપુરાણ, અંશ તૃતીય, અધ્યાય ૭)

यम उवाच......

न चलति निजवर्ण धर्मतो यः
सममतिरात्म सुहृद्विपक्षपक्षे ।
न हरति न चहन्ति किंचिदुच्चैः
सितमनसं तमवेहि विष्णुभक्तम् ॥ २०

"અહીં વૈષ્ણવજન તો તેને કહીએ"—એ શબ્દોનું પ્રતિબિમ્બ છેલ્લી પંક્તિમાં સ્પષ્ટ દેખાય છે. આગળ જતાં કહે છે કે,

कलिकलुषमनेन यस्य नात्मा
विमलमतेर्मलिनीकृतस्तमेनम् ।
मनसिकृतजनार्दनं मनुष्यम्
सततमवेहि हरेरतीव भक्तम् ॥ २१
कनकमपि रहस्य वेश्य बुद्धया
तृणमिव यः समवेत्ति वै परस्यम्
भवति च भगवत्यनन्यचेताः
पुरुषवरं तमवेहि विष्णुभक्तम् ॥ २२
स्फटिकगिरिशिलामलः क्व विष्णुः
मनसि नृणां क्व च मत्सरादिदोषः
न हि तु हिनमयुखरश्मिपुञ्जेः
भवति हुताशनदीप्तिजः प्रतापः ॥ २३

વિષ્ણુભકતનાં (વૈષ્ણવનાં નહિ) આ લક્ષણોમાંના કેટલાક શબ્દો નરસિંહ મહેતાના પદમાં ડોકિયાં કરી રહ્યા છે. આગળ ચાલતાં યમરાજ કહે છે,

विमलमतिरमत्सरः प्रशान्तः
शुचिचरितोऽखिलसत्वमित्रभूतः
प्रियहितवचनोऽस्तमानमायो
वसति सदा हृदि तस्य वासुदेवः ॥ २४

× × ×

यमनियमविधूतकल्यषाणाम्
अनुदिनमच्युतसक्तमानसानाम्
अपगतमदमानमत्सराणाम्
त्यज भट दूरतरेण मानवानाम् ॥ २६

× × ×

हरति परधनं निहन्ति जन्तून्
वदति तथानृतं निष्ठुराणि यश्च
अशुभजनितदुर्मदस्य पुंसः
कलुषमतेर्हृदि तस्य नास्त्यन्तः ॥ २८

આટલું કહ્યા પછી યમરાજ अवैष्णवનાં લક્ષણો દર્શાવે છે. આ સ્થળે 'વૈષ્ણવ' શબ્દનો વિપર્યાય 'અવૈષ્ણવ' આ પુરાણમાં વપરાયો છે :

(अवैष्णव–लक्षणानि)

न सहति परसंपदम् विनिन्द्राम्
कलुषमतिः कुरुते सतामसाधुः
न जयति न ददाति यश्च सन्तम्
मनसि न तस्य जनार्दनोऽधमस्य ॥ २९

આગળના ત્રણ શ્લોકોમાં **અવૈષ્ણવ**નાં લક્ષણો વિસ્તારથી આ પુરાણમાં કહેવામાં આવ્યાં છે.

નરસિંહ મહેતાને પુરાણમાંથી "અવૈષ્ણવ" શબ્દ લાધ્યો એટલું જ નહિ પણ "હરિભક્ત"નાં લક્ષણો દર્શાવતા શ્લોકો પણ પુરાણમાંથી જોવાને તેમને મળ્યા હોય એ અસંભવિત નથી. સંસ્કૃત શબ્દ अवेहि ઉપરથી "વૈષ્ણવજન કેને કહેવો ?" એ પ્રશ્ન તેમની પાસે ખડો થયો હોવો જોઈએ. આવા પ્રકારની વિચારની કેડી પર ઘણા સમય સુધી મારું ચિત્ત ભમ્યા કરતું હતું. તેવામાં કેવળ આકસ્મિક રીતે દ્વારકાના પ્રદેશમાં પર્યટને હું નીકળ્યો હતો ત્યારે એક કાંટાવાળા Cactur—થોરના ઝાડના મૂળના જૂથ પાસે કેટલાંક જીર્ણ કાગળિયાં ઊડતાં જોવામાં આવ્યાં. બળદગાડામાંથી ઊતરી એ કાગળો મેં વીણી લીધા. મને જણાયું કે એ કાગળોમાં જૂની ભાષામાં લખાયેલ લેખ હતા. બહુ કાળજીથી તે જર્જરિત પાનાં મેં સાચવી લીધાં. તેની સારી શુશ્રુષા કરી. તેમાંથી મને નરસિંહ મહેતાના પદની ઢબથી લખાયેલ ભજન મળ્યું. ખૂબ જ સંતોષ થયો કે "વૈષ્ણવજન તો કેને કહીએ"—એ ઢબનાં પદ બાવા સાધુના સમાજમાં પંદર-સોળ-સતરમા સૈકામાં પ્રચલિત હતાં. તે પાનાં પૈકી બે પાનાંની છબી પાડીને, જિજ્ઞાસુજન વાસ્તે મેં સંઘરી રાખી છે. એ બધાં પાનાં અને એ છબી દ્વારકામાં શ્રી શારદાપીઠ વિદ્યાસભા-સંચાલિત ભારતીય સંશોધન મન્દિરના પુસ્તકાલયમાં અન્ય હસ્તલેખોની પોથી સાથે સંઘરી રાખેલ છે. જે બે પાનાંની છબી પાડી છે તેનો ઉતારો અને તે છબીનું ચિત્ર આ લેખમાં રજૂ કરવામાં આવે છે.

લેખના કાગળો કાળની અસરથી ધોળા મટી ભૂખરા બની ગયા છે, કાગળ પોતે તદ્દન જર્જરિત દશામાં આવી પડ્યા છે. છતાં નરસિંહ મહેતાના પદની ઢબનું લખાણ એ કાગળોમાં દેખા દે છે એ સંશોધનના કામમાં રસ લેનાર માટે મોટી મૂડી ગણાય. અમે એ પાના પરનું લખાણ ચોખ્ખા અક્ષરે રજૂ કરવું યોગ્ય ગણી તે ઉતાર્યું છે.

ચિત્રમાંના પાનાનું વાચન

તો નામ સાધુ ન આવરણ એમને.
રાયજી પુછે ॥ મોટા મુનીવર કેને કૈ
એ ॥ સાલતા (ચાલતા) ધરતી ન દુવે ॥ કાગ વા
ણી કેદી ન ઓસરે (ઓચરે) ॥ તેને સ– સોગ (શોક)
સરીરમાં ન થાઈ ઊભો ॥ તો મોટા મુની

પંદર કે સોળમા સૈકામાં લખાયેલા લેખની પ્રતિકૃતિ

વર તેને કૈએ ॥ રાઈજી પૂછે ૧ નરો
ગી પૂરસ કેને કૈએ : નરોગી હોઈ તે શે
રોગ ટાલે ॥—દુરમત્ય(દુર્મતિ) દુબધ્ય(દુર્બુદ્ધિ)
પરહરે ॥ તેના દરસન કરે તો દેઈ(દેહ) સ(સુ)
કોમલ થાઈ ॥ તો નીરોગી પુરસ્ય તે
ને કૈયે ॥ ૧૯ રાયજી પુછે ॥ કલા
ણી પુરસ તો કેને કૈએ ॥ કલ્યાણી
હોઈ તે કરમ કપે (કાપે)
અકલ્યાણું કેનું નવ્ય કરે ॥ સત્રુ મીત્ર
એક કરી જાણે ॥ તો કલાણી પુરસ તે
ને કૈયે ॥ રાઈજી પુછે ॥ નીજારી પુ
રસ્ય તો કેને કૈયે ॥ નીજારી હોઈ
તે નીજ –રે તેને દાને(   ) મલક થ
રહરે ॥ એક સાટો (છાંટો) પડે તો જોજન
પૃથમી (પૃથ્વી) પવીત્ર થાઈ ॥ તે નીજારી
પુરસ્ય તેને કૈયે ॥ રાઈજી પુછે
આરાધી પુરસ તો કેને કૈએ ॥ આરા
ધી હોઈ તે આરાધ જંપ ॥ સ ધીર દે
વ કે દી ન સલે(ચલે) તો આરાધી પુરસ્ય
તેને કૈયે ॥

આ જૂના હસ્તલેખના અક્ષરો લખવાની રીત પરથી તારવી શકાતાં અનુમાન :

(૧) બાળબોધ કે નાગરી લિપિ છોડી, ગુજરાતી વળોટવાળી લિપિનો ઉપયોગ કરવાનો આરંભ થઈ ચૂક્યો હશે ત્યારે આ લેખ લખાયો હોવો જોઈએ.

(૨) ગુજરાતી લિપિના લખાણમાં અક્ષરો લખવા માટે પહેલી રેખાલીટી દોરવી અને પછી અક્ષરો લખવાની રીત અહીં ચુસ્તપણે પાળવામાં આવી છે. નાગરી લિપિમાં લખાયેલા લેખમાં અક્ષરોનાં જ માથાં બંધાય છે.

(૩) આ લેખમાં શબ્દોને છૂટા પાડી લખવાની જરૂર લેખકને જણાઈ નથી. આમ હોવાથી સંસ્કૃતિનો વિકાસ, લેખ લખાયા કાળમાં કે દેશમાં ઠીક ઠીક ઊણો હોવો જોઈએ. આવી ઊણપને લીધે લેખને સાચી રીતે વાંચવાનું કામ મુશ્કેલીભર્યું થઈ પડે છે.

(૪) લેખ લખાયાના સમયમાં હ્રસ્વ, દીર્ઘ, સ્વરની ચોકસાઈ રાખવાનું જરૂરનું જણાતું નહિ હોય. હાલના સમયમાં ગામડાંના વેપારીના ચોપડામાં જેમ 'ઈ', દીર્ઘ અને 'ઉ' હ્રસ્વ લખાય છે તેમ આ લેખમાં 'ઈ' દીર્ઘ અને 'ઉ' હ્રસ્વ લખાયાં છે. આ ક્ષતિ તો ગુજરાતમાં સાક્ષર યુગ આવ્યા પછી જ દૂર થઈ છે.

(૫) "જેવું બોલવું તેવું લખવું" એ સમજ આ લેખ લખાયો હશે ત્યારે સમાજમાં પ્રચલિત હોવી જોઈએ. આ પાના પરના લેખમાં, "કેને કૈયે" લખાયું છે; "કોને કહીએ" નથી લખાયું. નરસિંહ મહેતાએ પણ "કોને"ને બદલે 'કેને' શબ્દ વાપર્યો છે. "ચાલતાં ધરતી ન દુવે"ને બદલે '**સાલતા** ધરતી ન દુવે' એમ અહીં લખાયું છે. **ચ**નો ઉચ્ચાર **સ** લોકભાષામાં થયો હતો તેવી જ રીતે છાંટોને બદલે **સાંટો** શબ્દ લખાયો છે.

(૬) નાગરી લિપિના અક્ષરો બદલાઈને ગુજરાતી લિપિ સુસ્થિત જણાય છે છતાં આ લખાણમાં "ज" અક્ષર તો નાગરી લિપિનો જ વપરાયો છે. "द" અક્ષર વિકલ્પે નાગરી લિપિમાં લખાયો છે.

ભાષાશાસ્ત્રના અભ્યાસીને બીજું પણ ઘણું આ જૂના લખાણમાંથી મળી રહેશે.

અત્રે રજૂ કરેલાં સોળ કે સત્તરમા સૈકામાં લખાયેલાં પાનાં પરથી સ્પષ્ટ જણાય છે કે નરસિંહ મહેતાએ જેમ વૈષ્ણવજનની વ્યાખ્યા બાંધી અને પુરાણમાંથી વિચારો લીધા તેમ ગુજરાતમાં અન્ય સન્તજનો પણ "પવિત્રજન"ની વ્યાખ્યા બાંધવાનું ઉચિત સમજતા હતા, એટલું જ નહિ પણ નરસિંહ મહેતાના પદની ઢબે એ લોકો ભજન રચતા થયા હતા. નવાઈની વાત છે કે અહીં ઉતારેલા પાનાવાળા લેખમાં તો 'કેને કૈયે' એ શબ્દ નરસિંહના પદમાંથી આવી બેઠા છે.

મને માનવાનું મન થાય છે કે નરસિંહ મહેતાના કાળમાં બીજા સન્ત, મુનિવર, કલ્યાણી પુરુષ વસતા હશે કે જેમણે આ પ્રકારનાં સદ્‌બોધનાં પદો રચી સમાજને વિશુદ્ધિ આપી હશે. એ સન્ત પુરુષોનો પુરાણો સાથે ગાઢો પરિચય અવશ્ય હોવો જોઈએ. જુદા જુદા વિભાગમાં જુદા જુદા વિદ્વાન, તે કાળમાં પુરાણોનું પારાયણ કરતા હશે અને તેનું નક્કર ફળ તે નરસિંહ મહેતા.

સંસ્કૃતિનો વિકાસ આ રીતે સમસ્ત ભારતમાં થઈ રહ્યો હતો. પુરાણગ્રન્થો કેવળ ગુજરાતના કે કેવળ મહારાષ્ટ્રના નહોતા. તે તો સમસ્ત ભારતના હતા. જે રીતે નરસિંહને વૈષ્ણવજનની વ્યાખ્યાની સૂઝ પુરાણોમાંથી પ્રકટી હશે તે જ રીતે ગંગાતટ પરના સાધુ વૈષ્ણવ તુલસીદાસને પણ પ્રકાશ લાધ્યો હતો અને તેમણે પણ નરસિંહ મહેતા જેવું જ વૈષ્ણવનાં લક્ષણો દર્શાવતું પદ લખ્યું હતું. સરખામણી માટે તે પદ અત્રે ઉતારવાનું ઉચિત લાગે છે.

૫૬

काम क्रोध मद मान न मोहा
लोभ न छोभ न राग न द्रोहा ॥
जिन्हके कपट दंभ नहि माया
तिन्हके हृदय वसहु रघुराया ॥

× × ×

जननी सम जानहि परनारी
धन पराया विष तें विष भारी ॥

जे हरषहि परसंपत देखी
दुखित होहि पर विपति विसेखी ॥
जिन्हके राम तुम प्रानपियारे
तिन्हके मन सुभ सदन तुम्हारे

નરસિંહ મહેતાના પદના અનેક શબ્દો અને શબ્દજૂથ આ પદમાં અંકિત થયાં છે. એ પરથી સ્પષ્ટ થાય છે કે ભારતની સંસ્કૃતિમાં પુરાણોની સેવા અદ્‌ભુત રીતે ખણુખણુતો મોટો ફાળો આપનાર ગણાય છે.

વલભીના રાજા ગુહસેન-૧નું દાનપત્ર

જે. એન. પરમાર

(૧)

આ તામ્રપત્ર મને ખેડા જિલ્લાના ડાસરા તાલુકાના પાંડવણિયા ગામના શ્રી રણછોડભાઈ જેઠાભાઈ પટેલ પાસેથી મળ્યું હતું. તેમને તે જ ગામના એક ખેડૂતે બે વર્ષ પહેલાં આપ્યું હતું. ગામડાના લોકોના વહેમોને લીધે એ ખરેખર કયાંથી પ્રાપ્ત થયું હતું તે જાણી શકાયું નથી, પણ મારી માન્યતા પ્રમાણે પાંડવણિયાની આજુબાજુનાં ખેતરમાંથી જ મળેલું હોવું જોઈએ. ગામ જૂનું છે અને ત્યાં તળાવની પાળ ઉપર એક પથરામાં સૂર્ય-ચંદ્રઅંકિત, ઢાલ-તલવારવાળા રજપૂતની ખાંભી પણ છે, તેની ઉપરનો લેખ દેવનાગરી લિપિમાં છે, પણ બિલકુલ ઘસાઈ ગયો છે અને સંવત્ ૧૦૨- એટલું વંચાય છે એટલે સં. ૧૦૨૧-૧૦૨૯ વચ્ચેની કોઈ ઘટના તેના ઉપર લખી છે. ગામથી થોડે દૂર, પશ્ચિમમાં, બીજું મોટું તળાવ છે અને વર્ષો પૂર્વે ત્યાં કોઈ મોટી નદી ઉત્તરથી દક્ષિણમાં વહેતી હોય તેમ જણાય છે. આજુબાજુની સીમમાં બાવળનાં ઘાટાં ઝુંડ ઊગી ગયાં છે. જ્યાં ગૌચર છે ત્યાં કોઈ પુરાણા ગામનો નાશ, બળી જવાથી થયો જણાય છે. પશ્ચિમ બાજુ કોઈ વસ્તી હશે અને તે નદીમાં તણાઈ ગઈ હશે, કારણ કે પશ્ચિમ તરફના રાજ્યધોરી માર્ગનો એપ્રોચરોડ બાંધતી વખતે જૂના તળાવની પશ્ચિમ બાજુએ ખોદતાં સિક્કાઓ જડ્યા હતા જે ગેરવલ્લે ગયા છે પણ તેમાંથી દસેક સિક્કા હાથમાં આવતાં તે વાંચતાં દિલ્હી સુલતાન ગ્યાસુદ્દીન તઘલકના જણાયા છે. એક સિક્કામાં કોઈ ખલીફાનું નામ લખેલ છે, પણ ઘસાઈ જવાથી વાંચી શકાયું નથી. ગ્યાસુદ્દીન તઘલકના એક સિક્કામાં તારીખ છે પણ એક બાજુથી તૂટી ગઈ છે. ત્યાંથી પશ્ચિમમાં આવતાં રાજ્યધોરીમાર્ગ અને રેલ્વેની વચ્ચેના ખેતરમાં એક જૂની વાવ છે જેના બાંધકામના આધારે તે મોગલસમયની જણાય છે. તેની ઉપરનો લેખ જડતો નથી. કાં તો તે વાવના પાણીમાં ડૂબી ગયો હોવો જોઈએ અથવા કોઈ ઉખાડીને લઈ ગયું હશે. આ અંગે હવે પછી સ્વતંત્ર લેખમાં હું ચર્ચા કરવા માગું છું. અહીં તો એટલું જ કહેવું બસ થશે કે પાંડવણિયા ગામ અને એની આસપાસની સીમાઓ ઘણી જૂની છે અને તેણે ઇતિહાસના જુદા જુદા યુગો અનુભવ્યા છે.[૧]

---

૧. દા.ત. પાંડવણિયાની નૈઋત્યે ઉમરેઠ, ત્યાંથી પશ્ચિમ દિશાએ થામણા, પોર; ઉત્તરે સુરેલી, ઈશાન તરફ છુણાદરા અને તેની બાજુના ભદ્રાસા ગામોને જૂનો ઇતિહાસ છે. સં. ૧૨૧૨થી ડાકોરનો પણ ઉલ્લેખ મળે છે. થામણાના ઘણા જૂના ઉલ્લેખો જૈનોમાં મળે છે. ભદ્રાસાની કથા પુરાણના ભદ્રસેન રાજા સાથે સંકળાયેલી છે. સુરેલી શરૂઆતમાં મુસલમાન ઇતિહાસ સાથે જોડાયેલ છે. દક્ષિણ તરફ આવેલ રખિયાલ ગામના જૂના મહાદેવનું મંદિર રાજપૂતકાલીન ઇતિહાસના સ્થાપત્યનો નમૂનો છે. એના એક કૂવા ઉપર સં. ૧૪૬૦નો ગુજરાતી લેખ મેં જોયો છે.—આ અંગે આધારભૂત માહિતી ભિન્નભિન્ન ગ્રંથોમાં આપેલી છે. પ્રાથમિક પરિચય માટે જુઓ: ચરોતર સર્વસંગ્રહ ૧, ૨.

વલભીના મૈત્રક રાજા ગુહસેન–૧નું દાનપત્ર–પતરું પહેલું



વલભીના મૈત્રક રાજા ગુહસેન-૧નું દાનપત્ર-પતરું બીજું

(૨)

પતરાં બે છે અને ડાબી બાજુ સીલની કડીથી જોડેલાં છે. જમણી બાજુની નાની કડી નીકળી ગયેલી છે. પતરાની અંદરની બાજુએ કોતરણી છે તથા કાંઠા ઉપસાવેલા છે. પતરાં ૧૦.૨"×૬⅔" માપનાં તથા ૧.૬૩૦ કિલોગ્રામ વજનનાં છે. લિપિ બ્રાહ્મી છે. બન્ને પતરાંમાં તેર તેર લીટી લખેલી છે અને એક લીટીમાં ૪૦ થી ૪૨ અક્ષરો કોતરેલા છે. અક્ષરો સુવાચ્ય તથા ઊંડા કોતરેલા છે અને અમુક સ્થળે પતરાની બીજી બાજુ પણ અક્ષરોની ઊંધી છાપ ઊઠી આવી છે. બન્ને પતરાની બાજુની (કોર ઉપરની) ધારો ખવાઈ ગઈ હોવાથી ધાર ઉપરના મોટા ભાગના અક્ષરો વાંચવામાં ખૂબ શ્રમ પડે છે. વચ્ચે વચ્ચે પણ કેટલાક અક્ષરો પતરું ખવાઈ જવાથી ખાડા પડી જઈને ભાગી ગયા છે, તેમાંના કેટલાક અક્ષરો આજુબાજુના સંદર્ભને લીધે તથા લહિયાના અક્ષરોથી પરિચિત થવાથી અનુમાન દ્વારાં ચોક્કસ રીતે બેસાડી શકાય છે.

સીલમાં કશું જ વાંચી શકાતું નથી, કારણ કે બિલકુલ ઘસાઈ ગયું છે, પણ બેઠેલા નંદીને જોઈ શકાય છે. નંદીનું મુખ જમણી તરફ છે. સીલના લંબગોળ ભાગમાં આડા લંબગોળમાં છેક ઉપરના ભાગે નંદી જણાય છે. સીલમાં મધ્યથી સહેજ નીચે કંઈક બીજી નાની આકૃતિ જેવું છે અને વચ્ચે મોટા અક્ષરોથી કશુંક લખેલું છે પણ વાંચી શકાતું નથી. બિલકુલ નીચેની ધાર ઉપર પણ કદાચ કંઈક લખેલ હશે પણ ધાર ઘસાઈ ગઈ છે. સીલની આ બધી જ માહિતી તાંબાના લોંદા ઉપર ઉપસાવેલી છે. સીલને સાફ કરીને નિરીક્ષણ કરતાં જમણી બાજુના બે અક્ષરોની ઘસાયેલી છાપ દેખાય છે. તેને આધારે એમ કહી શકાય તેમ છે કે સીલના અક્ષરો પતરામાં કોતરેલા અક્ષરો કરતાં જૂના છે. લગભગ ઈ.સ.ની બીજી-ત્રીજી સદીના તથા ક્ષત્રપોની અસરવાળા અક્ષરોમાં સીલ ઉપર કંઈક લખેલ છે એમ જાણી શકાય છે.

દાન વલભીમાંથી આપવામાં આવેલ છે. વાચ્છસગોત્રના (ઋગ્વેદની) બહ્વૃચશાખાના, કરહાડથી આવેલા અને (વલભી?) નગરમાં* રહેતા ભટ્ટના પુત્ર કૃષ્ણચતુર્વેદીને પંચમહાયજ્ઞાદિ કાર્ય માટે ઉત્પલહેટ્ટક (પછીના અક્ષરો તૂટી ગયા છે)માં આવેલ ઐરાવલકગામ દાનમાં આપેલ છે. લેખક સાંધિવિગ્રાહિક ઈસપ(?)નો પુત્ર માધવ છે. શકસંવત્ ૩૮૦ (આશરે ઈ. સ. ૪૫૮-૪૫૯)ના વૈશાખની પૂર્ણિમાના ચંદ્રગ્રહણની તારીખ આપેલ છે.

આ તામ્રશાસન મળવાથી વલભીના મૈત્રકો વિશે એક નવી દિશા ઊઘડે છે, કારણ કે આવા જ પ્રકારનું એક દાનશાસન ધરસેન-૩નું છે જેને બનાવટી ગણવામાં આવ્યું છે.[૨] મારી પાસેના

* કદાચ ખંભાત પાસે આવેલા નગરક(નગરા)માં રહેતો હોય.

૨ ગુજરાતના ઐતિહાસિક લેખો-૧ : ગિ. વ. આચાર્ય. લેખ નં. ૫૦, પૃ. ૧૦૬ થી ૧૧૦ તથા ઇન્ડિયન ઍન્ટિક્વરી વૉ. ૧૦, પૃ. ૨૭૭. ધરસેન બીજાનું કહેવાતું એક તામ્રપત્ર શક સં. ૪૦૦નું 'પુરાતન દક્ષિણ ગુજરાત'-દ્વિવેદી પૃ. ૧૯૪ પર નોંધાયેલું છે, પણ શ્રી દ્વિવેદીએ વીગતવાર માહિતી આપી નથી-શ્રી હરિપ્રસાદભાઈ શાસ્ત્રીના 'મૈત્રકકાલીન ગુજરાત'માં પણ એને અંગે કરેલી નોંધ મને ખુદ એમણે જ બતાવી હતી. ડૉ. ક્રિષ્ણાકુમારી વીરજીએ Ancient History of Saurashtra (1952), પૃ. ૨૬૦ પર તેની બનાવટી તામ્રશાસન તરીકે નોંધ કરી છે. શ્રી હરિપ્રસાદભાઈના જણાવવા પ્રમાણે એ પતરું સૂરતના મ્યૂઝિયમમાં છે. મને પ્રિન્સિપાલ શ્રી જી. ટી. પરીખે પણ આ પતરું સૂરત હોવાનું (રૂબરૂમાં) જણાવેલું. મારા પ્રયત્નો છતાં ગુજરાતની ચાલુ અશાંત પરિસ્થિતિને લીધે એ દાનશાસન હું જોઈ શક્યો નથી.

પતરામાં પણ ગુહસેનના વર્ણન સુધીનું લખાણ તેને મળતું આવે છે, પણ ગુહસેનને લગાડેલાં બિરુદો તે પતરામાં ધરસેનને લગાડેલાં બિરુદો જેવાં છે. દાન ગુહસેને આપેલું હોવાથી ધરસેન બીજાના કહેવાતા બનાવટી પતરામાં આપેલ ધરસેનનું વર્ણન સ્વાભાવિક રીતે જ અહીં નથી. આ ઉપરાંત પાછળના લખાણમાં પણ થોડો ફેરફાર છે. વિશેષમાં અહીં સંવત્ અંકોમાં પણ બતાવવામાં આવેલ છે. ધરસેન બીજાના કહેવાતા બનાવટી પતરાની અસર તથા અભ્યાસને લીધે આ પતરાને પણ બનાવટી ગણી લેવાની પ્રેરણા થાય, પણ હું એમ માનું છું કે આ બન્ને પતરાં બનાવટી દેખાતાં નથી. 'ધરસેન બીજાનું પતરું જે જમાનામાં જડયું તે જમાનામાં પૂરતા પુરાવાઓ ન મળવાથી એને બનાવટી ગણી લેવામાં આવેલ જણાય છે. આ અંગે મારો અભ્યાસ હું નીચે પ્રમાણે આપું છું.

(૩)

વલભીના મૈત્રકોનો ઇતિહાસ બહુધા એના રાજાઓએ આપેલાં દાનપત્રો પર આધારિત છે. આ ઉપરાંત ચીની મુસાફર યુવાન ચંગની નોંધો, જૈનોએ કરેલા ઉલ્લેખો, ભટ્ટિકાવ્ય, હર્ષવર્ધન સાથેના ઉલ્લેખ, ગારુલકોનાં દાનશાસનમાં આવતા ઉલ્લેખ, પાછળથી રચાયેલા જૈનપ્રબંધો, એમની સાથે સાંકળવામાં આવેલા કેટલાક સિક્કાઓ ઇત્યાદિ એમના ઇતિહાસની મુખ્ય સામગ્રી ગણાય છે. આ આધારો તથા કવચિત્ પ્રાપ્ત થતા ગૌણ ઉલ્લેખોના આધારે ઘણા વિદ્વાનોએ વલભીના મૈત્રકોનો ઇતિહાસ આલેખ્યો છે.[૩] આ ઉપરાંત, ભારત તથા ગુજરાતના પ્રાચીન ઇતિહાસમાંના વલભીના ઇતિહાસનાં પ્રકરણો,[૪] અંશો[૫] અને લેખો[૬] લખાને ભારતીય તથા પાશ્ચાત્ય તદ્વિદોએ મૈત્રકો વિશે મહત્ત્વનાં તારણો આપ્યાં છે. વળી વલભીના મૈત્રકો વિશે ઘણાં વર્ષો સુધી ચર્ચાઓ ચાલી છે અને લગભગ અંતિમ સત્યો રજૂ થયાં છે જે હવે મોટે ભાગે સ્વીકૃત બની ગયાં છે તથા જાણીતાં છે એટલે એ અંગે વિવેચનની જરૂર નથી.

મૈત્રકોની સર્વ પ્રથમ તારીખ મળે છે દ્રોણસિંહના તામ્રપત્રમાં[૭] જે વલભી સંવત્ ૧૮૩ (ઈ. સ. ૫૦૨)ની છે. બીજા સંજોગો તપાસીને મૈત્રક વંશના સ્થાપકને આશરે ઈ. સ. ૪૭૦માં

---

૩ મૈત્રકકાલીન ગુજરાત-૧, ૨, ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી; Ancient History of Saurashtra —Dr. K. J. Virji વગેરે.

૪ Gazetteer of the Bombay Presidency : Vol. I, Part I, History of Gujarat; The History and Culture of Indian People, Vol. III વગેરેમાં.

૫ Kāvyānuśāsana, Vol. II, Part I, Introduction (R. C. Parikh), Glory that was Gūrjara Deśa—K. M. Munshi (1954) વગેરે.

૬ ઇન્ડિયન એન્ટિકવરી તથા એપિગ્રાફિયા ઇન્ડિકાના જુદા જુદા ભાગોમાં વલભીના ભિન્ન ભિન્ન દાનશાસનોના મોટા ભાગે પાશ્ચાત્ય વિદ્વાનોના લેખો તથા શ્રી દુર્ગાશંકર શાસ્ત્રીના પ્રગટ થયેલા ભિન્ન ભિન્ન લેખો વગેરે.

૭ ગુ. ઐ. ૧, લેખ નં. ૧૬ તથા એ. ઇ., વો. ૧૧, પૃ. ૧૭.

મૂકવામાં આવે છે.[૮] ભટાર્ક ગુપ્ત રાજ્યમાં સેનાપતિ હતો, તથા વલભીપુર તેના તાબામાં હતું. ગુપ્ત સમ્રાટો નબળા પડતાં મૈત્રકોએ તેની ધૂંસરી ફેંકી દીધી અને સ્વતંત્ર થઈ ગયા. તેથી લડીને કે મહેનત કરીને સામ્રાજ્ય સ્થાપવાની આબરુ એમને મળતી નથી.[૯] ટૂંકમાં ભટાર્ક ગુપ્ત રાજાનો સેનાપતિ હતો એમ કહેવાયું છે. ભટાર્ક ગુપ્ત રાજાનો સેનાપતિ ન પણ હોય એવી શકયતા નકારી શકાય તેમ નથી.[૧૦]

(૪)

સૌરાષ્ટ્રની ભૂમિરચના પ્રમાણે ગિરિનગરના દરિયાકાંઠાના વિસ્તારો ગિરના જંગલના વિસ્તારો, બરડા પ્રદેશના વિસ્તારો, તથા ઉત્તરના લગભગ રણ જેવા વિસ્તારો (કદાચ સમુદ્ર પણ હોય) સાથે કેવો સંબંધ હશે તે વિચારવું જોઈએ. ગુપ્તોના મહાન સામ્રાજ્યને આંજી નાખે તેવી અસર નીચે આપણે દૂર પશ્ચિમના અને સૌરાષ્ટ્રના કિનારાના પ્રદેશો પરની તેમની પકડ અંગેની વિચારણા કરવામાં સત્ય ન પણ પકડી શકીએ. તેમાં યે સૌરાષ્ટ્રમાં તો ગુપ્તોની સત્તા પ્રમાણમાં ઘણી ઓછી રહી છે તે જાણીતી ઘટના છે.[૧૧] ક્ષત્રપોના પતન અને ગુપ્તોના ઉદય વચ્ચેની સૌરાષ્ટ્રના ઇતિહાસની કડી નબળી છે તે જ રીતે ગુપ્તોના પતન અને મૈત્રકના ઉત્થાન વચ્ચેના ઇતિહાસની કડી પણ નબળી જ છે. જૂનાગઢના સ્કંદગુપ્તના લેખ તથા કેટલાક સિક્કા બાદ કરતાં તે સમયના સૌરાષ્ટ્રના ઇતિહાસ વિશે ઝાઝી આધારભૂત માહિતી મળતી નથી. દેવર્દ્ધિગણિ ક્ષત્રાશ્રમણની અધ્યક્ષતામાં વલભીમાં આગમોની વાચના તૈયાર થયાનું જૈનો નોંધે છે, પણ ઇતિહાસલેખનમાં એની ઝાઝી મદદ મળતી નથી. આ બધી પરિસ્થિતિમાં મૈત્રકોના આરંભના ઇતિહાસને સમજવા માટે સ્કંદગુપ્તના રાજ્યકાળની કેટલીક ફરીથી ઘટનાઓ તપાસવી જોઈએ.

ચન્દ્રગુપ્ત બીજાએ સૌરાષ્ટ્ર પર વિજય પ્રાપ્ત કરીને ગિરિનગરમાંના ક્ષત્રપરાજ્યનો અંત આણી સૌરાષ્ટ્રને પોતાના રાજ્ય સાથે જોડ્યા પછી ગિરિનગર તથા સૌરાષ્ટ્રનો કેટલોક પ્રદેશ તેના રાજ્ય સાથે જોડાઈ ગયો. ગિરિનગરમાં ગુપ્તરાજાઓ સૂબા નિમતા અને વહીવટ તેમના દ્વારા ચાલતો, પરંતુ સાગરકાંઠાનાં તથા વિશિષ્ટ ભૂમિરચનાનો લાભ મેળવતાં રાજ્યોના રાજાઓ લગભગ સ્વતંત્ર હશે. ચન્દ્રગુપ્તના દબાણ વખતે તે રાજાઓ ખંડિયા થઈ ગયા હશે, પણ પાછા સ્વતંત્ર બની ગયા હશે, અથવા સ્વતંત્ર રાજાઓ જેવી જ સત્તા માણતા હશે. સૌરાષ્ટ્રમાંથી મળી આવેલા શર્વભટ્ટારકના સિક્કાઓ આ અનુમાનને ટેકો આપવાનો મજબૂત પુરાવો છે. સ્કંદગુપ્તના જૂનાગઢના લેખમાં પણ આ અંગે ઉલ્લેખ છે—જેની હું ચર્ચા યથા સ્થળે કરીશ—તે તથા ગાકુલકરાજાઓના દાનશાસનોમાંથી પણ આ માન્યતાને ટેકો મળે છે.

---

૮ શ્રી હરિપ્રસાદ શાસ્ત્રીના અભિપ્રાય પ્રમાણે આશરે ઈ. સ. ૪૭૦થી ૫૦૦ સુધી ભટાર્ક તથા ધરસેને રાજ્ય કર્યું હશે. (ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ, પૃ. ૮૭) શ્રી આર. સી. પરીખ આશરે ઈ. સ. ૪૮૦ જણાવે છે. (કા.ની પ્રસ્તાવના, પૃ. LII). ડૉ. વીરજી આશરે ઈ. સ. ૪૭૨ જણાવે છે. (A. H, S., Introduction, પૃ. ૧૩)

૯ G. G. (1954), Munshi : પૃ. ૪૧.

૧૦ A History of Gujarat, M. S. Commissariat, p. xxxviii,

૧૧ ગુ. પ્રા. ઇ. (હરિપ્રસાદ શાસ્ત્રી.), પૃ. ૮૨.

સ્કંદગુપ્તનો રાજ્યકાળ ચન્દ્રગુપ્ત બીજાના રાજ્યકાળ જેવો શાંતિભરેલ ન હતો. એના રાજ્યકાળના પ્રારંભમાં જ સંગ્રામયોગોની એક શૃંખલા અભિપ્રેત છે.[૧૨] કોઈ બળવાન શત્રુએ ગુપ્ત સામ્રાજ્ય પર હૂમલો કર્યો હતો, જેનો પ્રતિકાર કરતાં તેણે ઘણી મહેનત પડી હતી. એક અભિલેખમાં ગુપ્તવંશના ધ્વસ્તવૈભવ અને સ્કંદગુપ્ત દ્વારા એના ઉદ્ધારનો ઉલ્લેખ ત્રણ વખત કરવામાં આવ્યો છે.[૧૩] રાજ્યારોહણ બાદ પણ તેને સફેદ હૂણોના હૂમલાઓનો સામનો કરવો પડ્યો હતો. અભિલેખોમાં સ્કંદગુપ્તની માતાના નામ બાબતમાં પણ વાદવિવાદ[૧૪] હોવાથી ગુપ્તસામ્રાજ્યમાં આંતરિક સંઘર્ષ પેઠાનું પણ અનુમાન કરી શકાય. દક્ષિણમાં વાકાટકોએ સત્તા જમાવી હતી. ગુપ્ત રાજાઓએ તેમની સાથે લગ્નસંબંધો બાંધ્યા હોવાથી તેઓ સ્વતંત્ર હતા[૧૫] અને પાછળથી ગુપ્ત-રાજ્યના કેટલાક પ્રદેશ પર થોડા સમય માટે તેમની આણ પ્રવર્તતી હતી.[૧૬] દશપુરના મંદિર (સ્થાપના ઈ.સ. ૪૩૬, પુનઃપ્રતિષ્ઠા ઈ.સ. ૪૭૨)ના લેખમાં મંદસોરના સ્થાનીય ગુપ્તશાસકનું નામ જ નથી તો બીજી બાજુ ઈ.સ. ૪૩૬-૪૭૨ વચ્ચે શાસન કરતા રાજાઓનો બહુવચનમાં અસ્પષ્ટ ઉલ્લેખ છે.[૧૭] દક્ષિણ ગુજરાતમાં ત્રૈકૂટક રાજાઓની સત્તા તથા સમૃદ્ધિ વધી રહ્યાં હતાં.[૧૮] ત્રૈકૂટક રાજા દહ્રસેન આશરે ઈ.સ. ૪૫૭માં 'મહારાજા'ના બિરુદથી દાન આપે છે.[૧૯] સૌરાષ્ટ્રની સ્થિતિ તો ગુપ્તરાજાઓ માટે ઘણી જ ચિંતાજનક છે, કારણ કે સ્કંદગુપ્તને સૌરાષ્ટ્રના સુબાની નિમણૂક બાબતમાં 'બહુ પ્રકારથી અનુમાનો' કરવાં પડે છે કે 'લક્ષ્મીને રક્ષવા' કયો શક્તિમાન (સૂબો) સુરાષ્ટ્ર દેશનું રાજ્ય કરશે?—એ માટે સ્કંદગુપ્તને વિચાર કરવો પડે છે. સ્કંદગુપ્તને સિક્કાઓમાં કરવી પડેલી કરકસર પણ તેની આપત્તિની સૂચક છે. આથી વધુ પુરાવાઓ રજૂ કરવાની જરૂર નથી. આ માહિતીના આધારે આપણે એટલા તારણ ઉપર આવી શકીએ કે સ્કંદગુપ્તના રાજ્યારોહણ પહેલાં જ ગુપ્તસામ્રાજ્યને ક્ષયરોગ લાગુ પડવા માંડ્યો હતો તેમાં

---

૧૨ ભારતીય જનકા ઇતિહાસ-વાકાટક ગુપ્તયુગ (હિન્દી), ૧૯૬૮-રમેશચન્દ્ર મજમુદાર અને અ.સ. અલ્તેકર, પૃ. ૧૮૧.

૧૩ Bhitari Pillar Inscription in CII, III 54, 55 Fleet તથા Hist. & Culture of Ind. People, Vol. III, પૃ. ૨૪

૧૪ Hist. & Cul. of Ind. people, Vol, III, પૃ. ૨૫-૨૬.

૧૫ વાકાટક પૃથ્વીષેણના પુત્ર રુદ્રસેન સાથે ચંદ્રગુપ્ત બીજાએ પોતાની પુત્રી પ્રભાવતીદેવીનું લગ્ન કર્યાની ઘટના જાણીતી છે.

૧૬ વાકાટક રાજા નરેન્દ્રસેને એવો દાવો કરેલ કે તેની આજ્ઞા કોશલ, મેકલ તથા માલવાના અધિપતિઓ માટે શિરોધાર્ય હતી. (એ. ઈ., IX 271)સ્કંદગુપ્તના સમયમાં માળવા ગુપ્તોના આધિપત્ય નીચે હતું.

૧૭ ઉત્કીર્ણ લેખપંચક (હિન્દી), ઝા બન્ધુ (ચૌખમ્બા), ૧૯૬૮, પૃ. ૨૯-૪૫.

૧૮ ત્રૈકૂટકોના એક સંવત વગરના દાનપત્રમાં 'ત્રૈકૂટકોની વધતી સત્તા'નો ઉલ્લેખ છે. આ ઉપરાંત પૃથ્વીષેણ બીજાના બલાઘાટનાં તામ્રપત્રો ઉપરથી જાણવા મળે છે કે એને પોતાના વંશની કીર્તિની બે વખત રક્ષા કરવી પડી હતી. શ્રી અલ્તેકરની માન્યતા પ્રમાણે બીજું આક્રમણ ત્રૈકૂટક રાજાઓનું હતું. (ભારતીય જનકા ઇતિહાસ, પૃ. ૧૧૬)

૧૯ ગુ. ઐ. લે.-૧, લેખ નં. ૧૩

૨૦ એ જ. સ્કંદગુપ્તનો જૂનાગઢનો લેખ: પંક્તિ ૬-૮

સંભવતઃ પુષ્યમિત્રો તથા સફેદ હૂણોના હુમલાઓને લીધે આ મહાન સામ્રાજ્યની સત્તા તથા પ્રભાવ ઘટી ગયાં. કદાચ સ્કંદગુપ્તની માતાને લીધે આંતરિક કલહ પણ શરૂ થયો. આથી પાટનગરથી દૂરના વિસ્તારો કે સાગરકાંઠાના વિસ્તારો પરથી ગુપ્તરાજ્યનો પ્રભાવ બિલકુલ ઓસરી ગયો. પશ્ચિમકિનારે તથા ગુજરાત જેવા પ્રદેશોમાં ખંડિયા રાજાઓ સ્વતંત્ર જ બની ગયા અને તેમની સામે કોઈ જ પગલાં ભરી શકાય તેવી સ્થિતિ રહી નહીં.

વલભી નગરની સમૃદ્ધિ વિશે કોઈને શંકા નથી; એક તો બંદર અને ધીકતો વેપાર. કુશળ વહાણવટું એની આગવી સિદ્ધિ હતું. જેમ પાછળથી ખંભાત જૈનધર્મનું મુખ્ય મથક બન્યું તેમ વલભી બૌદ્ધધર્મ ઉપરાંત જૈનધર્મનું મૂળ પ્રબળ કેન્દ્ર બન્યું હતું.[૨૧] આવું સમૃદ્ધ તથા વિકસિત નગર કોઈ પણ રાજાના ધ્યાન બહાર ન જ રહે. તેને જીતીને પોતાના રાજ્યમાં ભેળવ્યા વગર ચન્દ્રગુપ્ત જેવો રાજા ન જ છોડે એમ માનવું પડે. આમ છતાં વલભીમાં સૈન્ય તથા રાજ્યકર્તાઓની અપેક્ષા ધર્મગુરુઓ, સાધુ-સંતો અને વ્યાપારીઓ ઝાઝા છે. એ બધાને સૈન્ય તથા રાજ્યકર્તાઓની દખલ ઓછામાં ઓછી પસંદ હોય છે. વલભીમાં જે સૈન્ય રહેતું હશે તે ધર્મ તથા સમૃદ્ધિના રક્ષણ પૂરતું જ હશે.—એ સામ્રાજ્યવિસ્તાર કે સામ્રાજ્યપ્રાપ્તિ કરનારા સૈનિકોનું નહીં હોય. બીજી બાજુ ગુપ્તો પાસે દરિયાઈ લશ્કર કેવુંક હતું તે તપાસવાની બાબત છે. એટલે વલભી પર દરિયાઈ હૂમલો થાય તો તે બહુ ટકી શકે નહીં.[૨૨] વળી, ગિરિનગર કે બીજા મુખ્ય સ્થળેથી એને સહાય આપવાની પણ ઝાઝી અનુકૂળતા નહીં હોય.[૨૩] આ સંજોગોમાં કાં તો સૌરાષ્ટ્રના કોઈ (બનતા સુધી કિનારાના) પ્રદેશમાં—ગારુલક રાજાઓની જેમ—સ્વતંત્ર બની ગયેલા અથવા મોટે ભાગે દક્ષિણ ગુજરાતના—ઘણું કરીને ખંભાત તથા સૂરત વચ્ચેના પ્રદેશમાં

---

૨૧ અગાઉ જણાવેલ દેવર્દ્ધિગણિ ક્ષમશ્રમણની અધ્યક્ષતામાં વલભીમાં તૈયાર થયેલ આગમોની વાચના ઉપરાંત શ્રી દલસુખભાઈ માલવણિયા કહે છે તેમ, ઈ. સ.ની શરૂઆતથી જૈનોનું પરિભ્રમણ પશ્ચિમ તથા સૌરાષ્ટ્રમાં થયું...પાંચમી શતાબ્દીમાં વલભી નગરીમાં જૈનધર્મનું પ્રાબલ્ય જણાય છે... વલભી નગરીનું મહત્ત્વ તો તેના ભંગ સુધી જૈનદૃષ્ટિએ રહ્યું છે અને ભંગ પછી પણ તેની આસપાસનાં નગરો પાલીતાણા વગેરે જૈનધર્મના ઇતિહાસની દૃષ્ટિએ મહત્ત્વનાં કેન્દ્રો રહ્યાં છે. ('ગણધરવાદ'–પૃ. ૨૯).

મુનિશ્રી જિનવિજયજીના મત પ્રમાણે તો વિશેષાવશ્યકભાષ્યની રચના પણ વલભીમાં થઈ હતી. (આ અંગે મેં તેમને રૂબરૂ પણ પૂછેલું). પં. દલસુખભાઈના મતે એ પુસ્તક વલભીના કોઈ જૈનમંદિરમાં મૂકવામાં આવ્યું હતું.—ગમે તે હો : વલભીમાં જૈનધર્મનું પ્રાબલ્ય આથી સિદ્ધ થાય છે.

૨૨ મૈત્રકોના અંતમાં, વલભીભંગનું પણ આ જ અનુમાન કરવું પડયું છે ને ?

૨૩ યુવાન ચંગની વલભી તથા ગિરિનગરની યાત્રાનો માર્ગ તપાસવા જેવો છે. ગુજરાત-સૌરાષ્ટ્રમાં તે જ્યારે યાત્રાએ આવ્યો ત્યારે તો મૈત્રકોનું રાજ્ય વિકસેલ હતું. અને ગિરિનગર પણ એના તાબામાં હતું. છતાં, ખેડાથી વલભી આવેલ યુવાન ચંગ, વલભીમાં રહીને, ત્યાંથી ગિરિનગર ૭૮ લી દૂર હોવાનું નોંધવા છતાં અને ગિરિનગર જવાનો એનો કાર્યક્રમ હોવા છતાં, વલભીથી સીધો ગિરિનગર જતો નથી. વલભીથી પાછો આનર્તપુર ફરીને ત્યાંથી ઉજ્જયન્ત (ગિરિનગર) જાય છે, ત્યાંથી એ પાછો ફરીને ભિલ્લમાલ ચાલ્યો જાય છે. (જુઓ : યુવાન ચંગની યાત્રાનું તેણે કરેલ વર્ણનમાં ગુજરાત-સૌરાષ્ટ્રની યાત્રાના વર્ણનનો અંશ તથા G. G. (મુનશી), ભા. ૩ (૧૯૪૪)માં પૃ. ૨૮૪ સામે બતાવેલ યુવાન ચંગની ગુજરાતયાત્રાના માર્ગનો નકશો.)

સ્વતંત્ર થયેલા ભટાર્કે અથવા તેના પુત્રે ઘણું કરીને સમુદ્રમાર્ગે હલ્લો કરીને વલભીને પાંચમી સદીની મધ્યમાં કબજે કર્યું જણાય છે. શરૂઆતમાં તેમના પર ક્ષત્રપ રાજ્યકર્તાઓની તથા ગુજરાતના કિનારાના પ્રદેશની મિશ્ર અસરો દેખાઈ છે જે પુરાવાઓ તથા પૂરતી તપાસના અભાવે જાણી શકાઈ ન હતી. મને મળેલા તામ્રપત્રથી આ ખૂટતી કડી સંધાય છે અને તે રીતે પણ આ દાનશાસન મહત્ત્વનું બને છે. તેને લીધે મૈત્રક રાજ્યની સ્થાપના તથા તેના શરૂઆતના રાજ્યકર્તાઓ વિશેની માહિતીમાં ફેરફાર થાય છે. આ ફેરફારો અનુસાર મૈત્રકોમાં શરૂઆતમાં નીચે પ્રમાણે રાજ્યકર્તાઓ હતા:

* (૧) ભટાર્ક (આશરે ઈ. સ. ૪૫૫)[૨૪]
  - (૨) ગુહસેન-૧ (ઈ. સ. ૪૫૮-૫૯માં હયાત)[૨૫]
    - (૩) ધરસેન-૧ (ઈ. સ. ૪૭૮-૭૯માં હયાત)[૨૬]
  - સેનાપતિ ધરસેન
  - (I) દ્રોણસિંહ
  - (II) ધ્રુવસેન-૧
  - ધરપટ્ટ
    - (III) ગુહસેન-૨
      - (IV) ધરસેન-૩ (વગેરે) (જૂના વંશવૃક્ષ પ્રમાણે)

નવું વંશવૃક્ષ બતાવવા માટેનાં કારણો તથા પુરાવા નીચે પ્રમાણે છે:

પ્રથમ મુદ્દો વંશાવળી અંગેનો લેવો જોઈએ. વલભી રાજાઓએ આપેલાં દાનનાં અને આપણને પ્રાપ્ત થયેલાં લગભગ ૧૦૨ તામ્રશાસનોમાં આપેલી રાજાઓની વંશાવળી કરતાં આ બન્ને તામ્રપત્રોની વંશાવળી જુદી પડે છે જેથી એને બનાવટ માનવાનું એક કારણ મળી રહ્યું હતું. મારી ધારણા પ્રમાણે વલભીના રાજાઓમાં શરૂઆતમાં જ ગાદી માટેનો સંઘર્ષ પેઠેલ જેની અસરો વલભીના રાજાઓમાં લાંબા સમય સુધી જોવા મળે છે. ભટાર્કના લગભગ બધા જ પુત્રોને વારાફરતી ગાદી પર બેઠાનું આપણે માન્યું. પછી સૌથી નાના પુત્ર (ધરપટ)ના પુત્ર(ગુહસેન)ને ગાદી મળી. ધરસેન ચોથા પછી શિલાદિત્યનો નાનો પૌત્ર ધ્રુવસેન-૪થો ગાદીએ આવ્યો. પછી તેના મોટાભાઈઓ (ખરગ્રહ–૨ તથા શિલાદિત્ય) ગાદીએ આવ્યા. (એના પિતાને તો ગાદીપતિ થવાની તક જ ન સાંપડી.) ગાદીપ્રાપ્તિની આ વિચિત્રતા આપણને સમજાતી નથી અને ભિન્ન

---

૨૪ આ તારીખ નવી સ્થાપના પ્રમાણે છે જેના વ્યાજબીપણાની ચર્ચા હવે કરીશ.

૨૫ મને મળેલા તામ્રપત્રના આધારે.

૨૬ ધરસેન–૨ના કહેવાતા 'બનાવટી પતરાં'ને બનાવટી ન હોવાનાં વ્યાજબી કારણો તથા પુરાવાઓ રજૂ કરવા પ્રમાણે.

* રાજાઓના નામની આગળ કૌંસમાં મૂકેલા આંકડા તેમનામાંથી જે ક્રમે રાજ્યકર્તાઓ ગાદી ઉપર આવ્યા તે સૂચવે છે. અહીં વલભીના રાજાઓમાં સ્પષ્ટ રીતે રાજ્યકર્તાઓના બે ભાગ પડી ગયેલા સૂચવાયા છે.

ભિન્ન અનુમાનોથી આ વિચિત્ર પરિસ્થિતિઓનું આપણે સમાધાન કરી લઈએ છીએ. મારા અનુમાન પ્રમાણે આ પરિસ્થિતિ ગાદી મેળવવાના આંતરિક સંઘર્ષમાંથી જ જન્મી હતી, જે શરૂઆતના રાજાઓમાં પણ હતી. શરૂઆતનો સંઘર્ષ કદાચ ભટાર્કના લગ્નમાંથી પણ જન્મ્યો હોય. પ્રથમ લગ્નના મોટા પુત્ર ગુહસેન-૧ તથા તેનો પુત્ર ધરસેન-૧ ગાદીપતિ થયા પણ પછીથી બીજી રાણીના ચાર પુત્રો ઉંમરમાં આવતાં સંપીને આગલી પેઢીના રાજાઓની હકાલપટ્ટી કરી, ગાદી ઉપર ચડી બેઠા અને વારાફરતી ગાદી ભોગવી. આમાં દ્રોણસિંહ અને ધ્રુવસેન પહેલા વચ્ચે જ લગભગ ૪૩ વર્ષનો સમયનો ગાળો આવ્યો. ધ્રુવસેન-૧ બિલકુલ વૃદ્ધ થયો ત્યાં સુધી ગાદી ઉપર રહ્યો. પરિણામે દ્રોણસિંહના તથા તેના પુત્રો ઉમરમાં ઘણા મોટા થઈને કદાચ લડાઈમાં અથવા સંભવતઃ મોત આવવાથી મરી ગયા, કદાચ જીવતા હોય તોપણ હજી ધરપટ્ટ તો તખ્તનશીન થયો જ ન હતો. હું માનું છું કે ધરપટ્ટ ગાદી ઉપર બેસતા પહેલાં જ (ઉંમરલાયક થઈને) મરી ગયો એટલે જ તો ગુહસેનના સંવત્ ૨૪૦ના પતરામાં એના જ પિતાનું (ધરપટ્ટનું) નામ નથી અને ધ્રુવસેન-૧ પછી સીધો જ ગાદી ઉપર તે બેઠો એવું સાફ લખેલ છે. ગુહસેનને જ ગાદી મળવાનું આ પણ એક કારણ છે કે એ સૌથી નાનાભાઈનો પુત્ર હતો અને તેના પિતાને (સમજૂતી પ્રમાણે) ગાદી મળી ન હતી. અલબત્ત, ગાદીએ બેસતી વખતે ગુહસેન-૨ની ઉમ્મર તો મોટી જ હતી એટલે એનો રાજ્યકાળ પ્રમાણમાં ઓછો છે. આ હકીકત માટે હું નીચેનાં આંતરિક પ્રમાણો આપું છું:

ગુહસેન-૧ તથા તેના પુત્ર ધરસેન-૧ અને પછીના મૈત્રક રાજાઓ વચ્ચેના સંઘર્ષને ધ્રુવસેન-૧નાં ત્રણેક દાનપત્રોમાં આવતી હકીકતથી જાણી શકાય છે. આ દાનપત્રોમાં અગાઉ અપાયેલાં દાનને અનુમોદન આપેલાં છે. તેમાં જણાવવા પ્રમાણે એ જમીન ઉપર દાન લેનાર વ્યક્તિની માલિકી તથા ભોગવટો પણ છે. તો તેમને ફરીથી શા માટે લખી આપવું પડયું? એ દાન મૈત્રકો પૂર્વેનું પણ માનવાની જરૂર નથી. એટલે ગુહસેન-૧ અથવા ધરસેન-૧ના આપેલા દાનને અનુમોદન છે તથા આ અનુમોદન દસ્તાવેજોની બદલી કરી આપવા જેવું જ છે. જો ભટાર્ક અથવા સેનાપતિ ધરસેને આ દાન આપ્યાં હોય તો આવા અનુમોદનની જરૂર જ નથી. દ્રોણસિંહ તો પ્રથમ પેઢીના રાજાઓ પછી લગભગ તરત જ આવે છે. અને તે આ કામ કરી શકયો નથી. સમય જતાં પ્રથમ પેઢી સાથેના આંતરિક સંઘર્ષના પરિણામે આ દસ્તાવેજો બદલવા જરૂરી લાગ્યા હશે તેથી આ અનુમોદનો અપાયાં છે.[૨૭] વળી આ અનુમોદનોમાં પૂર્વે કોણે દાન આપ્યાં હતાં તે જણાવેલ નથી. તેમાં પ્રથમ પેઢીના રાજાઓ તરફનો અણગમો પણ છતો થાય છે, જ્યારે

---

૨૭ ગુ. ઐ લે.-૧, (અ) લેખ નં. ૨૩. પૃ.૨૬-૨૭. 'વિષ્ણુશર્મણે...ભક્તભુજ્યમાના'-૫૦ પાદાવર્ત જમીન-'જેનો તે પહેલા ઉપભોગ કરતો હતો અને હાલ પણ ઉપભોગ કરે છે...પૂર્વના ઉપભોગ ભોગવટા માટે મેં અનુમોદન આપ્યું છે-પૂર્વાચાર સ્થિત્યાનુમોદે(દિ)તં' આ દાન વલભી સંવત ૨૧૦નું છે. (બ) લેખ નં. ૨૬. પૃ. ૩૪-૩૫. આક્રોલક ગામમાં ઉત્તર સીમા પર બાર પાદાવર્તના વિસ્તાર સહિત વાપી અને ૩૦ પાદાવર્તનું ખેતર ઉક્ત ગામના ઔપસ્વસ્તિ ગોત્રના વાજસનેયના શિષ્ય બ્રાહ્મણ સ્કન્દ જે પહેલા તે બન્નેનો ઉપભોગ કરતો અને હાલ પણ ઉપભોગ કરે છે-તેને અનુમોદન. સં. ૨૧૦. (ક) ગુ. ઐ. લે.૩. પુરવણીના લેખોમાં લેખ નં. ૨૬ અ, પૃ. ૯૩-૯૪. 'અ અને બ' પ્રમાણે જ અનુમોદન છે.

ધ્રુવસેન-૨જાએ આપેલા દાનના અનુમોદનમાં પૂર્વે દાન આપનાર મહારાજ દ્રોણસિંહનું નામ આપવામાં આવેલ છે.[૨૮] વળી દ્રોણસિંહે આપેલ દાન તો બંધ પણ પડી ગયું હતું તેથી ધ્રુવસેન બીજાને અનુમોદન આપવાનું રહે છે. ધ્રુવસેન પહેલાએ જે દાનનાં અનુમોદન આપ્યાં છે તે દાન બંધ પડ્યાં નથી, ચાલુ જ છે. પ્રથમ પેઢીના રાજાઓએ આપેલાં દાન ધાર્મિક રીતે બંધ ન કરી શકાતાં અનુમોદનો દ્વારા દસ્તાવેજોની બદલી જ છે. ધ્રુવસેન-૧એ આપેલાં બે અનુમોદનની સાલ પણ એક જ (સં. ૨૧૦) છે. ગુહસેન-૧, ધરસેન-૧ તથા ધ્રુવસેન-૧ વચ્ચેનો સમયગાળો પણ દ્રોણસિંહ તથા ધ્રુવસેન-૨ના સમયગાળા કરતાં ઓછો છે. આ બધી હકીકતો એમ માનવા પ્રેરે છે કે ધ્રુવસેન-૧એ આપેલાં દાનનાં અનુમોદનો તે દસ્તાવેજોની બદલી જ હતી, અને એનું કારણ પ્રથમ પેઢીના રાજાઓ સાથેનો આ બીજી પેઢીના રાજાઓનો સંઘર્ષ હતો. આની અસરો નાની નાની બાબતોમાં પણ જોવા મળે છે. ગુહસેન-ધરસેન-૧ (શરૂઆતના રાજાઓ હોવાથી) શક સંવત વાપરે છે તો બીજી પેઢી ગુપ્તસંવત અપનાવે છે. પ્રથમ પેઢીના રાજાઓના સીલના નંદીમાં પણ ફેરફાર થાય છે અને તેનું મોઢું જમણી બાજુથી ડાબી બાજુ કરી નાખવામાં આવે છે. આમ છતાં, સ્થાપક તથા પિતાના સંબંધોને લીધે લેખમાં તથા સીલમાં ભટાર્કનો ઉલ્લેખ જાળવી રાખવામાં આવ્યો છે. દ્રોણસિંહના રાજ્યાભિષેક કરનાર ગુપ્તરાજાને બદલે મને તો કોઈ સાધુ જ જણાય છે.[૨૯] લખાણમાં આવતા પરિવર્તનના કારણનું એક અંગ તે બદલાયેલા અધિકારીઓ છે.[૩૦]

ભટાર્કની એક પુત્રી બૌદ્ધસાધ્વી થઈ ગયાનો ઉલ્લેખ ધ્રુવસેન-૧ના દાનપત્રમાં આવે છે.[૩૧]

---

૨૮ ગુ. ઐ. લે. ૧, લેખ નં. ૬૭, પૃ ૧૫૯–૬૦.

૨૯ 'પરમસ્વામી'માંનું 'પરમ' વિશેષણ બૌદ્ધો સાથે જોડાયેલ જણાય છે. અહીં કદાચ 'પરમ'નો રૂઢ અર્થ અભિપ્રેત નથી. ગુહસેન–૨નું 'પરમોપાસક' તથા દુડ્ડાનું 'પરમોપાસિકા' વિશેષણો, 'બુદ્ધભટ્ટારક' જેવા શબ્દોને બૌદ્ધો સાથે સંબંધ જણાય છે. બૌદ્ધધર્મમાં 'પરમ' કંઈક વિશિષ્ટ અર્થમાં પ્રયોજાય છે. મહાયાનોની તાત્ત્વિક ચર્ચામાં 'પ્રજ્ઞાપારમિતા' પ્રજ્ઞા' પાછળ 'પરમ' માંથી 'પારમિતા' શબ્દ બન્યો છે. દ્રોણસિંહનો રાજ્યાભિષેક કરનાર જો બૌદ્ધ સાધુ ન હોય તો બ્રાહ્મણ, શૈવ કે જૈન–ગમે તે હોય પણ ગુપ્તમાંથી કોઈ રાજા તેનો અભિષેક કરીને તેને સ્વતંત્ર રાજા બનાવે તે માની શકાય નહીં. વલભીના રાજાઓએ આપેલા સિક્કાઓ પર પણ ગુપ્ત સિક્કાઓને બદલે ક્ષત્રપ રાજાઓના સિક્કાની અસર છે.

૩૦ સંઘર્ષને લીધે રાજાઓ બદલાય એટલે તેની સાથેના તેના અધિકારીઓ પણ બદલાય એ સ્વાભાવિક છે. (અ) ગુહસેન–ધરસેન–૧ના સાંધિવિગ્રાહિક–લેખકો જુદા છે તેમનો ગુજરાત સાથેનો સંબંધ જાણવા માટે આપણી પાસે ગુર્જરોનાં દાનપત્રો છે. (બ) વાકાટકોમાં પ્રભાદેવીએ આપેલ એક દાનનો મુસદ્દો પાટલીપુત્રથી આવેલા કોઈ અધિકારીએ બતાવ્યાની અને તેથી એ દાનપત્ર વાકાટકોના દાનપત્રોથી જુદી રીતનું બન્યાની ઘટના જાણીતી છે (ભારતીય જનકા ઇતિહાસ–અલ્તેકર, પૃ. ૧૦૮, પાદટીપ ૨) અલબત્ત ડૉ. ડી. સી. સરકાર આ મત સ્વીકારતા નથી. (Hist. and Cul. of Ind. Peop., Vol. III. પૃ. ૧૮૧, પાદટીપ ૧).

૩૧ ગુ. ઐ. લે. ૧, લેખ નં. ૨૮.

ધ્રુવસેન-૧ની બહેનની પુત્રીએ મઠ પણ બંધાવ્યો હતો.[૩૨] આ બહેન તથા બહેનની પુત્રી ઉંમરમાં મોટાં હોવાની સંભાવના છે. ખાસ કરીને ધ્રુવસેનની બહેનની ઉંમર તો ઘણી મોટી હશે. (આ રાજવંશી સ્ત્રીઓ ધર્મપ્રેમથી જ નહીં પણ કુટુમ્બમાં જાગેલા સંઘર્ષથી પણ સાધ્વીઓ બની ગઈ હોય). આ રીતે ભટાર્કને ઈ. સ. ૪૫૫ (આશરે) જેટલો વહેલો મૂકવાથી ધ્રુવસેન-૧ મોટી ઉંમરનો થવા છતાં લાંબા સમયગાળાનો સંદેહ ઉપસ્થિત થતો નથી.[૩૩]

ગારુલકો સાથેના સંબંધની તપાસ[૩૪]—ગારુલક રાજાઓ મૈત્રકોના ખંડિયા કે સામન્તો હતા એમ કહેવાય છે. તેમનાં મળેલાં બે દાનપત્રોના આધારે મહાસામન્ત વરાહદાસ બીજો ધ્રુવસેન પહેલાનો સમકાલીન હતો અને તેનો પુત્ર સિંહાદિત્ય ધરસેન બીજા (હવે ત્રીજો ગણવો જોઈએ)નો સમકાલીન હતો. પ્રથમ દૃષ્ટિએ જ નવાઈ પમાડે તેવું તો એ છે કે મૈત્રકોના ચાર રાજાઓ બદલાયા ત્યારે સામન્તોમાં પિતા-પુત્ર ચાલુ રહે છે. મહાસામન્ત વરાહદાસ બીજાના મોટાભાઈ, પિતા તથા દાદાના ઉલ્લેખો આપણને મળે છે. પિતા-પુત્રની સ્થિરતા જોયા પછી મહારાજા શૂરને ભટાર્કનો જ સમકાલીન ગણવો જોઈએ. ગુહસેનના એક દાનપત્રમાં[૩૫] 'રાજસ્થાનીય શૂરાય પ્રસાદીકૃત ભટાર્કવિહાર' એવા શબ્દો આવે છે. શ્રી કે. કા. શાસ્ત્રીના અભિપ્રાય પ્રમાણે ભટાર્કના ચાર પુત્રોમાંથી કોઈએ ભટાર્કવિહાર કરાવ્યો અને તેમાંથી એકે શૂરને ભેટ આપ્યો.[૩૬] કયા પુત્રે કરાવ્યો અને કોણે ભેટ આપ્યો તથા શાથી ભેટ આપ્યો તેની માહિતી નથી. ચાર પુત્રોમાંથી એક આવો વિહાર બંધાવે અને નવો ને નવો ભેટ શા માટે આપી દે એ સમજાતું નથી. 'રાજસ્થાનીય' એ અધિકારી કયો હતો તેની સ્પષ્ટતા થઈ શકી નથી. પણ ભિન્ન ભિન્ન તામ્રશાસનોના અભ્યાસને આધારે એમ જણાય છે કે એ હોદ્દો ઊંચા પ્રકારનો છે, તથા મોટે ભાગે દાન આપનાર વ્યક્તિ પોતાના સામન્તોને માટે 'રાજસ્થાનીય' શબ્દ વાપરે છે. (અલબત્ત, આવું હમેશાં નથી બનતું). આ નિરીક્ષણને આધારે એમ કહી શકાય કે ભટાર્કવિહારની ભેટ આપવામાં આવી ત્યારે ભેટ (આપનાર તથા) લેનાર (સંભવતઃ બન્ને) સામન્ત

---

૩૨ એ જ, લેખ નં. ૨૭

૩૩ ભટાર્કને આશરે ઈ. સ. ૪૭૦માં મૂકીને ધરપટ્ટની છેલ્લી તારીખ રૂઢમત પ્રમાણે અનુમાને ઈ. સ. ૫૫૩ મૂકીને પિતા-પુત્ર વચ્ચે આપણે ૮૩ વર્ષ જેવો લાંબો ગાળો તો મૂકેલ જ છે! મારી સ્થાપના પ્રમાણે એ ગાળો લગભગ ૯૦ વર્ષ થાય છે. ધ્રુવસેન-૧ના દાનની છેલ્લી તારીખ ઈ. સ. ૫૪૫ છે. ધ્રુવસેનનું એ દાન વર્ષના આરંભમાં તથા મારી પાસેના ગુહસેન-૧ના દાનને વર્ષના છેલ્લા દિવસોમાં આપ્યાનું તથા શક સંવત, વલભી સંવત અને ઈ. સ.ને મેળવવામાં બે-ત્રણ વર્ષનો તફાવત પડતો હોય એમ બને. તો મારો સૂચવેલ ગાળો ૮૭ વર્ષ જેવો થઈ જાય. એટલે સર્વસ્વીકૃત ગાળામાં પાંચેક વર્ષનો વધારો થાય છે જેમાં રાજ્યકર્તાઓ એટલા જ-પાંચ-રહે છે.

૩૪ 'અતીતના ઓવારેથી'-શ્રી કે. કા. શાસ્ત્રી, પૃ. ૬૭-૬૯. તથા ગુ. ઐ. લે. ૩. પરચુરણ-લેખોમાં ગારુલક રાજાઓનાં બે દાનપત્રો, લેખ નં. ૨૨૯, ૨૩૦, પૃ. ૯, ૧૦ અને પુરવણીના લેખમાં લેખ નં. ૨૨૯, પૃ. ૨૨૦

૩૫ ગુ. ઐ. લે.-૧., પૃ. ૬૦. પં.૬-૭.

૩૬ 'અતીતના ઓવારેથી', પૃ. ૬૮.

(કે મહાસામન્ત) હતા. શૂર બીજાનાં બિરુદોમાં જે ફેરફાર દેખાય છે[૩૭] તે પરિસ્થિતિને લીધે હતાં કે સાચાં (બિરુદો) હતાં તે હું કહી શકતો નથી.

આ ગારુલકોના પ્રથમ ' મહારાજા શૂર ' વિશે થોડો વિચાર કરવાની જરૂર છે. અગાઉ જણાવ્યા પ્રમાણે વરાહદાસ બીજો ધ્રુવસેન-૧નો સમકાલીન હોય અને તેનો પુત્ર સિંહાદિત્ય ધરસેન (રૂઢ મત પ્રમાણે બીજા)નો સમકાલીન હોય તો વરાહદાસ અને મહારાજા શૂર વચ્ચે બે રાજાઓ આવતા હોવાથી શૂર-૧ને ભટાર્કનો સમકાલીન ગણવામાં બાધ નથી આવતો. હવે મઝાનું તો એ છે કે મૈત્રકોની બીજી પેઢીના બધા જ રાજાઓનાં તામ્રશાસનોમાં ભટાર્ક માટે ' સેનાપતિ ' બિરુદ જ છે, જ્યારે ગારુલકો સામન્ત હોવા છતાં એના સ્થાપકને ' મહારાજા ' કહે છે. (ગુપ્તના સમયમાં સૌરાષ્ટ્રમાં સ્વતંત્ર રાજાઓ હોવાનો એક પુરાવો પણ આનાથી ઊભો થાય છે તે તો વધારામાં.) ગુહસેન-રજાના દાનમાં આવતા ભટાર્કવિહારની વાત કરીએ તો એમ જણાય છે કે પ્રથમ પેઢીના કોઈ રાજાએ આ વિહાર બંધાવ્યો અને બીજી પેઢીના કોઈ રાજાએ શૂર-રજાને ભેટમાં આપ્યો. એમાં સંમતિ પણ છે. બનતાં સુધી ' રાજસ્થાનીય ' હોદ્દાને લીધે અને સમયગાળાને લીધે એ મહારાજા શૂર-૧ ન હોઈ શકે. તેમ પ્રથમ પેઢી સાથેના ઘર્ષણ તથા અણગમાને કારણે કોઈ પ્રસંગે એ ગારુલક સામન્ત શૂર-રજાને આપી દેવાયો હોય તે વધુ સંભવિત છે.

ગારુલકોની રાજધાની ' ફંકપ્રસ્રવણ ' ઓળખી શકાઈ નથી પણ ગારુલકો સૌરાષ્ટ્રમાં રાજ્ય કરતા હતા એમ મનાયું છે. મૈત્રકો સાથે તેમના સંબંધો કેવા હશે તે જાણી શકાતું નથી. એ પણ એક પ્રશ્ન છે કે ગિરિનગરમાંથી ગુપ્તોને કોણે હાંકી કાઢ્યા હશે : ગારુલકોએ કે મૈત્રકોએ ? ગમે તે હો; ગુપ્તસામ્રાજ્યના પતન અને મૈત્રકોના ઉદયકાળના સૌરાષ્ટ્રના ઇતિહાસ માટે ગારુલક રાજાઓનાં બે દાનપત્રો મહત્ત્વનાં છે અને ખાસ કરીને મૈત્રક રાજાઓની મેં ઉપર સૂચવેલી નવી વંશાવળી સમજવા માટે એ ઐતિહાસિક પુરાવાઓ રજૂ કરે છે.

સંવત તથા લિપિ : ધરસેન બીજાના બનાવટી ગણાતા પતરામાં શકસંવતનો થયેલ ઉપયોગ એની બનાવટનું એક કારણ મનાયું છે.[૩૮] વલભી રાજાઓનાં તામ્રપત્રોમાં ગુપ્ત કે વલભી સંવત વપરાયો છે અને આમાં શક સંવત વપરાયેલ છે એનું કારણ એ શરૂઆતનાં દાનપત્રો છે તે છે. ક્ષત્રપો તથા દક્ષિણ ભારતના રાજાઓ અને જૈનોમાં[૩૯] શક સંવતનો ઉપયોગ પ્રચલિત હતો.

---

૩૭ મહારાજા વરાહદાસ બીજા શૂરને ' **મહારાજા** શૂર ' (પૃ. ૨૨૨, પં. ૮) લખે છે જ્યારે સિંહાદિત્યના પતરામાં તેને ' **સામન્ત** મહારાજા ભટ્ટિશૂર ' (પૃ. ૧૧, પં. ૯) લખેલ છે. સિંહાદિત્યે શૂર માટે વાપરેલ ' સામન્ત ' બિરુદનું કારણ તેની પરાધિનતા પણ હોઈ શકે. એક સામન્ત પોતાના વડીલ માટે મહારાજા કેમ લખી શકે તેવી વિચારણા તેની પાછળ કામ કરતી હોય. વરાહદાસ બીજાના વખતમાં શૂરને મહારાજા ગણવામાં વાંધો ન પણ હોય. કદાચ એ સાચે જ મહારાજા હોય અને પાછળથી પરાજિત થઈને સામન્ત બન્યો હોય.

૩૮ ગુ. ઐ. લે.-૧, લેખ નં. ૫૦ તથા ઈ. એ. વૉ. ૧૦, પૃ. ૨૭૭.

૩૯ (अ) મુનિશ્રી જિનવિજયજીએ જેસલમેરની એક વિશેષાવશ્યકભાષ્યની પ્રતિને અંતે પ્રાપ્ત થતી બે ગાથાઓ નોંધી છે તેમાંની પહેલી નીચે પ્રમાણે છે :

અગાઉ જણાવ્યા પ્રમાણે શરૂઆતના મૈત્રકો ત્રૈકૂટકરાજા દહ્રસેન-વ્યાઘ્રસેનના સમકાલીન હતા અને તેમણે ઘણું કરીને ગુજરાતના દક્ષિણના પ્રદેશો ઉપર સત્તા જમાવી હતી, આથી તેમનો લેખક ગુજરાત, દક્ષિણ તથા ક્ષત્રપોની મિશ્ર અસર નીચે હોય એમ બને. સંવતની બાબતમાં લેખનો મુસદ્દો કરનાર વધારે ભાગ ભજવે. શરૂઆતના રાજવીઓ આ બાબતમાં કોઈ ચોક્કસ નીતિ ન ઘડી શકયા હોય એમ પણ બને. એક વાર મુસદ્દો ઘડાય તેને પછીના રાજવીઓ સ્વીકારીને ચાલ્યા કરતા જણાય છે. એટલે એક વંશનાં તામ્રપત્રો કે દાનશાસનોની એ વંશપૂરતી વિશિષ્ટતા ઊભી થાય. મૈત્રકોમાં શરૂઆતના સંઘર્ષે આ પદ્ધતિ રૂઢ ન થવા દીધી. પાછળની પેઢીમાં ધ્રુવસેન-૧થી અપનાવવામાં આવેલ પદ્ધતિ અંત સુધી ચાલી. આમ છતાં, એક જ વંશના રાજાઓએ ભિન્ન-ભિન્ન સંવતો વાપર્યાનાં ઉદાહરણો આપણને સુલભ છે.[૪૦]

ગુહસેન-૧ના દાનપત્રમાં સંવત અંકોમાં પણ આપવામાં આવેલ છે અને તે નવી શૈલીમાં લખાયેલ છે. આપણે એમ કહેવું જોઈએ કે દાનપત્રોમાં પણ નવી શૈલીમાં અંકો લખવાની પદ્ધતિ આ દાનપત્ર જેટલી જૂની છે. (ખરેખર તે આ અંકો નવી-જૂની શૈલીના સેતુનું કામ કરતા જણાય છે. એમાં નવી તથા જૂની બન્ને શૈલીના અંશો જળવાયા છે.) નવી શૈલીમાં અંકો લખવાની પદ્ધતિ ઈ. સ.ની પાંચમી શતાબ્દીના અંતમાં અને તે પૂર્વે પણ પ્રસિદ્ધ હતી એની ઉદાહરણો સહિત વિગતવાર લંબાણચર્ચા રા. બ. શ્રી ઓઝાએ કરી હોવાથી જિજ્ઞાસુઓને જોઈ લેવા વિનંતી.[૪૧] દાનશાસનમાં પણ નવી શૈલીમાં લખાયેલ સંવત ૩૪૬ આપણને મળે છે.[૪૨] સંવત

પંચ સત્તા ઇગતીસા **સગણિવકાલસ્સ** વટ્ટમાણસ્સ ।
તો ચેત પુણ્ણિમાએ બુધ દિણ સાતિમિ ણકખત્તે ॥

(શક સંવત ૫૩૧ (વર્તમાન) ચૈત્ર પૂર્ણિમા બુધવાર સ્વાતિનક્ષત્રમાં...)

(ब) જૈનલેખોમાં શરૂઆતથી શક સંવતનો ઉપયોગ જોવા મળે છે. જુઓ જૈનશિલાલેખસંગ્રહ (૧ થી ૫)—બીજા ભાગમાં મર્કરાનો લેખ (લેખ નં. ૯૫)તો શક સંવત્ ૩૮૮નો છે.

(क) ભરુચ તથા વલભી વચ્ચેના સંબંધો જૈનોમાં જોવા મળે છે. વલભીના જિનભદ્રસૂરિનું નામ અકોટામાંથી મળેલ જૈનમૂર્તિઓ ઉપર લખેલ છે. આ મૂર્તિઓનો સમય ઇ. સ. ૫૫૦–૬૦૦નો મનાયો છે. 'પ્રભાવક ચરિત'માં વલભીના મલ્લવાદીએ ભરુચના બૌદ્ધ સાધુને જાહેરમાં હરાવ્યાની કથા છે—અલબત્ત આ કથા ઘણા મોડા સમયની છે, પણ ભરુચ-વલભી વચ્ચેના સંબંધો આ અગાઉ પણ ઘણાં વર્ષોથી જળવાયા હશે એમ માની શકાય.

૪૦ ચાલુક્યોમાં શ્રયાશ્રયના નવસારી તથા સુરતનાં દાન અને જયાશ્રયમંગલના નાનાભાઈ અવનિજનાશ્રય પુલકેશીરાજનાં નવસારીનાં દાનશાસનોમાં ચેદી સંવત વપરાયેલ છે, જ્યારે જયાશ્રય મંગલરાજના વલસાડના પતરામાં શક સંવત વપરાયેલ છે. (ગુ. ઐ. લે-૧માં ચાલુક્યોનાં દાનપત્રોમાં પૃ. ૯ ઉપર જુઓ.)

૪૧ પ્રાચીન લિપિમાલા—રા. બ. પં. ગૌ. હી. ઓઝા, પૃ. ૧૧૫-૧૧૬.

૪૨ ગુ. ઐ. લે. ૨, લેખ નં. ૧, શ્રી મિરાશીએ આ દાનપત્ર બનાવટી સાબિત કરેલ છે. (જુઓ : CII, Vol. IV, Part II, Inscriptions of the Kalchuri-Chedi Era, પૃ. ૧૬૦-૧૬૫) પણ શ્રી ડી. સી. સરકારના મતે એ દાનપત્ર બનાવટી જણાતું નથી. (જુઓ : The Hist. and Cul. of Indian People, Vol. III, પૃ. ૧૯૭. પાદટીપ-૧ની નોંધ : The Plate does not appear to be spurious as suggested by Mirashi.)

શબ્દોમાં તથા અંકોમાં લખવાનો રિવાજ ઘણો જૂનો છે અને તે શકક્ષત્રપો તથા બીજા રાજાઓનાં દાનપત્રોમાં જોવા મળે છે.[૪૩]

એ દાનપત્રની લિપિ ગુર્જરી મનાઈ છે[૪૪] પણ એ સ્વભાવિક છે. મારી સ્થાપના પ્રમાણે એમનું રાજ્ય ગુજરાતના દક્ષિણ ભાગમાં હતું. તેથી લખનાર ગુજરાતની અસરથી બાકાત ન હોય. આમ છતાં આ તામ્રપત્રની લિપિ જૂની છે અને વિશિષ્ટ પ્રકારની છે. દદ્દ-બીજાના દાન-શાસન સાથે એનું મળતાપણું છે એમ કહેવાયું છે પણ એમ તો ક્ષત્રપોની લિપિમાંથી એ વિકસેલી તથા ગુપ્તલિપિ સાથે પણ મળતી આવે છે. મારી પાસેના તામ્રપત્રની લિપિ, ધરસેન–રના કહેવાતા બનાવટી પતરા ઉપરાંત મેં રુદ્રદામાના ખડકલેખ,[૪૫] સ્કંદગુપ્તના જૂનાગઢના લેખ,[૪૬] દદ્દ-રજાના દાનશાસન,[૪૭] ત્રૈકૂટકોનાં દાનશાસન,[૪૮] તથા બીજાં અનેક દાનશાસનોની લિપિ સાથે સરખાવી જોયા પછી, 'પ્રાચીન લિપિમાલા'[૪૯], લિપિવિકાસ અંગે એક અપ્રસિદ્ધ મહાનિબંધના[૫૦] આધારે તથા મારા ભાષાવિજ્ઞાન અને લિપિવિષયક અધ્યયનની મદદથી પાંચમી સદીના મધ્યની આસ-પાસની માની છે. આ લિપિને વધુ અર્વાચીન માની શકાય તેમ નથી, કારણ કે તેમાં વપરાયેલા અમુક વ્યંજનો તો ઈ.સ.ની ત્રીજી-ચોથી શતબ્દી પછી એ પ્રકારના વિશિષ્ટ મરોડમાં લખાતા જ બંધ થઈ ગયા હતા. લંબાણના ભયથી હું લિપિવિષયક ઉદાહરણો આપીને વિગતવાર ચર્ચા કરતો નથી.

પ્રાચીન સૌરાષ્ટ્રનો સંબંધ રાજ્યકર્તાઓની દષ્ટિએ ઉત્તરની તુલનાએ દક્ષિણ ભારત સાથે વધુ રહ્યો જણાય છે. દક્ષિણમાંથી રાજ્યકર્તાઓ સૌરાષ્ટ્રમાં પ્રવેશતા રહ્યા છે.[૫૧] આનું કારણ ઉત્તર ભારતના રાજ્યકર્તાઓની નજર સિંધમાર્ગે પ્રવેશતાં પરદેશી આક્રમણો સામે રહેતી. આ આક્રમકોનાં અમુક ટોળાં સૌરાષ્ટ્રમાં પણ સીધાં પ્રવેશી જતાં.[૫૨] શૈવધર્મને પણ દક્ષિણ ભારત

---

૪૩ ક્ષત્રપ રુદ્રસિંહના સમયના ગુંદામાંના લેખમાં શક સંવત ૧૦૩ શબ્દોમાં તથા આંકડામાં લખેલ છે, (ગુ. ઐ. લે.–૧, પૃ. ૧૨-૧૩)—જે લગભગ ઈ. સ. ૧૮૧નો ગણાય. રણગ્રહના દાનશાસન (ગુ. ઐ. લે. ૨) તથા અન્ય લેખોમાં પણ સંવત અંકોમાં તથા શબ્દોમાં લખેલ જોઈ શકાય છે.

૪૪ ગુ. ઐ. લે.–૧, લેખ નં. ૫૦.

૪૫ Archaeological Survey of Western India. Report on the Antiquities of Kathiawad and Kuchh: James Burgess: પૃ. ૧૨૮ સામે રુદ્રદામાના મૂળ લેખની છાપ આપી છે.

૪૬ એ જ, પૃ. ૧૩૪ સામે.

૪૭ શ્રી મિરાશીના નોંધેલા ગ્રંથમાં.

૪૮ એ જ.

૪૯ લેખક રા. બ. પં. ગૌ. હી. ઓઝા.

૫૦ ડૉ. હરિપ્રસાદભાઈ શાસ્ત્રીના માર્ગદર્શન નીચે તૈયાર થયેલ ડૉ. પરીખનો મહાનિબંધ. આ ગ્રંથનો ઉપયોગ કરવા માટે હું ડૉ. હરિપ્રસાદભાઈ શાસ્ત્રી તથા ભો. જે. અધ્યયન-સંશોધનભવનના ગ્રંથાલયનો અત્યંત ઋણી છું.

૫૧ છેક રુદ્રદામાના સમયમાં (ઈ.સ. ૧૫૦ના લેખમાં) જૂનાગઢનો સૂબો પલ્લવ હતો.

૫૨ કાલિકાચાર્યની કથામાં પરદેશી ટોળાંઓ પહેલાં સૌરાષ્ટ્રમાં પેઠાનું લખેલ છે. (સારાભાઈ નવાબ-સંપાદિત કાલકાચાર્યકથાના આધારે).

સાથે વધુ સંબંધ છે. વળી ત્રૈકૂટકોના દહ્રસેન–વ્યાઘ્રસેન જેવાં નામો સાથે મૈત્રકોના ધ્રુવસેન, ધરસેન–ગુહસેન જેવાં નામોમાં સામ્ય છે. મૈત્રકોનો સંબંધ આમ દક્ષિણ સાથે જોડાય છે અને મેં અગાઉ જણાવ્યું છે તેમ તેમને શરૂઆતમાં રાજ્ય તો ખરેખર ક્યાંક દક્ષિણમાં જ જમાવ્યું છે. ધરસેનના બનાવટી પતરામાં એવા ગામનું દાન આપવામાં આવેલ છે જેની પશ્ચિમ બાજુએ સમુદ્ર છે. ગુજરાત–સૌરાષ્ટ્રમાં આવું ગામ કાં તો ઓખાથી ઊના સુધીના સૌરાષ્ટ્રના કિનારે હોય (કદાચ જામનગર કે ધોલેરા પાસે ક્યાંક સમુદ્ર હોય તેનો ઉલ્લેખ હોય) અથવા જંબુસરથી માંડીને દક્ષિણ ગુજરાતના કિનારે હોય. આમાં બીજી શક્યતા જ વધુ છે, કારણ કે તે ગામ 'કાંતારગ્રામશોડષ'માં આવેલું છે અને તે અત્યારનું સૂરત પાસે આવેલ કતારગામ છે[૫૩]. ધરસેનના એક બીજી પતરામાં જણાવેલ ગામો તથા નદીને પણ દક્ષિણની સાથે જ સબંધ છે.[૫૪] મારી પાસેના ગુહસેનના પતરામ જણાવેલ 'ઉત્પલહેટ્ટક' એ ઠાસરા પાસેનું ઉપલેટ હોવાની સંભાવના છે[૫૫]. પરંતુ દક્ષિણમાં પણ એક 'ઉપ્પલહત્થક' (ઉપલાટ) મળે છે.[૫૬] મારી પાસે આવેલ પતરાનું સ્થળાંતર પણ થયું હોવાનું સંભવે.[૫૭] 'ખૈરાવલક'માંથી 'ખેરડા' કે એવું ગામ વ્યુત્પન થઈ શકે[૫૮]. પણ ધ્વનિપરિવર્તનના નિયમો ગામનાં નામોમાં આવતા ધ્વનિના પરિવર્તનોને વૈજ્ઞાનિક રીતે લાગતા નથી. તેમાં યે આવાં દાનપત્રોમાં લખવામાં આવતાં ગામનાં મૂળ પ્રાકૃત નામોનું કદાચ સંસ્કૃતીકરણ કરી લેવામાં આવતું. સમયના લાંબા ગાળામાં કેટલાંક ગામોનું કાં તો સ્થળાંતર થઈ ચૂક્યું હોય છે અથવા તો નાશ પામ્યાં હોય છે. તેથી લેખોમાં જણાવેલાં ગામોમાંથી કેટલાંક ગામો શોધી શકાતાં નથી પણ એમનું અસ્તિત્વ ચોક્કસ હતું.

(૫)

દાન લેનારા કર્મકાંડી ધર્મચુસ્ત બ્રાહ્મણો બનાવટ કરે તે માનવું વધુ પડતું છે. આખા ગામનું દાન લેવાનું હોય ત્યારે રાજા અથવા તેના અધિકારીઓ પૂરતા પુરાવાઓની તપાસ કરે જ. ત્રાંબાના એકલા પતરાને આધારે એ ગામ તેમના પૂર્વજોને દાનમાં મળ્યું હતું એમ માની ન જ લે. સંયોગિક પુરાવાઓની તપાસ કરે જ. દાનશાસનમાં ઉપયોગમાં લીધેલા સંવતનું સાતત્ય તો

---

૫૩ Studies in the Historical and Cultural Geography and Ethnography of Gujarat—Dr. H. D. Sankalia, પૃ. ૨૭ તથા પૃ. ૧૭૦.

૫૪ ડૉ. વીરજીના Ancient History of Saurashtra, પૃ. ૨૮૨.

૫૫ નકશામાં ગુજરાત : (યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ! ગુજરાત રાજ્ય) ખેડા જિલ્લો-ઠાસરા તાલુકો, પૃ. ૧૦ ઉપર, ગામ ક્રમાંક ૭ તથા નકશામાં નં. ૯૮, 'અસલોણક'માંથી 'સલૂણ' વ્યુત્પન્ન થઈ શકે. તે પણ ઠાસરા તાલુકામાં છે. ક્રમાંક ૮૫ તથા નકશામાં નં. ૬. (આ સલૂણ નડિયાદ પાસેના સલૂણથી જુદું છે.)

૫૬ અમોઘવર્ષ ૧લાના સંજાનના તામ્રપત્ર : ગુ. ઐ. લે. ૨, લેખ નં. ૧૩૦, પૃ. ૯૬ તથા ૧૦૩.

૫૭ સૂરવંશના હરિરાજ તથા કામરૂપના વૈદ્યદેવનાં આપેલાં દાનોના પતરાનાં સ્થળાંતરો નોંધાવેલાં છે, વિશેષ માટે જુઓ : JUPHS XVIII, પૃ. ૧૯૭ તથા The Hist. of Cult. and Ind. People, Vol. III, પૃ. ૧૯૩.

૫૮ ખેડા જિલ્લાના આણંદ તાલુકામાં મહી નદીના કિનારે ખેરડા ગામ છે. જુઓ : નકશામાં ગુજરાતના ઉક્ત જિલ્લા-તાલુકામાં ગામ નં. ૧૫, નકશામાં નં. ૫૫.

હોય જ: તેની ગણતરી ન કરી શકે અથવા રાજાના પૂર્વજોથી અજાણ રહીને, આવા બનાવટી દાનને પકડીને બનાવટને દંડી ન નાખનારા રાજા કે તેના અધિકારીઓ 'ભોટ જેવા' હતા તેમ માનવાની જરૂર નથી. ઊલટું તે સમયના લોકો બુદ્ધિમાન અને હોંશિયાર હતા અને ગણિત તથા ખગોળ વગેરે વિદ્યાઓમાં પારંગત હતા તે આપણે જાણીએ છીએ. રાજાઓના દરબારમાં તો આવા અનેક વિદ્વાનો રહેતા એટલે ત્યાં કોઈ બનાવટી પતરાં ટકી જ શકે નહીં.

શ્રી આચાર્યના અભિપ્રાય પ્રમાણે ધરસેન બીજાનું પતરું એ ઉમેટાના શાસનની નકલ છે.[૫૯] તો હવે મને મળેલા ગુહસેનના પતરા વિશે શું કહેવું? એમની ભાષા વાપરવી હોય તો હવે એમ કહેવું જોઈએ કે, 'ઉમેટાનું શાસન ગુહસેનના પતરાની નકલ છે.'—ખરેખર આવું નથી. હકીકતમાં પાસે પાસે આવેલા પ્રદેશોમાં થયેલ આ સંસ્કૃતિવિનિમય છે. ગુહસેનના પતરાનો લેખક માધવ છે અને ધરસેનના પતરાનો લેખક માધવનો પુત્ર રેવ છે. પિતા-પુત્રની પેઢી ચાલે છે. તે જ રીતે ઉમેટા તથા ઈલાવના શકસંવતવાળાં શાસનનોને વ્યાજબી રીતે સમજી ન શકાયાં હોવાથી તેને બનાવટી ગણાવી દેવામાં આવ્યાનું મને લાગે છે.[૬૦] શ્રી આચાર્યના લખાણમાં ક્યારેક પરસ્પર વિરોધ જણાય છે. નીચેનાં અવતરણો ઉપરથી આની ખાતરી થશે:

(अ) 'વલભી રાજાએ આપેલા કહેવાતા એક દાનમાં ગુર્જર લિપિ તથા શક સંવતનો થયેલો ઉપયોગ, તેના બીજા અને મુખ્ય ભાગનું ઉમેટાના ગુર્જરશાસન સાથે નિકટનું મળતાપણું, તથા વલભી રાજાઓની વંશાવળીમાં દેખાતી ભૂલ, વગેરે બાબતોને આધારે મી. ભાઉ દાજીએ તથા મેં આ પતરાને બનાવટી હોવાનું જાહેર કરેલ છે.'[૬૧]

(ब) 'મારો અભિપ્રાય એવો છે કે ઉમેટા અને ઈલાઓનાં દાનપત્રો બનાવટી છે, અને તે ધરસેન રાજાનું દાનપત્ર બનાવી કાઢનારે જ તૈયાર કર્યાં છે. કદાચ તેણે દદ્દ ૨ જાનું એક ખરું દાનપત્ર જે ખેડા, નવસારી અને કાવીના અનિર્દિષ્ટ સંવતવાળું હશે તે મેળવ્યું હશે અને ત્યાર બાદ સંવત ન જાણવાથી તેણે અનુમાન કરીને શકસંવત દાખલ કરી દીધો'.[૬૨]

(क) ઉમેટાના દાનશાસનમાં શક ૪૦૦ વૈશાખ પૂર્ણિમા છે ..ઈલાઓના દાનપત્ર ઉપરથી આપણે જાણીએ છીએ કે દદ્દ રાજાએ શકસંવત્ ૪૧૭ સુધી રાજ્ય કર્યું હતું...ઉમેટાનું પતરું બરોબર ૧૪૦૦ વર્ષ જૂનું છે, એ વિશે મને જરા પણ શંકા નથી.[૬૩]

(ड) ...દાનપત્રના લેખક અધિકારી માધવ ભટ્ટનું નામ કંઈક ઉપયોગી છે, કારણ કે ઈલાઓના દાનપત્રનો લેખક માધવનો પુત્ર રેવ હતો. આપણા પતરામાં માધવનું નામ આવે છે, એ તેના ખરાપણાની મજબૂત સાબિતિ છે. ઉમેટાનું દાનશાસન બહુ ઉપયોગી છે...[૬૪]

---

૫૯ ગુ. ઐ. લે. ૨, પૃ. ૨૬.

૬૦ આ બાબતની હું જુદા લેખમાં ચર્ચા કરવા માગું છું.

૬૧ ગુ. ઐ. લે.-૧, લેખ નં. ૫૦, પૃ. ૧૦૬.

૬૨ ગુ. ઐ. લે.-૨. પૃ. ૪૦, ૪૧.

૬૩ એ જ પૃ. ૨૫.

૬૪ એ જ પૃ. ૨૬.

આ વિધાનોમાં પરસ્પર વિરોધ ઉપરાંત એ પણ જોઈ શકાય છે કે લેખક પોતે જ એક વખત એક દાનપત્રને બનાવટી ગણવાનું કહીને તેના 'ખરાપણા'ની 'મજબૂત સાબિતી' આપે છે. તેમને એ પતરાની પ્રાચીનતા વિશે 'જરા પણ શંકા નથી'. હું એમ માનું છું કે પૂરતા પુરાવાઓના અભાવને લીધે જેને આપણે 'બનાવટી તામ્રપત્ર' ગણ્યાં તે આપણને સમજાયાં નથી.

આ દાનપત્ર અંગે બીજી કેટલીક નાની નાની વિગતો નીચે પ્રમાણે છે:

(૧) દાનમાં આપેલા ગામની ચારે બાજુની સીમા બતાવવાની પદ્ધતિ વલભીનાં શરૂઆતનાં તામ્રપત્રોમાં નથી, પાછળથી દાખલ થાય છે. વલભીમાં બીજી પેઢીના રાજાઓએ આખાં ગામો દાનમાં આપવાની તુલનાએ જમીનો, વાવ ઇત્યાદિ વધુ દાનમાં આપ્યાં છે. ત્યાં ચારે બાજુની સીમા બતાવેલી છે. લખાણની બાબતમાં દેખાતી આ વિશિષ્ટતા અંગે ઝીણવટભરી ચોકસાઈ રાખ્યા–ન રાખ્યાનું મુસદ્દો બનાવનાર તથા અધિકારીઓ ઉપર આધારિત છે. એટલે દોષ મુસદ્દો બનાવનારનો અથવા તે તે દેશની પદ્ધતિનો કે રાજાની નીતિનો છે. આ તામ્રપત્રોમાં આવેલા લેખક પછીથી વલભીના તામ્રશાસનોમાં જોવા મળતા નથી. પણ તેમણે વધુ ચોક્કસ અને સ્પષ્ટ માહિતી આપી છે: અને એ ચોકસાઈ એની સત્યતા પૂરવાર કરે છે, બનાવટ નહીં. બનાવટમાં તો અસ્પષ્ટતા તથા ગુંચવાડા જ વધુ સારા ગણાય. ધ્રુવસેન બીજાના નોગાવાના પતરામાં[૬૫] દાનમાં આપેલ ગામની ચારે દિશાઓ આપીને 'એવમેતચ્ચતુરાઘાટનવિશુદ્ધ' શબ્દો લખવા જ પડ્યા છે, કારણ એ ગામ કાઠિયાવાડનું નથી, એટલે એ દેશની પદ્ધતિ અપનાવવી પડી છે. તેથી ગુહસેન-ધરસેન-૧ના પતરામાં દાનમાં આપેલાં ગામ દક્ષિણ ગુજરાતનાં છે એ માન્યતાને ટેકો મળે છે, અને તેમનું રાજ્ય પણ દક્ષિણ ગુજરાતમાં હોવાની સાબિતી તેનાથી ઊભી કરી શકાય.

(૨) ગુહસેન-૧ના વિશેષણમાં 'સાગરમેખલાય ભુવ:' શબ્દો એના રાજ્યની નિકટના સાગરનું સૂચન કરે છે અને ત્યાં સુધીનો પ્રદેશ તેણે કબજે કર્યો હશે. કદાચ તેમની પાસે નૌકાદળ સારું હતું. ફરીથી વપરાયેલ 'રત્નાકર' શબ્દ અને ધરસેનના વર્ણનમાંના 'ચતુરાંભોધિવેલા-મેખલાય' શબ્દો નોંધવા જોઈએ.

(૩) વલભીનાં બધાં જ દાનપત્રોના સીલમાં 'શ્રી ભટક્ક' શબ્દો છે. ગુહસેન-ધરસેન-૧નાં પતરાંઓમાં ભટાર્ક 'સેનાપતિ' ન કહેતાં 'શ્રી ભટાર્ક' જ કહેલ છે. એ એના ખરાપણાની સાબિતી છે. પોતે મહારાજા હોવાથી પોતાના વડીલ તથા રાજ્યસ્થાપકને છાજે તેવું એ ગણાય. બીજી બાજુ, 'સામન્ત દદ્દ'નાં દાનપત્રોના સીલમાં 'સામન્ત દદ્દ' અક્ષરો જોવા મળે છે. વલભીના બીજી પેઢીના રાજાઓએ સીલમાં શાથી 'સેનાપતિ ભટાર્ક' એવા શબ્દો ન મૂક્યા ?

(૪) મારી પાસેના તામ્રપત્રની ભાષા ઘણી શુદ્ધ છે. આમ છતાં સંસ્કૃતલેખનમાં યે મહારાષ્ટ્રી પ્રાકૃતની અસર નીચે ઉષ્માક્ષરો લખવામાં લેખકની ભૂલ થઈ ગઈ છે, અને ઘણી બધી જગ્યાએ દન્ત્યને બદલે તાલવ્ય શ લખાઈ ગયો છે. શૈલી કાવ્યમય છે. વાદળાં, વર્ષા વગેરેના ઉલ્લેખો છે, અલંકારો પણ છે. ગુહસેન પોતે વિદ્વાનો વચ્ચે માનસરોવરના રાજહંસ જેવો, સંસ્કૃત, પ્રાકૃત તથા અપભ્રંશ—એ ત્રણ ભાષાનું પાલન કરનાર તથા ત્રણે ભાષામાં પ્રબન્ધરચના

---

૬૫ ગુ. ઐ. લે. ૧, લેખ નં. ૬૮, પૃ. ૧૬૭.

કરવામાં નિપુણ કહેવાયો છે. તેની તથા તેના પુત્રની સભામાં વિદ્વાનો તથા કવિઓને યશ તથા લક્ષ્મી મળતાં હશે, અને પરિણામે ભટ્ટિ જેવા કવિઓ આકર્ષાયા હશે. આમ ગુહસેન-૧ તથા ધરસેન-૧નાં જે ગુણ તથા ચરિત્ર અહીં વર્ણવાયાં છે તે ગુહસેન-૨ તથા ધરસેન(મારા મતે)-૩ કરતાં જુદાં છે. લેખકની બદલીને લીધે આમ થયું નથી પણ તે રાજાઓ પણ જુદા જ છે.

(૫) આ દાનપત્રો ઉપર રાષ્ટ્રકૂટ રાજાઓના દાનની કોઈ અસર નથી. રાષ્ટ્રકૂટ વંશના કોઈ એક ગુર્જરરાજના દાનપત્ર સાથે સરખામણી કરવાથી ઘણી બધી ભિન્નતાઓ સહેલાઈથી મળી આવશે અને આ વાત સહેલાઇથી સમજી શકાશે. પરંપરાથી ચાલ્યા આવતા કોઈ આકસ્મિક સામ્યને જોઈને રાષ્ટ્રકૂટોની આ પતરા પર અસર ઠોકી બેસાડી તેને બનાવટી સાબિત કરી દેવાના પ્રયત્ન કરતાં પહેલાં સ્ત્યશોધનનો પ્રયત્ન થવો જોઈએ.

(૬) ધરસેનને દુશ્મનનાં ત્રણ શહેરોને બાળી નાખનારો કહ્યો છે. આ ત્રણ શહેરો વાકાટકો, ગુપ્તો, ગારુલકો અથવા બીજા કોઈ નાના રાજાનાં હોઈ શકે.

(૭) વલભીના મૈત્રકો પ્રારંભમાં ગુજરાતમાં—બનતા સુધી દક્ષિણ કિનારે—રાજ્ય કરતા હતા. વંશની કે ઉત્પત્તિની દૃષ્ટિએ નહીં પણ રાજ્યપ્રાપ્તિની દૃષ્ટિએ તેમને, ગુપ્તો સાથે નહીં પણ ત્રૈકૂટક રાજાઓ સાથે સંબંધ જણાય છે. ત્રૈકૂટકો સાથેના તેમના સંબંધો મિત્રના હતા કે પ્રતિસ્પધીં જેવા હતા તે જાણી શકાતું નથી.

(૮) વલભી જીત્યા પછી મૈત્રકોએ તેને પોતાની રાજધાનીનું શહેર બનાવ્યું. અલબત્ત, તે વખતે સૌરાષ્ટ્રમાં વલભીની આજુબાજુનો ખૂબ નાનો પ્રદેશ તેમના કબજામાં હોવા સંભવ છે. તેથી દાનમાં તેમણે પોતાના કબજાના ગુજરાત પ્રદેશમાંથી ગામો કે જમીન આપ્યાં છે. ગુપ્તો નબળા પડતાં તેમણે ધીમે ધીમે સૌરાષ્ટ્રનો મોટા ભાગનો પ્રદેશ કબજે કરી લીધો.

આ બન્ને દાનશાસનો વિશે આ સિવાય પણ અનેક પ્રમાણો, તે સમયના ઇતિહાસમાં તપાસતાં હું એવા નિર્ણય ઉપર આવું છું કે મૈત્રકોમાં ભટાર્ક પછી પ્રથમ પેઢીમાં ગુહસેન અને તેનો પુત્ર ધરસેન ગાદીપતિ હતા. પછીથી ભટાર્કના બીજા પુત્રો ગાદીએ બેઠા હતા. નામોની બાબતમાં આ વંશમાં કંઈ તકલીફ પડતી નથી, કારણ એક જ નામવાળા અનેક રાજાઓ આ વંશમાં થયા છે. (દા.ત. ધ્રુવસેન, ધરસેન અને શિલાદિત્ય).

મારો પ્રયત્ન સત્ય શોધવા માટેનો છે. કોઈ ગ્રંથિ કે પૂર્વગ્રહથી મેં આ નિરીક્ષણ કરેલ નથી. ગામડામાં રહેવામાં મને સાધનોનો જે અભાવ સાલ્યો છે તે માટે દુઃખ વ્યક્ત કરવા સિવાય હું બીજું કશું કરી શકું તેમ નથી. પ્રાપ્ત સાધનોને આધારે મારી શક્તિ અનુસારના મારા આ નિરીક્ષણને હું ગુજરાતના વિદ્વાનો તથા તદ્વિદોને ચરણે સાદર ધરું છું. મારી ક્ષતિઓને તેઓ દરગુજર કરશે તેવી આશા છે.

લિપ્યંતર

પતરું-૧

१ ओं स्वस्ति श्री वलभितः सकलपृथ्वीपालमौलिमालपरिचुंबितचरणारविन्दो निजभुजस्तं-
भो धृतविश्व

२ विश्वंभरभारः परममाहेश्वरो निजभुजबलनिहतसकलरिपुकुलललनलोचनकम[लविनिस्सृत]

३ वारिधारोपशांतकोपानलः कलिकालकलाङ्काङ्कितलोकपापनिर्णाशनचतुरतरशुभचरितः श्री भट्टार्कस्त

४ स्य सुनुराखंडल इवाखन्डितविक्रमः पृथुरिव पृथुतरयशोवितानविमलीकृतशकलदिगन्ताश्चतुः साग

५ रमेखलायभुवः पालैतासंस्कृतप्राकृतापभ्रंशभाषात्रयप्रतिबद्धप्रबन्धरचनानिपुणतरांतकर

६ णो विपश्चित्समाजमानसराजहंसः शमरशिरोविदारितरातिकरिघटाकुंभस्थलपक्षरितरुधिर-धार(नि)

७ कुरुम्बकालशाध्यायितविश्वांतरलः करिराज इव शदादानार्द्रिकृतकरो हीमाचल इवांतशरलोति

८ तुंगश्च रत्नाकर इव बहुशत्वाश्रयोतिगांभिरश्च शिशिरेतरकिरण इव निजपादच्छायाक्रांतमहा

९ महिधरचक्रवालः महाराजाधिराजपरमेश्वरपरमभट्टारकः श्री गुहसेनदेव कुशली

१० शर्व्वानव राष्ट्रपतिविषयपतिग्रामकूटयुक्तनियुक्तकाधिकमहत्तरादींत्समाज्ञापयति अ

११ स्तु वो विदितं यथामयमातापित्रोरात्मनश्चैवामुष्मिकपुण्ययशो(भिप्रा)प्त्यार्थं करहाड-विनिर्ग्गत

१२ चातुर्विद्यसामाण्यवाच्छसगोत्रबहूवृचस(ब्रह्मचारि)भट्टनगरधिस्तस्य सुत भट्ट

१३ कृष्णचतुर्व्वेदाय बलिचरुवैश्वदेवाग्निहोत्रपंचमहायज्ञादिक्रियोत्सर्प्पणार्थं

પતરું-૨

१४ उत्पलहेट्टक श(ड्पंचाश ?)कान्तर्गतखैरावलकग्रामो तस्य चाघाटनानि पूर्व्वतः असलोण

१५ कग्रामः दक्षिणतः बबुलापद्रकग्रामः पश्चिमतः ऐद्भ्रलक(?)ग्रामः उतरतः बोरिपद्रकग्रामः

१६ एवं चतुराघाटनविशुद्धो ग्रामः सोद्रंगसपरिकरसधाण्यहिरण्यादेयशोत्पद्यमानवेष्ठिक-समस्तराज

१७ कियान अप्रवेश्यमा चद्रार्क्कर्ण्णवक्षितिसरीत्पर्व्वतसमानकालीनपुत्रपौत्रन्वयक्रमोपभोग्य-पूर्व्वं प्रदत्त

१८ देवब्रह्मदायवर्ज्जं अभ्यंतरशीध्यः शकनृपकालातीतसंवत्सर शतत्रयंतधीकेषु अशीति-अंकतोपि ३८०

१९ वै[शाखि पौर्णमाशी शोमग्रहे उदकादिसर्ग्गेण प्रतिपादितः यतोऽस्योचितया ब्रह्मदायस्थित्या कृषतः कर्षय

२० तो भुंजतो भोजयतः न केनचीत्परिपांथ न कर्त्तव्या बुहुभिर्व्वशुधाभूक्तराजभिसगरादीभिः यस्य यस्य

२१ ......भूमिस्तस्य तस्य तदा फलं यश्च ज्ञानतिमिरवृत्तमतिराच्छींद्यादच्छिद्यमानमनुमोदेता वस(पं)

२२ चभिर्म्महापातकैरुपपातकैश्च शंयुक्तः स्यादिति उक्तं च भगवता वेदव्यासेन व्यासेन षष्टिं वर्षस

२३ हस्राणि स्वर्गे तिष्ठति भूमिद अः च्छेता चानुमंत च तांनेव नरके वसेत्ः यनीह दतानि पुरा नरेण [दाना

२४ नि धर्म्मार्थं यषस्कराणि निर्भूक्तमाल्यप्रतिमानितानि को नाम साधु पुनराददित स्वदत्तां परदत्तां वा यत्ना

२५ द्रक्ष नराधिपः महीं महीमतां श्रेष्ठ दानाच्छ्रेयोनुपालनं लिखितं संधिविग्रहाधीकृतेन [इसप

२६ सूतेन माधवेण स्वहस्तोयं ममः श्रीगुहसेनदेवास्य ॥।

(સારરૂપ ભાષાંતર)

ॐ સ્વસ્તિ શ્રી વલભીથી, સકલ પૃથ્વીના રાજાઓના મુગટથી જેના ચરણકમળ ચુંબિત થતા, જે થાંભલા જેવા પોતાના હાથથી સમસ્ત પૃથ્વીનો ભાર ધારણ કરતો, પોતાના હાથે હણેલા સકલ શત્રુકૂળની સ્ત્રીઓના નયનકમળમાંથી નીકળેલી અશ્રુધારાઓથી જેનો કોપરૂપી અગ્નિ શાન્ત થયો હતો, કલિકાલથી કલંકિત જગતનાં પાપોને હણવા માટે જેનો સદાચાર અત્યંત શક્તિમાન હતો તેવો શુભચરિતવાળો પરમમહેશ્વરભક્ત શ્રી ભટાર્ક (હતો). તેનો પુત્ર ઇન્દ્રની સમાન અખંડિત પરાક્રમવાળો તથા પૃથ્વીની માફક પૃથુતર યશના વિતાનથી ચારે દિશાઓને તથા બધી બાજુના સાગર જેની મેખલાસમાન છે તેવી પૃથ્વીને વિમલ કરનાર, સંસ્કૃત, પ્રાકૃત તથા અપભ્રંશ એ ત્રણે ભાષાનું પાલન કરનાર તથા એ ત્રણે ભાષાઓમાં કાવ્યરચના કરવામાં પણ નિપુણ અને માનસરોવરમાં જેમ રાજહંસ શોભે તેમ વિદ્વાનોના સમાજમાં અલંકારરૂપ, યુદ્ધમાં અગ્રે, દુશ્મનોના હાથીઓના સૈન્યના કુંભમાંથી વહેતા સંધ્યાકાળ સમા લાલ રુધિરની અનેક ધારાઓથી પૃથ્વીના બધા દેશોમાં વિજય કરનાર, બધા અંતર્ભાગોનો વિજય કરનાર, દાન આપવા માટે હંમેશાં પાણીથી ભિંજાયેલ હાથવાળો હોવાથી મદઝર સૂંઢવાળા કવિરાજ જેવો અતિ સરળ તથા અતિ તુંગ હોઈને હિમાલય સરખો. ખૂબ સત્ત્વાશ્રય (સત્ત્વને આશ્રય આપનાર) અને ખૂબ ગંભીર હોવાથી બહુ સત્ત્વાશ્રય (સત્ત્વ-પ્રાણીઓને આશ્રય આપનાર) તથા અતિ ગંભીર સાગર (રત્નાકર) સમાન, જેની પાદછાયા ઘણા મહાન મહીધરો (રાજાઓ) ઉપર પડતી હોવાથી અતિ મહાન

પં-૧ ओं ચિહ્નથી બતાવેલ છે. वलभी, પં-૨ ललना, પં-3 कलङ्काङ्कित, भटार्कः, પં-૪ सकल, પં-૬ समर, विदारिताराति, प्रक्षालित, धारा, પં-૭ सदा, दानार्द्रीं, इवातिसरलो, પં-૮ सत्वाश्रयोऽतिगंभीरश्च પં-૯ महीधर, देवः, પં-૧૦ सर्वानेव, महत्तरादीन् समाज्ञापयति, ११ मया, प्राप्त्यर्थं, પં-૧૬ सोद्रङ्गः,सपरिकरः, सोत्पद्यमान-विष्टिकः, પં-૧૭ कियानमप्रवेश्य,-चंद्रा-पौत्रावन्य, प्रदत्तः, પં-૧૮ वज्र्जमभ्यंतरसीध्यः, પં-૧૯ पौर्णमास्यां सोमकूषतः, પં-૨૦ बहुभिर्वसुधा, मुक्त, राजभिः (આ પંક્તિમાં ધરસેનથી જુદું પડે છે અને શબ્દો જૂના છે. આ શબ્દો દ્દહ્સેનમાં છે.) પં-૨૩ भूमिदः आच्छेता, वसेत्, दत्तानि, પં-૨૪ निर्मुक्त, પં-૨૬ सुतेन माधवेन, मम,-देवस्य. (વિસર્ગથી વિસર્ગ ઉપરાંત બીજું પણ કંઈક સૂચવાય છે. પં-૨૧માં यश्चમાંનો 'य' વિશિષ્ટ છે.)

મહીધરો (પર્વતો) ઉપર પડતી કિરણોની પ્રભા(पादच्छाया)વાળા સૂર્ય સમાન મહારાજાધિરાજ, પરમેશ્વર, પરમભટ્ટારકશ્રી ગુહસેન દેવ હતો.

તે કુશળ છે અને પોતાના સર્વ રાષ્ટ્રપતિ, વિષયપતિ, ગ્રામકૂટ, યુકત, નિયુક્ત, મહત્તર, આદિને આજ્ઞા આપે છે કે,

તમને જાહેર થાઓ કે મારા માતા-પિતા, મારા પોતાના પરલોકના પુણ્ય માટે તથા યશની પ્રાપ્તિ માટે કરહાડથી આવેલા, તે નગરના ચતુર્વેદીમધ્યેના વાચ્છસગોત્રના બહ્વૃચસબ્રહ્મચારી ભટ્ટના નગરમાં રહેતા પુત્ર કૃષ્ણચતુર્વેદીને બલિ, ચરુ, વૈશ્વદેવ, અગ્નિહોત્ર પંચમહાયજ્ઞાદિ કાર્યના ઉત્સર્પણ માટે ઉત્પલહેટ્ટકમાં આવેલ ઐરાવલક ગામ આપેલ છે. તેની પૂર્વમાં અસલોણક ગામ, દક્ષિણમાં બળુલાપદ્રક ગામ, પશ્ચિમમાં ઐદ્દ્રલક (?) ગામ તથા ઉત્તરમાં બોરિપદ્રક ગામ આવેલાં છે. આમ તેની ચારે બાજુની સીમાઓ વિશુદ્ધ છે. આં ગ્રામ રાજપુરુષોની દખલથી મુક્ત, પુત્ર-પૌત્ર વગેરેના ઉપભોગ માટે, અન્ન તથા સુવર્ણની આવક સહિત, વેઠસહિત, દેવ તથા બ્રાહ્મણોને આ પૂર્વે તે ગામમાં આપેલ દાન વર્જીને, ચંદ્ર, સૂરજ, સાગર, પૃથ્વી, નદીઓ અને પર્વતોના અસ્તિત્વકાળ સુધી, પાણીની અંજલિ ભરીને શક સંવત ૩૮૦ના વૈશાખ માસની પૂર્ણિમાના દિવસે ચંદ્રગ્રહણ વખતે દાનમાં આપ્યું છે. બ્રહ્મદેવના નિયમ પ્રમાણે આ ગામની જમીન ખેડે, ખેડાવે, ઉપભોગ કરે કે કરાવે બીજાઓથી ઉપભોગ કરાવે ત્યારે કોઈએ દખલ કરવી નહીં. (પરંપરા પ્રમાણેના દાનના મહીમાના શ્લોકો છે.)

સંધિવિગ્રહાધિકારી ઇસપના પુત્ર માધવે લખ્યું. આ મારા શ્રી ગુહસેનદેવના સ્વહસ્ત (છે).

'મદનમુકુટ'ની સંપૂર્ણ હસ્તપ્રતની ઉપલબ્ધિ

અગરચંદ નાહટા

પ્રાકૃત સાહિત્ય ઘણું વિશાળ છે. પ્રાયઃ સર્વ વિષયોની રચનાઓ એમાં મળે છે. 'મદનમુકુટ' નામે ('મયણમઉડ') કામશાસ્ત્રવિષયક રચનાની એક અપૂર્ણ હસ્તપ્રત બીકાનેરની અનૂપ સંસ્કૃત લાયબ્રેરીમાં આશરે ૪૦ વર્ષ પહેલાં મેં જોઈ હતી અને તેને આધારે એ ગ્રન્થનો સંક્ષિપ્ત પરિચય 'ભારતીયવિદ્યા' વર્ષ ૨, અંક ૨(માર્ચ ૧૯૪૨)માં મેં આપ્યો હતો. થોડાક સમય પહેલાં અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામન્દિરમાંથી આ ગ્રન્થની ૧૦ પત્રની સંપૂર્ણ હસ્તપ્રત મને મળી છે, જેની નકલ અમારા ગ્રન્થાલય માટે મેં કરાવી લીધી છે. તાજેતરમાં ભટનેરથી આ ગ્રન્થની બીજી એક સંપૂર્ણ અને પ્રાચીન પ્રત મને મળી છે. કામશાસ્ત્ર વિશેની પ્રાકૃત ભાષાની આ એક માત્ર ઉપલબ્ધ રચના હોઈ તેનો સંક્ષિપ્ત પરિચય અહીં આપું છું.

અનૂપ સંસ્કૃત લાયબ્રેરીની પ્રતિ નં. ૩૮૧૨માં આ ગ્રન્થ માત્ર ૮૧ ગાથા સુધી જ મળ્યો હતો. એમાં ત્રીજો પરિચ્છેદ પણ અધૂરો રહી જાય છે. પરન્તુ ગ્રન્થના પ્રારંભમાં કર્તાએ પોતાનું નામ અને સ્થાન આપ્યાં છે. સિન્ધુ નદીના તીરે આવેલા માણિકમહાપુરના ગોસલ નામના બ્રાહ્મણે આ રચના કરી છે. અગાઉ મને લાગ્યું કે આ ગ્રન્થની પૂરી પ્રતિ મળે એટલે કવિનો વિશેષ પરિચય આપી શકાય તથા કૃતિનો રચનાકાળ જાણી શકાય. પરન્તુ એ બની શકયું નથી, કેમ કે કૃતિને અંતે કર્તાએ પ્રશસ્તિ આપી નથી તેમ જ બીજી પણ કોઈ માહિતી આપી નથી.

અગાઉ મળેલી અપૂર્ણ પ્રતિમાં ત્રીજા પરિચ્છેદની ૩૦મી ગાથા સુધીનો જ પાઠ હતો. આથી કૃતિના કુલ કેટલા પરિચ્છેદ હશે એ જાણી શકાયું નહોતું. હમણાં મળેલી સંપૂર્ણ પ્રતિઓ ઉપરથી જણાય છે કે 'મદનમુકુટ' કુલ ૭ પરિચ્છેદોમાં સમાપ્ત થાય છે.

પહેલા પરિચ્છેદમાં પદ્મિની, ચિત્રિણી, શંખિની અને હસ્તિની એ ચાર પ્રકારની સ્ત્રીઓનું વર્ણન ૨૭ ગાથાઓમાં છે. બીજા પરિચ્છેદમાં ચંદ્રકલા તથા શશ, વૃષભ અને તુરગ નામે ત્રણ પ્રકારના પુરુષોનું વર્ણન ૨૧ ગાથાઓમાં છે. ત્રીજા પરિચ્છેદમાં પ્રકૃતિત્રય, પ્રકૃતિવિચાર, રાગરક્તા, બાહ્યોપચાર, આલિંગન, ચુંબન, નખક્ષત આદિનું વર્ણન ૫૬ ગાથાઓમાં છે. ચોથા પરિચ્છેદમાં નાડિકા, હસ્તમુદ્રા, અને સુરતસંબંધી વર્ણન ૨૨ ગાથાઓમાં છે. પાંચમા પરિચ્છેદમાં વર્ણ, વિધિ, ભાર્યાધિકાર, વિરહદશા, દૂતિકાવિવરણ ૨૧ ગાથાઓમાં છે. છઠ્ઠા પરિચ્છેદમાં લિંગ-લેપ, લિંગવૃદ્ધિ, અભ્યંગસ્નાન, રોમનાશન, ગર્ભધારણ, રક્તસ્ત્રવવારણ, સુખપ્રસવ, ગંધહરણ વગેરે વિષયોનું વિવરણ ૨૮ ગાથાઓમાં છે. અંતિમ ગાથા નીચે પ્રમાણે છે :

> **णासेवि मदणेणविसिहिण जुवं हवइ ठायायणवि**
> **घण कठिय पीण तुंग सत्रदिणाभिंतरे पूर्ण ॥ २८ ॥**
> **इय मयण मोड डे छः परिच्छेद संपूर्ण ॥ श्री ॥**

અમદાવાદની પ્રતિની લેખનપ્રશસ્તિ નીચે પ્રમાણે છે :

संवत् १५६९ वर्षे पोष सुदि ए दिने मयरिउ श्री पद्मरत्नसूरिशिष्यस्तु माणिकसुंदर लिखतं ॥ शुभ भवतु । कल्याणमस्तु ॥ श्री ॥

આ પ્રતિનો નંબર ૪૫૯૩ છે અને પત્રસંખ્યા ૧૦ છે. દરેક પત્રમાં ૧૦ પંક્તિઓ તથા પ્રત્યેક પંક્તિમાં ૪૦ અક્ષર છે. એમાંના કેટલાક પાઠો ત્રુટિત અને અશુદ્ધ જેવા છે, જેને મારી પાસેની બીજી પ્રતિની મદદથી શુદ્ધ કરી શકાય તેમ છે.

સંસ્કૃતમાં કામશાસ્ત્રના મહત્ત્વના ગ્રન્થો અનેક છે, પણ પ્રાકૃતભાષામાં આ એક માત્ર રચના અત્યાર સુધીમાં મળી છે. પ્રાકૃતમાં ઘણી રચનાઓ જૈનોની છે, પણ 'મદનમુકુટ' સિંધુદેશ-વાસી બ્રાહ્મણની રચના હોઈ નોંધપાત્ર છે,

પંજાબ અને સિન્ધનું મોટા ભાગનું સંસ્કૃત-પ્રાકૃત સાહિત્ય મુસ્લિમ આક્રમણોના સમયમાં નાશ પામી ગયું હતું. 'મદનમુકુટ'ની રચના સિન્ધમાં થયેલી છે એ બતાવે છે કે પ્રાકૃત સાહિત્ય-રચનાની ત્યાં પણ એક પરંપરા હતી.

નવલખા મંદિરનાં સ્તંભશીર્ષ

દિનકર પી. મહેતા

ગુજરાતના ભવ્ય પ્રાચીન વારસાનું દર્શન કરાવતાં, કળાના નમૂના જેવા સ્થાપત્યકીય સ્મારકો ગુજરાતમાં ઠેરઠેર વિખરાયેલા પડચા છે. કોઈ કોઈ કાળની થપાટો સામે ઝૂકી પડ્યા છે તો કોઈ કાળના બળ સામે હજુ જેમના તેમ ઝઝૂમી રહ્યા છે. એવું જ એક સ્મારક છેલ્લા ૮૦૦ વર્ષથી પ્રાચીન ભવ્ય પરંપરાને જાળવતું, જામનગર જિલ્લાના ભાણવડ તાલુકાના, ભાણવડથી ૫ કિલોમીટર દૂર બરડા ડુંગરની તળેટીમાં રમ્ય નિસર્ગશ્રી વચ્ચે ઊભું છે. મંદિરના મંડપનો અર્ધો ભાગ નષ્ટ થઈ ગયો છે. કાળે કરીને ઓછો, માનવબળે વધારે (ચિત્ર નં. ૧ જુઓ આ અંકના પાછલા પૂઠા ઉપરનું ચિત્ર).

આ મંદિરના બંધાવનાર કે તત્સંબંધી સીધો કે આડકતરો નિર્દેશ કરતાં કોઈ આભિલેખિક પુરાવા મળ્યા નથી. પરંતુ ઈ. સ.ની ૧૦મી શતાબ્દીમાં જેઠવાઓએ ઘુમલીની ગાદી મેળવી તે વંશના સમયમાં આ મંદિર બંધાયું હોવાની શકયતા છે.[1] પ્રસિદ્ધ પુરાતત્ત્વવેત્તા શ્રી ડૉ. સાંકળિયા, મંદિરના શેષ અવશેષ પરથી આ મંદિર ઈ. સ. ૧૨મી કે ૧૩મી શતાબ્દીનું નિર્માણ હોવાનું માને છે.[2] જો કે શ્રી બર્જેસ આ મંદિર ૧૧મી શતાબ્દીનો ઉત્તરાર્ધ અથવા ૧૨મી શતાબ્દીનો પૂર્વાર્ધ માને છે.[3] કારણ કે તેના સ્તંભશીર્ષના પ્રકાર ૧૧મી શતાબ્દીના શરૂઆતના ચાલુકય પ્રકાર કરતાં જુદાં છે. સોમનાથ કરતાં આ મંદિર પ્રાચીન હોવાની સંભાવના શ્રી કઝીન્સ સ્વિકારે છે.[4] શ્રી પર્સીબ્રાઉન તેને ૧૧મી સદીમાં મૂકે છે.[5] શ્રી એસ. કે. સરસ્વતી પણ આ મંદિરનો નિર્માણ-કાળ ૧૧મી સદીનો હોવાનું માને છે પણ શ્રી એમ. એ. ઢાકીએ મંદિરનો શૈલીની દૃષ્ટિએ અભ્યાસ કરી, આ મંદિર ૧૨મી શતાબ્દીના અંતની સોલંકી સમયની શૈલીનું હોવાનો અભિપ્રાય રજૂ કર્યો છે.[6] પરંતુ મંદિરના નિર્માણનું સમયાંકન કરવાનો આ લેખનો હેતુ ન હોઈ, તેના વાસ્તવાંગ પર જ અહીં લક્ષ્ય કેંદ્રિત કર્યું છે.

નવલખા મંદિરના બધા જ ભાગો એક અનુભવી સ્થપતિના બુદ્ધિકૌશલ્યને છતું કરે છે. તેની ઊંચી જગતી, જગતીના ગોખમાં દિશાના દેવ, જગતી પર આસનપટ્ટ અને કક્ષાસન (જેનો બહુ જ થોડો ભાગ અવશિષ્ટ રહ્યો છે), અને પગથિયાં ચઢતાં જ તોરણ (તોરણ તો ઘણા સમય

---

1 Archaeology of Gujarat, page 101

2 Ibid.

3 Antiquities of Kathiavad and Kutch, page 181

4 Somnatha and other mediaeval temples in Kathiavad, page 36

5 Indian Architecture, page 45

6 Journal of the Madhya Pradesh Itihāsa Parisad, No. 3, 1961, page 65

પહેલાં નષ્ટ થઈ ગયું છે. હાલમાં તેની સુંદર પીઠ જ મોજુદ છે.) મંડપમાં દાખલ થવા માટે ત્રણ દ્વાર, ગર્ભગૃહની દીવાલ પરનાં ભગ્ન શિલ્પો, મંડોવરના ઉત્તમ કલાના નમૂના જેવાં શિલ્પો વગેરેથી શોભતું આ મંદિર જ્યારે તેના મૂળ સ્વરૂપમાં હશે ત્યારે કેવું લાગતું હશે તેનો માત્ર આભાસ જ આપે છે.

મંદિરના અન્ય ભાગો તો સુંદર છે જ પરંતુ આ મંદિરમાં ધ્યાન ખેંચે તેવી બાબત સ્તંભોના શીર્ષફલક છે જે શ્રી બર્જેસના સૂક્ષ્માવલોકનની બહાર ગયા નથી. આ શીર્ષફલકના ૧૭ વિવિધ જાતના વૃન્તદલ હોવાનું તેમણે તેમના પુસ્તકમાં નોંધ્યું છે અને ચિત્રો પણ આપ્યા છે.[7]

સ્તંભ કેવા કરવા, કેટલી જાડાઈ રાખવી વગેરેના ઉલ્લેખો પ્રાચીન ભારતીય વાસ્તુ-શાસ્ત્રમાંથી પણ મળી આવે છે.[૮] સ્તંભનું મુખ્ય કાર્ય ઇમારતના ઉપરી ભાગને ટેકો આપવાનું હોય છે. શરૂઆતમાં સ્તંભ સાદા, રૂપકામહીન, ચોરસ થતા. પરંતુ માનવીની કલાદષ્ટિએ શક્ય તેને કલાનું માધ્યમ બનાવ્યું છે તેમ સ્તંભને પણ કલાપૂર્ણ બનાવ્યા છે. સ્તંભના સામાન્ય ચાર ભાગ પડી જાય છેઃ નીચેનો ભાગ જેને પીઠ, બેસણી અથવા કુંભી કહે છે, મધ્યનો ભાગ જેને સ્તંભ કહે છે અને ઉપરના ભાગને ભરણી કહે છે. તે પર હોય છે તે શરૂ (ચિત્ર નં. ૧૦). ધુમલીમાં આ શરૂ અને તેની સાથે થતા વૃન્તદલ(Bracket)માં કલાકારે પોતાની કળા બતાવી છે.

નવલખા મંદિર એક માળનું છે. આ મંદિરમાં નીચેના ભાગે કુલ ૬૪ સ્તંભ છે. ૨૦ પડી ગયા છે. ૪૪ અસ્તિત્વમાં છે. કુલ ૬૪માંથી ૨૨ સ્વતંત્ર સ્તંભ છે અને ૪૨ દીવાલ સાથે જડેલા અર્ધસ્તંભ છે. સ્વતંત્ર ૨૨માંથી ૭ સ્તંભ પડી ગયા છે અને ૧૫ ઊભા છે. દીવાલ સાથે જડેલા ૪૨ અર્ધસ્તંભમાંથી ૧૩ પડી ગયા છે અને ૨૯ ઊભા છે.

શીર્ષફલકનું વિવેચન કરીએ ત્યારે સમજવામાં સુગમતા પડે માટે તલમાનમાં ક્રમ આપેલા છે (ચિત્ર નં. ૯).

સ્તંભ નં. ૧ પડી ગયેલ છે.

---

7 Antiquities of Kathiavad and Kutch, age 181

૮ चतुरस्राश्च रुचका भद्रजा भद्रसंयुताः ।
प्रतिरथा वर्धमानाः षडंशकेन षडस्रकाः ॥ ७ ॥
अष्टांशेन भवेत्कर्णा अष्टकर्णास्तु स्वस्तिकाः ।
पंचविधोक्ताः स्तंभाश्च कार्याः प्रासादभूषिताः ॥ ८ ॥

—' दीपार्णव ', पान क्रम १३३

અપરાજિત સૂત્રમાં (૧૮૪) પણ સ્તંભોની રચના પ્રમાણે નામ આપવામાં આવેલ છે જે ઉપર પ્રમાણે જ છે.

મત્સ્યપુરાણના ૨૫૫મા અધ્યાયમાં (૧) રૂચક (ચોરસ), (૨) વજ્ર, (અષ્ટાંશ), (૩) દ્વિવજ્રક (સોળાંશ), (૪) પ્રલીનક (બત્રીસ અંશ), (૫) વૃત્ત (ગોળ) નામ આપવામાં આવેલ છે.



(ચિત્ર ૧૦) નવલખા મન્દિરના મંડપનો સ્તંભ



સ્વા ૮ (ચિત્ર ૯) નવલખા મન્દિરનું તલમાન અને સ્તંભનો ક્રમ

સ્તંભ નં. ૨ : આ સ્તંભમાં છતને ટેકવવા માટે ચાર વૃન્તદલ કરવામાં આવેલ છે. તેમાંથી ત્રણમાં તો અનેક જગ્યાએ જોવા મળતી કીચક અને કીર્તિમુખની આકૃતિઓ કોરવામાં આવી છે. જ્યારે દક્ષિણ તરફના વૃન્તદલમાં વિશિષ્ટ આકૃતિ કોતરવામાં આવી છે. ત્યાં બે વરાહ સામસામા જાણે આખડતાં હોય તેમ એકબીજાની વિરૂદ્ધ દિશામાં દોડે છે. મુખ ખુલ્લા છે અને જોશભેર દોડવાને કારણે હાંફતા હોય તેમ જીભ મુખની બહાર દેખાય છે. વરાહની આ આકૃતિ કુશલ શિલ્પીની હથોટી વ્યક્ત કરે છે (ચિત્ર નં. ૨). બાકી પૂર્વના વૃન્તદલમાં ચાર હાથવાળો કીચક અને પશ્ચિમ તથા ઉત્તરના વૃન્તદલમાં કીર્તિમુખ કરવામાં આવ્યા છે. ઉત્તર તરફનું કીર્તિમુખ વિકૃત થઈ ગયેલ છે. આ કીર્તિમુખને નુકસાન થયેલ હોઈ તે કીર્તિમુખ જ હશે તેમ ચોક્કસપણે કહી શકાય તેમ નથી.

સ્તંભ નં. ૩ : આ સ્તંભના ચારેય વૃન્તદલમાં એકસરખી આકૃતિવાળા, મોટી ફાંદ-વાળા અને ચહેરા પર આનંદનો ભાવ વ્યક્ત કરતાં કીચકો છે. 'આ વજન તે કંઈ વજન છે! આથી પણ વિશેષ ભાર ઉપાડવાની અમે ક્ષમતા ધરાવીએ છીએ.' તેવો ભાવ તેમના ચહેરા પર વ્યકત થાય છે. ચાર હાથ છે અને પગ પાછળ વાળેલા છે. બે હાથથી છતને ટેકવી છે અને બીજા બે હાથ ગોઠણ પર ટેકવેલા છે. ચારે હાથે રૂદ્રાક્ષની માળા છે તેમ જ ગળામાં પણ માળા લટકે છે (ચિત્ર નં. ૩).

સ્તંભ નં. ૪ : ચાર વૃન્તદલ છે. પૂર્વમાં કીચક છે. પરંતુ આ આકૃતિમાં શરીર મનુષ્યનું છે અને સામાન્ય નિયમ પ્રમાણે મનુષ્યનું જ મુખ હોવું જોઈએ તેને બદલે કોઈ પ્રાણીનું મુખ છે. તેનો અર્ધો ભાગ નષ્ટ થઈ ગયેલ હોઈ પ્રાણીના મુખને ઓળખી શકાય તેમ નથી. તે સિવાયના બધાં અંગો અન્ય કીચક જેવાં જ છે. દક્ષિણ તેમ જ પશ્ચિમમાં કીચક છે જ, પરંતુ તેનું શિલ્પાંકન સ્તંભ નં. ૩ના કીચકો કરતાં વધારે સારું છે. ઉત્તર તરફ કીર્તિમુખ છે.

સ્તંભ નં. ૫ : ચાર વૃન્તદલ છે. પૂર્વમાં મનુષ્ય મુખ છે. કાનમાં મોટાં કુંડળ છે. ચહેરો સ્ત્રીનો છે કે પુરુષનો તે પહેલી નજરે કહી શકાય તેટલું સ્પષ્ટ નથી પરંતુ શૈલી પરથી જણાય છે કે તે ચહેરો સ્ત્રીનો હોઈ શકે. પશ્ચિમમાં કોતરવામાં આવેલી આકૃતિ નષ્ટ થઈ ગઈ છે. ઉત્તર તરફના વૃન્તદલમાં વિકૃત પથ્થર નિકળવાને કારણે શિલ્પકારને કામ અધૂરું છોડી દેવું પડયું છે. દક્ષિણમાં ખૂબ જ સુંદર રીતે કોતરાયેલ કીર્તિમુખ છે.

સ્તંભ નં. ૬ : આકૃતિઓમાં કંઈ ખાસ વિશેષતા નથી. ચાર વૃન્તદલ છે. પૂર્વ તેમ જ દક્ષિણમાં કીર્તિમુખ છે. પૂર્વનું કીર્તિમુખ ખૂબ જ સુંદર અને કંઈ પણ નુકસાન વિનાનું છે. ઉત્તર અને પશ્ચિમમાં કીચકની આકૃતિ કંડારેલી છે.

સ્તંભ નં. ૭ : સ્તંભમાં ચાર વૃન્તદલ છે. ઉત્તર તેમ જ પૂર્વમાં કીચક છે. દક્ષિણમાં કીર્તિમુખ છે. પરંતુ પશ્ચિમના તેના વૃન્તદલમાં વિશેષતા છે. આ વૃન્તદલમાં દક્ષિણ તરફ મુખ રાખેલી ગોઠણ અને કોણી તળને સ્પર્શે તે રીતે વાંકી વળેલી સ્ત્રી છે. હાથમાં તેમ જ પગમાં આભૂષણ છે. મુઠ્ઠીમાં કશું પકડયું છે પરંતુ હવામાનની અસરને કારણે પથ્થર ખવાઈ ગયેલો હોઈ તે વસ્તુ ઓળખી શકાય તેમ નથી. કાનમાં કુંડળ પહેરેલ છે.

સ્તંભ નં. ૮ : ચાર વૃન્તદલ છે. પૂર્વમાં કીર્તિમુખ છે. ઉત્તર તરફનું વૃન્તદલ નષ્ટ થઈ ગયેલ છે પણ તૂટેલા ભાગ પરથી અનુમાન કરી શકાય તેમ છે કે ત્યાં પણ કીર્તિમુખ હશે. દક્ષિણ તરફ કીચક છે. પરંતુ પશ્ચિમના વૃન્તદલમાં હંસની આકૃતિ છે. તેની ચાંચમાં કમળદંડ હશે જે નષ્ટ થઈ ગયેલ છે. હંસનું કોતરકામ અને શૈલી ૧૨મી શતાબ્દીની પ્રણાલી પ્રમાણે જણાય છે.

સ્તંભ નં. ૯ : આ સ્તંભના વૃન્તદલમાં કોઈ વિશેષતા નથી. પૂર્વમાં કીર્તિમુખ અને ઉત્તર તથા દક્ષિણમાં કીચક છે. પશ્ચિમનું શિલ્પ નષ્ટ થયું છે.

સ્તંભ નં. ૧૦ : ચાર વૃન્તદલ છે. પૂર્વ તેમ જ ઉત્તરના વૃન્તદલમાં હવામાનની ખૂબ જ અસર થઈ છે તેથી તેનું શિલ્પકામ બિલકુલ નષ્ટ થયું છે. પશ્ચિમના વૃન્તદલમાં કીર્તિમુખ કરવાનો પ્રયાસ શિલ્પકારે કર્યો છે પરંતુ તે કાર્ય પૂરું થયું જણાતું નથી. દક્ષિણમાં હંસનું શિલ્પાંકન છે. તેની ચાંચમાં કમળદંડ છે. સ્તંભ નં. ૮ને મળતું છે.

સ્તંભ નં. ૧૧ : ચાર વૃન્તદલ છે. પૂર્વમાં કીચક છે. પશ્ચિમમાં મનુષ્યનું મુખ છે. કાનમાં કુંડળ છે. તેની શૈલી સ્તંભ નં. ૫ના વૃન્તદલના સ્ત્રીના ચહેરા જેવી છે પણ આ ચહેરો સ્ત્રીનો હોય તેમ જણાતું નથી. અલંકાર પણ સરખા જ છે છતાં મુખ વધારે ભરાવદાર જણાય છે. સંભવતઃ પુરુષનું હોય. દક્ષિણના વૃન્તદલમાં સ્તંભ નં. ૧૦ પ્રમાણે હંસની આકૃતિ છે.

સ્તંભ નં. ૧૨ : પૂર્વ અને પશ્ચિમમાં કીર્તિમુખ છે. ઉત્તરમાં કીચક છે. જ્યારે દક્ષિણ તરફનો ભાગ હવામાનને કારણે ખવાઈ ગયો છે.

સ્તંભ નં. ૧૩ : ચારે તરફ કીચક છે.

સ્તંભ નં. ૧૪ : પૂર્વ અને દક્ષિણ તરફ કીચકની આકૃતિ છે. ખૂબ ખવાઈ ગયેલ છે. પશ્ચિમમાં, ચાંચમાં કમળદંડ યુક્ત હંસ છે. ઉત્તર તરફ કીર્તિમુખ છે.

સ્તંભ નં. ૧૫માં ત્રણ વૃન્તદલ પર આકૃતિઓ છે. ચોથું વૃન્તદલ દીવાલમાં આવી ગયેલ છે. પૂર્વમાં કીચક (સ્ત્રી !) તેમ જ ઉત્તર-દક્ષિણમાં કીર્તિમુખ કરવામાં આવેલ છે.

સ્તંભ નં. ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦ અને ૨૧માં એક એક વૃન્તદલ કરવામાં આવેલ છે જેમાં કોઈ આકૃતિ નથી.

સ્તંભ નં. ૨૨માં ત્રણ વૃન્તદલ છે, જેમાં પૂર્વ અને દક્ષિણની આકૃતિ ખવાઈ ગઈ છે. ઉત્તરમાં પણ બાકી રહેતી આકૃતિનું અંકન કોચક જેવું જણાય છે.

સ્તંભ નં. ૨૩માં પણ ચાર વૃન્તદલ છે. પૂર્વ-પશ્ચિમમાં કીર્તિમુખ અને ઉત્તર–દક્ષિણમાં કીચકો છે.

સ્તંભ નં. ૨૪માં ચાર વૃન્તદલ છે. પૂર્વમાં કીર્તિમુખ છે. અન્ય ત્રણમાં કીચક છે.

સ્તંભ નં. ૨૫ થી ૩૬ પડી ગયેલ છે.

સ્તંભ નં. ૩૭ : ચાર વૃન્તદલ છે. પૂર્વ તરફના વૃન્તદલમાં એક સ્ત્રી પોતાના બે હાથથી અદ્ધર ઊંચકીને જાણે છતને ટેકો આપે છે. શરીરનો કેડથી નીચેનો ભાગ તૂટી ગયેલ છે. ઉત્તરમાં કીર્તિમુખ હોવાનો સંભવ છે. તે વૃન્તદલ પરની આકૃતિ નષ્ટ થઈ ગયેલ છે. દક્ષિણમાં

કીર્તિમુખ છે. પશ્ચિમમાં આકૃતિ નષ્ટ થઈ ગઈ છે. પરંતુ તે પણ કદાચ પૂર્વના વૃન્તદલ જેવી આકૃતિ અથવા કીચક હોવાનો સંભવ છે.

સ્તંભ નં. ૩૮ : આ સ્તંભમાં પાંચ વૃન્તદલ હશે જેમાંથી ત્રણ નષ્ટ થયા છે અને બે સંયુક્ત વૃન્તદલને ખૂબ નુકસાન થયું છે. બંનેની આકૃતિ સ્પષ્ટ જણાતી નથી પણ સિંહ કોઈ પ્રાણીનો શિકાર કરતો હશે તેમ જણાય છે. એક વૃન્તદલ પર પ્રાણી અને બીજા પર સિંહ હોય તેમ લાગે છે.

સ્તંભ નં. ૩૯ : ચાર વૃન્તદલ છે. પૂર્વમાં કોઈ વિશિષ્ટ આકૃતિ હશે પણ શું હશે તે પ્રાકૃતિક નુકસાનને કારણે કહી શકાય તેમ નથી. પશ્ચિમમાં ડોક પાછળ વાળેલ હંસ છે. અન્ય હંસની આકૃતિ કરતાં આમાં તફાવત છે. દક્ષિણમાં કીચક છે. ઉત્તરમાં કીર્તિમુખ છે.

સ્તંભ ૪૦ : આ સ્તંભને પાંચ વૃન્તદલ છે. આ સ્તંભમાં વિવિધતા છે. બે વૃન્તદલ પર સામસામે પક્ષી અને પ્રાણી છે. પક્ષીનો આકાર તેતર જેવો જણાય છે, જ્યારે પ્રાણીનું સ્વરૂપ સ્પષ્ટ નથી (ચિત્ર નં. ૪). બીજા એક વૃન્તદલ પર હાથીનું મસ્તક જણાય છે. બાકી રહેતા બે વૃન્તદલ પર એકમાં કીર્તિમુખ અને બીજામાં કીચક છે.

સ્તંભ નં. ૪૧ : ચાર વૃન્તદલ છે. આકૃતિઓમાં વિશેષતા નથી. કીચક અને કીર્તિમુખ છે.

સ્તંભ નં. ૪૨ : નં. ૪૧ પ્રમાણે જ છે. કાંઈ વિશેષતા નથી.

સ્તંભ નં. ૪૩ : પાંચ વૃન્તદલ છે. એક પર હાથીનું મોઢું છે. સ્તંભ નં. ૪૦ કરતાં આ હાથીના મસ્તકમાં તફાવત છે. બાકીના ચાર વૃન્તદલ પર કીચક અને કીર્તિમુખ છે.

સ્તંભ નં. ૪૪ : ચાર વૃન્તદલ છે. બેમાં કીચક અને એકમાં કીર્તિમુખ છે જ્યારે ચોથા વૃન્તદલમાં પુરુષ કે સ્ત્રીનો ચહેરો છે. કાનમાં કુંડલ છે. અન્ય ચહેરામાં જેવા કુંડળ છે તેના કરતાં આ કુંડળ જુદી રીતે કંડારેલા છે. ચહેરા પર હાસ્ય જણાય છે.

સ્તંભ નં. ૪૫માં પાંચ વૃન્તદલ છે. જેમાંથી બે નષ્ટ થયા છે. ત્રણમાંથી બે પર કીચક છે જ્યારે એક પર હાથીનું મસ્તક છે. સ્તંભ નં. ૪૦ તેમ જ ૪૩ કરતાં આ આકૃતિ જુદી રીતે જ કંડારાઈ છે. આમાં સૂંઢનો વળાંક ખૂબ જ વાસ્તવિક અને સુંદર છે.

સ્તંભ નં. ૪૬ : ચાર વૃન્તદલ છે. ત્રણને એટલું નુકસાન થયેલું છે કે તે પર કઈ આકૃતિ હશે તે અનુમાન પણ થઈ શકે એમ નથી. ચોથા વૃન્તદલ પર કીચકની આકૃતિ છે. કોઈ વિશેષતા નથી.

સ્તંભ નં. ૪૭ : આ સ્તંભ પર પણ ચાર વૃન્તદલ છે. તેની સ્થિતિ પણ સ્તંભ નં. ૪૬ જેવી જ છે, છતાં બે વૃન્તદલ પર કીચક તેમ જ કીર્તિમુખનાં ચિહ્નો જોવા મળે છે.

સ્તંભ નં. ૪૮માં ચાર વૃન્તદલ છે. બે પર કીચક અને બે પર કીર્તિમુખ છે. કોઈ વિશેષતા નથી.

સ્તંભ નં. ૪૯માં ચાર વૃન્તદલ છે. ચારેને ખૂબ જ નુકસાન થયું છે તોપણ તે પર કીચક હોવાનું અનુમાન થઈ શકે તેમ છે.

સ્તંભ નં. ૫૦માં પાંચ વૃન્તદલ હતા જેમાંથી હાલ એક જ અવશિષ્ટ છે. તે પર વાનર કે મનુષ્ય આકૃતિ છે તે સ્પષ્ટ કહી શકાતું નથી પણ તેઓ કાંતો કેલિ અથવા તો મૈથુન સ્થિતિમાં

ચિત્ર ૨

ચિત્ર ૩

ચિત્ર ૪

ચિત્ર ૫

ચિત્ર ૬

ચિત્ર ૭



ચિત્ર ૮

જણાય છે (ચિત્ર નં. ૫). બીજા એક વૃન્તદલ પર કાનના કુંડળ જેવું પણ પ્રમાણમાં તેથી મોટું અને સુંદર વર્તુલ બચી ગયેલ છે. તેની સાથે શું કંડારેલ હશે તે અનુમાન થઈ શકે તેમ નથી.

સ્તંભ નં. ૫૧માં કોઈ વિશેષતા જણાતી નથી. ચાર વૃન્તદલ છે અને તે પર કીચક તેમ જ કીર્તિમુખ કોરવામાં આવેલ છે.

સ્તંભ નં. ૫૨થી ૫૮ પડી ગયેલ છે.

શ્રી બર્જેસે જે ૧૭ પ્રકારનાં શીર્ષફલકનો ઉલ્લેખ કરેલ છે તેમાં મોટા ભાગના આ છે. પરંતુ આ બધા સ્તંભ નીચેના ભાગના છે. હજુ શીર્ષફલકની વિશેષતા આ મંદિરના બીજા માળના સ્તંભના શીર્ષફલકની છે જે કદાચ તેમના ધ્યાનની બહાર ગઈ છે. સંભવતઃ અવલોકનની અગવડતાને કારણે આમ થયું હશે.

હવે બીજા માળ પરના સ્તંભ વિશે આપણે જોઈએ. જ્યારે મંદિર અખંડિત હશે ત્યારે સ્તંભની સ્થિતિ ગર્ભગૃહ અને ભદ્રના અંદરના સ્તંભ બાદ કરતાં નીચેના જેવી જ હશે.

સ્તંભ નં. એક થી પાંચ પડી ગયેલા છે.

સ્તંભ નં. ૬માં ચાર વૃન્તદલ છે. પૂર્વમાં માનવમુખ છે. સંભવતઃ સ્ત્રીનું મુખ છે. પશ્ચિમ વૃન્તદલમાં બે માછલીની આકૃતિ છે જે બંને એકબીજા પર ચોકડીની જેમ કંડારાયેલ છે. મુખ નીચેની તરફ અને પૂંછડી ઉપર તરફ છે. દક્ષિણમાં કમળદંડ ચાંચમાં પકડેલ હંસની આકૃતિ છે, જ્યારે ઉત્તરમાં કીચક છે.

સ્તંભ નં. ૭ પડી ગયેલ છે.

સ્તંભ નં. ૮માં ચાર વૃન્તદલ છે. પૂર્વમાં કીચક છે. ઉત્તરમાં સ્તંભ નં. ૪૦, ૪૩ તેમ જ ૪૫ કરતાં જુદી જ રીતે કંડારાયેલા હાથીનું મસ્તક છે. દક્ષિણમાં ખૂબ જ સુંદર આદિ વરાહની આકૃતિ છે અને પશ્ચિમમાં કીર્તિમુખ છે.

સ્તંભ નં. ૯માં પૂર્વમાં બે સામસામા કમળદંડ સહિત હંસ છે. પશ્ચિમમાં કીચક છે. ઉત્તરમાં હસ્તિમુખ છે જે પહેલાંના ચારેય સ્તંભ કરતાં અલગ પ્રકારનું છે. દક્ષિણની આકૃતિ અસ્પષ્ટ છે.

સ્તંભ નં. ૧૦માં પૂર્વમાં કીર્તિમુખ છે. ઉત્તરની આકૃતિ અસ્પષ્ટ છે. પશ્ચિમમાં નૃત્ય કરતી બે સ્ત્રી છે અને દક્ષિણમાં કીર્તિમુખ કોતરેલ છે.

સ્તંભ નં. ૧૧માં ચાર વૃન્તદલ છે. પૂર્વ અને પશ્ચિમમાં કીચક છે. ઉત્તરમાં કમળદંડ સહિત હંસ છે, જ્યારે દક્ષિણમાં કીર્તિમુખ છે.

સ્તંભ નં. ૧૨ પડી ગયેલ છે.

સ્તંભ નં. ૧૩માં પૂર્વમાં પાડાનું મુંખ છે. પશ્ચિમમાં કીર્તિમુખ છે. ઉત્તરમાં કીચક છે. દક્ષિણમાં સ્તંભ નં. ૮ જેવી જ વરાહની આકૃતિ છે (ચિત્ર નં. ૬).

સ્તંભ ૧૪માં પૂર્વમાં કીર્તિમુખ, ઉત્તર-દક્ષિણ તેમજ પશ્ચિમમાં કીચક છે.

સ્તંભ નં. ૧૫માં પૂર્વમાં કીચક છે. પશ્ચિમનું વૃન્તદલ દીવાલમાં આવી ગયેલ છે. ઉત્તરમાં લાંબા કાનવાળા પુરુષનું મુખ છે, જ્યારે દક્ષિણમાં નંદીની આકૃતિ કોતરેલ છે. મુખ પર થોડું નુકસાન થયેલ છે પરંતુ આકૃતિ સુંદર છે.

પછીના ભદ્રના ૭ સ્તંભ તથા ગર્ભગૃહના સ્તંભ જેમ નીચે હોય તેમ ઉપર ન હોય એ સ્વાભાવિક છે છતાં ગણનામાં સરળતા રહે તે માટે નીચેની જેમ અનુક્રમ આપેલ છે.

સ્તંભ નં. ૨૨માં ત્રણ વૃન્તદલ છે. ચોથું વૃન્તદલ દીવાલમાં આવી ગયેલ છે. પૂર્વમાં સ્ત્રીની આકૃતિ છે જે સ્તંભ નં. ૩૭ પ્રમાણેની છે સ્તંભ નં. ૩૭ની સ્ત્રીની આકૃતિ ખંડિત છે જ્યારે આ શિલ્પને ઓછું નુકસાન થયેલ છે (ચિત્ર નં. ૭). તેના ગળામાં આભૂષણ જણાય છે. ઉત્તરમાં કીર્તિમુખ છે જ્યારે દક્ષિણમાં બે માછલી એકબીજાને ચોકડી (Cross) આકારે કોરેલી છે. પરંતુ આ આકૃતિ આ જ માળના ૭ નંબરના સ્તંભ કરતાં જુદી છે. આ સ્તંભમાં માછલીના મુખ ઉપર છે.

સ્તંભ નં. ૨૩થી ૩૬ પડી ગયેલ છે.

સ્તંભ નં. ૩૭માં પૂર્વમાં કીચક છે. પશ્ચિમમાં વાનરની આકૃતિ છે. ઉત્તરમાં કીચક અને દક્ષિણમાં કીર્તિમુખ છે.

સ્તંભ નં. ૩૮ પડી ગયેલ છે.

સ્તંભ નં. ૩૯: પૂર્વમાં કીચક છે જ્યારે ઉત્તર-દક્ષિણ તેમ જ પશ્ચિમમાં વાનરની આકૃતિ છે.

સ્તંભ નં. ૪૦માં પાંચ વૃન્તદલ છે. બે સંયુક્ત વૃન્તદલ છે જેમાં એક ઘોડેસ્વાર તથા સંપૂર્ણ હાથીની આકૃતિ છે. બીજા એક વૃન્તદલમાં હંસની વિશિષ્ટ આકૃતિ છે જેમાં એક શરીર અને બે ડોક, એક ઉપર અને એક નીચે છે.

સ્તંભ નં. ૪૧માં પાંચ વૃન્તદલ છે. પૂર્વમાં આખા હાથીની આકૃતિ છે, જે નિમ્ન કક્ષાની છે. સ્તંભ નં. ૩૪ના હાથીની આકૃતિ આથી ઘણી સુંદર છે. ઉત્તરમાં ક્રોધાન્વિત પુરુષનું મુખ છે. ગુસ્સામાં દાંત કચકચાવતો હોય તેમ મુખ ખુલ્લું છે. દક્ષિણમાં વાનર અને પશ્ચિમમાં કીચકની આકૃતિ છે.

સ્તંભ નં. ૪૨માં ચાર વૃન્તદલ છે. ઉત્તરમાં કમળદંડ સાથે હંસ છે. પૂર્વ અને દક્ષિણમાં કીચક છે. પશ્ચિમમાં કીર્તિમુખ છે.

સ્તંભ નં. ૪૩માં પાંચ વૃન્તદલ છે. બે સંયુક્ત વૃન્તદલમાં એક જ કમલદંડને ચાંચમાં પકડીને બે હંસની આકૃતિ છે. બીજા બે સંયુક્ત વૃન્તદલમાં ખાસ વિશેષતા નથી. કીચક તથા વાનરની આકૃતિ તેમ જ એક વૃન્તદલમાં કીર્તિમુખ છે.

સ્તંભ નં. ૪૪માં ચાર વૃન્તદલ છે. પૂર્વમાં વિશિષ્ટ શિલ્પ છે. તેમાં મૈથુન સ્થિતિમાં બે યુગલ જણાય છે. પશ્ચિમ અને દક્ષિણમાં કીર્તિમુખ છે.

સ્તંભ નં. ૪૫માં પાંચ વૃન્તદલ છે. બે સંયુક્ત વૃન્તદલ પર સ્તંભ નં. ૩૭ પ્રમાણે હંસની આકૃતિ છે. બીજા બે પર કીર્તિમુખ અને એક પર કીચક છે.

સ્તંભ નં. ૪૬માં ચાર વૃન્તદલ છે જેમાં બે પર કીચક અને બે પર કીર્તિમુખ છે. કોઈ વિશેષતા નથી.

સ્તંભ નં. ૪૭માં પૂર્વમાં કીચક, ઉત્તર-દક્ષિણમાં કીર્તિમુખ અને પશ્ચિમમાં ખંડિત માનવમુખ છે.

સ્તંભ નં. ૪૮માં પાંચ વૃન્તદલ છે જેમાં બે સંયુક્ત વૃન્તદલ છે. તેના પર સિંહ સાથે લડતા માનવની આકૃતિ ખૂબ જ સુંદર છે (ચિત્ર નં. ૮). બીજા એક વૃન્તદલ પર હંસની આકૃતિ છે જેમાં એક શરીર અને બે ડોક કોતરવામાં આવેલ છે. બંને ચાંચમાં કમળદંડ છે. એક ચાંચ આગળ અને બીજી પાછળ છે. સ્તંભ નં. ૩૪માં પણ આ પ્રમાણેની આકૃતિ છે પરંતુ તેમાં ડોક ઉપર-નીચે છે જ્યારે આ આકૃતિમાં ડોક આગળ–પાછળ છે. એક વૃન્તદલ પર હસ્તિમુખ છે જેમાં વિશેષતા નથી. બાકી રહેલા એક વૃન્તદલ પર કીચક છે.

સ્તંભ નં. ૪૯માં દક્ષિણમાં નંદીની ભગ્ન આકૃતિ છે. ઉત્તરમાં વાનરની આકૃતિ છે. પૂર્વમાં કીર્તિમુખ અને પશ્ચિમમાં કીચક છે.

બાકીના સ્તંભ નં. ૫૦થી નં. ૫૮ પડી ગયા છે.

આ રીતે સ્તંભના વૃન્તદલમાં (૧) બે વરાહ (સ્તંભ નં. ૨), (૨) અજ્ઞાત પ્રાણીનું મુખ (સ્તંભ નં. ૪૫), (૩) સ્ત્રીનું મુખ (સ્તંભ નં. ૫), (૪) સ્ત્રીની વિશિષ્ટ સ્થિતિવાળી આકૃતિ (સ્તંભ નં. ૭), (૫) ચાંચમાં કમળદંડ સહિત એક હંસ (સ્તંભ નં. ૮), (૬) પુરુષનું મુખ (સ્તંભ નં. ૧૧), (૭) હાથથી પગને ઊંચા કરી તે વડે છતને ટેકવતી સ્ત્રી (સ્તંભ નં. ૩૭), (૮) અજ્ઞાત પ્રાણી અને (૯) સિંહ (સ્તંભ નં. ૩૮), (૧૦) તેતર જેવું પક્ષી અને (૧૧) અજ્ઞાત પ્રાણી (સ્તંભ નં. ૪૦, ૫૨), (૧૨) હાથીનું મસ્તક (સ્તંભ નં. ૪૦), (૧૩) ડોક પાછળ વાળેલ હંસ (સ્તંભ નં. ૩૯), (૧૪) હાથીનું મુખ (સ્તંભ નં. ૪૩), (૧૫) મનુષ્ય મુખ, કુંડળમાં વિશેષતા (સ્તંભ નં. ૪૪), (૧૬) હાથીનું મસ્તક, સૂંઢના પ્રકારમાં વિશેષતા (સ્તંભ નં. ૪૫), (૧૭) કેલિ અથવા મૈથુન ક્રિયા (સ્તંભ નં. ૫૦), (૧૮) નીચા મુખવાળી બે માછલી (સ્તંભ નં. ૧ ઉપરના માળે), (૧૯) હાથીનું મસ્તક, (૨૦) વરાહ (સ્તંભ નં. ૮), (૨૧) ચાંચમાં કમળદંડ સહિત બે સામસામા હંસ (સ્તંભ નં. ૯), (૨૨) નૃત્ય કરતી બે સ્ત્રી (સ્તંભ નં. ૧૦), (૨૩) પાડાનું મુખ (સ્તંભ નં. ૧૩), (૨૪) લાંબા કાનવાળા પુરુષનું મુખ (૨૫) નંદી (સ્તંભ નં. ૧૫), (૨૬) ઉપર મુખવાળી એકબીજાને આંતરતી બે માછલી, (સ્તંભ નં. ૧૬), (૨૭) ઘોડેસ્વાર, (૨૮) હાથી તથા (૨૯) એક શરીર અને બે ડોક ઉપર-નીચેવાળી હંસની વિશિષ્ટ આકૃતિ (સ્તંભ નં. ૩૪ અને ૫૨), (૩૦) ગુસ્સાવાળા પુરુષનું મુખ (સ્તંભ નં. ૩૫), (૩૧) એક જ કમળદંડને ચાંચમાં પકડેલ બે હંસ (સ્તંભ નં. ૩૭), (૩૨) મૈથુન સ્થિતિમાં બે યુગલ (સ્તંભ નં. ૩૮), (૩૩) સિંહ સાથે લડતો મનુષ્ય (સ્તંભ નં. ૪૮), (૩૪) એક શરીર, બે ડોક આગળ–પાછળ, બંને ચાંચમાં કમળદંડ (સ્તંભ નં. ૪૮).

આ પ્રમાણે સ્તંભના વિવિધ શીર્ષફલકની સંખ્યા ૧૭ નહિ પણ લગભગ ૩૪ થાય છે. થોડી સમાનતાવાળી આકૃતિઓ તેમજ ખવાઈ ગયેલ અને શંકાસ્પદ આકૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો નથી.

આ આકૃતિઓની ગણતરી જે હાલમાં સ્તંભ પર મોજૂદ છે તેની જ છે. જે સ્તંભ પડી ગયા છે તેના પર પણ આવી વિશિષ્ટ આકૃતિઓ હોવાનો સંભવ છે.

અવલોકન પરથી જોઈ શકાય છે કે શિલ્પીએ વિવિધતાનું કેન્દ્ર મંડપના વચ્ચેના સ્તંભના શીર્ષફલકને બનાવેલ છે. વધારેમાં વધારે વિવિધતા તે પર કરવામાં આવેલ છે. દુઃખની વાત છે કે મંડપના આ પ્રકારના ઉપર-નીચે થઈ કુલ સોળ સ્તંભમાંથી ચાર તો પડી ગયા છે, અને તેનો અભ્યાસ થઈ શકેલ નથી.[૯]

---

૯ આ લેખમાં કિંમતી સૂચનો આપવા માટે લેખક શ્રી એમ. એ. ઢાંકીના ઋણી છે. લેખમાંનાં ચિત્રો તેમ જ તસ્વીરો લેખકે જાતે જ તૈયાર કરેલાં છે.

નિબંધકાર મણિલાલ ન. દ્વિવેદી

પ્રવીણ દરજી

મણિલાલ ન. દ્વિવેદી પંડિતયુગના સર્વશ્રેષ્ઠ નિબંધકાર છે. તેમણે કવિતા, નવલકથા, નાટક અને સંશોધનાદિ સાહિત્યના અન્ય પ્રકારો ખેડ્યા છે, છતાં તેમની સર્જક તરીકેની વિશિષ્ટ પ્રતિભા એના પૂર્ણ સ્વરૂપે એમના નિબંધોમાં મુખર થતી જણાય છે. 'પ્રિયંવદા' અને 'સુદર્શન' માસિકોના તંત્રીપદેથી એમણે ધર્મ, સમાજ, રાજ્યકારણ, સંસ્કૃતિ, સાહિત્ય અને કેળવણી એમ અનેકવિધ વિષયો પર લખ્યું છે. 'બાળવિલાસ' અને 'સુદર્શન ગદ્યાવલિ'માં એમના નિબંધો સંગૃહીત થયેલા છે. 'બાળવિલાસ'ના નિબંધો પ્રમાણમાં સરળ અને ટૂંકા છે. નીતિ, સદાચાર અને ધર્મને લગતા આ લેખો નાની વયનાં બાળકોને ધ્યાનમાં રાખી લખાયેલા છે. 'સુદર્શન ગદ્યાવલિ'માં સંગ્રહાયેલા નિબંધો મોટેરાંઓને લક્ષમાં રાખી લખાયેલા છે. અધ્યાત્મ-વિદ્યા, અદ્વૈત, સુધારો, શિક્ષણ, રાજ્ય, ધર્મ અને સાહિત્ય વગેરે વિષયોની તેમાં માર્મિક ગવેષણા થયેલી છે. ગુજરાતી સાહિત્યમાં એમનું જે અવિસ્મરણીય પ્રદાન છે તે આ તત્ત્વસંભૃત નિબંધોનું.

સમ્યક્ તત્ત્વની ખોજ અને તે અંગે સતત ચિંતન, એ તેમના જીવનની મહત્ત્વની પ્રવૃત્તિ હતી. પંડિતયુગના રમણભાઈ નીલકંઠ, કાન્ત અને આનંદશંકર ધ્રુવ જેવા સાહિત્યકારો પોત-પોતાની રીતે એ સત્યશોધ પાછળ મચ્યા હતા. મણિલાલે કરેલું એ દર્શન એમના ધર્મતત્ત્વને ચરિતાર્થ કરતા નિબંધોમાં પ્રકટ થાય છે. જીવનની સર્વ પ્રવૃત્તિઓમાં તેઓ ધર્મને કેન્દ્રમાં રાખવાની વાત કરી તદનુસાર જીવનરીતિ ઘડવાનું કહે છે. સર્વવિચારનું મૂળ ધર્મવિચાર છે એવી તેમની દૃઢ માન્યતા હતી. 'ધર્મબોધ'માં જીવિતના યથાર્થનું શોધન કરતાં તેઓ એ સંદર્ભમાં લખે છે:

"મનુષ્યો કે વ્યક્તિ માત્રે, જીવિતનો યથાર્થ હેતુ સમજવો એ જ સર્વ તકરારોનું મધ્યબિન્દુ છે. જ્યારે આટલી વાત સમજાય ત્યારે જણાશે કે ધર્મ એટલે જીવિતનો યથાર્થ હેતુ જેવો સમજાય તે જ પ્રમાણે નીતિ, આચાર, વિચાર, વ્યવહાર, રાજ્ય સર્વે રચવાનાં. માટે જ ધર્મવિચાર એ સર્વવિચારનું મૂળ છે.[1] ધર્મની એમની સમજ શાંકર વેદાન્તના પાયા પર ઘડાયેલી હતી. પણ આ વેદાન્તનું—અદ્વૈત ભાવનાનું અર્થઘટન તેઓ નિજી રીતે કરે છે. વેદાન્તને શુષ્ક કે નીરસ તર્કજાળ માનવાને બદલે એને તેઓ એક જીવંત પદાર્થ લેખે છે. વેદાન્ત વિશેની આવી ભાવનાના મૂળમાં તેઓ વિશ્વવ્યાપી પ્રેમ અને ધર્મ-કર્તવ્ય વિલસતાં જુએ છે. આગળ ઉપર પ્રેમને જ અભેદ–મોક્ષ તરીકે ઓળખાવી પ્રેમ એ જ ઈશ્વર છે એવું અર્થઘટન કરે છે.[2] અભેદની

---

૧ જુઓ : 'મણિલાલની વિચારધારા', પૃ. ૪૦—સંપા. ડૉ. ધીરુભાઈ ઠાકર

૨ એજન, પૃ. ૫૬

આ રસમય ભૂમિ ઉપર જ એમના સર્વ વિચારો જન્મે છે. એના પ્રકાશમાં જ તેઓ એ સર્વનું પરીક્ષણ કરે છે. એટલે વેદાન્ત-અદ્વૈત એ કેવળ કોઈ શાસ્ત્રકથિત ફીલસૂફી કે તત્ત્વજ્ઞાન રહેવાને બદલે એમના હૃદયનો જ લાક્ષણિક રંગ, એમના હૃદયની જ એક વિશિષ્ટ અનુભૂતિ બની રહે છે. મણિલાલના નિબંધોમાં વ્યક્ત થયેલી કેટલીક પ્રમુખ તત્ત્વ વિચારણાને હવે જોઈએ.

અધિકારને અભાવે માણસનું જીવન કલેશભર્યું અને દુઃખી બને છે, જ્યારે અધિકાર પ્રાપ્ત થતાં જ્ઞાન, ચારિત્ર્ય અને આત્માની વૃદ્ધિ થાય છે, એવું મણિલાલ ચુસ્તપણે માને છે.[3] સત્યપ્રાપ્તિ માટે પણ તેમનું દૃષ્ટિબિન્દુ વિશાળ અને ઉદાર રહ્યું છે. બાબાવાક્ય પ્રમાણ માની લેનાર સામે તેઓ નાખુશી પ્રકટ કરી જ્યાંથી મળે ત્યાંથી સત્યશોધકે તો સત્ય મેળવવું જોઈએ, એવું જણાવ્યું છે.[4] તત્ત્વજ્ઞાન-બ્રહ્મજ્ઞાનને મણિલાલ પરમ કલ્યાણનું દ્વાર માને છે. અધિકારન્યૂનતાએ અને જ્ઞાનમાર્ગ પર અનાસ્થા થતાં નાસ્તિકતા અને ભ્રષ્ટાચાર પ્રવેશે છે, એમ કહી તેઓ જ્ઞાન અને અધિકાર વચ્ચેના અભેદ સંબંધને સ્પષ્ટ કરી બતાવે છે.[5] ધર્મમાં મતાંતરને અવકાશ છે, એ મતાન્તર એક રીતે તો કોઈપણ દેશની વિદ્યા-વિસ્તૃતિનું સૂચક છે. પણ એ સર્વ અનાદિ સત્યનાં જ રૂપાન્તર છે. સત્યધર્મ તો એક જ છે. એટલે કોઈ પણ ધર્મ પરત્વે દ્વેષભાવનું કારણ રહેતું નથી એવું તેઓ યુક્તિથી સાબિત કરે છે.[6] 'પ્રવૃત્તિ એ જ પ્રવૃત્તિનું સુખ છે' એ પ્રકારના ઐહિક સુખના અનુયાયીઓના સૂત્રને મણિલાલ સ્વીકારતા નથી. તેઓ માને છે કે પ્રવૃત્તિ માત્ર દુઃખરૂપ છે. નિર્વેદને ભૂલવા માટે અને એને નવું રૂપ આપવા માટેના જે જે પ્રયત્નો થાય છે તે મિથ્યા છે. નિર્વેદને તેઓ રાક્ષસ કહે છે. આમાંથી મુક્ત થવા માટે આત્મદર્શન એ જ સુખ છે એવું સિદ્ધ કરી તેઓ જણાવે છે કે જેને સર્વમય સ્વરૂપનું—અભેદનું સાનુભવ ભાન છે તેને દુઃખ છે જ નહિ. એમાં તો નિરંતર રમણીયતા જ છે. આથી જ તેઓ શરીર, મન અને હૃદય એ ત્રણેના વિનિયોગની સાથે આત્માના વિનિયોગની અગત્ય ઉપર ભાર મૂકે છે, અને એ ચારેના વિનિયોગથી જ પરમ સુખ, પરમ શાંતિ, પરમાનંદ ઊપજે છે એવું અંતે તારવે છે.[7] પાશ્ચાત્ય અને અત્રત્ય સંસ્કૃતિને સરખાવીને મણિલાલ આપણી પ્રકૃતિને અત્રત્ય ભાવના જ વિશેષ અનુકૂળ છે એવું પ્રતિપાદે છે. કોઈનો પણ દ્વેષ કર્યા વિના સ્વધર્મના ઉત્કર્ષની તેઓ હિમાયત કરે છે. દેશના અંતઃકરણના ઐક્યમાં તેમને દેશની ઉન્નતિ જણાય છે.[8] પ્રેમ, પાપ, પ્રાર્થના, નીતિ, કર્તવ્ય આદિ વિશેના પ્રચલિત ખ્યાલોમાં રહેલી જડતાને તેઓ નિર્મૂલ કરે છે અને જે તે ભાવનાઓને પરિશુદ્ધ કરી નવી દૃષ્ટિથી મૂલવે છે. આચાર અને વિચાર વચ્ચે અભેદ સધાય ત્યારે જ જીવન ઉન્નત બન્યું કહેવાય એવું તેમનું માનવું છે.[9] 'આદિકારણ', 'અદ્વૈતજીવન' અને 'વેદાન્ત'[10] જેવા

---

૩ એજન, પૃ. ૧
૪ એજન, પૃ. ૬
૫ એજન, પૃ. ૧૦
૬ એજન, પૃ. ૧૮
૭ એજન, પૃ. ૩૨
૮ એજન, પૃ. ૪૭
૯ એજન, પૃ. ૧૦૧
૧૦ એજન, અનુક્રમે પૃષ્ઠક્રમાંક ૧૦૯, ૧૧૫ અને ૧૨૮ ઉપરના નિબંધો

નિબંધોમાં 'અભેદમાર્ગના પ્રવાસી' મણિલાલ અદ્વૈતની સમર્થ તાત્ત્વિક પર્યેષણા કરતાં અજ્ઞાન અને ભેદબુદ્ધિને સર્વદુઃખોના મૂળરૂપે કલ્પે છે.

ધર્મવિષયક આ નિબંધોમાં મણિલાલનું એક ઉત્કૃષ્ટ કોટિના ધર્મપુરુષ તરીકેનું—તત્ત્વ-દ્રષ્ટા તરીકેનું વ્યક્તિત્વ ઊપસી આવે છે. આ નિબંધોમાં વેદાન્તના શુષ્ક કે નીરસ સિદ્ધાંતોનું માત્ર પ્રરૂપણ કરવાની દૃષ્ટિ તેમણે નથી રાખી. અદ્વૈતની તેમને થયેલી આંતરપ્રતીતિનું, એના વિરલ આનંદાનુભવનું, તેઓ અહીં સોત્સાહ નિરૂપણ કરતા જણાય છે. એટલે આ પ્રકારના નિબંધો બુદ્ધિવિલાસની નીપજ બનવાને બદલે અદ્વૈતાનુભૂતિમાં આનંદતા આત્માની અભિવ્યક્તિરૂપ બન્યા છે.

ધર્મચિંતનના નિબંધોની માફક એમના સમાજસુધારણાવિષયક નિબંધોની વિચારસંપત્તિ પણ મૂલ્યવાન છે. 'અભેદ એ જ મારો સિદ્ધાંત છે, ધર્મમાં અખંડ એકાકાર આત્માનો હું ભક્ત છું, વ્યવહારમાં, નીતિમાં આત્મવત્ સર્વ એ સૂત્રને આધીન છું'[૧૧] એવું કહેનાર મણિલાલની સુધારણાવિષયક વિચારણા પણ અદ્વૈતના પાયા પર નિર્ભર, ધર્મમૂલક જ છે. નર્મદાશંકર, કરસનદાસ અને મહીપતરામ જેવા સુધારકો તરફ મણિલાલને સંપૂર્ણ માન હતું, છતાં આ સુધારકોને વિધવાવિવાહ, પરદેશગમન અને પુનર્લગ્ન વગેરેનું—સુધારાનું જે બાહ્ય તત્ત્વ અભિપ્રેત હતું તે તત્ત્વ મણિલાલને અભીષ્ટ નહોતું. એટલે જ સુધારકો તેમના કાર્યમાં નિષ્ફળ કેમ નીવડ્યા તેનું કારણ સ્પષ્ટ કરી મણિલાલ હૃદય અને બુદ્ધિમાંથી સિદ્ધ થતી અભેદની, આંતરિક ભાવના ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે ને સુધારાનો જુદી રીતે અર્થ ઘટાવે છે. તેઓ લખે છે.

"સુધારાનો અર્થ હું મારે પોતાને માટે એટલો જ માનું છું કે ઘણાં માણસોની જે પ્રકારે એકતા થાય અને તેથી આખા સમૂહની ઉત્તરોત્તર કાર્ય સાધવાની શક્તિ વધે એવાં જે સાધનો, સાહિત્યો, વિચારો ઇત્યાદિ હોય તે બધું સુધારો છે. સુધારાનું તત્ત્વ, હું, એક્તા, ઐક્ય, સંપ એમાં સમજું છું. પણ તેમ સમજવા છતાં શરીરસંબંધોની એકતાને આજ સુધી સુધારાને નામે ચલાવવાનો જે યત્ન થયો છે તેને કેવળ સામાન્ય ગણું છું, અને એ સુધારો ન ચાલી શકવાનું કારણ પણ કેવલ શરીરસંબંધોની એકતા કરવા યત્ન કર્યો તેને જ માનું છું. નાતો તોડી નાખવી, લગ્નની મર્યાદાનું ઉલ્લંઘન કરવું, મિશ્ર વ્યવહાર ચલાવવો, એ આદિ સુધારા કેવલ શરીર-સંબંધના જ સુધારા છે. એ એ વાતો ન જ કરવી, કે થાય તોપણ અનિષ્ટ છે એવું હું કહેતો નથી, પણ સુધારો એથી જ થતો નથી. સુધારો તો મન અને મનનું ઐક્ય થાય, વિચાર અને વિચારનું ઐક્ય થાય, કર્તવ્ય અને કર્તવ્યનું ઐક્ય થાય, સર્વનું લક્ષ એકની એક ભાવના ઉપર રહે, એવો વખત આવે ત્યારે જ થાય છે એમ હું માનું છું."[૧૨] એમની આ ભાવનાના પ્રકાશમાં જ એમના સુધારા વિષયક નિબંધોનો વિચાર થવો જોઈએ.

'ઘર', 'ગૃહસ્થાશ્રમ', 'ધર્મ', 'શ્રદ્ધા', 'જ્ઞાન', 'વાચન' અને 'સ્વતંત્રતા' જેવા નિબંધોમાં સ્ત્રીના સ્ત્રી તરીકેના ધર્મની અને સમાજ સાથેના તેના સંબંધોની ચર્ચા થયેલી જોવા

---

૧૧ એજન, પૃ. ૨૯૭

૧૨ એજન, પૃ. ૨૩૬

મળે છે.[13] સ્ત્રી અને પુરુષનો પ્રેમ આત્મધર્મનો છે. બન્નેનાં કર્તવ્યો જુદાં છે, પણ બન્નેના પ્રેમમય સહવાસ વડે જ ઘર બંધાય છે. બન્નેના પ્રેમની અભેદમય સ્થિતિમાં સ્ત્રીઓના 'હક'નો કોઈ પ્રશ્ન જ ઊભો થતો નથી. સ્ત્રીને ગૃહેશ્વરી–ઘરની રાણી–માની સર્વેએ પૂજવા કરતાં બીજું વિશેષ માન શું હોઈ શકે ? એવો માર્મિક પ્રશ્ન કરી તેઓ સ્ત્રીના પૂજાર્હ સ્વરૂપને સ્પષ્ટ કરે છે. પુરુષ એ બહારનો રાજા છે તો સ્ત્રી એ ઘરની રાણી છે એમ જણાવી તેઓ સ્ત્રીને પતિ ઉપર અનન્ય પ્રેમ રાખવાનું અને તેને અનુકૂળ આચરણ કરવાનું કહે છે. બૂટ-મોજાં ને સાડીઓ પહેરી પંખા ઉરાડતાં બેસી રહેવાથી શરીરનું રક્ષણ નથી થતું એવો ઉપાલંભ પણ તેઓ સ્ત્રીને આપે છે. અને સ્ત્રીએ તો લડાઈ-ટંટાથી દૂર રહી રાંધવા-સંભાળવા આદિમાં નિપુણ થવું જોઈએ, એમ જણાવ્યું છે. સ્ત્રી અને પુરુષ વચ્ચે સ્વતંત્રતાનો કોઈ પ્રશ્ન ઊભો થતો નથી. સ્વભાવે, શરીરે અને કર્તવ્યે કુદરતી રીતે જ એકબીજાથી સ્વતંત્ર છે એમ યુક્તિપુરઃસર જણાવતાં તેઓ કહે છે :

"સ્ત્રીનું માનસિક અને શારીરિક બલ તપાસતાં તે કેવળ ગૃહકર્મ માટે અને સર્વને પોષણ આપનાર આહ્લાદકારક પ્રેમવૃત્તિની દેવીરૂપ થવા માટે જ નિર્ધારેલી છે. ગૃહધર્મપક્ષે સ્ત્રીનું જોર મુખ્ય વર્તે છે, બાહ્ય ધર્મપક્ષે પુરુષનું. આમાં ફેરફાર થવાથી સંસારનું યંત્ર કેવલ વિકલ થઈ ગયેલું જણાશે."[14] આર્ય સંસ્કૃતિના હિમાયતી મણિલાલનું સ્ત્રીસ્વાતંત્ર્યવિષયક દૃષ્ટિબિન્દુ આજને મુકાબલે કંઈક અંશે અનુદાર અને સંકુચિત જણાય છે. સ્ત્રીને પૂજનીય લેખવા છતાં ગૃહકાર્યથી ઇતર કાર્ય તેના માટે નિષિદ્ધ છે, એવા પ્રકારનું તેમનું મંતવ્ય બરાબર નથી.

મણિલાલ સઘળે સત્યના પૂજક રહ્યા છે. ધર્મરહિત જડવાદ પર આધારિત એવા સુધારાઓની પાછળ પડેલાઓને ધર્મના મર્મજ્ઞની રૂએ શિખામણ આપતાં તેઓ લખે છે :

"ઉતાવળા ન થતાં જમાનાનાં જે ચિહ્ન છે તે યથાર્થ રીતે લક્ષમાં લઈ, નિષ્પક્ષપાત શોધ કરો અને સત્યનિર્ણય પર આવો...સત્ય તે સત્ય હોય એટલે જ બસ છે, તેના રૂપરંગ જોડે લેવાદેવા નથી."[15]

મણિલાલ નથી રહ્યા કેવળ પ્રાચીનતાના અંધ પુરસ્કર્તા કે નથી રહ્યા નવીનના વિરોધી પણ. નવીનોમાં રહેલાં સ્વાર્થ, કપટ-છળને તેઓ નિંદે છે. તો પ્રાચીનતામાં જ્યાં જ્યાં જડત્વ રહેલું હતું, ત્યાં ત્યાં તેનો પણ તેમણે વિરોધ કર્યો છે. હિન્દુ સંસ્કૃતિને, સનાતન સદોદિત આર્યધર્મને નજરમાં રાખીને સુધારો કરવાનો તેમણે આગ્રહ રાખ્યો છે. પણ એ માટે તેઓ એના સંદેશાને પકડી લઈ, કેટલાંક અંશો પડતાં મૂકી, કેટલાકનું નવેસરથી સંસ્કરણ કરી તેમ કરે છે. પ્રાચીન કે નવીનમાં જ્યાં જ્યાં એમને અનિષ્ટો જણાયાં છે, ત્યાં ત્યાં તેમણે નિઃસંકોચ ખુલ્લાં પાડ્યાં છે.[16]

---

૧૩ એજન, એ બધા જ નિબંધો અનુક્રમે પૃષ્ઠ ક્રમાંક ૧૯૭, ૨૦૦, ૨૦૪, ૨૦૭, ૨૧૧, ૨૧૫ અને ૨૧૮ ઉપર મળશે.

૧૪ એજન, પૃ. ૨૨૦

૧૫ એજન, પૃ. ૨૪૯

૧૬ જુઓ—આ અંગે એમની પોતાની જ કબૂલાત : "આંખો, કાન અને બુદ્ધિ ખુલ્લાં રાખી જે નિર્ણયો હાથ આવે છે તેને આધારે પરમ સત્યનું અનુમાન બાંધતાં રહેવું એ જ સત્યાન્વેષણનો સિદ્ધાંત મારો આધાર છે. તે સત્ય મને સમજાયું હશે ત્યાં મેં બતાવ્યું, તેમાં પ્રાચીન કે નવીનનો ભેદ માની, શબ્દમાત્રને લીધે હું એકને વળગવા કે બીજાને પરહરવા પ્રવર્ત્યો નથી, ગમે ત્યાં પણ સત્ય જ છે."—એજન, પૃ. ૨૬૬

'નવીન અને પ્રાચીન' અને 'પ્રાચીન અને નવીન' જેવા નિબંધોમાં તેમણે પ્રાચીન અને નવીન સંસ્કાર-સંસ્કૃતિનું તલસ્પર્શી વિવરણ કર્યું છે. પ્રાચીનતા અને નવીનતા વચ્ચે કોઈ વિરોધ નથી. બન્ને યોગક્ષેત્રનાં બે અંગ છે, એવું કહી તેઓ કોઈ એક ઉપર આત્યંતિક ભાર મૂકવાને બદલે બન્નેના યોગ ઉપર ભાર મૂકે છે ને મધ્યમ માર્ગ સ્વીકારે છે. બન્ને વચ્ચે જણાતા દેખીતા વિરોધનો પરિહાર કરતાં તેઓ નોંધે છે:

"પ્રાચીનતા, હૃદય, દીનતા, પ્રેમ અને તે દ્વારા જ્ઞાન તથા જ્ઞાનનો વિસ્તાર ઇચ્છે છે. નવીનતા, બુદ્ધિ, સ્વતંત્રતા, અભિમાન તેનાથી જ્ઞાન અને જ્ઞાનનો વિસ્તાર કરવા ધારે છે. છતાં ઉભયનું સાધ્ય ભિન્ન નથી. પ્રાચીનતા અને નવીનતા ઉભયે સંસારમાં, રાજ્યમાં, ધર્મમાં સર્વત્ર સત્ય અને અભિવૃદ્ધિ અર્થાત્ ઉન્નતિને જ ઇચ્છે છે. ઉભયના માર્ગનો ભેદ છે, લક્ષ્યનો ભેદ નથી."[૧૭]

પ્રાચીન અને અર્વાચીન શિક્ષણપદ્ધતિની ચર્ચા કરતાં તેઓ તેમાં રહેલાં દૂષણો તરફ લક્ષ ખેંચીને અર્વાચીન શિક્ષણપદ્ધતિમાં સંસારવ્યવહારના જ્ઞાનનો અભાવ છે, અને તેમાં ધર્મન્યૂનતા છે એમ જણાવી એની એકાંગીતા ખુલ્લી પાડે છે, શિક્ષણ તરફ લોકોની ઉપેક્ષાવૃત્તિ કેમ રહી છે, તેનું કારણ આપતાં તેઓ યોગ્ય જ કહે છે:

"શિક્ષણ જાતે જ જો એવા પ્રકારનું હોય કે તેથી છોકરીઓ જ્યારે પત્ની, ગૃહિણી અને માતા થાય ત્યારે તે શિક્ષણને લીધે વધારે સારી ગૃહિણી કે સારી માતા નીવડે તો જ તે શિક્ષણ લોકો લેવા માટે તત્પર થાય."[૧૮] ભણવાથી બુદ્ધિ શુદ્ધ થાય છે અને ખીલે છે, તેનાથી કુમાર્ગે જવાતું નથી એવું જણાવી તેઓ સ્ત્રીશિક્ષણની આવશ્યકતા ઉપર ભાર મૂકે છે. શિક્ષણ એકાંગી નહિ હોવું જોઈએ, માણસને માણસ બનાવે, માણસ તરીકેનો ધર્મ શીખવે એવી સર્વાંગીણ કેળવણી હોવી જોઈએ, એ પ્રકારનું મંતવ્ય વ્યક્ત કરતાં તેઓ લખે છે:

"લખતાં વાંચતાં શીખવું એનું નામ ભણવું નહિ, ગાતાં શીખવું તે ભણવું નહિ, સીવતાં શીખવું તે ભણવું નહિ, ગમે તે કોઈ એક વાત માટે એમ ન કહી શકાય કે આ વાત તે જ ભણવું, પણ એક સમગ્ર વાત કહી શકાય કે જેમાં ખરું સુખ પ્રાપ્ત થાય તેવી રીતે બુદ્ધિને સ્ફૂર્તિ આપવી અને અનુભવ મેળવવો તે ભણવું."[૧૯]

મણિલાલનું કેળવણીવિષયક દૃષ્ટિબિન્દુ એકંદરે વ્યવહારુ રહ્યું જણાય છે. માણસને એકાંગી કે પાંગળો કરે તે કેળવણી નથી, એનો સર્વાંગીણ વિકાસ કરે તે જ કેળવણી એ પ્રકારનું તેમનું મંતવ્ય યથાર્થ છે.

તેમના 'રાજ્ય અને રાજ્યધર્મ' તેમ જ 'કોંગ્રેસ-કોન્વેન્સન' જેવા રાજકીય વિષયોને લગતા નિબંધોમાં પણ એક સાચા, દૃષ્ટિમંત સુધારકના હૃદયની વિશાળતા-ઉદારતા પ્રતીત થાય છે. રાજ્યભાવનામાં પણ તેઓ ધર્મભાવનાને સર્વોપરિ માનવાનું કહે છે. રાજ્યને તેઓ સમગ્ર વ્યક્તિધર્મના આદર્શ તરીકે, કુટુમ્બની જ વધારે વિસ્તારેલી ભાવના તરીકે ઓળખાવે છે. ધર્મ-રહિત રાજ્યમાં ક્રૂરતા અને જુલ્મ પ્રવર્તે છે, એવું તેમનું માનવું છે. કોંગ્રેસ-કોન્વેન્સનને બે બહેનો માની દેશનું, આત્માનું અને સમગ્ર પ્રજાનું કલ્યાણ તેમાં રહેલું છે, એમ તેઓ જણાવે છે. નવીન જાગૃતિને તેઓ આવકારે પણ છે.

---

૧૭ એજન, પૃ. ૨૫૬ ૧૮ એજન, પૃ. ૨૭૧ ૧૯ એજન, પૃ. ૨૭૬

મણિલાલના સમાજ, રાજ્ય કે શિક્ષણને સ્પર્શતા નિબંધોને જોતાં જણાય છે કે તેમનો સુધારો અને તેમની સુધારક તરીકેની દૃષ્ટિ સર્વથા ભિન્ન પ્રકારની રહી છે. તેઓ બધે જ સત્યને જ પ્રમાણ માનીને આગળ ચાલતા જણાય છે. દરેક વિષયને તેઓ મૂળથી પકડે છે, તેના થરે થરને ઊકેલે છે, ચકાસે છે અને પછી તેઓ પોતાનો સ્વતંત્ર મત બાંધે છે. એમના નિબંધોમાં સુધારો, ઇતિહાસ અને તત્ત્વજ્ઞાનનો સ્પર્શ પામીને સૂક્ષ્મ સ્વરૂપ ધારણ કરે છે. એમના આ પ્રકારના નિબંધોમાં તત્ત્વસભર વિચારોનું ગૌરવ કરતાં આનંદશંકર ધ્રુવ યોગ્ય રીતે જ તેમને 'ઉત્સાહી અને પ્રૌઢ' સુધારક તરીકે ઓળખાવીને તેમના સુધારાને 'રીફોર્મ ઓન નેશનલ લાઇન્સ' શબ્દોથી નવાજે છે.[૨૦] પ્રાચીન વિચારોનો જીર્ણોદ્ધાર કરી, એનું નવમૂલ્યાંકન કરી, પશ્ચિમની અંધભક્તિ તરફ ઢળતા સમાજને પૂર્વાભિમુખ કરવા મણિલાલે જે ભગિરથ પ્રયત્ન કર્યો છે તે નિઃશંક એમના સુજ્ઞ અભ્યાસી ડૉ. ધીરુભાઈ ઠાકર કહે છે તેમ તેમને ગુજરાતના જ નહિ, પણ સમસ્ત પશ્ચિમ હિન્દના સુધારાના ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન અપાવે છે.[૨૧]

'ભાષા', 'ગુજરાતી ભાષાની ઉન્નતિ,' 'કાવ્ય,' 'નાટક,' 'વર્તમાન નાટકો,' 'ગુજરાતના લેખકો,' 'કવિ નર્મદાશંકર લાલશંકર' અને 'કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ સી. આઈ. ઈ.' જેવા સાહિત્યને લગતા નિબંધોમાં કે 'અવલોકન,' 'કલાન્ત કવિ,' 'નિબંધરીતિ,' 'સરસ્વતીચંદ્ર'–૧, 'કુસુમમાળા' અને 'સ્નેહમુદ્રા' જેવા વિવેચાત્મક નિબંધરૂપ લખાણોમાં મણિલાલની એક સાહિત્યતત્ત્વજ્ઞાની અને એક ઉત્સાહી વિવેચકની મુદ્રા ઊપસે છે. આ પ્રકારના તેમના નિબંધોની વિચારણાનો સંક્ષેપમાં વિચાર કરી લઈએ.

વિચારના વેગ પ્રમાણે એને અનુરૂપ ભાષા સ્વતઃ જ ઉદ્‌ભવે છે. વિચારના વેગને પ્રદર્શિત કરવા માટે આ શબ્દ કે તે શબ્દ, તળપદો કે સંસ્કૃત શબ્દ વાપરીએ એવી વિચારણાને અવકાશ જ રહેતો નથી. કદાપિ કોઈ લેખક એમ કરવા જાય તો તેની વિચારશ્રેણિ તેટલે અંશે બગડે છે, તેવી મણિલાલની દૃઢ માન્યતા હતી. વિચાર અને ભાષા એ બંનેને તેઓ અભિન્ન તત્ત્વો લેખે છે.[૨૨] તેમની આ વાત તેમના નિબંધોને બરાબર લાગુ પડી શકે તેમ છે. ઘણુંખરું જ્યાં વિચારોનું ઊંડાણ હોય ત્યાં શૈલી ભાગ્યે જ પ્રવાહી રહેતી હોય છે. મણિલાલમાં ઊંડાણનો ભોગ આપ્યા વિના શૈલી પ્રવાહી બની છે. આનું કારણ તેમની ઊંડું વિચારવાની શક્તિ છે. સંસ્કૃત આલંકારિકોની પેઠે તેઓ પણ કાવ્ય અભ્યાસથી નહિ, પણ અમુક પ્રકારની પ્રકૃતિમાંથી, નૈસર્ગિક પ્રતિભા વડે જ નિષ્પન્ન થાય છે એમ કહે છે. કાવ્ય અને તત્ત્વ વિશે નિગૂઢ સંબંધ રહેલો છે, એવું એમનું માનવું છે. કવિતાને અલૌકિક પદાર્થ માની તેઓ 'ભાવનામાં આનંદતા આત્માનો ઉદ્‌ગાર તે કવિતા' એવી કવિતાની વ્યાખ્યા બાંધે છે.[૨૩] અન્ય સાહિત્યસ્વરૂપોની સરખામણીમાં નાટ્યસર્જનની પ્રવૃત્તિને તેઓ અઘરી ગણે છે અને તે માટે તેઓ વધુ ગંભીર અને વિચારવાન થવાનું સૂચવે છે. તેઓ આના સંદર્ભમાં લખે છે :

---

૨૦ 'સાહિત્ય વિચાર'—આ. બા. ધ્રુવ (૨૭. આ.), પૃ. ૩૮૧

૨૧ જુઓ : 'મણિલાલ નભુભાઈ : સાહિત્યસાધના'—લે. ડૉ. ધીરુભાઈ ઠાકર, પૃ. ૧૭૮

૨૨ જુઓ : 'મણિલાલની વિચારધારા'—સંપા. ધીરુભાઈ ઠાકર, પૃ. ૨૯૮

૨૩ એજન, પૃ. ૩૧૫

"કાવ્ય એ હૃદયની ભાષા છે, તત્ત્વ એ બુદ્ધિની ભાષા છે, પણ નાટક એ સર્વ ઇન્દ્રિયોની, સર્વ કોઈની ભાષા છે...કવિ અને તત્ત્વજ્ઞના કરતાં નાટ્યકારનું કાર્ય વધારે મહત્તાવાળું, વધારે કઠિન અને વધારે સૂક્ષ્મ તથા ઉત્તમ છે.[૨૪] સ્થૂળ લોકરુચિને સંતોષવા લખાતાં ભવાઈ જેવાં નાટકો તરફ તેઓ તિરસ્કાર વ્યક્ત કરે છે. નાટકો સંસારમાં જે બને છે તેનું સાક્ષાત્ અનુકરણ છે એમ કહી નાટક કંપનીઓને, નાટકકારોને અને નટોને એમના ઉત્તમ સાધનોનો ઉપયોગ કરી, લોકરુચિને સંસ્કારી, ઉન્નત માર્ગે લઈ જવાનો તેઓ અનુરોધ કરે છે. નાટક વિશેનાં તેમનાં આ મંતવ્યો તે વિષયની તેમની ઊંડી સૂઝનાં દ્યોતક બની રહે છે. 'ગુજરાતના લેખકો'માં તેઓ સમકાલીન સર્જકો અને તેમના સર્જનનું વિહંગાવલોકન કરે છે ને તેમના ઉદ્ધત, વ્યાવહારિક, વિવેચક અને પ્રાચીન જેવા ચાર પક્ષ પાડી—તેઓની ભાષાને—ગદ્યને ચકાસે છે. 'તળપદી' ભાષાનો દરેક જગ્યાએ આગ્રહ રાખવાથી શા ગેરફાયદા થાય છે ને નિરર્થક સંસ્કૃત શબ્દો પ્રયોજી વાગાડમ્બર ઊભો કરવાથી પણ શી હાનિ થાય છે તે બતાવી તેઓ 'યથાર્થ પક્ષ'ની તરફેણ કરે છે.[૨૫] 'કવિ નર્મદાશંકર લાલશંકર'માં નર્મદના સુધારક તરીકેના તેમ જ સાહિત્યકાર તરીકેના વ્યક્તિત્વને ઉપસાવી આપવાનો સ્તુત્ય પ્રયાસ થયેલો જોવા મળે છે. કવિતા વિશેની નર્મદની વિભાવના, તેનાં કાવ્યો, તેનું ગદ્ય-પદ્ય એ સૌનું નિબંધકારે તટસ્થ અને સમતોલપણે અવલોકન કર્યું છે. અને નર્મદના કેટલાક સ્થાયી મૂલ્યવાળા પ્રદાનને તારવી બતાવ્યું છે.[૨૬] દલપતરામને કવીશ્વર બનાવવામાં સમકાલીન જમાનાના પરિબળોએ કેવો ભાગ ભજવ્યો હતો તે સ્પષ્ટ કરી, દલપતશાહી શૈલીના વિસ્તારમાંથી કશી ભવ્યતા કે સંસારતાનો જન્મ થયો નથી, એની તેઓ યોગ્ય રીતે નોંધ લે છે.[૨૭] કૃતિનાં વિવેચનમાં વિવેચકે અનુબંધ ચતુષ્ટયનો—વિષય, સંબંધ, પ્રયોજન અને અધિકાર—ધ્યાનમાં રાખી અવલોકન કરવું જોઈએ તેવો તેમનો પ્રામાણિક અભિપ્રાય છે.[૨૮] 'કુસુમમાલા'ને તેઓ વખાણે છે, પણ 'પાશ્ચાત્ય કાવ્યકુસુમો પ્રાયશઃ રસરૂપગંધવર્જિત છતાં કોઈ નવીન રૂપરંગથી જ આકર્ષક હોય છે' એમ કહી એની મર્યાદાઓને પણ ચીંધે છે.[૨૯] 'હૃદયવીણા'માં ખ્રિસ્તી ધર્મ-ભાવનાના પડઘા ઝિલાયેલા જોઈ 'નવી શબ્દયોજના છતાં એ કાવ્યત્વ બહુ ઊંચા પ્રકારનું જણાતું નથી' એવો સ્પષ્ટ અભિપ્રાય પણ તેઓ ઉચ્ચારે છે.[૩૦] મણિલાલના સાહિત્યવિષયક નિબંધોમાં સંપ્રજ્ઞપણે વિવેચન પ્રવૃત્તિ કરતાં એક વિવેચકનો ઉત્સાહ, ઉદ્યોગ, તાટસ્થ્ય અને પૂર્વના સાહિત્યસિદ્ધાંતોથી પરિષ્કૃત થયેલી તેજસ્વી વિવેકદૃષ્ટિ જણાઈ આવે છે. નવલરામ પૂર્વ-પશ્ચિમના સિદ્ધાન્તોનો સમન્વય કરી આપણે ત્યાં વિવેચનાની પરંપરા માંડી આપે છે, તો મણિલાલ એ પરંપરાને સંસ્કૃત આલંકારિકોએ નિર્દેશેલ માર્ગે વાળવાનો વિદ્વત્તાપૂર્ણ પ્રયાસ કરે છે, એમ એમના એ પ્રકારના નિબંધોને જોતાં કહી શકાય. મણિલાલની રુચિ એકંદરે સંસ્કૃત કાવ્યશાસ્ત્રના સિદ્ધાન્તોથી જ બંધાયેલી હતી, એપણ સાથે સાથે સ્વીકારવું જોઈએ.

મણિલાલના સઘળા નિબંધોનું ઉત્તમાંગ, ઉપર જોઈ તે પ્રકારની તેમાં રહેલી ઊંચા પ્રકારની વિચાર-સામગ્રી છે. 'જેનું વચને વચન અનુભવનો ગ્રન્થિ છે.'—નિબંધકાર પાસે મણિલાલે રાખેલી એ પ્રકારની અપેક્ષા તેમના નિબંધોમાં સંતોષાય છે. ધર્મ, સમાજ, નીતિ, સાહિત્ય, તત્ત્વજ્ઞાન

---

૨૪ એજન, પૃ. ૩૧૮

૨૫ થી ૩૦ એજન, અનુક્રમે પૃષ્ઠ ૩૨૬, ૩૩૯, ૩૫૩, ૩૬૬, ૩૮૯ અને ૪૦૧ ઉપરના નિબંધો.

અને અર્થકરણ જેવા અનેક વિષયો પર તેમણે વર્ષો સુધી ચિંતન-મનન કર્યું હતું. હકસલે અને સ્પેન્સનર જેવા કેળવણીકારોના વિચારોથી, ઇમર્સન અને બૅકન જેવાના ચિંતનયુક્ત નિબંધોથી અને શાંકરવેદાન્તના તત્ત્વજ્ઞાનથી તેમનું માનસ સમૃદ્ધ થયેલું હતું. એ બધાંને પચાવીને પોતાના નિબંધોમાં એનો તેમણે સુંદર વિનિયોગ કર્યો છે. હરકોઈ વિષયનો વાચક એમના નિબંધોની આ તત્ત્વપ્રસાદીથી આકર્ષાઈ તેની સાથે તદાકારતા અનુભવે એવી એ રસસભર, વૈવિધ્યભરી કૃતિઓ છે. તેમની અભેદની ફિલસૂફી સાથે એ બધું સહજપણે રસાઈ ગયું છે. પરિણામે તેમનો ગમે તે વિષય પરનો નિબંધ લઈએ પણ તેમાં આયાસ—સાધ્યતા લાગતી નથી. તેમને નિબંધો લખવા કોઈ પૂર્વયોજના કરવી પડી હોય કે શબ્દોની તરડ-મરડ કરવી પડી હોય એવું ભાગ્યે જ લાગશે. એમનામાં વસતી પ્રબળ વિચારસામગ્રી—ભાવસામગ્રી જ એમની પાસે સડસડાટ કલમે નિબંધો લખાવે છે. અલબત્ત, વિચારના એ પ્રકારના આવેગને લઈને અને એક વખત લખ્યા પછી એને ફરીથી સુધારવાનું આળસ કે સમયના અભાવે શકય ન બનતાં તેમની ભાષામાં કયારેક અશુદ્ધિ કે ખોટા પ્રયોગો આવી ગયેલા જણાય છે. 'નિવૃત્તિમાર્ગ', 'હૃદય અને બુદ્ધિ' અને 'નવીન અને પ્રાચીન' જેવા નિબંધોમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ તાત્ત્વિક ચર્ચા વખતે પણ તેમણે બુદ્ધિ પાસે કયાંય કસરત કરાવી હોય તેમ લાગતું નથી. એમના નિબંધો એમના વ્યક્તિત્વના સાહજિક ઉચ્છ્વાસરૂપ બન્યા છે. વાર્તાની જેમ સીધી ધ્યેય તરફની ગતિ એ એમના નિબંધોની બીજી વિશિષ્ટતા છે. આડીઅવળી લપછપમાં ઊતર્યા વિના તેમનું ધ્યેય સીધું રહસ્યદર્શન કરાવવાનું રહ્યું જણાય છે. પરિણામે 'પ્રેમ', 'પાપ' જેવા તેમના સંક્ષિપ્ત નિબંધોમાં કે 'પૂર્વ અને પશ્ચિમ' જેવા એમના દીર્ઘ નિબંધોમાં પણ વક્તવ્યનો પ્રવાહ કયાંય ક્ષીણ કે ક્ષત થયા વિના અખંડપણે વહેતો હોય છે. વિચારનું ક્રમિક વિકસન પણ સહજપણે થતું હોય છે. રમણભાઈની જેમ તેઓ દલીલ-બાજીમાં નથી ઊતરતા, બલવંતરાયની પેઠે તેઓ દુરૂહ નથી બનતા કે નરસિંહરાવની માફક ખોટા અવાન્તરમાં તેઓ સરી જતા નથી. આમ છતાં તેઓ અઘરામાં અઘરા વિષયને પણ હૃદયના રંગે રંગીને અને બુદ્ધિની ધાર ઉપર ચડાવીને નિરૂપે છે, અને તેના તંતોતંતને સ્પષ્ટ કરી, સમગ્ર રચનાને આસ્વાદ્ય બનાવે છે.

એમના નિબંધોમાં ચિંતન-મનનયુક્ત ઉચ્ચ વિચારસામગ્રી હોવા છતાં એ નિબંધો શુષ્ક શાસ્ત્રચર્ચા, વિવરણ કે ભાષ્ય બનવાને બદલે પ્રાસાદિક રચનાના નમૂના બન્યા છે, તેની પાછળ બે કારણો સ્પષ્ટપણે જણાઈ આવે છે. એક છે, વિવિધ રંગોની મિલાવટવાળું એમનું પ્રતાપી વ્યક્તિત્વ, અને બીજું તે એમની ગદ્યશક્તિ. પોતાની જાતને 'યથાર્થ પક્ષવાળા' લેખકોમાંના એક તરીકે ઓળખાવતા મણિલાલનું લક્ષ્ય વક્તવ્યને અનુરૂપ ભાષા પ્રયોજવાનું રહ્યું છે. અમુક કે તમુક પ્રકારની જ ભાષા પ્રયોજવી એવો કોઈ આગ્રહ રાખ્યા વિના વિષયાનુરૂપ ભાષા પ્રયોજાય તો તેમાંથી શુદ્ધ લેખ—ઉત્તમ સર્જનકૃતિ જન્મે, એવો ગદ્ય વિશેનો એમનો અભિપ્રાય તેમના નિબંધોને અકબંધ લાગુ પાડી શકાય તેમ છે. તેમણે જરૂર પડે સંસ્કૃત, તળપદા કે દેશી એમ સર્વ પ્રકારના શબ્દોનો ઉપયોગ કર્યો છે. આથી જ 'આદિકારણ', 'અદ્વૈતજીવન' કે 'આત્મજ્ઞાન' જેવા તત્ત્વનિરૂપણના નિબંધોમાં તેમનું ગદ્ય પર્યેષણલસિત બની વિષયોચિત ગૌરવ અને શિષ્ટતા ધારણ કરે છે. તો 'બાવો બોલ્યો તે સત્ય', 'ધર્મ', 'વાચન' અને 'જ્ઞાન' વગેરે નિબંધોમાં નર્મદના નિબંધોનું સ્મરણ કરાવે તેવી ધર્મપુરુષ કે સુધારકની સમજાવટભરી સરળ, તળપદી,

વિશદ અને મર્મગામી શૈલી જોવા મળે છે. સાહિત્ય સુધારો અને ધર્મને લગતા વિષયોમાં ‘જ્ઞાનસુધા’ના તંત્રી રમણભાઈ નીલકંઠ સામે મણિલાલને અનેક વખતે વિવાદમાં ઊતરવું પડ્યું હતું. આ પ્રકારના નિબંધોમાં તેમણે શાસ્ત્ર અને બુદ્ધિનો સહારો લઈ સ્વમતનું સ્થાપન કરી, વિવેકપુરઃસર અન્યના મતનું ખંડન કર્યું છે. આ પ્રકારની રચનાઓમાં ઓજસ, વાક્છટા, તીક્ષ્ણતા અને સચોટતા જેવા ગુણો પ્રવેશેલા દેખાય છે. ‘અધિકાર’, ‘સનાતન હિન્દુધર્મ’ અને ‘ગુજરાતના લેખકો’ આદિ નિબંધો આનાં દૃષ્ટાંતો છે. વક્તવ્યને લક્ષમાં રાખી પ્રસંગોપાત્ત બદલાતા રહેલા મણિલાલના ગદ્યમાં આથી જ એકી સાથે ઉત્કટતા ને સ્વસ્થતા, સરળતા ને ગાંભીર્ય, તળપદાપણું અને શિષ્ટ સંસ્કૃતમયતા—એવા પરસ્પરવિરોધી ગુણો યુગપત્ જણાય છે. એમના ગદ્યની આ અનન્ય લાક્ષણિકતા છે. ગદ્ય ઉપરના આ પ્રકારના પ્રશસ્ય કાબૂને લીધે એમના નિબંધોમાં તાજપ, ચેતન અને આહ્લાદક સ્ફૂર્તિ વરતાય છે.

નર્મદ અને મણિલાલ એ ઉભય નિબંધકારોની પ્રકૃતિમાં કેટલુંક સામ્ય જણાય છે. બન્ને સુધારાના ધ્યેયથી લખતા હતા. બન્નેને પોતપોતાના વિચારોને વિશાળ જનસમુદાય સાથે રમતા મૂકયા હતા. બન્નેમાં સત્યપ્રિયતા અને કંઈક અંશે ઉકળાટ પણ છે. આમ છતાં નર્મદને મુકાબલે મણિલાલની અભ્યાસનિષ્ઠા અને વિદ્વત્તા વધુ અને તે જ રીતે તેમનામાં સ્વસ્થતા, પરામશર્કતા અને પ્રૌઢિ પણ વિશેષ. નર્મદની સરખામણીમાં મણિલાલના નિબંધો આથી વધુ સફાઈદાર ને સૌષ્ઠવાપન્ન બન્યા છે. નર્મદની માફક મણિલાલના નિબંધોમાં તેમનું વ્યક્તિત્વ લાક્ષણિકરૂપે ઝિલાયું છે. ક્યારેક તેઓ ધર્મપુરુષની આત્મશ્રદ્ધાથી ને પયગંબરી છટાથી ઉદ્‌બોધન કરે છે.[૩૧] ક્યારેક કરુણાજનક સામાજિક સ્થિતિને નિહાળતાં તેઓ ભગ્ન અને વિદ્ધ હૃદયે હિતચિંતકરૂપે બોલે છે.[૩૨] ક્વચિત્ ભાવકની છેક નજીક આસન લઈને મિત્રને મુરબ્બી ભાવે તેઓ ગોષ્ઠી કરે છે.[૩૩] ક્યારેક પરની કે સ્વની નિર્ભર્ત્સના કરતાં કરતાં તેઓ તીવ્ર કટાક્ષનો આશ્રય લે

---

૩૧ જુઓ :—

“આ દેશની ઉન્નતિ કોઈ પણ દિવસે થવાની હોય તો તે આખા દેશના અંતઃકરણનું ઐક્ય થયા વિના થવાની નથી. અને તેવું ઐક્ય ધર્મભાવનાની ઉન્નતિ વિના આવવાનું નથી.”—એજન, પૃ. ૫૨

૩૨ જુઓ :—

“આર્ય મહિલા! તારી હાલની અવસ્થાનું ચિત્ર વિલક્ષણ છે. તારાં અંગ શિથિલ થઈ ગયાં છે; તારો વર્ણ ફિક્કો પડી ગયો છે: ને તારી મુખમુદ્રા પણ હતી તે ક્યાં છે? ફાટલાં તુટલાં વસ્ત્ર પહેરી આંગળીએ બેત્રણ મુડદાલ જેવાં નિસ્તેજ બાળક વળગાડી અંધારામાં અથડાતી કુટાતી તારા પતિની પાછળ જેમતેમ ચાલી જાય છે! કોઈ ઠેકાણે તારી આકૃતિ આવી થઈ ગઈ છે. તો કોઈ ઠેકાણે તું પતિને હાથે વળગી હસતે મુખે વસ્ત્રાલંકારથી ને રૂપરંગથી સર્વને આનંદ પમાડતી ચાલી જાય છે. પણ અરે! આ ઉભય અવસ્થામાં તારું ખરું રૂપ, તારી ખરી મોટાઈ ક્યાં છે?”—એજન, પૃ. ૨૦૪

૩૩ જુઓ :—

“પણ તારા મનમાં તેં એકાન્તમાં અમુક દુરાચારની વાતને તેનાથી થતું નુકસાન એ બે વાંચીને શી તુલના કરી? ન કહેવી જ સારી છે. ‘નીતિમાલા’ કે તેવું જ કોઈ પુસ્તક લઈ કેટલી નીતિ સંગ્રહણ કરી? ભગત થવાની મરજીથી કે તેમ બતાવવાની ઇચ્છાથી કે પછી વખતે એ વાંચવાથી પણ પ્રભુ પુત્રાદિક બક્ષી દે એવા અંતસ્થ સંકેતથી ભગવદ્‌ગીતા ભણી ગયાં તેથી શું થયું? વાચન—તે મોજ—મઝાને માટે છે એની અમે ના નથી કહેતા પણ વિચાર કરીને વાંચવું તથા તેમાંથી તુલના કરી સદ્‌બુદ્ધિ લેવી એ ખરું કહેવાય.”—એજન, પૃ. ૨૧૭

છે.[૩૪] ક્યારેક વળી સુધારકનો ઉત્સાહ વ્યક્ત કરતાં જણાય છે.[૩૫] ક્યારેક તેઓ ધીરગંભીરપણે તત્ત્વવિમર્શન કરતાં ફિલસૂફ રૂપે દૃષ્ટિગોચર થાય છે.[૩૬] વક્તવ્યને અસરકારક બનાવવા મણિલાલે નિબંધોમાં કહેવતોનો અને દૃષ્ટાન્તોનો પણ ખૂબીપૂર્વક ઉપયોગ કર્યો છે. નર્મદની જેમ મણિલાલે પણ ક્યારેક રૂપકશૈલીનો આશ્રય લીધો છે. 'નિવૃત્તિમાર્ગ'માં નિર્વેદનું તેમણે યોજેલું રૂપક દૃષ્ટાન્ત રૂપે અહીં ટાંકવા જેવું છે :

" નિર્વેદ એ કોઈ એવો રાક્ષસ છે કે જેને તે એક વાર વળગ્યો તેને કદાપિ મૂકતો જ નથી; ગમે તેટલી નવીનતાનો તેના ઉપર ઢોળ ચઢાવો પણ એક ફૂંક મારતાંની સાથે તે બધાં ઢોળને ઉરાડી મૂકી પોતાનું કાળું મોઢું આગળનું આગળ ધરે છે; ગમે તેટલા ખાનપાન મદ્યાપિમાં તેને ડુબાડો, ગમે તેટલો વાદિત્રના દોરથી તેને સાંકળી લો, ગમે તેટલી મૃદુ અલકાવલિમાં તેને વીંટી ચંચલ વિલાસ વિભ્રમવાળાં અંબુજની તેના ઉપર મહોર મારો, ગમે તો હાથીએ બેસાડો કે ગધેડે ચઢાવો, ગમે તો કલ્પનાની ટોચે લઈ જાઓ કે બુદ્ધિના ગૂઢમાં ગૂઢ ગર્તમાં ગોથાં ખવરાવો, ગમે તો પ્રેમમયતાના પ્રદીપ્ત એક ભાવમાં તેને ઓગાળવા માંડો કે સ્વાર્થના કૂટકપટની શિલાતલે એને દાબો— તોપણ બધાંને તોડી, ફોડી, ભાંગી, ઉલટાવી, ઉથલાવી, એ રાક્ષસ જેવોને તેવો બિહામણોને બિહામણો સામો ઊભો જ જાણવો. એ રાક્ષસે માણસ જાતને જે આ વિશ્વચક્રની ચક્કી ફેરવવા સોંપી છે તેમાંથી ઘણાક શોધ, ઘણાક ભવ્ય ચમત્કાર, ઘણાક ઉન્નત તર્ક, ઘણાક દ્રાવક ઉદ્‌ગાર, ઘણું ઘણું ઉદ્‌ભવ્યું છે—પણ તે બધાંના ઉપજાવનાર કોણ છે ? એ ચક્કીનાં પડ વચ્ચે કોઈનો હાથ તો કોઈનો પગ, કોઈનું માથું તો કોઈનું શરીર, કોઈનું મન તો કોઈનું હૃદય, જ્યારે જ્યારે કચડાયેલું ત્યારે ત્યારે તેમનાઅંગના રુધિરમાંથી, તે તે શોધ, તે તે ચમત્કાર, તે તે તર્ક, તે તે ઉદ્‌ગાર, ઉદ્‌ભવ્યાં છે; બાકી જેમણે આંખો મીંચીને આધાને આધા રહી એ ચક્કી ફેરવ્યા કરી છે તે તો ચક્કીને ખીલડે લટકીને ઊલટા જાતે ફેરવાયા છે, નિર્વેદને મથવા જતાં જાતે મથાયા છે, ક્યાંના ક્યાં જઈ પડ્યા છે, ને આટોવીટી થઈ ગયા છે. જેમણે ઉઘાડી આંખે જાણી જોઈને નિર્વેદને જીતવા, તેને નવીનતા અર્પવા, તેને રસમય કરવા પોતાનો ભોગ આપ્યો છે તેમનાં શોધ, ચમત્કાર, ઉદ્‌ગારાદિ આપણાં ભવ્ય શાસ્ત્ર, ભવ્ય ધર્મ, ભવ્ય ચરિત્ર, ભવ્ય કાવ્ય, ભવ્ય ઊર્મિવિલાસરૂપે અમર રહી આજ પણ નિર્વેદના ઉપર કાંઈક ઢોળ ચઢાવવા જેટલી સામગ્રીનો દિલાસો માણસને આપી શકે છે; પણ જે ભોગ આપવાને બદલે નિર્વેદને વળગી રહી જીતવા માટે મથવા ગયા છે તે તો નીચ સ્વાર્થ, દુષ્ટ,

---

૩૪ જુઓ— " ધર્માભિમાની પંથપ્રવર્તકો જાણે છે કે અમે ઠાવકું મોં રાખી અહંબ્રહ્મ કહીએ છીએ તેનો ઈન્કાર કરનાર કોણ ? મારો ઘોડો એમ જાણે છે કે હું તે હું જ--ને મારા પગના બુટ પણ કોણ જાણે એનું એ જ અહંપદ જાણીને રાતદિવસ ચુકારામાંથી નીકળતા નથી ! બધી દુનિયા જ અહંમાં ડૂબી છે !! " —એજન, પૃ. ૭

૩૫ 'આવો, આર્યો ! ભાઈઓ, બહેનો, તમે એ તરંગ ઉપર સવાર થશો ? થાઓ, થાઓ ! તમારું, તમારા દેશનું, તમારા આત્માનું, તમારી પ્રજાનું બધાનું કલ્યાણ એમાં જ છે "—એજન, પૃ. ૨૯૨

૩૬ અદ્વૈતમાં તો વિશ્વસ્વરૂપનો નિર્ણય કરાયેલો જ છે કે સત્‌રૂપ સર્વમયતામાં જે ભેદ જણાય છે તે એક કલ્પના માત્ર છે; અને તેની ઉત્પત્તિ ગમે તે દ્વારા ગમે તે પ્રકારે કરવામાં આવતી હોય તથાપિ પરમાર્થ સત્તાનો સ્વીકાર કરવામાં આવે એ જ અદ્વૈત સિદ્ધાન્તાનુસાર વિશ્વવિવેક માન્યા બરાબર છે" —એજન, પૃ. ૧૨૪

દુરાચાર, તિરસ્કારાર્હ નિર્ઘૃણતા, અને અસ્મર્ય અંધકારમાં જ, બીજી રીતે કહીએ તો ચોરી, લુચ્ચાઈ, લંપટતા, વ્યસનાદિમાં અટવાઈ મુવા છે."[૩૭] રૂપકશૈલીના ઉત્તમ નમૂના રૂપ આ ગદ્યખંડમાં નિબંધકારની સર્ગશક્તિ પૂરેપૂરી રીતે ખીલી ઊઠેલી જણાય છે. તેમાંની ઊંચા બરની કલ્પના, બાણના ગદ્યની સ્મૃતિ કરાવે તેવો લય; ભાવની ચડ–ઊતર પ્રમાણેનો આરોહ–અવરોહ, શિષ્ટ અને તળપદા શબ્દોનો એકી સાથે થયેલો યથોચિત ઉપયોગ અને ઉત્કટ-વેગીલી કથનરીતિ આદિ તત્ત્વો અવશ્ય ધ્યાન ખેંચે તેવાં બની રહ્યાં છે. આ એક ખંડ ઉપરથી પણ અભ્યાસીને તેમના ગદ્ય સ્વામિત્વની પ્રતીતિ થઈ રહે તેમ છે.

જેની પાસે ઉત્તમ વિચારસમૃદ્ધિ હોય, ગદ્ય પર અનન્ય પ્રભુત્વ હોય અને સૌથી વિશેષ તો એ બધાંને નિબંધના ઢાળામાં ઢાળી, કલાત્મક ઘાટ આપવાની શક્તિ હોય તેવો કોઈ પણ ગદ્યસ્વામી ઉત્તમ નિબંધકાર થઈ શકે. મણિલાલના નિબંધો આપણને આ સત્યની પ્રતીતિ કરાવે છે. વિષયનો સચોટ ઉઘાડ, વિચારનો ક્રમિક અને સહજ રીતે થતો વિકાસ, વિષયના અંગ-પ્રત્યંગનું માર્મિક વિશ્લેષણ, તત્ત્વની સૂક્ષ્મ પકડ, દૃષ્ટાંત—દલીલો વડે વિષયને સુકર કરી આપી સર્વગ્રાહ્ય બનાવવાની આવડત અને એ બધાંને કોઈ માળી જુદાં જુદાં પુષ્પોને એક દોરામાં પરોવી સુંદર હાર બનાવે તે પ્રમાણે, વિવક્ષિત એવી સર્વજનીન માન્યતા કે સત્ય વડે ગૂંથી આપવાની શક્તિ, અને એ બધાંમાંથી સ્વાભાવિક રીતે રચાઈ આવતી સુશ્લિષ્ટ, અશિથિલ અને દૃઢ બંધવાળી મનોરમ નિબંધકૃતિ એ સૌ ઘણુંખરું તેમના નિબંધોની અને તેમની નિરૂપણરીતિની તરી આવે તેવી વિશિષ્ટતાઓ છે. નિબંધકાર મણિલાલે કુશળ નાટ્યકારની ઢબે વિચારના દોરને સહેજ પણ ઢીલો પડવા દીધા વિના, એને એક ચોકકસ આકાર આપી પહેલ પાડેલ હીરા જેવા અણિશુદ્ધ, કળામય નિબંધો આપ્યા છે.

શિષ્ટ, પ્રૌઢ, ચિંતનગર્ભ, તેજસ્વી વાક્છટાવાળું સંસ્કારી ગદ્ય પહેલવહેલું મણિલાલના નિબંધોમાં જોવા મળે છે. નવલરામના હાથે સંસ્કારાયેલું ગદ્ય મણિલાલમાં સંપૂર્ણ દ્વિજત્વ પ્રાપ્ત કરતું જણાય છે. નવલરામે મઠારેલા અને મનઃસુખરામના હાથે કંઈક અંશે ચિંતનની મુદ્રા ધારણ કરતો નિબંધ સુગ્રથિત બની એનું પૂરેપૂરું ગંભીરરૂપ પામે છે મણિલાલના હાથે. શિષ્ટ અને સંસ્કારી શૈલીના સંખ્યાબંધ ચિંતનાત્મક નિબંધો આપીને આમ મણિલાલ, વિ. મ. ભટ્ટ કહે છે તેમ, ગુજરાતી સાહિત્યના પણ ઉત્તમ નિબંધકારોમાંના એક તરીકેનું સ્થાન પામે છે. ને તેમનો 'સુદર્શન ગદ્યાવલિ' સંગ્રહ ગુજરાતી સાહિત્યનો સર્વોત્તમ નિબંધભંડાર બને છે.[૩૮]

---

૩૭ એજન, પૃ. ૩૪

૩૮ 'નિબંધમાળા', સંપા. વિ. મ. ભટ્ટ (૨૭. આ.), પૃ. ૨૬

તારાવિશ્વોની સંશોધનસમસ્યાઓ

છોટુભાઈ સુથાર

બ્રહ્માંડમાં આવેલાં તારાવિશ્વો પૈકી ૯૭% પ્રકારનાં તારાવિશ્વો વ્યવસ્થિત સ્વરૂપનાં છે જ્યારે બાકીનાં ૩% તારાવિશ્વો અવ્યવસ્થિત આકાર પ્રકારનાં છે. હવે એમ સમજાવા લાગ્યું છે કે આ અરૂપ તારાવિશ્વો અન્ય તારાવિશ્વો સાથે કાં તો પારસ્પરિક ક્રિયા દાખવે છે યા તેમના અસ્થાયી વિક્ષોભો બરદાસ્ત કરી રહ્યાં છે. આમ છતાં ય બધાં તારાવિશ્વો વિષે એક વાત સામાન્ય છે. તે છે એમની એકબીજાથી અવકાશમાં દૂર દૂર જવાની સ્થિતિ. તારાવિશ્વો આપણાથી દૂર સરકતાં જાય છે એ બાબત એમના રક્તવિચલન પરથી સાબિત થઈ છે. આ રક્તવિચલનને તારાવિશ્વોના દૂરગમનના વેગ સાથે સાંકળવામાં આવ્યું છે. તારાવિશ્વો જેમ વધુ દૂરનાં તેમ એમના દૂરગમનના વેગ વધુ હોવાનું સ્વીકારાયું છે. આમ છતાંય ખગોળશાસ્ત્રીઓનું એક નાનું જૂથ રક્તવિચલનની વાતને અંતરદર્શક સામાન્ય બાબત તરીકે સ્વીકારવા રાજી નથી. ક્વેસાર અંગેના રક્તવિચલનને અવેગી (Non-velocity) માનવું પડે એવી પરિસ્થિતિ છે.

તારાવિશ્વોનાં અંતર ઉપરાંત તારાવિશ્વોનાં જૂથ યા ગુચ્છ હોવાની બાબત પણ રક્તવિચલન પર આધારિત છે: વિશેષ કરીને એ જૂથોનાં દળ અને પ્રસરણની વાત. આ સિવાય તારાવિશ્વોની ઉંમરો પણ વિશિષ્ટ સંશોધન-પ્રશ્ન બનેલો છે, અને તે તારાવિશ્વોની ઉત્પત્તિ સાથે સંકળાયેલો છે. તારાવિશ્વોની પારસ્પરિક ક્રિયાએ તારાવિશ્વો વચ્ચે આવેલા વાયુસેતુઓ (યા વાયુ પૂછડીઓ) ઉપરાંત ભેકશિશુ (Tadpole) પ્રકારનાં તારાવિશ્વોએ રેડિયો ખગોળશાસ્ત્રીઓનું ખાસ ધ્યાન આકર્ષ્યું છે.

અહીં, આપણે, મંદાકિની તારાવિશ્વના ઉત્પત્તિ—પ્રશ્નથી ઉપર્યુક્ત સંશોધન સમસ્યાઓની શરૂઆત કરીશું.

મંદાકિની-વિશ્વ બ્રહ્માંડમાં આવેલાં કરોડો તારાવિશ્વો પૈકીનું એક મોટું સર્પિલ તારાવિશ્વ છે; તેના સંપુટનો વ્યાસ એક લાખ પ્રકાશવર્ષનો અને સંપુટ જાડાઈ પંદર હજાર પ્રકાશવર્ષની છે. વિજ્ઞાનીઓનો સામાન્ય મત છે કે દસ અબજ યા તેથી પહેલાં થયેલા આદિ તત્ત્વ ઈલેમ-(Ylem)માંના વિસ્ફોટ દ્વારા હાઈડ્રોજન વાયુના મોટા મોટા જથ્થા અવકાશમાં વહેતા થઈ ગયા હતા; તેમાંથી કાળક્રમે આદિ તારાવિશ્વોની ઉત્પત્તિ થઈ હતી. આદિ તારાવિશ્વો ઉત્ક્રાંત થઈ આજનું સ્વરૂપ પામ્યાં છે.

આપણને વધુ સ્પર્શતો પ્રશ્ન મંદાકિની વિશ્વ કેવી રીતે બંધાયું હશે એ અંગેનો છે. એક કલ્પના, આંતર્વૈશ્વિક વાયુમાં ક્યાંક ક્યાંક ગાંઠો ઉત્પન્ન થતાં એ ગાંઠોએ એમની આજુબાજુના વાયુદ્રવ્યને પોતાના તરફ ખેંચી ઉત્ક્રાન્તિ સાધેલી જેને પરિણામે અનેક અલગ અલગ તારાવિશ્વો જન્મ પામેલાં એવી છે. બીજી કલ્પના ઉપર્યુક્ત વાયુજથ્થા ઓચિંતા સંકોચાઈ જઈ તેમાંથી તારા-

વિશ્વો જન્મવા અંગેની છે. આ બન્ને કલ્પનાઓ છે તો યુક્તિસંગત પણ એ માટેની પ્રક્રિયાઓ કઈ રીતે ચાલીને પૂર્ણ થઈ હશે એનાં કારણ દર્શાવી શકાયાં નથી. ઉદાહરણ તરીકે આદિ વિશ્વ બનવા માટે જે ગ્રન્થિ બંધાઈ હશે તે ગ્રન્થિ કયા કારણે બંધાયેલી એ દર્શાવવું મુશ્કેલ બન્યું છે. વળી એ ગ્રન્થિ કેવડી બંધાઈ હશે તેનો અંદાજ આપી શકાયો નથી. તારાવિશ્વો બંધાવા માટે દરેક તારાવિશ્વ દીઠ એક ગ્રન્થિ બંધાયેલી કે અનેક ગ્રન્થિઓ રચાઈ તેમ જ બંધાઈ તે દ્વારા એક તારાવિશ્વ ઉત્ક્રાન્ત થયેલું તે પણ કહેવું મુશ્કેલ છે. એ જ રીતે વાયુજથ્થો સંકોચાઈને તારાવિશ્વો ઉત્ક્રાન્ત થયાં હશે એમ કહેતી વેળા, આદિ તારાવિશ્વે ક્યારે અને કેટલા પ્રમાણમાં સંકોચન પ્રક્રિયા દાખવી હશે તે નિશ્ચિત રીતે કહી શકાય તેમ નથી. વળી એ સંકોચન શરૂઆતમાં વેગીલું અને અંતમાં મંદ હશે કે કેમ તે પણ કહેવું આજના તબક્કે અઘરું છે. એ માટે તારાકીય ગતિ-વિજ્ઞાન, રાસાયણિક પ્રક્રિયાઓ અને તારા દ્રવ્યમાં વિતરણની માહિતી દ્વારા આજથી દસ અબજ વર્ષ પહેલાં શું બન્યું હશે એની ખોજ કરવી રહી. આજના હિસાબે આ કામ શક્તિશાળી ઇલેક્ટ્રોનિક કૉમ્પ્યુટરો દ્વારા થઈ શકે એમ છે.

મંદાકિની વિશ્વનો વિચાર કરતી વેળા અન્ય તારાવિશ્વોની વિશિષ્ટ બાબતોને પણ લક્ષમાં લેવી ઘટે છે. કેટલાંક તારાવિશ્વો માત્ર ચંદ્રાકાર છે તો કેટલાંક વળી ગોળાકાર છે. મંદાકિની વિશ્વ જેવાં વિશ્વોમાં ચક્ર, કેન્દ્રીય ઊભાર અને પ્રભામંડળ છે. મંદાકિની વિશ્વનું ચક્ર, કેન્દ્રાપસારી સંતોલનમાં છે એટલું જ નહીં પણ રાસાયણિક દૃષ્ટિએ લગભગ સમરૂપ છે. પણ એના કેન્દ્રીય ભાગ યા પ્રભામંડળની વાત તેવી નથી. એમની સંરચના એક સમાન નથી. સંશોધકો માટે આ એક સુખદ બાબત ગણાય. ચક્ર, કેન્દ્ર અને પ્રભામંડળમાં આવેલા તારાઓના રાસાયણિક તેમ જ ગતિજ ગુણધર્મોના અભ્યાસ દ્વારા એ બધાંને સાંકળતી ઉત્ક્રાન્તિની કડીઓ મેળવી શકાય અને એમના દ્વારા મંદાકિની વિશ્વની સંકોચન અવસ્થા અંગેની માહિતી મેળવી શકાય.

પ્રખ્યાત ખગોળશાસ્ત્રી સાન્ડેજે પોતાના અભ્યાસ દ્વારા તારવ્યું છે કે આપણું વિશ્વ એના આદિ વિશ્વની સ્થિતિમાંથી ઓચિંતો સંકોચ પામી બનેલું છે. સાન્ડેજના મત અનુસાર આદિ-વિશ્વ, વ્યાસમાં દસમા ભાગ જેટલું અને જાડાઈમાં પચીસમા ભાગનો સંકોચ પામ્યું છે. વિશ્વમાંના વામન તારાઓના કક્ષાભ્રમણના વિશ્લેષણાત્મક અભ્યાસ પરથી રશ નામના ખગોળ-શાસ્ત્રીએ તારવ્યું છે કે આદિ વિશ્વ વાસ્તવમાં સંકોચ પામ્યું છે અને એના એ સંકોચનો સમય વિશ્વના ચક્રપટમાં તારા બંધાવા શરૂ થયો ત્યારનો અથવા લગભગ તે પછીનો છે. આ બનવાને કારણે યુવા તારા વિશ્વના કેન્દ્રમાં થઈ પસાર થતા સમતળની આજુબાજુમાં રચાયા જ્યારે વૃદ્ધ તારા (જેમને તારા સમુદાય IIના તારા કહેવામાં આવે છે) એ સમતળથી ઓછા વધતા ભિન્ન ભિન્ન અંતરે રચાયેલા છે એમ રશનું માનવું છે. યુવા તારા નીલા રંગના છે. આ બાબતને લક્ષમાં રાખી ફ્રીમેન નામના ખગોળશાસ્ત્રી કહે છે કે તારાઓના રંગને એમની ઊંમરનું નિદર્શન ન સમજીએ તો તારા બંધાવાનું કામ મોટે ભાગે આદિ તારાવિશ્વના ઘાડા કેન્દ્રીય ભાગમાં શરૂ થયેલું માની શકાય. રશનું માનવું છે કે મંદાકિની વિશ્વના કેન્દ્ર ભાગમાં તારા વહેલા જન્મેલા અને પ્રભામંડળમાં બાદમાં. પ્રભામંડળના તારા એટલે સઘન તારાગુચ્છના તારા. આ તારા વિશ્વકેન્દ્રના તારાઓની પેઠે વૃદ્ધ તારા છે અને ગુચ્છરચના હોવાના કારણે બધા એક સાથે જન્મેલા હોવાનું મનાય છે.

અલબત્ત, જુદાં જુદાં ગુચ્છોના તારાઓના જન્મકાળ જુદા જુદા થઈ શકે છે. આ સમયફરક ૧૦ કરોડ વર્ષ જેટલો હોવાનો સંભવ છે. તારાવિશ્વોની ઊંમરના પ્રમાણમાં આ સમયગાળો નાનો લેખાય પણ સઘન તારાગુચ્છોના જન્મ અને વિકાસની દૃષ્ટિએ એનું મહત્ત્વ ઘણું વધારે છે. તારા-જન્મની પ્રક્રિયા અંગેનું આપણું જ્ઞાન સીમિત કક્ષાનું છે. એ કારણે વિશ્વકેન્દ્રના તારાઓનો તેમ જ સઘનતારાગુચ્છોનો એમનાં જન્મ તેમ જ ઉત્ક્રાન્તિની દૃષ્ટિએ વિશેષ અભ્યાસ થવો જરૂરી છે. રશના માનવા મુજબ, સઘન તારાગુચ્છોના તારા કેન્દ્રીય તારા કરતાં ઉત્ક્રાન્ત થયેલાં હોય તોપણ એક બાબત સ્પષ્ટ તરી આવે એવી છે કે સઘન તારાગુચ્છોનાં આદિ સ્વરૂપ કેન્દ્રસ્થ તારા કરતાં વહેલાં પ્રકટ થયાં હોય. આની તપાસ માટે અન્ય તારાવિશ્વોનો અભ્યાસ કરવો રહ્યો. આપણી છેક નજદીકનાં તારાવિશ્વ મેગેલનમેઘ છે. મોટા મેગેલનમેઘમાં આપણા વિશ્વમાં છે તેવાં સઘન તારા-ગુચ્છો આકાર લઈ રહેલા જણાય છે જ્યારે મંદાકિની વિશ્વમાં તે બાબતનો સાવ અભાવ છે. આનો સ્પષ્ટ અર્થ એ છે કે આપણા વિશ્વમાંનાં સઘન તારકગુચ્છ મેગેલન તારામેઘનાં તેવાં ગુચ્છો કરતાં વધુ ઉંમરવાળાં છે. આ વાત સ્વીકારીને આગળ ચાલીએ તો એમ કહી શકાશે કે આદિ વિશ્વોની સંકોચન સ્થિતિમાં પ્રથમ ઉત્ક્રાન્ત થયેલા તારાઓનો વિશ્લેષાત્મક અભ્યાસ થવો ખૂબ અગત્યનો છે.

તારાવિશ્વોનાં સાપેક્ષ અંતર-માનની વાત લઈએ.

આપણાથી દૂર સરકતાં વિશ્વોના વેગ દર ૧૦ લાખ પાર્સેક (૩૨.૬ લાખ પ્રકાશવર્ષના અંતરે) દર સેકંડે ૫૦ કિલોમીટર જેટલો વધતો જાય છે. ૫૦નો આ આંકડો હબલનો સ્થિરાંક કહેવાય છે. એનું માપ એકલ તારાવિશ્વોનાં અંતર પરથી નહીં પણ વિશ્વનાં જૂથ યા ગુચ્છ આધારે મેળવવામાં આવ્યું છે. એકલ તારાનું અંતર કાઢવું જેમ અનુકૂળ નથી તેના જેવી જ આ બાબત છે. હબલનો સ્થિરાંક સ્થગિત કરવા અથવા કહો કે દૂરનાં તારાવિશ્વોનું અંતર માપવા જે તે તારાવિશ્વ જૂથનાં સૌથી વધુ તેજસ્વી તારાવિશ્વો (યા ત્રીજા નંબર કે સાતમા યા દસમા નંબરનાં તેજસ્વી તારાવિશ્વો)ના દૃશ્ય વર્ગ મેળવવામાં આવે છે અને પછી એ વર્ગ અને તારા-વિશ્વોના દૂરગમનના વેગ આધારે જે તે વિશ્વજૂથનું અંતર નિશ્ચિત કરવામાં આવે છે. આવાં અંતરોનો આલેખ સીધી રેખાનો બને છે. આ રેખાનો ઢાળ હબલનો સ્થિરાંક દર્શાવે છે. અત્યાર સુધી આ પદ્ધતિએ ખૂબ સંતોષજનક કામ આપ્યું છે. તારાવિશ્વોનાં અંતરોનો પ્રશ્ન અત્યંત મહત્ત્વનો છે એટલે એ અંતરોની બીજી રીતે ચોકસાઈ કરવાનું પણ જરૂરી માનવામાં આવ્યું છે.

ઉપરની બાબતમાં ક્યારેક એક બાબત ગોપાઈ જવાનો સંભવ છે. જુદાં જુદાં તારાવિશ્વ જૂથોનાં સૌથી વધુ તેજસ્વી, યા ત્રીજા નંબરનાં કે સાતમા નંબરનાં તેજસ્વી તારાવિશ્વોની પસંદગી કરતી વેળા એમ બનવું સંભવિત છે કે અમુક હદ સુધીનાં તેજસ્વી તારાવિશ્વોને ધ્યાનમાં લેવા માટે જે તારાજૂથોની પસંદગી કરવામાં આવે તે એવાં સમૃદ્ધ હોય કે એમનાં સભ્યવિશ્વો, સામાન્ય રીતે, અન્ય તારાજૂથોનાં સભ્યવિશ્વો કરતાં વધુ ઉજમાળાં હોય.

ઉપર્યુક્ત ક્ષતિને સ્કોટ અસર કહેવામાં આવે છે અને અગાઉ વર્ણવેલી હબલ સ્થિરાંક પદ્ધતિમાં એ મોજૂદ હોવાનું સ્વીકારાયું છે.

સ્કોટ અસરને નાબૂદ કરવા શું કરવું જોઈએ?

જ્યોર્જ આર્બલ નામના ખગોળશાસ્ત્રીએ સ્કોટ અસર જેમાં ડોકાય નહીં એવી એક નવી ટેક્નિક દર્શાવી છે. એ પદ્ધતિ અનુસાર કોઈ તારાવિશ્વજૂથના અમુક નિશ્ચિત દશ્ય વર્ગથી વધુ તેજસ્વી સભ્યોની સંખ્યા શોધી કાઢી એ સંખ્યાના લાઘવાંક અને વિશ્વજૂથના ઉક્ત વર્ગ-(magnitude)નો આલેખ દોરવામાં આવે છે. જુદા જુદા વર્ગ આધારે તૈયાર કરાતો આલેખ એકબીજાને મળનારી બે સીધી રેખાનો બને છે. આ લેખની આ રેખાઓ એકબીજીને જ્યાં મળે છે તે દ્વારા દર્શાવાતા વર્ગને તે તારાવિશ્વ જૂથ માટેનો વર્ગાંક લખવામાં આવે છે. બાદમાં અનેક વિશ્વજૂથોના આવા વર્ગાંકો અને વિશ્વજૂથોના રક્તવિચલનનો આલેખ દોરવામાં આવે છે. આ આલેખ સીધી રેખા છે. આબેલે ૭ વિશ્વજૂથો દ્વારા અને એના સહકાર્યકર્તા ક્રમે ૨૭ વિશ્વજૂથો દ્વારા મેળવેલા સીધી રેખાના આલેખ સ્કોટ અસર રહિત હોવા ઉપરાંત વધુ ચોકસાઈવાળા છે અને તે કારણે એમના દ્વારા પ્રાપ્ત થતો હબલ સ્થિરાંક પહેલાં મેળવાયેલા સ્થિરાંક કરતાં વધુ સૂક્ષ્મ-રૂપનો હોઈ વિશ્વજૂથોનાં અંતરો વધુ ચોક્કસ રૂપમાં પ્રાપ્ત કરવાનું બન્યું છે.

હવે અવૈશ્વિક (Non-cosmological) રક્તવિચલનની વાત લઈએ.

બધા આકાશી પદાર્થોમાં ક્વેસારનું રક્તવિચલન સૌથી વધારે છે. એનો અર્થ એ થયો કે ક્વેસાર અવકાશમાં આવેલા સૌથી દૂરના પદાર્થો છે. પણ આ મત ઘણા ખગોળશાસ્ત્રીઓને માન્ય નથી. એમણે શંકા દાખવી છે કે રૂઢિગત રક્તવિચલન-અંતર સંબંધ બધા આકાશી પદાર્થોને એકસરખો લાગુ પડી શકે નહીં. હોલ્ટન આર્પ નામના ખગોળશાસ્ત્રીએ દાખલા દલીલો સાથે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે કે ક્વેસાર ખરેખર રીતે બહુ દૂરના પદાર્થો નથી. રક્તવિચલનના હિસાબે એમનાં જે અંતર દર્શાવવામાં આવે છે તે કરતાં એ નજદીકના પદાર્થો છે. એણે ઉદાહરણ આપી કહ્યું કે ક્વેસાર તેજસ્વી તારાવિશ્વોની નજદીકમાં આવેલાં હોવાનું જણાયું છે. આ તારા-વિશ્વોના દશ્યવર્ગ ૯ થી ૧૨ જેટલા છે જ્યારે એમની નજદીકમાં દેખાનારા ક્વેસારોના વર્ગ ૧૭ થી ૧૯ છે.

આર્પનું માનવું છે કે ક્વેસાર અને તારાવિશ્વ પરસ્પર સંકળાયેલાં છે અને એ રીતે ક્વેસારનું અંતર તારાવિશ્વના અંતર કરતાં વધુ હોવાની સંભાવના નથી. ઉ.ત. કાલિય મંડળમાં આવેલો મર્કરી ૨૦૫ ક્વેસાર સર્પિલ તારાવિશ્વ એનજીસી ૪૩૧૯થી ૪૨ વિકલા છેટો છે. વળી આ બન્ને જ્યોતિઓ તેજસ્વી વાયુસેતુથી જોડાયેલા છે. તારાવિશ્વ ૪૩૧૯ની ઉત્તરે એક રેડિયો ઉદ્‌ગમ (Radio Source) આવેલો છે. ઉદ્‌ગમ એક નાનું તારાવિશ્વ છે. મજેદાર વાત એ છે કે તારાવિશ્વ ૪૩૧૯નો આંતરિક ગુરુ અક્ષ એના બહારના પ્રદેશના ગુરુ અક્ષના હિસાબે ૩૦°નો કોણ દાખવે છે. આમ શાથી બન્યું હશે ? આર્પ અનુમાન કરે છે કે તારાવિશ્વ ૪૩૧૯-એણે પોતામાંથી ક્વેસાર ૨૦૫ અને રેડિયો તારાવિશ્વને, અવકાશમાં એકબીજાની વિરુદ્ધ દિશામાં ફેંકી દીધેલાં છે; એટલું જ નહીં પણ એમ કરવામાં એણે ૩૦°નો ચકરાવો ખાઈ લીધો છે. આર્પ આ ઘટના એક કરોડ વર્ષ પહેલાં બનેલી માને છે.

૭૪૧૩ તારાવિશ્વ ૧૫મા વર્ગનું છે. એમાંથી ૨૩ વિકલા છેટે ૩ સી-૪૫૫ ક્વેસાર આવેલો છે. આ બન્નેમાં રક્તવિચલન ભિન્ન છે. તારાવિશ્વ ૭૪૧૩ની સમોજ્જ્વલ રેખા (Isophote) તારાવિશ્વ ૪૩૧૯ની પેઠે ચકરાવો ખાઈ ગયેલી છે એટલે આર્પ માને છે કે તારાવિશ્વ ૭૪૧૩ દ્વારા ક્વેસાર ૩ સી-૪૫૫ અવકાશમાં ફેંકાયેલો છે અને એ દૃષ્ટિએ તે અતિ દૂરનો પદાર્થ નથી.

પણ આ થઈ કવેસાર અને તારાવિશ્વની વાત.

તારાવિશ્વજૂથના સભ્યોની વાત પણ સમજવા જેવી છે. અવકાશમાં 'સ્ટીફન પંચક' નામે પાંચ તારાવિશ્વોનું એક સંહત યા સઘન વિશ્વજૂથ આવેલું છે. આ જૂથના ચાર સભ્યોનો અવકાશી દૂરગમનનો વેગ દર સેકંડે ૬,૦૦૦ કિલોમીટરનો છે જ્યારે એક સભ્ય (એનજીસી ૭૩૨૦)નો માત્ર ૮૦૦ કિલોમીટર દર સેકંડે છે. આ વિશ્વપંચકની બાજુમાં જ એનજીસી ૭૩૩૧ અર્ધા અંશના અંતરે આવેલું છે અને તેનો દૂરગમનનો વેગ દર સેકંડે ૮૦૦ કિલોમીટર છે. આશ્ચર્યની બીજી વાત એ છે કે તારાવિશ્વ ૭૩૨૦નો સંબંધ એક વાયુસેતુ દ્વારા એક નાના દંડીય તારાવિશ્વ સાથે હોવાનું જણાવ્યું છે; અને એ તારાવિશ્વનો દૂરગમનનો વેગ સેકંડે ૬,૦૦૦ કિલોમીટરનો છે! સૌથી વધુ વિસ્મયકારી બાબત એ છે કે રેડિયો દૂરબીન દ્વારા મેળવવામાં આવેલું તારાવિશ્વ ૭૩૧૯ (સ્ટીફન પંચકનું એક ઉચ્ચવેગી વિશ્વ)નું અંતર ૨ કરોડ ૨૦ લાખ પાર્સેક છે: ચાક્ષુષ દુરબીનો દ્વારા એ ૧૨ કરોડ પાર્સેકનું ગણાતું હતું.

આર્પનાં સંશોધનોનો અર્થનિર્ણય કેટલાક ખગોળશાસ્ત્રીઓએ માન્ય રાખ્યો નથી. એમનું કહેવું છે કે આર્પ જે રીતનો અર્થ ધરાવે છે કે તેથી જુદા પ્રકારનું અર્થઘટન થવાનો પણ સંભવ છે.

આમ છતાંય એક વાત નિશ્ચિત છે કે કવેસારની ગતિવિધિને જ્યાં સુધી સ્પષ્ટ સમજી નહીં શકાય ત્યાં સુધી ઉપર્યુક્ત અવૈશ્વિક રક્તવિચલનની સમસ્યાનું નિરાકરણ થઈ શકશે નહીં.

તારાવિશ્વોની સાપેક્ષ ઉંમરોની થોડી વાતો કરીએ.

બધાં તારાવિશ્વો એકસરખા આકારપ્રકારનાં નથી. આજ સુધી એમ માનવામાં આવતું હતું કે તારાવિશ્વોની ઉત્ક્રાન્તિ એકસરખા ઢંગની થઈ નથી એના મૂળમાં તારાવિશ્વોની પ્રાથમિક યા આદિ સ્થિતિઓના ફરક કારણભૂત છે. ઉંમરના ફરકને ત્યારે ધ્યાનમાં લેવાતો ન હતો. ખગોળશાસ્ત્રી બર્ગે સૂચવ્યું છે કે ઉંમરની વાત પણ મહત્ત્વ ધરાવે છે એટલે એ તરફ દુર્લક્ષ થવું ન જોઈએ. આ વાતની પુષ્ટિ આપણા વિશ્વમાંના તેમ જ મેગેલન મેઘ વિશ્વોમાંના સઘન તારકગુચ્છોના તારાઓના વર્ણવર્ગના આલેખો પરથી મળે છે. આ પ્રકારના ગુચ્છોમાં અમુક પ્રકારના ફરક રહેલા છે, પણ ઝટ ધ્યાનમાં આવે એવો એક વિશિષ્ટ ફરક મધ્યમ પ્રકારે ધાતુ પ્રબળતા ધરાવતા નાના મેગેલન મેઘના RK વીણા રૂપવિકારી તારાઓ અંગેનો છે. આ પ્રકારના તારા આપણા મંદાકિની વિશ્વમાં પણ છે; પણ એમની આલેખ-અવકાશીય લાલ બાજુમાં તારાઓનું જે રીતનું બાહુલ્ય દેખાય છે તેવું મંદાકિની વિશ્વમાં નથી. આ બાબતને, નાના મેગેલન વિશ્વના તારા હાઈડ્રોજનની દૃષ્ટિએ વધુ સમૃદ્ધ છે એ રીતે ઘટાવી શકાય. હાઈડ્રોજન સમૃદ્ધિનો સીધો સાદો અર્થ એ છે કે મેગેલન વિશ્વનાં સઘન તારાગુચ્છો મંદાકિની વિશ્વનાં સઘન તારાગુચ્છોના હિસાબે ઓછી ઉંમરવાળાં છે.

મે ૩૧ (અથવા દેવયાની તારાવિશ્વ)નાં સઘન તારાગુચ્છોના વર્ણપટ ચકાસતાં માલૂમ પડે છે કે એ ગુચ્છોના તારા ધાતુઓની રીતે સમૃદ્ધ હોવા છતાં પ્રબળ હાઈડ્રોજન રેખાઓ દર્શાવે છે. આવી અસરનો અર્થ એમ લેવો રહ્યો કે દેવયાની તારાવિશ્વનાં સઘન તારકગુચ્છો મંદાકિની વિશ્વનાં તેવાં તારકગુચ્છો કરતાં દસેક લાખ વર્ષ જેટલાં પુરાણાં છે.

સઘન તારાગુચ્છોની સરેરાશ ધાતુપ્રબળતા બધાં તારાવિશ્વોમાં સરખી નથી. જે તારાવિશ્વો ઓછાં દળવાળાં યા ઓછાં ઘટ છે તેમાં ઉક્ત પ્રબળતા ઓછી છે, જ્યારે વધુ ઘટ યા વધુ દળવાળાં વિશ્વોમાં તે વધુ છે. વળી દરેક તારાવિશ્વમાં ધાતુપ્રબળતાનું પ્રમાણ, એના બધા ભાગોમાં એકસરખું નથી. વિશ્વના કેન્દ્રીય યા ઘટ ભાગ તરફ તે સૌથી વધુ છે જ્યારે આછા યા છેવાડેના ભાગ તરફ ઓછું છે. આ બાબત દર્શાવે છે કે વિશ્વોના નાભિ ભાગોમાં વધુ દળવાળા તારા બંધાવાની વધુ અનુકૂળતા હોવાથી, ત્યાં, ભારે તત્ત્વોવાળા તારા ઉત્ક્રાન્ત થઈ શક્યા છે.

ભિન્ન ભિન્ન પ્રકારનાં વિશ્વોમાં આવેલા યુવા તારાઓની સંરચના સમજવાનો બર્ગે પ્રયત્ન કર્યો ત્યારે એને માલૂમ પડયું કે તારાવસાહત (Population) Iના અતિ તેજસ્વી લાલ તારા અને અતિ તેજસ્વી નીલા તારાઓના દશ્યવર્ગમાં ફરક છે. વધુ સંશોધન અંતે બર્ગને માલૂમ પડયું કે આ ફરકને તારાવિશ્વના નિરપેક્ષવર્ગ સાથે નિશ્ચિતરૂપનો સંબંધ છે. આ સંબંધનો ઉપયોગ અતિ દૂરનાં તારાવિશ્વોનાં અંતર શોધવામાં કરી શકાય. દૂર આવેલાં તારાવિશ્વોના અતિ તેજસ્વી તારા દેખાવા શકય છે, અને તેથી એમના કારણે વિશ્વનાં અંતરમાપનમાં અનુકૂળતા થાય તેમ છે.

છેલ્લે, તારાવિશ્વો પૈકી કેટલાંક ગુચ્છવાળા છે તેમની વાત કરીએ.

અવકાશમાં તારાવિશ્વો એકલ રૂપમાં પણ છે અને યુગ્મ યા જૂથમાં પણ છે. આ પાછળના પ્રકારનાં તારાવિશ્વો પૈકી કેટલાંક એકબીજા સાથે વાયુસેતુ વડે જોડાયેલાં માલૂમ પડયાં છે. આપણું મંદાકિની વિશ્વ મેગેલન વિશ્વો સાથે જોડાયેલું છે. બીજા વિશ્વોમાં પણ આવાં જોડાણ દેખાયાં છે. તારાવિશ્વોને જોડતા વાયુસેતુઓ વિવિધ આકારના છે. બેએક દસકા પહેલાં એમ માનવામાં આવતું હતું કે આ વાયુસેતુઓ તારાવિશ્વોના અરસપરસના ગુરુત્વીય બળના પરિણામે અસ્તિત્વમાં આવેલા છે. પણ ત્યારે પ્રશ્ન થયો કે એમના આકાર સાવ ભિન્ન ભિન્ન શાથી છે? કેટલાક વાયુસેતુ સીધી રેખાના રૂપના છે તો કેટલાક વળી ખૂબ વળેલી કમાન આકારના છે. ગુરુત્વીય બળને કારણે આવું બનવું શકય નથી. આધુનિક સંશોધનો દર્શાવે છે કે ઉપર્યુક્ત સેતુ આકાર ગુરુત્વીય બળોને લીધે જ બનેલા છે. હા, એ આકાર અર્વાચીન નથી. બહુ જૂના સમયમાં બે વિશ્વો એકબીજાની નજદીક હતાં ત્યારે એ બનેલા હતા. એ માટેની એક ખાસ પરિસ્થિતિ એ બંને તારાવિશ્વોની પરવલય કક્ષામાં ફરતા હોવાની છે. આધુનિક કોમ્પ્યુટરો દ્વારા ઉક્ત પરિસ્થિતિવાળાં તારાવિશ્વોનાં મોડેલ રચી ગુરુત્વીય આકર્ષણની અસરો તપાસવામાં આવતાં માલૂમ પડયું છે કે બે તારાવિશ્વો વચ્ચે ભિન્ન ભિન્ન પ્રકારના વાયુસેતુઓ રચાઈ શકે છે. વળી એ સાથે કેટલીક જૂની માન્યતાઓ ભ્રમપૂર્ણ હોવાનું પણ માલૂમ પડયું છે. વમળવિશ્વ નામે ઓળખાતું મે ૫૧ તારાવિશ્વ બહુ સ્પષ્ટ રૂપમાં એનું સર્પિલ રૂપ દર્શાવે છે. આ વિશ્વના બાહુઓ વિશ્વના કેન્દ્ર ભાગમાં ફૂટી ચારે બાજુ વીંટળાઈ વળેલા છે. એ પૈકીના એક બાહુને છેડે વાયુનો મોટો જથ્થો જોવામાં આવે છે. આજ સુધી એમ માનવામાં આવતું હતું કે એ જથ્થો મે ૫૧ તારાવિશ્વનો જ એક ભાગ છે. પણ આધુનિક સંશોધનો દ્વારા જણાયું છે કે ઉક્ત જથ્થો એક અરૂપ તારાવિશ્વ છે અને તે મે ૫૧ સાથે વાયુસેતુ વડે જોડાયેલું છે. આ સિવાય પણ એક બીજી વાત જાણવા મળી છે. મે ૫૧ના ફોટોગ્રાફમાં એનો એક બાહુ સાવ અસ્પષ્ટ દેખાય છે. એ બાહુ ખરેખરનો પ્રબળ

વાયુસેતુ છે. સામાન્ય ફોટામાં એ દશ્યમાન થતો નથી પણ વિશિષ્ટ દૂરબીન (શ્મિટ કેમેરા) વડે લેવાયેલી છબીમાં એ પહોળા ધાડા બાહુરૂપમાં પ્રકટ થાય છે. વળી અરૂપ નાના વિશ્વને જોડનારો બાહુ પણ એ જ રીતે સ્પષ્ટ થાય છે.

હમણાં હમણાં એક નવી વાત જાણવા મળી છે.

રેડિયો દૂરબીન વડે એક નવા પ્રકારનાં રેડિયો તારાવિશ્વ શોધાયાં છે. આ તારાવિશ્વોનો રેડિયો ઉદ્દગમ મંદ પ્રકૃતિનો છે પણ એમની એક વિશિષ્ટ વાત એમના સ્વરૂપની છે. ઉક્ત તારા-વિશ્વોનું સ્વરૂપ ભેકશિશુ (Tadpole) જેવું છે. આ તારાવિશ્વોને રેડિયોદીપ્ત માથું અને દેડકાના બચ્ચાના જેવી લાંબી પાતળી, ઝાંખી પૂંછડી છે. આવાં તારાવિશ્વ ચાક્ષુષ તારાવિશ્વની નિકટમાં આવેલાં જણાયાં છે. અત્યાર સુધીમાં કુલ ૬ જેટલાં આવાં તારાવિશ્વ રહેલાં છે.

યયાતિ વિશ્વજૂથમાં આવેલું એનજીસી ૧૨૬૫ ભેકશિશુ રેડિયોવિશ્વ છે. એનું ૧૯૭૩ના જાન્યુઆરી માસમાં કરાયેલું રેડિયો નિરીક્ષણ દર્શાવે છે કે આ તારાવિશ્વની રેડિયો તરાહ પ્રબળ અર્ધવર્તુલ માથાવાળી છે જે તે વિશ્વની નાભિ સાથે સંગતતા ધરાવે છે. તારાવિશ્વના માથામાંથી ઉત્સરણ કરનારી બે લાંબી ઉત્સારક શૃંગિકાઓ યા મૂછો છે. એ મૂછો વચ્ચેનો પ્રદેશ મંદ ઉત્સરણનો છે.

એનજીસી ૧૨૬૫નો અભ્યાસ કરનારા ખગોળશાસ્ત્રીઓનું અનુમાન છે કે આ તારાવિશ્વ આંતર્વૈશ્વિક દ્રવ્યમાં થઈ ભારે વેગથી અવકાશમાં ગતિ કરી રહ્યું છે. વળી, તે સાથે, તે સમય સમયને આંતરે આયનિત વાયુનાં વાદળ અવકાશમાં નિક્ષિપ્ત કરી રહ્યું છે. આ વાદળો ઉક્ત તારાવિશ્વની પાછળ પૂછડીનું રૂપ ધારણ કરી ઢસડાય છે.

પહેલાં એમ માનવામાં આવતું હતું કે એનજીસી ૧૨૭૫ નામના પ્રબળ રેડિયો તારા-વિશ્વમાંથી ઉત્સારિત થતો કણ પ્રવાહ એનજીસી ૧૨૬૫ તેમ જ એનજીસી ૩૧૦ તરફ વહી રહ્યો છે, અને તેને કારણે ઉપર્યુક્ત બન્ને તારાવિશ્વો ઉદ્દીપ્ત બની રેડિયોનું ઉદ્દગમનું રૂપ પામ્યાં છે. આમ માનવાનું કારણ આ બન્ને રેડિયો વિશ્વોની એનજીસી ૧૨૭૫ના હિસાબે ઊલટી દિશામાં આવેલી પૂછડીઓનું છે. પણ આ મત હવે વજન ધરાવતો નથી. સંભવ છે કે કાળાંતરે નવો મત પણ વિસ્થાપિત થાય.

આમ છતાંય એક વાત નિશ્ચિત છે કે અગમ અવકાશ અને તેમાં અવસ્થિત અનેક પ્રકારના આકાશી પદાર્થોના રહસ્ય શોધવાની માનવીની મથામણ નિષ્ફળ ગઈ નથી. કુદરતના ગુપ્ત ખજાનાની ચાવી ભલે એને હાથ ન લાગતી લેખાય પણ એ સંપત્તિને છતી કરવાનો પુરુષાર્થ માનવી અને કુદરતનું તાદાત્મ્ય સાધવામાં મોટો ફાળો આપી રહ્યો છે. આપણે ઇચ્છીએ કે આ વિજ્ઞાનસાધના તત્ત્વસાધના જેવી ઉપકારક નીવડે.

ગ્રન્થાવલોકન

પ્રેમ વાચા માગે છે: લેખક: માર્ટિન ઑલવુડ, **અનુવાદક: વત્સરાજ ભણોત–** 'ઉદયન'; 'નિશીથ'-પુરસ્કાર ગ્રંથમાળા; પ્રાપ્તિસ્થાન: વોરા એન્ડ કંપની, અમદાવાદ, કિંમત રૂપિયા ચાર, પૃ. સંખ્યા ૩૦ + ૬૩ = ૯૩.

આ અગાઉ, 'નિશીથ'-પુરસ્કાર ગ્રંથમાળાના ઉપક્રમે 'કાવ્યાયન' અને 'સુબ્રહ્મણ્ય ભારતીનાં કાવ્યો'–એ બે કાવ્યગ્રંથોનું પ્રકાશન થયું છે. 'પ્રેમ વાચા માગે છે' તે આ ગ્રંથમાળાનું ત્રીજું પુષ્પ છે.

સ્વીડનના એક ઉત્તમ આધુનિક કવિ શ્રી માર્ટિન ઑલવુડના તેર કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે. એ કાવ્યસંગ્રહોમાંથી ચૂંટેલાં કેટલાંક કાવ્યોનો આ સમુચ્ચય છે. મૂળે હિંદીભાષી પણ ગુજરાતી ભાષાનો આત્મીયતાભર્યો પરિચય કરાવનાર શ્રી વત્સરાજ હીરાનંદ ભણોત–'ઉદયને' મૂળ સ્વીડિશ ભાષામાંથી આ કાવ્યો સીધાં ગુજરાતીમાં ઉતાર્યાં છે. આ સંગ્રહના કવિ અને એના અનુવાદક બંને કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં સહાધ્યાયી સુહૃદ હતા એ એક વિરલ યોગ છે.

આ સંગ્રહની શરૂઆતમાં, કવિકર્મ અને કવિધર્મને સ્પષ્ટ કરતો, 'મારી કવિતા' નામે ઑલવુડનો વિચારપૂર્ણ લેખ જોડવામાં આવ્યો છે. તેમાં તે કહે છે કે: 'કદાચ માનવમાત્રની યાતના અને મહેચ્છાઓમાં એક કવિને બીજા બધા લોકો કરતાં વધારે રસ હોય છે. તેની છાતીની અંદર કદાચ સમસ્ત માનવજાતિનું હૃદય ધબકારા મારતું હોય છે. કદાચ એમ પણ હોય કે કવિનું એ ભાગ્યનિર્માણ જ છે કે તે ફક્ત પોતાની જ વાત કહી શકે નહિ. તે તો કહે છે જનસાધારણ માત્રમાં મળતાં તત્ત્વોની વાત. તે સમષ્ટિનાં માનવસુલભ તત્ત્વોનું નિરૂપણ કરવા માટે જ સર્જાયેલો છે". (પૃ. ૨૭) 'પ્રેમ વાચા માગે છે'માં કવિની આ અભીપ્સા સમર્થ રીતે અભિવ્યક્તિ પામે છે. 'મહાનગરની રાત', 'શરણાર્થીઓ', 'નાનડિયાં', 'વનસ્પતિ-ચિકિત્સા,' 'શૂન્યાવકાશ', 'અહંકાર માટેની શસ્ત્રક્રિયા', 'અટૂલું વ્યક્તિત્વ' વગેરે, પ્રમાણમાં લાંબાં ને ચિંતનગર્ભ સફળ કાવ્યો કવિના ઉપર્યુક્ત કાવ્યાદર્શને મૂર્તિમંત કરે છે. આ કાવ્યોમાં કવિની બહુમુખી પ્રતિભાનો સંસ્પર્શ પામી શકાય છે. શૈલીની અનેક લઢણોનો સાક્ષાત્કાર પણ અહીં થાય છે. કવિની શબ્દશક્તિ અને કલ્પનાશક્તિનો સાચો ને સમર્થ આવિર્ભાવ પણ આ કાવ્યોના અનુવાદમાં જોવા મળે છે.

'શરણાર્થીઓ' કાવ્યનો અંત ભાગ કેટલો બધો વાસ્તવદર્શી અને હૃદયસ્પર્શી છે:—

"અતીતનું અજાયબઘર જોવા નીકળી પડેલા
ભાવિના યાત્રાળુઓ છીએ અમે
અને આર્તસ્વરે પ્રશ્નો પૂછી રહ્યા છીએ
કે અમારી ધ્રૂજતી આસ્થા
અમારા રક્તરંજિત હૃદયોની

અનિશ્ચિત સૃષ્ટિ સુધીની
હરણફાળ ભરી શકશે કે કેમ ?
શું અમારાં કડવાં આંસુઓ વડે
અતીતની અનુર્વરા ભૂમિને
ફરીથી ફળદ્રુપ બનાવી શકાશે ?
શું અમે ફરી એક વાર એવો પાક લણી શકીશું
જેનાં શુભ્રસ્મિતમાં ધિક્કારની બધી લાગણીઓ ડૂબી જાય ?
અમારું ભાગ્ય અદીઠ છે, અને અમારા વિચારો ગુપ્ત છે
નાગરિકત્વ–વિહોણા શરણાર્થીઓ છીએ અમે !
અજાણ્યા પરિવેશમાં સતત ભટકનારાં
અંટોળ કાટલાં ! !" (પૃ. ૮)

'પાશ્ચાત્ય દુઃસ્વપ્ન'ની અભિવ્યક્તિ કેવી તો વિષયને ઉપકારક ને સંતર્પક છે. (પૃ. ૯) પાશ્ચાત્ય બુદ્ધિવાદીઓની અસ્થિર અને દ્વિધાયુક્ત મનોવૃત્તિનું એમાં સમર્થ પૃથક્કરણ છે. 'એક વખતે હું બાધામાં ખપતો હતો'માં સચોટ આત્મવિશ્લેષણ છે તો 'સ્તુતિ'માં રૂપક-ગર્ભ કટાક્ષ છે. 'શરણાર્થીઓ'માં સીમાડાના માનવી (Marginal Man)ની મનોદશાનો વાસ્તવિક ચિતાર છે. 'નાનડિયાં' કાવ્યની ઉદ્‌બોધનશૈલી સંતર્પક લાગે છે. એનાં ચિંતન, વ્યંગ ને સૂક્તિઓ નોંધપાત્ર છે. 'વનસ્પતિ-ચિકિત્સા'માં અભીપ્સાની અભિવ્યક્તિ બોધપ્રધાન શૈલીમાં કરવામાં આવી છે. એની યુયુત્સાવૃત્તિ ઉદ્દામવાદી ચિત્તને સ્પર્શી જાય તેવી છે. 'શૂન્યાવકાશ'માં બોદલેરી-સ્પર્શ વરતાય છે. 'અહંકાર માટેની શસ્ત્રક્રિયા'માં મનોવિજ્ઞાનનો વિનિયોગ થયો છે. 'કોમલાસ્થિ તો મા છે, હાડકાંની'ના ઉદ્‌બોધનમાં પુણ્યપ્રકોપ પ્રગટે છે. 'અધૂરું કાવ્ય'ની ઉત્પ્રેક્ષાઓ ચિત્તાકર્ષક છે તો 'ડુક્કર ગીત'ની સ્વગતોક્તિમાં સ્વભાવોક્તિ-સાદાઈનું ગૌરવ છે. દા.ત. :—

"ગંદવાડમાં આળોટતો, રાચતો ડુક્કર છું હું !
નિર્મળ આકાશને ભાગ્યે જ જોનારો !
આળોટી રહ્યા પછી તરત ચતો થઈને સ્વસ્થ થઈ જાઉં છું,
ખરી વાત તો એ છે કે નીલગગનની મને બીક લાગે છે.
ગંદવાડના આ નરકમાં કેવી મઝા છે !
પોતાની નાનમનો તો કોઈ ખ્યાલ જ નથી !
અહીં અમારો અહમ્ પોષાય છે.
ગમે તેવા પોતાને ધારી શકાય છે,
જાણે કોઈ રાજા ન હોઈએ !—એવું ભાસે છે,
પછી ભલેને પશુઓના જ રાજા ન હોઈએ !" (પૃ. ૨૫)

'છૂટકારો' કાવ્યમાં જાગતિક પરિસ્થિતિનું ચિત્રણ છે તો 'વર્ગની છોકરી'માં, માનસશાસ્ત્રની રીતિએ દોરેલું પૌગંડાવસ્થાનું શબ્દચિત્ર છે. 'નિષેધ'માં 'ટેબૂઝ'નું મનોવૈજ્ઞાનિક નિરૂપણ છે તો 'બીજું કાંઈક'માં એનું ગદ્યાળવું તત્ત્વ છતું થાય છે. 'તારામાં તલ્લીન' એ નૂતન પ્રકારનું પ્રાર્થનાકાવ્ય છે. 'પંખીડાં માળો બાંધે છે'ની નિર્વ્યાજ સરળતા બાઇબલની યાદ તાજી

કરાવે તેવી છે. ‘મહાન પ્રેમ’, ‘અગત્યની વાત તો એ છે કે હું હું છું’ અને ‘ચૂર્કેગોર્ડની વાત ખરી હતી’-માં માનવપ્રેમ અને ‘મહાન પ્રેમ’ની વાત પ્રકારાન્તરે થઈ છે. ‘મારી પેઢીનો’ વ્યંગ, વિરોધ ને પુણ્યપ્રકોપ માણવા જેવો છે. દા.ત. :—

“મારી પેઢીએ ઝંખના કરી
એક મા–ની.
તેને સાંપડી
પત્તાં રમનારી એક પ્રૌઢા !
સૂતી વેળાએ મારી પેઢી ઝૂરતી’તી
એક બાપને માટે.
પેલા થાકીને ચૂર થયેલા વેપારી માટે નહિ !
મારી પેઢી તલસતી હતી,
એક સરસ ઘર માટેઃ
અને તેને મળી હિજરત !
મારી પેઢીએ શમણાં જોયાં
કાવ્ય લખવાનાં,
તેને જાહેરખબર લખવાની નોકરી મળી !
એક વધારે સારી દુનિયા રચવા ઇચ્છતી’તી
મારી પેઢીઃ
તેણે નરસંહાર માટે વધારે સારાં શસ્ત્રો સર્જ્યાં !
મારી પેઢી જન્મી
ત્યારથી જ
પોતાની મૈયતમાં મદદ કરતી આવી છે !
સુંદર, સુડોળ બલિષ્ઠ દેખાય છે
મારી પેઢીઃ
મૂંગા અરીસાની સામે ઊભી હોય ત્યારે રતો !” (પૃ. પર)

સંગ્રહને અંતે ‘વસંતની ફૂલગૂંથણી’માં તરલ મનની અવસ્થાનો ચિતાર આપતાં કેટલાંક ઊર્મિગીતો છે.

કવિશ્રી માર્ટિન ઓલવુડ વીસમી સદીના અગ્રણી બુદ્ધિજીવી કવિ છે. આધુનિક પાશ્ચાત્ય માનવીના પ્રતિનિધિ હોવાનો તેમનો દાવો, આ સંગ્રહનાં કાવ્યો વાંચતાં યથાર્થ છે. ‘પ્રાક્કથન’માં શ્રી ‘ઉદયને’ એમના કાવ્યવ્યાપાર સંબંધે ઉચ્ચારેલો અભિપ્રાય યોગ્ય છેઃ “માર્ટિન એક આધુનિક કવિ છે. તેમની સંવેદના અને કવિચેતના, વર્તમાનકાળના સંક્ષુબ્ધ વાતાવરણ તેમ જ પરિસ્થિતિજન્ય આઘાત-પ્રત્યાઘાતો પ્રત્યે સંપૂર્ણ રીતે જાગરૂક છે. તેઓ વર્તમાનકાળનું માનસિક વિશ્લેષણ પોતાની આગવી રીતે કરીને અંતશ્ચેતનાની ઊર્મિઓને તથા અવચેતનોત્થ સૂક્ષ્મ વિચારોને તેમ જ કવિહૃદયસુલભ સંવેદનાના રણકાને વાચા આપે છે.” (પૃ. ૭)

“પોતાની પરિસ્થિતિ સામે, કેટલીક રૂઢિઓ અને માન્યતાઓ તેમ જ પૂર્વગ્રહો સામે કવિનો હૃદયભેદી આક્રોશ અને પરિવર્તન માટેનો તેનો ઝુરાપો, અણગમતાં તત્ત્વોનો નાશ કરી

શકવાની પોતાની અક્ષમતા સામેનાં તરફડિયાં અને વ્યંગોક્તિઓ, સમયનાં વહેણ સાથે એકાત્મ થઈને કરેલું તેનું ભાવુક ચિત્રણ ઇત્યાદિ આ કાવ્યોમાં દેખાઈ આવશે." (પૃ. ૧૨)

ઑલવુડના સહાધ્યાયી 'ઉદયને', તેમના તેર કાવ્યસંગ્રહોમાંથી, એમની સહાયથી આ સંકલન કર્યું અને સ્વીડિશ ભાષામાંથી સીધો ગુજરાતીમાં, મુક્તપદ્યમાં પ્રાસાદિક સફળ અનુવાદ કર્યો તે બદલ તેઓને અભિનંદન ઘટે છે.

રણજિત એમ. પટેલ ('અનામી')

* * *

ગુજરાતી કવિતામાં પ્રતિબિંબિત રાષ્ટ્રીય અસ્મિતા : લેખક અને પ્રકાશક : ડૉ. દિલાવરસિંહ જાડેજા, C/o ટી. વી. પટેલ આર્ટ્સ કૉલેજ, વલ્લભવિદ્યાનગર (જિ. ખેડા), પૃ. સંખ્યા ૩૩૨, કિંમત તેર રૂપિયા પંચોતેર પૈસા.

ડૉ. દિલાવરસિંહ જાડેજાના પ્રસ્તુત મહાનિબંધ વિષે લખતાં પહેલાં એક સ્પષ્ટતા અત્યંત જરૂરી બને છે કે ગુજરાતી કવિતામાં જ્યાં જ્યાં લેખકે રાષ્ટ્રીય અસ્મિતાનું પ્રતિબિંબ જોયું છે તેને જ કેન્દ્રમાં રાખીને તેમણે વિષય-વિસ્તાર સાધ્યો છે. એમ કરવા જતાં માત્ર શુદ્ધ કવિતાના જ સંદર્ભો સાચવવાનો આગ્રહ તેમણે જતો કર્યો છે. લેખકે આરંભના પ્રકરણમાં કબૂલ્યું છે એમ 'કવિતાનું સૌંદર્ય સંલગ્ન ના હોય એવી', 'કવચિત્ પદ્યનું નામાભિધાન' પ્રાપ્ત કરતી રચનાઓને પણ તેમણે પોતાના અભ્યાસમાં સમાવી લીધી છે. અલબત્ત, એમ કરતાં લેખકને નિર્ણયાત્મક પ્રતીતિ થઈ છે: "...વિશેષે વીસમી સદીમાં, રાષ્ટ્રીય અસ્મિતાની અભિવ્યક્તિ અને કવિતાનું સૌંદર્ય ક્રમશઃ વિશેષરૂપે સંલગ્ન થતાં જોવા મળે છે."

લાંબા ફલક પર પથરાયેલો મહાનિબંધનો આ પ્રકારનો વિષય કોઈ સામાન્ય લેખકને હાથે ઇતિહાસગ્રસ્ત બની જાય, એ સંભવિત છે. સદ્ભાગ્યે, અહીં ડૉ. જાડેજાએ માત્ર ઐતિહાસિક દૃષ્ટિબિંદુ લક્ષમાં રાખીને વિષયવિસ્તાર સાધ્યો નથી, પણ ગુજરાતી કવિતામાં દેખાતી રાષ્ટ્રીય અસ્મિતાનો મુખ્યાધાર લઈ એને વિવેચકીય પરિપ્રેક્ષ્યમાં વિલોકવાનો ઉપક્રમ રાખ્યો છે. તેથી જ, આ ગ્રન્થ માત્ર ઇતિહાસરૂપ અવલોકન ન બની જતાં વિવેચન-સંશોધનનાં વિલક્ષણ આવિષ્કરણોથી પ્રબંધના સંવિધાનને સાર્થક કરે છે.

'The Criticism of Poetry'માં S. H. Burton કાવ્યવિવેચનની વિવક્ષાએ કવિતાના Subject-matter અને toneની પારસ્પરિક સંપૂરકતા સ્વીકારી બન્નેને એકસરખી પ્રતિષ્ઠા આપે છે, એ આ મહાનિબંધના સંદર્ભમાં સ્મરણીય બને છે. ભૂમિસ્વાતંત્ર્ય, સ્વદેશ-રક્ષણ અને મુક્તિના ઉલ્લાસનાં કાવ્યોમાં ગુજરાતના કવિઓએ રાષ્ટ્રીય અસ્મિતા પ્રગટાવી છે, એની લેખકે માહિતીપ્રચુર નોંધ તો લીધી જ છે. તદુપરાંત, મરાઠાઓ કે મુસલમાનોના સ્વાર્થી અને સત્તાખોર રાજ્યવહન પછી અંગ્રેજોના આગમનથી ખુશહાલ બનેલા સંસારસુધારાકાળના કવિઓએ ગાયેલી અંગ્રેજશાસન-શાસકપ્રશસ્તિમાં પ્રકારાંતરે સિદ્ધ થતા રાષ્ટ્રીય અસ્મિતાના સૂરને ડૉ. જાડેજાએ પટુ ભાવનતંત્રથી પારખ્યો છે.

ગ્રન્થના આરંભે મુકાયેલ પ્રકરણમાં ડૉ. જાડેજાએ વેદપુરાણાદિનાં અવતરણો અને પૂર્વ-પશ્ચિમના આધારભૂત વિદ્વાનોનાં મંતવ્યોનો હવાલો આપીને 'રાષ્ટ્ર અને રાષ્ટ્રીય અસ્મિતા'ના અર્થસંદર્ભો તારવ્યા છે. બીજા પ્રકરણમાં, સ્વરાજ્ય કરતાં સુરાજ્યને વિશેષ પુરસ્કારતા રાષ્ટ્રવાદને કાવ્યસાધન તરીકે પ્રયોજવા માટે પ્રેરક-પ્રોત્સાહક નીવડેલાં વિવિધ રાજકીય-સાંસ્કૃતિક પરિબળોનું આલેખન કરીને, ભિન્ન ભિન્ન બૌદ્ધિક સ્તરોના વ્યક્તિવિશેષોના એ અંગેના પ્રતિભાવો વર્ણવીને, ગુજરાતી કવિતામાં રાષ્ટ્રીય અસ્મિતાના વિષયનિરૂપણની પૂર્વભૂમિકા સ્પષ્ટ કરી છે. આ બન્ને પ્રકરણોમાં લેખકની વસ્તુપસંદગીની અને એના વિષયવિસ્તારની ભૂમિકા પણ સમાંતરે સિદ્ધ થતી રહે છે, જે વાચકની પૂર્વસજ્જતા માટે અત્યંત મહત્ત્વની બને છે.

ડૉ. ભોગીલાલ સાંડેસરા જેવા સંશોધનરસિક સારસ્વતની નિશ્રામાં લખાયેલા મહાનિબંધમાં લેખકની સંશોધનવૃત્તિને ઘણું સારું બળ મળ્યું છે. સુંદરમ્ કૃત 'અર્વાચીન કવિતા'માં ઉલ્લેખાયેલા કવિઓ ઉપરાંત ડૉ. જાડેજાને જોવા મળેલાં કૉપીરાઈટ સંગ્રહને આધારે કેટલાક વધુ કવિઓના અભ્યાસનો લાભ આ ગ્રન્થને મળ્યો છે. પરિણામે, 'કવિતામાં ઉદ્દામ મનોવલણ' અને 'કવિતારૂપે લખાયેલી ઇતિહાસકૃતિઓ' જેવાં પ્રકરણોમાં ઇતિહાસકથિત કવિઓ ઉપરાંત, સરેરાશ વાચકસમુદાયને અજ્ઞાત એવા બીજા કેટલાક કવિઓની કવિતા તરફ લેખકે અભ્યાસયુક્ત નિર્દેશ કર્યો છે. 'રંગભૂમિનાં ગીતોમાં સ્વદેશપ્રેમ' નામના પ્રકરણમાં, સ્વદેશભક્તિની વસ્તુસંકલનાનાં નાટકોને તથા અન્ય નાટકોનાં ગીતોમાં ગૂંથાયેલી સ્વદેશભક્તિને અનુલક્ષીને—૧૯૨૦થી ૧૯૪૭ સુધીનાં—લગભગ ત્રીસેક નાટકોની વિવરણાત્મક પર્યેષણા લેખકે કરી છે. એ જ રીતે 'સ્વદેશ-ભક્તિના કેટલાક કાવ્યસંગ્રહો' જેવા વિષયસ્પર્શી તો 'ગુજરાતપ્રિતિનાં કાવ્યો' જેવા વિષયસંગી અભ્યાસલેખો પણ નોંધપાત્ર છે. ૧૯મી સદીની ગુજરાતી કવિતામાં જેનો જોટો ના જડે એવી, અને તેથી વધુ સંશોધનની અપેક્ષા જન્માવતી બંસીલાલ કે ભક્તશાયર હરિલાલની કવિતાનાં પ્રમાણમાં આધુનિક અને ઉદ્દામ વલણો; મરાઠાઓનાં રાજ્યવહીવટ તરફ આક્રોશ હોવા છતાં તેની સમાંતરે ચાલતી કાવ્યપ્રવૃત્તિમાં દેખાતાં શિવાજી મહારાજનાં ગુણસંકીર્તનો; સુંદરમ્-કૃત 'અર્વાચીન કવિતા'માં વણનોંધાયેલી છતાં નર્મદયુગના ધોરણે મહત્ત્વની ઠરે એવી હરજીવન મહેતાની કૃતિ 'રીપન રંગ'માં વર્ણવાયેલી રીપનપ્રશસ્તિ અને એ દ્વારા ફલિત થતા વિદેશી શાસન વિષેના પ્રજાકીય મનોભાવો;—જેવા અનેક સંશોધનક્ષમ વિષયોને આલેખતા પ્રકરણ-ખંડોમાં; કે, ઇતિહાસદષ્ટિએ પંડિતયુગના હોવા છતાં રાષ્ટ્રીય અસ્મિતાના વિષયની નિરૂપણરીતિમાં તે યુગની ઠાવકી મુદ્રાથી અલગ તરી આવીને 'જોમવંતી કવિતાનો વિશિષ્ટ આસ્વાદ' આપતા હરિલાલ હ. ધ્રુવ વિષે લખાયેલા અલાયદા પ્રકરણમાં ડૉ. જાડેજાની ખંતીલી સંશોધનવૃત્તિનો સંતર્પક અનુભવ થાય છે.

અર્વાચીન ગુજરાતી કવિતાના આરંભથી માંડીને સ્વાતંત્ર્યોપાસનાનો ઉલ્લાસ ટકી રહ્યો ત્યાં સુધીના કવિઓની કવિતાનો અહીં અભ્યાસ થયો છે. ગુજરાતી સાહિત્યના ઇતિહાસકારોએ પાડી આપેલા યુગવિભાગો અનુસાર થયેલા અભ્યાસમાં પ્રત્યેક યુગવિભાગની પૂર્વે લાંબા વિવરણાત્મક લેખોમાં જે તે યુગ કે કવિની વિષયપરક ગતિવિધિનો પૂર્વાપર સંબંધ લેખકે સ્થાપી આપ્યો છે. કોઈ વાર એક જ યુગની રાષ્ટ્રીય અસ્મિતાની કવિતાના વસ્તુપ્રવાહો જુદા જુદા રંગ

પ્રગટાવે છે, ત્યારે એનું તુલનાત્મક અધ્યયન પણ થયું છે. લેખકની તુલનાત્મક અભ્યાસદૃષ્ટિના પરિણામે, એક જ યુગમાં રાષ્ટ્રીય અસ્મિતાના વિષય પરત્વે ન્હાનાલાલ અને બ. ક. ઠાકોરની કે ખબરદાર અને લલિતની ભિન્ન પડતી જતી કાવ્યવિભાવનાઓનો તથા બ. ક. ઠાકોર જેવા એક જ કવિની કાળક્રમે બદલાતી જતી અંગ્રેજ સલ્તનત તરફની દૃષ્ટિ અને એમની કવિતામાં ઝીલાયેલા એના પ્રતિભાવોનો અભ્યાસ જેમ લેખકને એમ વાચકને પણ, રસપ્રદ નીવડે છે.

આલેખિત વિષયને પરિપોષક એવાં તજ્જ્ઞોનાં અવતરણો અને વિવિધ કવિઓના કાવ્ય-ખંડોથી છલકાતી ગ્રંથસમૃદ્ધિના પીઠબળ તરીકે ડૉ. જાડેજાની વાચનપ્રીતિ અને અભ્યાસનિષ્ઠાનાં પરિમાણો પાને પાને સિદ્ધ થતાં રહે છે. વિષયને પ્રમાણભૂત રીતે સ્પર્શવાની અને પ્રામાણિક સમીક્ષાથી તેનો નિભાવ કરવાની લેખકની દૃષ્ટિસંપન્નતા મહાનિબંધના આલેખનનું ગૌરવ વધારે છે. 'વીરસિંહ'ના અનુસંધાનમાં નર્મદને '(લગભગ) સંકુચિત હિન્દુત્વવાદી' તરીકે જોતા શ્રી. સંજાનાનાં મંતવ્યોનો અને એ જ રીતે, પરદેશી રાજકર્તાઓને ઉદ્‌બોધાયેલાં કાવ્યોને 'ભીખમંગાં' કહીને કલાન્ત કવિના 'શ્રી રીપન પંચદશી' કાવ્યને તે સૌથી જુદું તરી આવતું ગણતાં શ્રી ઉમાશંકર જોશીના મંતવ્યનો લેખકે સ્વસ્થ છતાં સબળ ચિત્તે પ્રતિકાર કર્યો છે—એ તેમની વિવેચનદૃષ્ટિના સંદર્ભમાં ધ્યાનપાત્ર છે. વસ્તુરૂપને તળેઉપર કરીને પ્રગલ્ભતાથી સ્થાપેલાં અવતરણક્ષમતાનો ગુણ ધરાવતાં ડૉ. જાડેજાનાં કેટલાંક (વિસ્તારભયે) વિધાનો—સ્વયંસ્પષ્ટ હોવાથી કશાં ટીકાટિપ્પણ વગર—નોંધવાની લાલચ રોકી શકાતી નથી.

* ઠાકોર વિચારસ્વાતંત્ર્ય તથા દૃષ્ટિની મૌલિકતાના આગ્રહી છે. આ વિચારસ્વાતંત્ર્યને કારણે ગાંધીજીની અસહકારની લડતને એ બૌદ્ધિક સહકાર આપી શક્યા નહિ. સ્વબુદ્ધિનિષ્ઠ એટલા બધા કે સમૂહ-બુદ્ધિથી જુદા પડવામાં એ કૃતાર્થ થયા. (પૃ. ૧૭૪)

* ગાંધીયુગના કવિની દૃષ્ટિક્ષિતિજો વિસ્તરેલી છે. એની કવિતાનો રાષ્ટ્રવાદ દ્વેષીલો અને સંકુચિત બનેલો નથી. આંતરરાષ્ટ્રીય દૃષ્ટિમાં વિલોપન પામવામાં ગાંધીયુગના કવિની રાષ્ટ્રીય દૃષ્ટિએ ગ્લાનિનો નહિ, પણ સાર્થક્યનો અનુભવ કરેલો છે. (પૃ. ૨૯૨).

* ગુજરાતી કવિતામાં રાષ્ટ્રભક્તિના એક સ્વાભાવિક અને સ્વસ્થ આવિષ્કારરૂપે પ્રાદેશિક પ્રીતિનું નિરૂપણ થયેલું છે...એ ગુણગ્રાહકતામાં રાચે છે તથા ગુજરાતની વાસ્તવિકતા સાથે સંબંધિત ન હોય એવી અતિશયોક્તિઓમાં કેટલીક વાર મહાલે છે. (પૃ. ૨૯૬)

અર્વાચીન ગુજરાતી કવિતાના આરંભકાલીન દલપત-નર્મદથી માંડીને છેક આપણા સમકાલીન કવિઓની કવિતામાં પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે દશ્યમાન થતી રાષ્ટ્રીય અસ્મિતાના આલેખને, માત્ર રેખાદર્શનથી નહિ પણ તાત્ત્વિક કાવ્યમીમાંસા અને કલોપકારક સંકેતોથી સમૃદ્ધ બનાવીને, એમાં સુયોગ્ય સ્થળે રાજકીય-સાંસ્કૃતિક સંદર્ભોની રંગપૂરણી કરીને, લેખકે અહીં રજૂ કર્યો છે. આ મહાનિબંધ દ્વારા ગુજરાતના સાહિત્યાભિમુખ સમાજને ડૉ. જાડેજાએ એક સમર્થ સાંસ્કૃતિક-સંદર્ભગ્રન્થની જે મહત્ત્વની ભેટ ધરી છે, એ આપણી પ્રબંધપરંપરાને ચિરકાળ પર્યંત પથદર્શક બની રહે એવી શ્રદ્ધેય છે અને તેથી અભિનંદનીય છે.

'ચંપૂ' વ્યાસ

* * *

નરસૈં મહેતા: વ્યક્તિત્વ અને કર્તૃત્વ: લે. પ્ર.: જેઠાલાલ નારાયણ ત્રિવેદી, કવિ કુટિર: રાંધેજા (ઉ. ગુજરાત); પૃ. ૨૦૮, મૂલ્ય: સાત રૂપિયા.

નરસિંહ મહેતાનાં જીવન, સમય, સંદિગ્ધ-અસંદિગ્ધ કૃતિઓ, પુરોગામીઓની અસર, અનુગામીઓ ઉપર પડેલો કવિ-પ્રભાવ વગેરેને આવરી લેતા સમગ્ર વિષય વિષે ભૂતકાળમાં નર્મદથી શરૂ કરી કાંટાવાળા, ઇચ્છારામ, અંબાલાલ જાની, દુર્ગાશંકર, આનંદશંકર, મુનશી, નરસિંહરાવ, જગજીવનરામ બધેકા, કે. કા. શાસ્ત્રી—વગેરે વિદ્વાનોએ લંબાણપૂર્વક ચર્ચાઓ કરી હતી. તેના ફલરૂપે નરસિંહનો સમય બે વિકલ્પમાં વહેંચાઈ ગયો હતો. (૧) વૃદ્ધમાન્ય ઈ. સ. ૧૪૧૪-૧૪૭૪ અને (૨) ૧૬મો સૈકો. મોટા ભાગના સાહિત્યકારોનું વલણ વૃદ્ધમાન્ય સમયને સ્વીકારી લેવા તરફનું હતું. આખા પ્રશ્નની ગવેષણાના મુનશીના ૧૬ મુદ્દા અને "નરસૈયો ભક્ત હરિનો"ના ઉપોદ્ઘાતના વિશેષ મુદ્દાઓને સમાવતા કે. કા. શાસ્ત્રીએ બે વર્ષ પહેલાં પ્રકટ કરેલા "નરસિંહ મહેતો: એક અધ્યયન" ગ્રન્થમાં[1] વિસ્તારથી સોદાહરણ ચર્ચા કરીને વૃદ્ધમાન્ય સમયને વળગી રહેવાનું વલણ વ્યક્ત કર્યું. તાજેતરમાં "આદિ કવિની આર્ષવાણી"માં[2] ડૉ. ઈશ્વરલાલ દવેએ નરસિંહનાં જ્ઞાનલક્ષી પદોની વિસ્તૃત સમાલોચના કરી છે.

શ્રી જેઠાલાલ ત્રિવેદીએ આ પ્રશ્નને ફરીથી સજીવન કર્યો છે. તેમણે અગાઉ સંપાદિત કરેલ "ભાલણનાં પદ"ના પરિશિષ્ટ ૧માં જે ચર્ચાનો માત્ર આરંભ કર્યો હતો. તેનો જ આ સંશોધન-સ્વાધ્યાયમૂલક વિસ્તાર છે. તેમને લાગ્યું કે ગુજરાતી મધ્યકાલીન સાહિત્યના સંશોધન-સંપાદનને ધાર્મિક-સાંપ્રદાયિક રૂઢ માન્યતાઓ અને ભ્રમજાળમાંથી મુક્ત કરવાનો સમય પાકી ગયો છે. નરસિંહની કવિતા બાબતમાં જામેલું અડાબીડ નીંદામણ સાફ કરવાનું કાર્ય "કોઈ અણઘડ માળીને હાથે નહિ પણ મધ્યકાલીન કવિતા-ઉદ્યાનના કોઈ રસિક વનમાળીને હાથે થવું જોઈએ." (પૃ. ૧) પરન્તુ પોતે 'વનમાળી'નું કાર્ય તટસ્થપણે પૂરતી સાવધાની અને વિશદ દૃષ્ટિથી કરવામાં કેટલે અંશે સફળ થયા છે એ પ્રશ્ન છે. તેમનું પુસ્તક વાંચતાં એવી છાપ પડે છે કે લેખક જ્યાં અને ત્યાં વૃદ્ધવાદીઓની વિગતો તથા દલીલો પોકળ અને બિનપાયાદાર હોવાનું જણાવવા કટિબદ્ધ થયા છે. પૂર્વપક્ષની દલીલોનું નિરસન કરીને પણ સ્વમતનું સંગીનતાપૂર્વક સ્થાપન કરવાનો પ્રયત્ન થયેલો જણાતો નથી. તેમના વિચારો—વિચારો નહીં પણ તેમણે દર્શાવેલી મોટા ભાગની સંભાવનાઓ—ના સમર્થનમાં તેઓ મોટે ભાગે મુનશીનાં જ સાધન-શસ્ત્રોનો અને વિશેષમાં તેમણે સંગૃહીત કરેલાં નરસિંહનાં લગભગ ૧૬૦ રાજસ્થાની-હિંદી પદોનો સહારો લે છે. નરસિંહ ઉપર વ્રજભાષાની અસર હતી તે દર્શાવવા તેમણે પરિશિષ્ટ ૧માં કેટલાંક વ્રજભાષાનાં-પદો આછા વિવરણ સાથે આપ્યા છે. સંશોધન-ક્ષેત્રે શ્રી ત્રિવેદીનું આ મૌલિક પ્રદાન ગણી શકાય; જો કે આ વિષયમાં હજુ વધુ ઊંડો અભ્યાસ થવાની—ખાસ કરીને મારુ-ગુર્જર કે વ્રજ-ગુર્જર ભાષાના મધ્યકાલીન સાહિત્યનો તુલનાત્મક દૃષ્ટિએ અભ્યાસ થવાની—ખાસ જરૂર છે. ત્યાં સુધી

---

૧ પ્રસ્તુત ગ્રન્થના વિસ્તૃત પરિચય માટે જુઓ 'સ્વાધ્યાય': પુ. ૯, અંક ૩માં 'કુમાર'કૃત અવલોકન, પૃ. ૩૮૯.

૨ પ્રસ્તુત ગ્રન્થના વિસ્તૃત પરિચય માટે જુઓ 'સ્વાધ્યાય': પુ. ૧૧, અંક ૨માં 'અનામી' કૃત અવલોકન, પૃ. ૧૯૩.

નરસિંહ, મીરાં વગેરેના ઉહાપોહચ પ્રશ્નો પર બહુમાન્ય-સ્વીકૃત થયેલા નિર્ણયો એકદમ બદલવાનું કે નવા અંતિમવાદી નિર્ણયો લેવાનું ઉતાવળું સાહસ થઈ શકે નહીં.

પ્રસ્તુત અભ્યાસગ્રંથમાં લેખકે કરેલી ચર્ચામાંથી પ્રસ્ફોટ પામતાં કેટલેક અંશે નવીન કહી શકાય એવાં અનુમાનો—(કારણ કે લેખકે ક્યાંય કોઈ પણ મુદ્દાનું શાસ્ત્રીય રીતે સાબિતીપૂર્વક સ્થાપન કર્યું હોવાનું પ્રતીત થતું નથી. તેઓ તો માત્ર અમુક બાબત 'સંદેહાત્મક' હોવાના નિર્દેશ પૂરતી જ ચર્ચાનેે આરંભ કરી છોડી દે છે!)—નીચે પ્રમાણે તારવી શકાય.

(૧) નરસિંહ મહેતા રા'માંડલિકના સમકાલીન નહિ પણ તેના અનુગામી શાહલંગ નવાબના સમકાલીન હતા. એટલે સ્વાભાવિક રીતે જ લેખક જેને 'બનાવટી' કહે છે તે 'હાર-માળા'નાં પાત્રો પણ નરસિંહનાં સમકાલીન ઠરતાં નથી. લેખક જણાવે છેઃ "...કોઈ જુદા સ્વરૂપે હારનો પ્રસંગ કદાચ બન્યો હોય અને તેની કવિતા રચાઈ હોય તો પણ તેમાં માંડલિકના નામનો દંતકથાપૂર્વક પ્રક્ષેપ પાછળના વખતમાં થયો હોવાની મુનશીની રજૂઆત યોગ્ય જણાય છે. હારમાળાનું કે તેનાં પચાસ પદનું નરસૈં-કર્તૃત્વ પણ પરંપરિત કલ્પના પર આધારિત જણાય છે." (પૃ. ૧૩૪).

(૨) પ્રારંભિક અવસ્થાનું આખ્યાન હોવાનું મનાતી નવ પદોના ઝૂમખાવાળી વર્ણનાત્મક કૃતિ "સુદામાચરિત્ર"ને પણ લેખક સંદિગ્ધ માને છે.

(૩) શામળશાનો વિવાહ, મામેરું, હૂંડી, ઝારીનાં પદ વગેરે આત્મચરિતની તમામ કૃતિઓને તેઓ, સ્પષ્ટ પ્રમાણના અભાવે, પરવર્તી નરસિંહભક્તોએ રચી હોવાની **સંભાવના** કરે છે. પૃ. ૧૩૬ ઉપર "નરસૈંની છાપથી ન ભેળવાતાં નરસૈંની કવિતામાંથી નિષ્ઠૂર બની નીંદામણ કાઢી નાખવાની જરૂર છે" કહેનાર લેખક, ઝૂલણામાં વલણ વગરનાં કડવાંમાં રચાયેલાં 'વિવાહ'નાં લાંબાં બની ગયેલાં પદો કોઈ અજ્ઞાત કવિનાં હોવાની શક્યતા જણાવી એવી દલીલ કરે છેઃ "બધાં કડવાંમાં નરસૈંનું નામ આવે છે તે કર્તૃત્વસૂચક નહિ પણ વસ્તુમૂલક હોવાનું સ્પષ્ટ જણાય છે. એટલે વિવાહનાં પદ નરસિંહકૃત માનવા કોઈ કારણ નથી."(પૃ, ૧૨૬).

(૪) આત્મલક્ષી ગોપીભાવ દર્શાવતાં 'શૃંગારમાલા'નાં ૭૪૩ પદો પૈકી સ્થૂળ-ગામઠી શૃંગારવાળાં 'ઘણી મોટી' સંખ્યાનાં પદો વિષે શંકા કરી લેખક જણાવે છે કેઃ "આવાં **ક્ષેપક** પદો વિવેકપૂર્ણ અલગ પાડવાની જરૂર છે".

(૫) 'સુરતસંગ્રામ' અને 'ગોવિંદગમન'ની સંદિગ્ધતા સંબંધમાં લેખક શ્રી શાસ્ત્રીના મતને **વિચારણીય** હોવાનું જણાવી ઉમેરે છે કે: "હજી વધુ અન્વેષણની **અપેક્ષા** રહે છે... અમે આ વિષે કોઈ અંતિમ નિર્ણય લેવાનું ઇષ્ટ માનતા નથી." (પૃ ૧૩૨).

(૬) 'ગીતગોવિંદ'ની અસરવાળી-એકસૂત્રતા વિનાની-'ચાતુરીઓ' માટે પણ લેખક ઉમેરે છે કેઃ "આ ફૂટકળ પદબંધમાં **ક્યાંક** ક્ષેપક કૃતિ કે કડીઓ હોવાનો **સંભવ** ખરો". (પૃ. ૧૩૩).

---

* અક્ષરોને અવલોકનકારે **કાળા** કર્યા છે.

(૭) કેવળ લાંબું અને નિરૂપણાત્મક હોવાથી જ લેખક દોહરાની દેશીમાં રચાયેલ ‘ દાણલીલા ’નું કર્તૃત્વ “ **સંદિગ્ધ** ગણાય તેમ છે ” એમ જણાવે છે !

(૮) સૂરદાસનાં પદ સાથે સમાનતા ધરાવતું ‘ જળકમળ ’વાળું પ્રભાતિયું અને “વૈષ્ણવજન ’વાળું પદ—એ બન્ને માટે પણ લેખક માત્ર સંકેત કરી નિર્ણય કરવાનું વાંચકો પર છોડી દે છે.

(૯) દયારામ અને પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો નરસિંહને ‘ વલ્લભાચાર્યજીનો વધેયો ’ ગણી અષ્ટસખાઓનાં પદ સાથે નરસિંહના પદને સ્થાન આપે છે એ હકીકતને નરસિંહના સમયના મુદ્દામાં પોતાને અનુકૂળ આવે એ રીતે ઘટાવે છે ! તેને નરસિંહ ઉપર વ્રજભાષાની અસર હોવાની બાબતથી તેઓ પુષ્ટિ આપે છે.

(૧૦) સૌથી વધારે આશ્ચર્ય—અને કેટલાકને આઘાત પણ—ઉપજાવે એવો લેખકનો જ્ઞાનાશ્રયી પદો વિષેનો અભિગમ છે. સગુણોપાસક-સખીભક્ત નરસિંહ જ્ઞાનનાં પદો લખી શકે જ નહીં એમ જણાવી લેખકે એકથી અધિક નરસિંહ હોવાની **સંભાવના** દર્શાવી છે. (અ) સખીભાવમાં મસ્ત સગુણોપાસક, (બ) જ્ઞાની અને નિરાકારનો ઉપાસક તથા (ક) ભક્તિના નામે સ્થૂલ શૃંગાર ગાનારો ગ્રામ્ય—આ ૩ નરસિંહની સંભાવના માટે તેઓ નિર્ગુણવાદી અને સાકાર બ્રહ્મોપાસક કબીરદ્વય વિષે ડૉ. દેવીશરણ રસ્તોગીએ કરેલા ઉહાપોહનો આધાર નિર્દેશે છે !

પ્રકરણ ૬માં લેખકે નરસિંહની કવિતાનું જે વિહંગાવલોકન કર્યું છે અને પરિશિષ્ટ ૨માં તેમની ભાષા તથા લઢણો વિષે અભ્યાસનોંધ આપી છે તે ધ્યાનપાત્ર છે.

અગાઉના લેખકો પ્રતિ સહેજ પણ વિવેકભંગ થવાનો સંભવ રહે એવાં વિધાનોથી તદ્દન દૂર રહી, કેવળ જ્ઞાન ખાતર જ્ઞાનની ઉપાસના અર્થે થતાં નિષ્પક્ષ તટસ્થ રીતનાં સ્વાધ્યાય-સંશોધન અને તર્કવિશદ પ્રતીતિજનક આલેખન આવકાર્ય અને અભિનન્દનીય બની રહે એટલું જ નહીં પણ નવપ્રસ્થાનનું પ્રેરક બળ પણ બની રહે એમાં શંકા નથી.

મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)

* * *

ઝરથુષ્ટ્રદર્શન : લેખક : પ્રો. ફિરોઝ કા. દાવર, પ્રકાશક : સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, ૧૯૭૪, પૃ. ૮ + ૧૪૮ + ૨૨, મૂલ્ય રૂા. ૫ = ૫૦.

સિકંદર અને અરબોનાં આક્રમણોને લીધે ઝરથુસ્તી ધર્મશાસ્ત્રોનો વારંવાર ધ્વંસ થયો અને જે સાહિત્યની એક જમાનામાં વીસ લાખ પંક્તિઓ હતી એમ મનાતું હતું તે અવસ્તા સાહિત્યમાંથી કેવળ ત્રણ હજાર શબ્દ (પંક્તિ નહિ) બચ્યા ! તેમ છતાં સિકંદરના આક્રમણ પછી કંઠસ્થ પરંપરાના આધારે ઈરાનના સાસાની યુગના (ઈ. સ. ૨૨૬-૬૫૧) ધર્મગુરુઓએ એમાંનું ઘણું સાહિત્ય પહેલવીમાં ઉતાર્યું હતું, પણ ઈ.સ. ૬૫૧માં અરબોના આક્રમણ પછી આ પહેલવી સાહિત્યની ય ભારે બરબાદી થઈ. એ પછી ધર્મગુરુઓએ ધર્મ અને શાસ્ત્રો ઉપરનો ભય પિછાનીને બે સૈકા સુધી અથાગ મહેનત લઈ એ સાહિત્યમાંથી જેટલું બચાવી શકાય એટલું બચાવી લીધું.

એમ કરતાં એમણે કેટલાક વિષયોની વિસ્તૃત માહિતી આપી. કેટલાકનો સંક્ષેપ સંક્ષેપ આપ્યો અને કેટલાકની તો માત્ર સૂચિ આપી. સંયોગોના ફેરફાર અને અભ્યાસના સાતત્યને અભાવે એમાં અનેક ભૂલભર્યા ખ્યાલો પણ પેસી ગયા. આવાં બધાં કારણોને લીધે ઝરથુસ્તી ધર્મ ઉપર પુસ્તક લખવું એ કેટલું મુશ્કેલ કાર્ય છે એનો અંદાજ આવે છે.

આ કાર્યની મુશ્કેલીનો આ પુસ્તકના બહુશ્રુત લેખકને પૂરો ખ્યાલ છે; "ઝરથુસ્તી ધર્મ સહેલ નથી તેનું એક મુખ્ય કારણ એ ધર્મનાં શાસ્ત્રોનો અવારનવાર થયેલો વિનાશ છે. વળી અવસ્તા ભાષા અત્યંત પુરાણી હોવાથી એનો અર્થ બેસાડવો બહુ મુશ્કેલ છે. ગાથાને માટે તો એવો અનુભવ થયો છે કે તેના બે તદ્દન સરખા અનુવાદો મળી શકતા નથી. ઝરથુસ્તી ધર્મ ઉપર પુસ્તક લખતાં વિશેષ મુશ્કેલી તો ત્યારે અનુભવાય છે, જ્યારે લેખક આ લખનારની જેમ, અવસ્તા, પહેલવી અને પાઝંદ ભાષાઓથી બેખબર હોય, અને ભાષાંતરો ઉપર જ આધાર રાખતો હોય. એમ છતાં આ લેખકની તેના ધર્મ પ્રત્યેની ફિદાગીરી તેના ભાષાજ્ઞાનની ઉણપનો કેટલેક અંશે બદલો વાળી આપશે એવી આશા રહે છે." આમ નમ્રતાપૂર્વક પોતાની મર્યાદાનો સ્વીકાર કર્યા પછી પ્રો. દાવરે આ મુશ્કેલ કાર્યને અત્યંત કુશળતાથી કેટલી સારી રીતે પાર પાડ્યું છે તે આ વાંચ્યા પછી સમજાય છે.

પુસ્તકની શરૂઆતનાં પાંચ પ્રકરણોમાં વિદ્વાન લેખકે પયગંબર ઝરથુષ્ટ્રના જન્મ પહેલાંની ઈરાનની સ્થિતિ, ઝરથુષ્ટ્રની જીવનઝરમર, ધર્મસુધારક તરીકે ઝરથુષ્ટ્રનું પ્રદાન, ઝરથુસ્તી ધર્મનો મર્મ વગેરેની ચર્ચાવિચારણા કરતાં, ઝરથુસ્તી ધર્મનો મર્મ નીચે પ્રમાણે આપ્યો છે:

"અહુરમઝ્દનો સૌથી આગવો અને લાક્ષણિક ગુણ તે એની અપાર ભલાઈ છે તે કારણે ઝરથુસ્તી ધર્મને 'બેહદીન' અથવા ભલા દીન તરીકે ઓળખાવવામાં આવ્યો છે અહુરમઝ્દ પોતે બેહદ ભલો, દયાળુ, કલ્યાણકારી છે. માટે આપણે પણ પરસ્પર અત્યંત ભલાઈથી વર્તવું, એ આપણી ફરજ છે. જે કોઈ માનવી ભલો થશે તે ઇશ્વરનો પ્રેમ મેળવી શકશે. ભલાઈથી દૂર રહેનારથી ઇશ્વર દૂર જ રહેશે. નેકીનું સન્નિષ્ઠ અનુસરણ અને બદીથી પ્રયત્નપૂર્વક દૂર રહેવાની વૃત્તિ-પ્રવૃત્તિ; આ ઝરથુસ્તી ધર્મનો મર્મ છે—નિચોડ છે." (પૃ. ૪૨)

ઝરથુસ્તી ધર્મની નીતિમીમાંસા કરતાં પ્રો. દાવરે ઝરથુસ્તીઓનાં ઔદાર્ય અને સહિષ્ણુતા તથા જગતમાં સર્વ સ્થળે જે કંઈ સારું હોય તેનો પુરસ્કાર કરવાની વૃત્તિનું વિવરણ કર્યું છે. વિવરણ દરમિયાન એમણે શાહ સાઈરસની જ્વલંત સહિષ્ણુતાનું દૃષ્ટાંત ટાંક્યું છે. આ દૃષ્ટાંત અસામાન્ય સ્વરૂપનું અને પ્રશસ્ત છે.

"જ્યારે મહાન હખામની શાહ સાઈરસે ઈ. સ. પૂર્વે ૫૩૮માં બેબિલોન ઉપર વિજય મેળવ્યો ત્યારે વર્ષોથી ત્યાં કેદખાનામાં પડેલા યહૂદીઓને એણે આઝાદી બક્ષી અને તેમને જેરુસલેમ રવાના કર્યા. એટલું જ નહિ, તેમનું મહાન મંદિર પણ એણે બાંધી આપ્યું અને સોનારૂપાનાં તેમનાં પવિત્ર પાત્રો પણ તેમને પાછાં આપ્યાં. આવી સેવા બદલ યહૂદીઓના 'જૂના કરાર'માં ઇશ્વર, સાઈરસને 'મારો મેષપાલ' કહે છે. (ઈલાઈયાહ ૪૪, ૨૮). એટલે કે જેમ એક મેષપાલ ઘેટાંની જાળવણી કરે છે તેમ સાઈરસે યહૂદીઓની પણ સાચવણી કરી. યહૂદીઓ અને ખ્રિસ્તી-

એમાં ‘મેષપાલ’ શબ્દ માત્ર પયગમ્બરો માટે જ વપરાય છે. આમ પરધર્મનાં શાસ્ત્રોમાં પણ પયગમ્બરોને અપાતું માન એક ઝરથુસ્તી રાજવીને મળે છે.” (પૃ. ૭૩).

નીતિમીમાંસા કર્યા પછી પ્રો. દાવરે ઝરથુસ્તી ધર્મમાં મરણોત્તર સ્થિતિ, તે ધર્મમાં અગ્નિનું સ્થાન, તેમાં મનાતો દ્વંદ્વવાદ, રમાન અને ફ્રવશી (જીવાત્મા અને પરમાત્મા)ની ફિલસૂફીની વિગતવાર ચર્ચા કરી છે. એ ચર્ચા દરમિયાન લેખકે એમની બહુશ્રુતતા અને તટસ્થતાથી નિરૂપણ કરવાની શક્તિનો પરિચય આપતાં કેટલાંક અત્યંત ધ્યાન ખેંચે તેવાં વિધાનો કર્યાં છે. જેમ કે જરથુસ્તી ધર્મમાં પુનર્જન્મ છે કે કેમ તેની ચર્ચા કરતાં પ્રો. દાવર કહે છે: “પુનર્જન્મનો સિદ્ધાન્ત અત્યંત બુદ્ધિગમ્ય અને તર્કશુદ્ધ છે. એટલું જ નહિ, જીવનમરણની ફિલસૂફી સમજાવતા કોઈ પણ સિદ્ધાન્ત કરતાં પુનર્જન્મનો સિદ્ધાન્ત વધુ પ્રતીતિકર છે, એમ પણ આપણે સ્વીકારીશું. પણ એ નિયમ સૌથી સારો અને કુદરતી હોય માટે તે ઝરથુસ્તી ધર્મમાં હોવો જ જોઈએ એમ માની લેવું ઠીક નથી...ઝરથુસ્તી ધર્મશાસ્ત્રોના આધારભૂત તરજુમાઓ ધ્યાનથી વાંચતાં તેમ જ તટસ્થ રીતે તેનું પરિશીલન કરતાં પુનર્જન્મનો મહાન સિદ્ધાન્ત આ ધર્મમાં નથી જ, એવા અનુમાન ઉપર આવવું પડે છે.” (પૃ. ૮૨, ૮૩)

ઝરથુસ્તી ધર્મમાં એક ઈશ્વર નહિ પણ બે ખુદા, એક નેકીનો અને એક બદીનો છે, એવી એક ભ્રમમૂલક માન્યતા ફેલાયેલી છે. એ માન્યતાનું સાધાર ખંડન કરતાં એમણે ધર્મોના તુલનાત્મક અધ્યયન માટે ઉપયોગી એવું ખૂબ સંશોધન રજૂ કર્યું છે. ઉત્તરકાલીન અવસ્તાના લેખકોની ભ્રમપૂર્ણ માન્યતાના આધારે અંગ્રમીનો (કે જે ઈશ્વરમાંથી છૂટી પડેલી આસુરી શક્તિ છે) ઉર્ફે શયતાન, ઝરથુસ્તીઓમાંથી યહૂદીઓમાં, ત્યાંથી ખ્રિસ્તીઓમાં અને ત્યાંથી ‘ઈબ્લીશ’નામ ધારણ કરીને ઈસ્લામમાં પણ ઘૂસી આવ્યો! અને આ પછી તમામ ધર્મોથી વિશિષ્ટ રીતે જુદા પડતા હિંદુધર્મના દૃષ્ટિબિન્દુને આવકારતાં પ્રો. દાવર યોગ્ય રીતે જ કહે છે: “નેકી-બદીના કોયડાનો હિન્દુ ધર્મે કરેલો ઉકેલ બુદ્ધિની કસોટીએ કસી જોતાં પૂરેપૂરો સંતોષકારક જણાય છે.” (પૃ. ૧૧૧)

ઝરથુસ્તી ધર્મમાં અગમ્યવાદની ચર્ચા કરતાં પ્રો. દાવર અગમ્યવાદને ધર્મ અને નીતિની પરાકાષ્ઠા કહે છે; અગમ્યવાદનાં લક્ષણોનું અવલોકન કરે છે અને પછી ઉમેરે છે કે, “અગમ્યવાદનાં આ બધાં લક્ષણો જોયા પછી સૌને લાગશે કે ઝરથુસ્તી ધર્મ અગમ્યવાદી હોઈ શકે નહિ” તેમ છતાં ઝરથુષ્ટ્ર પોતે યોગી હતા અને ગાથામાં પણ અગમ્યવાદને પોષે એવા વિચારો છે જ, તે જોતાં જો ઝરથુસ્તી ધર્મને વિધ્વંસના ભયાનક અનુભવોમાંથી પસાર થવું ન પડયું હોત તો સંભવ છે કે તે ધર્મમાં પણ અગમ્યવાદની ખીલવણી જરૂર થઈ હોત. એનો પુરાવો એ છે કે સૂફીવાદનું વૃક્ષ ઈરાનમાં જ ઊગ્યું અને તેની માવજત પણ ધર્માંતર કરી મુસ્લિમ બનેલા ઈરાનીઓએ એથી ઝરથુસ્તી ધર્મ માટે ખરું જ કહેવાયું છે કે તેનામાં જે કંઈ કિંમતી હતું તે કેટલીક વાર અન્ય દેશોમાં અને ધર્મોમાં ખીલી ઊઠયું હતું.” એમ પ્રો.દાવરે અવલોકયું છે તેની સાથે સંમત થવું પડે છે.

પુસ્તકના છેલ્લા પ્રકરણ ‘પૂર્ણાહુતિ’માં પ્રતિભાશાળી જર્મન લેખક ફ્રેડરિક નીત્શે (૧૮૪૪-૧૯૦૦) એ તેના સૌથી મહાન ગણાતા (?) અને એક જમાનામાં યુરોપના શ્રેષ્ઠ સાહિત્યગ્રન્થ ગણાતા, પણ ખરેખર તો સંપૂર્ણ બેજવાબદારીથી લખાયેલા ગ્રન્થ Thus

spake Zarathustra ‘ઝરથુષ્ટ્રે આમ કહ્યું ’ની કડક આલોચના કરી; એ ગ્રન્થનું નામ ખરેખર તો ‘ નીત્શે આમ બોલ્યા ’ એવું રમૂજ પણ યથાર્થ સૂચન પ્રો. દાવરે કર્યું છે! આ જ પ્રકરણમાં છેલ્લે જરથુસ્તી ધર્મની ખૂબીઓ દાવરે સમજાવી છે.

ઝરથુસ્તી ધર્મની લાક્ષણિકતા અને ધ્યેય સમજાવતાં પ્રો. દાવર એક સ્થળે કહે છે, તેની સાથે દરેક સહૃદય વાચક સંમત થશે.

“ સૌ ધર્મોનું ધ્યેય તો એક જ છે, અને તે ઇશ્વરપ્રાપ્તિ; પણ સૌના માર્ગો જુદા હોય છે... ...ઝરથુસ્તીઓ જગતમાં પાપ જોઈ અકળાય છે; અને તેનો સામનો કરી, તેનો ઉચ્છેદ કરી અષોઈનું સામ્રાજ્ય સ્થાપવા આતુર રહે છે. ઝરથુસ્તીઓ સત્યના સૈનિક, અષોઈના આરાધક અને પુણ્યના પૂજક હોઈ પ્રત્યેક પ્રકારના પાપના તેઓ વિરોધી હોય છે. નેકી અને બદી વિશેની ઝરથુસ્તી ફિલસૂફી વિશે શંકા થઈ શકે તેમ છે, પણ ઝરથુસ્તી જીવનમાર્ગ સંપૂર્ણપણે નૈતિક હોઈ સહેલો, સરળ અને વ્યવહારુ છે એમ, સૌ કોઈ કબૂલશે. ” (પૃ. ૧૧૩)

ઝરથુસ્તી ધર્મમાં છ અમેષાસ્પંદો (મહાન ફિરસ્તાઓ) અષ (ઋત), બોહુમનો (પવિત્ર મન), ક્ષથ્ર (ક્રિયાશક્તિ), અરમઈતી (ભક્તિ), હૌર્વતાત (સંપૂર્ણતા) અને અમરતાત (અમરતા)નું વર્ણન મળે છે. પણ આ પુસ્તકમાં ઉપર પૈકી ત્રીજા મહાન ફિરસ્તા ક્ષથ્ર કે ક્ષથ્ર-વઈર્યનો નામનિર્દેશ પણ નથી તે જરા આશ્ચર્યકારક લાગે છે. પુસ્તકને અંતે આપેલ સૂચિમાં પાનાંનો બગાડ ધ્યાન ખેંચે છે.

ઝરથુસ્તી ધર્મ વિશેનું આ પુસ્તક એ ધર્મ વિશે એક બહુશ્રુત, તટસ્થ, ધાર્મિક અને હૃદયથી મીઠાશ ધરાવતા અધ્યાપકની કલમે સંક્ષેપમાં પ્રમાણભૂત માહિતી આપે છે. આવું સુંદર પુસ્તક આપવા માટે ગુજરાતી વાચકવર્ગ પ્રો. દાવરને જરૂર અભિનન્દન આપશે.

ઉપેન્દ્રરાય જ. સાંડેસરા

*　　　*　　　*

સાભાર સ્વીકાર

૧ **અપૂરતું પોષણ એ જ મહારોગ :** લે. ડૉ. જે. ડી. પાઠક, પ્ર. કુલસચિવ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૩૮૦૦૦૯, પૃ. ૧૪૪ + ૧૪, કિં. રૂા. ૬=૦૦ પૈ.

૨ **વિશ્વદર્શન-૨ : જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી (૧૫) :** લે. શ્રી નગીનદાસ સંઘવી અને બીજા પ્ર. રજિસ્ટ્રાર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, પૃ. ૩૪૦ + ૧૨, કિંમત રૂા. ૩૦=૦૦ પૈ.

૩ **અધ્યયન :** (જર્નલ ઑફ રીસર્ચ સ્ટડીઝ, વલ્લભ વિદ્યાનગર), પ્ર. શ્રી બી. આર. ચોકસી, પો. બાકરોલ, વાયા-આણંદ, જિ. ખેડા, પૃ. ૧૨૦, વાર્ષિક લવાજમ રૂા. ૫=૦૦ પૈ.

૪ **ત્રિનેત્ર :** લે. ડૉ. યોગીન્દ્ર જ. ત્રિપાઠી પ્ર. સંતકવિ શ્રી 'સાગર' પ્રકાશન ટ્રસ્ટ, સમીર, કોઠી પાસે, વડોદરા, પૃ. ૧૬૮, કિંમત રૂ. ૪=૦૦ પૈ.

૫ **ખેતીની જમીનની ટોચ મર્યાદા :** પ્ર. માહિતી ખાતું, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર, પૃ. ૨૨, કિંમત છાપેલ નથી.

૬ **ગુજરાત :** લે. શ્રી નરહરિ કે. ભટ્ટ, પ્ર. ઉપર મુજબ, પૃ. ૭૮, કિંમત છાપેલ નથી.

૭ **દાંડીયાત્રા :** પ્ર. ઉપર મુજબ, પૃ. ૮, કિંમત છાપેલ નથી.

૮ **બારડોલી સત્યાગ્રહ :** લે. શ્રી જેઠાલાલ ગાંધી, પ્ર. ઉપર મુજબ, પૃ. ૩૦, કિંમત છાપેલ નથી.

૯ **નાગપાશ :** (ત્રિઅંકી સામાજિક નાટક): લે. શ્રી ધનંજય ર. શાહ, પ્ર. ઉપર મુજબ, પૃ. ૭૦, કિંમત છાપેલ નથી.

૧૦ **અસાં-જો કચ્છ :** લે. પ્રા. કે. કા શાસ્ત્રી, પ્ર. બુટાલા પ્રકાશન, નરસિંહજીની પોળ સામે, મહાત્મા ગાંધી રોડ, વડોદરા-૧, પૃ. ૬૩, કિંમત રૂ. ૫=૦૦ પૈ.

૧૧ **અતીતને આરે :** લે. અને પ્ર. ઉપર મુજબ, પૃ. ૧૮૩, કિંમત રૂ. ૧૦=૦૦ પૈ.

૧૨ **સાંખ્યસપ્તતિવૃત્તિ : (V_1) :** લે. ડૉ. એસ્થર એ. સોલોમન, પ્ર. રજિસ્ટ્રાર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯, પૃ. ૧૭૪ + ૧૬, કિંમત રૂ. ૬=૦૦ પૈ.

૧૩ **સાંખ્યવૃત્તિ : (V_2) :** લે. અને પ્રકાશક ઉપર મુજબ, પૃ. ૧૧૨ + ૧૪, કિંમત રૂ. ૫=૦૦ પૈ.

૧૪ **ગુજરાતમાં બ્રાહ્મીથી નાગરી સુધીનો લિપિ-વિકાસ :** લે. શ્રી પ્રવીણચંદ્ર ચીમનલાલ પરીખ, પ્ર. ઉપર મુજબ, પ્ર. ૩૦૨, કિંમત રૂ. ૧૨=૦૦ પૈ.

૧૫ **મુનિશ્રી પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ-વિશેષાંક :** પ્ર. શ્રી ખીમચંદ ચાંપશી શાહ, પ્રમુખ, શ્રી જૈન આત્માનંદ સભા, ખાર દરવાજા, ભાવનગર, પૃ. ૧૨ + ૨૧૯, કિંમત ચાલુ બાઈન્ડીંગ રૂ. ૫=૨૫ પૈ. અને પાકું બાઈન્ડીંગ રૂ. ૬=૨૫ પૈ.

સ્વાધ્યાય

પુસ્તક ૧૧ : અંક ૪ ઑગસ્ટ, ૧૯૭૪

જન્માષ્ટમી વિ. સં. ૨૦૩૦

અનુક્રમ

		પૃષ્ઠાંક
૧.	અજ્ઞાત કવિકૃત સત્યભામા ગીત—ભોગીલાલ જ. સાંડેસરા ...	૩૦૧–૩૦૨
૨.	સર્વહિતૈષી શ્રીકૃષ્ણ—ઉપેન્દ્રરાય જ. સાંડેસરા ...	૩૦૩–૩૨૩
૩.	મારા સ્વાધ્યાયની વાનગી—નરસિંહ મહેતાએ વૈષ્ણવ જનની વ્યાખ્યારૂપે સર્જેલા પદની મીમાંસા—કલ્યાણરાય ન. જોષી ...	૩૨૪–૩૩૧
૪.	વલભીના રાજા ગુહસેન-૧નું દાનપત્ર—જે. એન. પરમાર ...	૩૩૨–૩૫૧
૫.	'મદનમુકુટ'ની સંપૂર્ણ હસ્તપ્રતની ઉપલબ્ધિ—અગરચંદ નાહટા...	૩૫૨–૩૫૩
૬.	નવલખા મંદિરના સ્તંભશીર્ષ—દિનકર પી. મહેતા ...	૩૫૪–૩૬૪
૭.	નિબંધકાર મણિલાલ ન. દ્વિવેદી—પ્રવીણ દરજી ...	૩૬૫–૩૭૫
૮.	તારાવિશ્વની સંશોધનસમસ્યાઓ—છોટુભાઈ સુથાર ...	૩૭૬–૩૮૨
૯.	ગ્રન્થાવલોકન :	
	(૧) પ્રેમ વાચા માગે છે ...	૩૮૩–૩૮૬
	(૨) ગુજરાતી કવિતામાં પ્રતિબિંબિત રાષ્ટ્રીય અસ્મિતા ...	૩૮૬–૩૮૮
	(૩) નરસૈં મહેતાઃ વ્યક્તિત્વ અને કર્તૃત્વ ...	૩૮૯–૩૯૧
	(૪) ઝરથુષ્ટ્રદર્શન ...	૩૯૧–૩૯૪
	(૫) સાભાર સ્વીકાર ...	૩૯૪–૩૯૫

everest/365k /ACW Guj

કૌટુંબિક સલામતી...

આપનાં બાળકોના ભાવિની
સુરક્ષા કરો

સમજુ માબાપ જાણે છે કે
દેના બેંકમાં પોતાનાં બાળકોને
નામે સગીર બચતખાતું ખોલવું
એ તેમના ભાવિની સુરક્ષા
કરવાનો તેમ જ તેમની વધતી જતી
જરૂરતો પૂરી પાડવાનો
એક ઉત્તમ માર્ગ છે.
આપના બાળકને નામે આજે જ
ખાતું ખોલાવો. વ્યાજ ૫ ટકા.

દેના બેંક
(ગવર્નમેંટ ઑફ ઈન્ડિયા અન્ડરટેકિંગ)
હેડ ઑફિસ: હૉર્નિમેન સર્કલ,
મુંબઈ ૪૦૦૦૨૩.

Ratan Batra/ DB/G/20

વિજેતા બેલડી

હોડ જીતવા માટે ખેડૂત શ્રેષ્ઠ પૈકીના બે બળદની ઉત્તમ જોડને જોતરે છે. જ્યોતિ સર્વશ્રેષ્ઠ પમ્પ અને સર્વશ્રેષ્ઠ મોટરનું ઉત્પાદન કરે છે અને એ બન્નેને એક એકમમાં જોડીને એ યુનિબિલ્ટ પમ્પનું નિર્માણ કરે છે.

પમ્પ મોટરના ઉત્પાદન ક્ષેત્રમાં જ્યોતિની દાયકાઓની તાંત્રિક જાણકારી, વિશેષજ્ઞતા તેમજ ઊંડા સંશોધનના ફલસ્વરૂપ યુનિબિલ્ટ પંપ ઉત્તમ કામગીરી બજાવવામાં મોખરે છે. એ વિપુલ પાણી પૂરું પાડે છે અને ઓછામાં ઓછા વિદ્યુત ખર્ચે ચાલે છે. પણ અનાજ ઉગાડવા આપ નચિંતપણે યુનિબિલ્ટ પર આધાર રાખી શકો છો!

જ્યોતિ યુનિબિલ્ટ



જ્યોતિ

ઉત્પાદક :
જ્યોતિ લિમિટેડ, વડોદરા ૩
quality is our creed

everest/716a/JY g

પોસ્ટ ઑફિસ રિકરીંગ
ડિપોઝીટ યોજનાથી
આપની વૃદ્ધાવસ્થા અને કુટુંબ
નિશ્ચિંત બને છે.
આ યોજનામાં વીમા જેવા લાભો
પણ મળે છે.

નાની બચત
ઘડપણનો સહારો

વિગત માટે :
કલેકટર કચેરી. પોસ્ટ ઑફિસ
જિલ્લા બચત અધિકારી

આજ માટે તૈયાર છો, પણ આવતી કાલનો વિચાર કર્યો છે?

મા-મા-ગુજ ૩-૭૪


નાના
ઉદ્યોગપતિઓ!
જો નાણાં
એ તમારી સમસ્યા હોય, તો
બૅન્ક ઑફ બરોડા
એ તેનો ઉકેલ છે.
એક વિચારથી માંડીને...
તેને પૂર્તિ કરવાના...
અને વિકસાવવાના સમગ્ર માર્ગમાં
બૅન્ક ઑફ બરોડા તમારી સાથે છે:
જો નાના પાયા પરનો ઉદ્યોગ શરૂ કરવા માટે અથવા વિકસાવવા માટે તમારામાં ધગશ, કુશળતા અથવા ટેકનીકલ જ્ઞાન હોય તો બૅન્ક ઑફ બરોડા તમને જરૂરી નાણાં ધીરશે... પુનઃ ચુકવણી અંગેની હળવી શરતોએ. વધુ વિગતો માટે બૅન્ક ઑફ બરોડાની નજીકની શાખાનો સંપર્ક સાધો.
BANK OF BARODA
ચિર સમૃદ્ધિનું પ્રતીક
બૅન્ક ઑફ બરોડા
ભારતમાં અને પરદેશો — બ્રિટન, પૂર્વ આફ્રિકા, મોરીશિયસ, ફિજી ટાપુઓ અને ગિયાનામાં — મળીને ૭૦૦ ઉપરાંત શાખાઓનું જૂથ.
Shilpi BOB 25A/72 Guj.

પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા

		રૂ. ન.પૈ.
૧.	**પ્રાચીન ફાગુ-સંગ્રહ**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ; દેવનાગરી ટાઈપ	૧૦=૫૦
	વિદ્યાર્થી આવૃત્તિ, ગુજરાતી ટાઈપ	૬=૫૦
૨.	**વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ—સં.** : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા	૯=૫૦
૩.	**ભાલણકૃત નલાખ્યાન** (બીજી આવૃત્તિ)—સં. : પ્રો. કે. કા. શાસ્ત્રી	૮=૦૦
૪.	**ઉદયભાનુકૃત વિક્રમચરિત્ર રાસ**—સંપાદક : સ્વ. પ્રો. બ. ક. ઠાકોર	૨=૫૦
૫.	**ભાલણ : એક અધ્યયન**—લેખક : પ્રો. કે. કા. શાસ્ત્રી	૮=૦૦
૬.	**વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા	૧૦=૫૦
૭.	**પંચાખ્યાન બાલાવબોધ, ભાગ ૧**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ	૨૪=૦૦
૮.	**સિંહાસન બત્રીસી**—સં. ડૉ. રણજિત મો. પટેલ	૧૫=૫૦
૯.	**હમ્મીર પ્રબન્ધ**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ	૬=૦૦

સ્વ. પ્રો. બ. ક. ઠાકોર ગ્રન્થમાળા

૧.	**વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૧**	૨=૫૦
૨.	,, ,, ,, ૨	૨=૫૦
૩.	,, ,, ,, ૩	૬=૫૦
૪.	**નિરુત્તમા**	૨=૫૦
૫.	**વિક્રમોર્વશી**—(અનુવાદ : મર્નાનિકા સહિત)	૨=૫૦
૬.	**પ્રવેશકો, ગુચ્છ પહેલો**	૪=૫૦
૭.	,, ,, **બીજો**	૩=૦૦
૮.	**અંબડ વિદ્યાધર રાસ**	૪=૦૦
૯.	**મ્હારાં સૉનેટ** (બીજી આવૃત્તિ : બીજું પુનર્મુદ્રણ)	૪=૦૦
૧૦.	**આપણી કવિતાસમૃદ્ધિ** (બીજી આવૃત્તિ; છઠ્ઠું પુનર્મુદ્રણ)	૪=૦૦
૧૧.	**નવીન કવિતા વિષે વ્યાખ્યાનો** (પ્રથમ આવૃત્તિ; પહેલું પુનર્મુદ્રણ)	૪=૦૦
૧૨.	**પ્રો. બ. ક. ઠાકોરની ડાયરી, ભાગ ૧**—સંપાદક : ડૉ. હર્ષદ મ. ત્રિવેદી	૨=૫૦
૧૩.	**પ્રો. બ. ક. ઠાકોર અધ્યયન ગ્રન્થ**	૧૫=૫૦

પ્રાપ્તિસ્થાન :

યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,
રાજમહેલ રોડ, રાજમહેલ દરવાજા પાસે,
વડોદરા

શ્રી સયાજી સાહિત્યમાલા

		રૂ. ન.પૈ.
૧	**ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—પ્રો. કે. કા. શાસ્ત્રી	૮=૦૦
૨	**આપણું વિશ્વ**—શ્રી. છોટુભાઈ સુથાર	૯=૦૦
૩	**આપણી ખનિજસંપત્તિ**—ડૉ. ન. મૂ. શાહ	૪=૦૦
૪	**ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: શ્રી. કિશોરકાન્ત યાજ્ઞિક	૪=૦૦
૫	**કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી	૧૩=૦૦
૬	**અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે	૫=૫૦
૭	**ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી	૧૮=૦૦
૮	**હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા	૧૧=૦૦
૯	**માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ	૧૦=૫૦
૧૦	**ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા	૩=૦૦
૧૧	**શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા	૮=૦૦
૧૨	**ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા,** ભાગ ૧	૯=૦૦
૧૩	**આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર	૯=૦૦
૧૪	**કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત	૭=૫૦
૧૫	**ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય સાંડેસરા	૧૫=૫૦
૧૬	**ફારસી સાહિત્યનો ઇતિહાસ**—શ્રી. એમ. એફ. લોખંડવાલા	૬=૦૦
૧૭	**મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—કરીમ મહંમદ માસ્તર	૧૭=૦૦
૧૮	**ઓખામંડળના વાઘેરો**—શ્રી કલ્યાણરાય ન. જોશી	૧૩=૦૦
૧૯	**ગુજરાત: એક દર્શન** (બીજી આવૃત્તિ)—શ્રી શિવપ્રસાદ રાજગોર	૧૫=૫૦
૨૦	**પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ર. શાહ	૧૩=૦૦
૨૧	**પંચદશીતાત્પર્ય**—સ્વામી પ્રણવતીર્થજી	૬=૦૦
૨૨	**અખો અને મધ્યકાલીન સન્તપરંપરા**—ડૉ. યો. જ. ત્રિપાઠી	૧૪=૫૦
૨૩	**શ્રીમદ્ ભાગવત: ભાગ ૨**—સ્વ. નાગરદાસ અ. પંડ્યા	૧૧=૫૦
૨૪	**ચરકનો સ્વાધ્યાય, ભાગ ૧**—શ્રી બાપાલાલ ગ. વૈદ્ય	૨૬=૦૦
૨૫	**આકાશના દીવા**—સ્વ. રજનીકાન્ત મોદી (બાળકો માટે)	૪=૦૦
૨૬	**માતા અને બાળક**—શ્રીમતી વત્સલા મહેતા (શ્રી. માતુશ્રી જમનાબાઈ ગ્રન્થમાળા, પુષ્પ ૫)	૮=૦૦

પ્રાપ્તિસ્થાન: **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,
રાજમહેલ રોડ, વડોદરા



ચિત્ર ૧

નવલખા મન્દિર, ઘુમલી

[ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી દિનકર પી. મહેતાનો લેખ]